# શ્રી અરિહંત પરમાત્મા - અઢાર દોષોથી રહિત
## મુનિ શ્રી નરવાહનવિજયજી

અનાદિ કાળથી જગતમાં પરિભ્રમણ કરી રહેલો જીવ ચારઘાતી કર્મના ઉદયથી અઢાર દોષોથી સદા માટે યુક્ત જ હોય છે.

(૧) એમાં જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી એક દોષ અજ્ઞાન નામનો છે.

(૨) દર્શનાવરણીય કર્મના ઉદયથી એક દોષ નિદ્રા નામનો છે.

(૩) મોહનીય કર્મના ઉદયથી અગ્યાર દોષો હોય છે.

૧. મિથ્યાત્વ, ૨. અવિરતિ, ૩. રાગ, ૪. દ્વેષ, ૫. હાસ્ય, ૬. રતિ, ૭. અરતિ, ૮. શોક, ૯. ભય, ૧૦. જુગુપ્સા અને ૧૧. કામ (વેદ)

(૪) અંતરાય કર્મના ઉદયથી પાંચ દોષો હોય છે.

૧. દાનાન્તરાય, ૨. લાભાન્તરાય, ૩. ભોગાન્તરાય, ૪. ઉપભોગાન્તરાય અને ૫. વીર્યાન્તરાય.

આ રીતે ૧ + ૧ + ૧૧ + ૫ = ૧૮ દોષો ઘાતી કર્મના ઉદયથી જીવોને વિષે સદા માટે એટલે અનાદિ કાળથી રહેલા હોય છે.

આ અઢારે દોષોમાંથી કોઇને કોઇ દોષો જીવમાં રહેલા હોય છે. એક અથવા એકથી ગમે તેટલા વધારે. તો એ દોષોના કારણે જીવો કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરી શકતા નથી. જ્યારે પુરૂષાર્થ કરતા કરતા અઢારે દોષો સંપૂર્ણ નાશ થાય પછી જ જીવોને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે એ અઢારે દોષોમાંથી જેટલા જેટલા દોષો જેમ જેમ નાશ પામતા જાય તેમ તેમ જીવોને સૌ પ્રથમ ક્ષયોપશમ ભાવે આંશિક ગુણોની પ્રાપ્તિ થતી જાય છે અને પછી સંપૂર્ણ દોષો નાશ થતાં ક્ષાયિક ભાવે ગુણોની પ્રાપ્તિ થતી જાય છે.

આ રીતે પોતાના આત્મામાં રહેલા અઢારે દોષોને જોવા માટે રોજ ભગવાનનું દર્શન કરવાનું વિધાન કહેલું છે. જો ભગવાનનું દર્શન કરીએ અને પોતાના આત્મામાં રહેલા એકેય દાષ દેખાય નહિ તો એ ભગવાનનું દર્શન આત્માને કોઇ લાભકર્તા થતું નથી. ઉપરથી દોષોને પુષ્ટિ કરવામાં સહાયભૂત થાય છે. જેમ સંસારમાં રહેલા જીવો સ્નાન કર્યા પછી આરિસામાં મુખ જૂએ છે એનું કારણ એ છે કે પોતાનું શરીર સાફ કરેલું હોવા છતાંય શરીર ઉપર રહેલો ડાઘ પોત આરિસા વગર જોઇ શકતો નથી એ ડાઘ દેખાડનાર સ્વચ્છ આરિસો જોઇએ. આરિસા ઉપર ડાઘ રહેલા હોય તો પોતાના શરીરના ડાઘ જોઇએ એવા દેખી શકાતા નથી માટે આરિસો પણ સ્વચ્છ તદ્દન ડાઘ વગરનો જ જોઇએ તોજ શરીર ઉપરના ડાઘ દેખી શકાય અને એ ડાઘ દેખાય એટલે પાછા પાણીથી એ ડાઘોને દૂર કરીએ છીએ અને શરીર બરાબર સ્વચ્છ થાય પછી જીવો વ્યવહારિક કામ માટે ઘરની બહાર નીકળે છે એમ ભગવાનના દર્શને જતાં ખુદ ભગવાને પુરૂષાર્થ કરીને અઢારે દોષો પોતાના આત્મામાં રહેલા હતા એનો સંપૂર્ણ નાશ કરેલો છે એટલે દોષ રૂપી ડાઘ એમના આત્મામાં રહેલો નથી માટે સંપૂર્ણ સ્વચ્છ, શુધ્ધ, આરિસા જેવા ભગવાનના આત્મા થયેલા છે. જ્યારે આપણે ભગવાનના દર્શન કરીએ ત્યારે આપણને અંતરમાં એમ લાગે અથવા ભાવ થાય કે હું સંપૂર્ણ

સ્વચ્છ-શુધ્ધ સંપૂર્ણ દોષોરૂપી ડાઘ વગરના આરિસા પાસે ઉભેલો છું ? આ રીતે સ્વચ્છ આરિસા પાસે ઉભેલા પોતાના આત્માને માનીએ એટલે અઢાર દોષોમાંથી જેટલા દોષો આત્મામાં રહેલા હોય તે ડાઘ રૂપે દેખાવા માંડે છે કારણ કે આરિસાની સામે ઉભા રહેતા પોતાના શરીરનું પ્રતિબિંબ પડે છે તેમ ભગવાનના દર્શનમાં પોતાના આત્માનું પ્રતિબિંબ પડે છે અને દોષોરૂપી ડાઘ દેખાતા જાય છે.

આથી જ જ્ઞાની ભગવંતો કહે છેકે ભગવાનનું દર્શન ગુણ પ્રાપ્ત કરવા માટે કરવાનું નથી પણ પોતાના આત્મામાં રહેલા દોષોને જોવા માટે કરવાનું છે. જેમ જેમ દોષો દેખાતા જાય તેમ તેમ એ દોષોરૂપી ડાઘને દૂર કરવાનો પ્રયત્ન કરવાનું મન થતું જાય અને દોષોને દૂર કરવાનો પ્રયત્ન કરતા જેટલે અંશે દોષો દૂર થાય તેટલે અંશે ગુણો પેદા થતા જાય છે એમાં સૌથી પહેલા આંશિક ગુણરૂપે ક્ષયોપશમ ભાવે ગુણો પેદા થાય પછી ક્ષાયિક ભાવે પેદા થાય છે. આથી નિશ્ચિત થાય છેકે ભગવાનનું દર્શન સ્વદોષ દર્શન કરવા માટે જ કરવાનું છે પણ ગુણ મેળવવા માટે નહિ.

દોષને જોયા વગર-દોષોને ઓળખ્યા વગર ગુણપ્રાપ્ત કરવા માટે ભગવાનના દર્શને જવામાં આવે તો દોષોને ઓળખ્યા વગર વ્યવહારીક ગુણોની પ્રાપ્તિ થઇ શકે છે પણ એ ગુણો, આત્મિક ગુણોને પેદા કરવામાં સહાયભૂત થવાને બદલે આત્મિક ગુણોને દબાવવામાં સહાયભૂત થાય છે એટલે ગુણાભાસ રૂપે કામ થાય છે અને એ ગુણો આત્મિક ગુણો તરફ જીવને લઇ જવામાં શક્તિમાન ન થતા હોવાથી પોતાના દોષો ને વધારવામાં-પુષ્ટ કરવામાં સહાયભૂત થઇ જન્મ મરણની પરંપરા રૂપ સંસારની વૃધ્ધિ કરવામાં સહાયભૂત થતા જાય છે માટે એ ગુણોને ગુણાભાસ કહેવાય છે. દોષની સાથે પેદા થયેલો ગુણ ગુણાભાસ છે એ ગુણ દોષમાં સહાયભૂત થઇ દોષનો વધારો કરે છે. માટે જ જ્ઞાની ભગવંતોએ ભગવાનનું દર્શન સ્વદોષ જોવા માટે કરવા જવાનું વિધાન કરેલું છે. ગુણ મેળવવા માટે દર્શનનો પ્રયત્ન કરવાનો નથી.

સંપૂર્ણ દોષોના ડાઘ રહિત અરિહંત પરમાત્માનું દર્શન કરતા આપણા આત્માનું પ્રતિબિંબ અંદર પડતા જ અઢારે દોષો દરેક આત્મપ્રદેશ ઉપર રહેલા દેખાય છે. આથી એ દોષોરૂપી ડાઘોને દૂર કરવા માટે એ પરમાત્માએ જે રીતે પ્રયત્ન કર્યો એવો પ્રયત્ન હું કરી શકું એવી શક્તિ મને આપો અને એ દોષોને દૂર કરવા માટેનું સત્વ મને પેદા થાય એવી શક્તિ આપો એ માંગવાનું છે અને એ માગવાની ઇચ્છા પેદા થતા જ એ પરમાત્માએ જે રીતે પુરૂષાર્થ કરી એકે એક દોષોને ઓળખી ઓળખીને પોતાના આત્માના આત્મપ્રદેશો ઉપરથી વીણી વીણીને-શોધી શોધીને નાશ કર્યો એ પુરૂષાર્થ એમના દર્શનથી યાદ કરવાનો છે અને યાદ કરીને એવો પુરૂષાર્થ હું ક્યારે કેવી રીતે કરતો થાઉં એવી ભાવના ભાવવાની છે.

જ્ઞાની ભગવંતો કહે છે કે આ રીતે અરિહંત પરમાત્માના દર્શનથી દોષો દેખાતા જાય-ઓળખાતા જાય એટલે એ દોષોને દૂર કરવા માટે સૌથી પહેલા એ ચારે ઘાતીકર્મમાં રાજારૂપે મોહનીય કર્મ રહેલું છે એને ઓળખવા માટે પ્રયત્ન કરવાનો છે અને એ મોહનીય કર્મમાં પણ પ્રધાનપણે દોષોને દોષો રૂપે નહીં દેખાડનાર કોઇપણ હોય તો મિથ્યાત્વ મોહનીય કર્મ છે જે દર્શન મોહનીય કર્મરૂપે કહેવાય છે એને જ ઓળખવાનો પ્રયત્ન કરવાનો કહેલો છે. એ ઓળખાવા માંડે એટલે બાકીના બધા દોષો ઓળખાવા માંડે આથી જ દર્શન કરતા મારૂં મિથ્યાત્વ મંદ પડો, તીવ્રરસ મંદ કેવી રીતે કરવો એ જોતા જવાનું છે અને પુરૂષાર્થ કરવાનો છે. આ રીતે દોષોને જોવાની-ઓળખવાની-સમજ મેળવવાની શરૂઆત થાય એટલે અંતરમાં એજ ભાવ પેદા થાય છે કે અજ્ઞાની એવો હું સર્વજ્ઞ પરમાત્માના દર્શને આવલો છું.

જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી મારા આત્મામાં જે અજ્ઞાન રહેલું છે એ અજ્ઞાનને ઓળખીને દૂર કરવા માટે જ્ઞાની-સર્વ ગુણ સંપન્ન-સર્વજ્ઞ પરમાત્માના દર્શન કરવા જાઉં છું અથવા આવેલો છું. આ ભાવ

અરિહંત પરમાત્માના દર્શનથી વારંવાર પેદા થતો જાય અને એ સંસ્કાર રૂપે મજબૂત થતા જાય એટલે પોતાનું અજ્ઞાન દૂર કરવું હોય તો શું કરૂં તો અજ્ઞાન દૂર થતું જાય એ જાણવાની ભાવના પેદા થતી જાય આથી જે જ્ઞાની ભગવંતોએ અજ્ઞાનને દૂર કરવા માટેનો રસ્તો બતાવે એની પાસે વારંવાર જવાનું મન થતું જાય. વારંવાર જતા જતા પોતાના આત્મામાં રહેલું અજ્ઞાન, જેમ જેમ જ્ઞાન પેદા થતું જાય તેમ તેમ નાશ પામતું જાય છે આને પોતાના આત્મામાં રહેલા અજ્ઞાન દોષને જાણે છે એમ કહેવાય છે.

**(૧) અઇંન-અશુભધ્યંન અર્થ્વં તુર્ધ્યંન.**

**મિથ્યાજ્ઞાનં સમસ્તં તત્ ઇહ લોકોપયોગી યત્ ।**
**રાગદ્વેષાદયો યસ્માત્ પ્રવર્ધ્ધન્તે શરિરીણામ્ ॥ ૧ ॥**

<u>ભાવાર્થ :-</u> જે જ્ઞાન આ લોકમાં ઉપયોગી છે અને જે જ્ઞાનથી શરીર ધારિઓના રાગ અને દ્વેષ આદિ ખુબ ખુબ વૃધ્ધિને પામે છે તે સઘળું જ જ્ઞાન મિથ્યાજ્ઞાન છે.

<u>વિવેચન :-</u> અજ્ઞાન એટલે શું ?

અજ્ઞાન એટલે જ્ઞાનનો અભાવ અથવા સમ્યગ્જ્ઞાન શિવાયનું જે જ્ઞાન તે પણ અજ્ઞાન કહેવાય છે. મિથ્યાત્વ અવસ્થામાં રહેલું જ્ઞાન પણ અજ્ઞાન કહેવાય છે. તુચ્છ જ્ઞાન પણ અજ્ઞાન કહેવાય છે.

જ્ઞાનીઓ સમ્યગ્દ્રષ્ટિ આત્માઓને જ જ્ઞાની તરીકે ઓળખાવે છે અથવા જે જ્ઞાન સમ્યક્ત્વ પેદા કરવામાં સહાયભૂત થતું હોય એટલેકે આત્મિક ગુણોની સન્મુખ જીવને લઇ જવામાં સહાયભૂત થતું જે જ્ઞાન તથા આત્મિક ગુણોને પેદા કરવામાં સહાયભૂત થતું જે જ્ઞાન એને જ જ્ઞાનીઓ જ્ઞાન તરીકે ઓળખાવે છે. કારણકે મિથ્યાદ્રષ્ટિઓમાં જે જ્ઞાન હોય છે તે મિથ્યાજ્ઞાન હોય છે. સાચા-ખોટાના વિવેક વિનાનું જે જ્ઞાન એ અજ્ઞાન કોટિનું જ હોય છે. એવા મિથ્યાજ્ઞાનથી આત્માઓનું કદી પણ શ્રેય એટલે કલ્યાણ થતું નથી.

પરલોકને સુધારનારૂં જે જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે. ત્યારે જે જ્ઞાન કેવલ આ લોકમાં જ ઉપયોગી અને અપ્રશસ્ત રાગ દ્વેષાદિ દોષોને વધારનારૂં તે મિથ્યાજ્ઞાન છે એમ ઉપકારીઓએ ઉપરના શ્લોકમાં જણાવેલ છે.

આ લોકના ઉપયોગમાં જ આવતું અને અપ્રશસ્ત રાગ તથા દ્વેષ આદિ દોષોને વધારનારૂં જે જ્ઞાન તે મિથ્યાજ્ઞાન હોઇ કારમું અજ્ઞાન છે.

જે જ્ઞાન આલોકના સુખોની ચિંતા પેદા કરાવી મેળવવા આદિમાં ઉપયોગી બને પણ પરલોકની વિચારણા પેદા ન કરાવે એવું જ્ઞાન જે જીવોને હોય એટલે કે આ લોક મીઠા તો પરલોક કોને દીઠા એવી ભાવના અને વિચારણા પેદા કરાવે એ કારમું અજ્ઞાન કહેવાય છે. એવી જ રીતે જે જ્ઞાન આલોકમાં અનુકૂળ પદાર્થોને મેળવવામાં-ભોગવવામાં-સાચવવામાં-ટકાવવામાં ન ચાલ્યુ જાય એની કાળજી રાખવામાં રાગ પેદા કરાવીને રાગની વૃધ્ધિ કરાવે તેમજ જે કાંઇ આલોકમાં પ્રતિકૂળતા આવે એ કેમ દૂર થાય, જલ્દી દૂર થાય એની ચિંતા પેદા કરાવીને દુઃખ પ્રત્યે- પ્રતિકૂળતાઓ પ્રત્યે-દ્વેષ બુધ્ધિ પેદા કરાવે-વધારાવે એ અપ્રશસ્ત રાગાદિ પરિણામ કહેવાય છે એટલે કે એવા અપ્રશસ્ત રાગાદિને વધારનારૂં જે જ્ઞાન તે કારમું અજ્ઞાન કહેવાય છે. એજ કારણે ઉપકારીઓ ફરમાવે છે કે-

**સદસદ વિસેસણાઓ ભવહેઉ જઇચ્છિઓવ લંભાઓ ।**
**નાણ ફ્લા ભાવાઓ મિચ્છા દિ ઠ્ઠિસ્સ અજ્ઞાણં ॥ ૧ ॥**

**<u>ભાવાર્થ :-</u>** મિથ્યાદ્રષ્ટિ આત્મા વસ્તુના અસ્તિત્વને અને નાસ્તિત્વને વિશેષણ રહિતપણે એટલે એકાંતે માને છે એ કારણથી, મિથ્યાદ્રષ્ટિ આત્મા પોતાના જ્ઞાનનો ઉપયોગ કર્મબંધના હેતુભૂત મિથ્યાત્વાદિની સેવામાં કરે છે એ કારણથી મિથ્યાદ્રષ્ટિ આત્માનો સઘળોજ બોધ પોતાની ઇચ્છા મુજબનો હોય છે પણ સર્વજ્ઞ દેવના વચનને પરતંત્ર નથી હોતો એ કારણથી અને મિથ્યાદ્રષ્ટિ આત્મા જ્ઞાનનું ફ્લ જે વિરતિ તેને નથી પામી શકતો એ કારણથી તેનું જ્ઞાન એ અજ્ઞાન કહેવાય છે.

આ રીતે સઘળા વર્ણનથી એક વસ્તુ સ્પષ્ટ થઇ જાય છે કે- અજ્ઞાન એટલે આત્માને સંસારમાં ભટકાવી મારનારી વસ્તુ. મિથ્યાદ્રષ્ટિ આત્માનું જ્ઞાન એ અજ્ઞાન જ છે કારણકે એ આત્માને સંસારથી બચાવી મુક્તિ પદે પહોંચાડવામાં સહાયક નથી બનતું.

આથી આ લોકમાં જ ઉપયોગી નિવડતા અને આત્માને રાગાદિ દોષોમાં રગદોળી નાખનારા જ્ઞાનનો પ્રચાર કરવો એ સમ્યગ્જ્ઞાનનો પ્રચાર કહેવાતો નથી પણ અજ્ઞાન કહો કે મિથ્યાજ્ઞાન કહો એનો જ પ્રચાર કહેવાય છે.

અજ્ઞાનને આ સ્વરૂપે સમજવું એ અતિશય આવશ્યક છે. કારણ કે જ્ઞાની ભગવંતો અજ્ઞાનને જ મહાપાપ તરીકે અને દુઃખના કારણ તરીકે ઓળખાવે છે. આથી અજ્ઞાન જેમ આત્માને સંસારમાં ભટકાવી મારનારી વસ્તુ છે તેમ એજ અજ્ઞાન મહાપાપ છે અને દુઃખનું કારણ હોવાથી દુઃખે કરીને દૂર કરી શકાય એવો મહારોગ છે.

અજ્ઞાનને, સંસારમાં ભટકાવનારી વસ્તુ છે એમ જે કહે છે એનું કારણ અનાદિ કાળથી જીવો અનુકૂળ પદાર્થોના રાગ અને પ્રતિકૂળ પદાર્થોના દ્વેષના કારણે, અનુકૂળ પદાર્થોનો રાગ એ જ સર્વસ્વ સુખ રૂપે માનીને જીવે છે એજ ખરેખરૂં અજ્ઞાન છે અને એજ અજ્ઞાનને સંસારમાં ભટકાવનારી વસ્તુ કહેલી છે.

અજ્ઞાનને મહાપાપ કહ્યું એનું કારણ એ છેકે એ સુખના રાગનું પાપ એવું ભયંકર છેકે એક વાર જીવ એક સેકંડ અનુકૂળ પદાથોને મેળવવાની ઇચ્છા કરે એટલે કે મને મલે તો સારૂં આવી વિચારણા કરે તેમાં જ પંદરલાખ પંદરહજાર છસો પીસ્તાલીશ પલ્યોપમ સુધી નારકીના જીવો જેટલું દુઃખ વેઠે એટલું દુઃખ ભોગવવાનું કર્મ બાંધે છે માટે મહાપાપ રૂપે કહેવાય છે.

અજ્ઞાનને મહારોગ કહેલો છે એનું કારણ એ જણાય છકે જેમ મનુષ્યના શરીરમાં થયેલો રોગ વધતા વધતા અસાધ્ય બને એ મહારોગ રૂપે ગણાય એમ અનુકૂળ પદાર્થોનો રાગ એવો ચેપી રોગ છેકે જીવો જેમ જેમ અધિક અધિક મેળવવાની ઇચ્છાઓ કર્યા કરે તેમ તેમ જીવોની એ ઇચ્છાઓ વધતી જ જાય છે. જેમ જ્ઞાનીઓએ કહ્યું છેકે જે અનુકૂળ પદાથાં પ્રાપ્ત થયા હોય એ પ્રાપ્ત થયેલાનો સંતોષ થવા ન દે અને પ્રાપ્ત થયેલાનો આસ્વાદ પણ લેવા ન દે. પરંતુ બીજા નહિ પ્રાપ્ત થયેલા અનુકૂળ પદાર્થોનો ચિન્તાનલ સળગાવે એટલે કે અસંતોષથી ભભુકતી આગ જલાવે છે આથી મહારોગ કહેવાય છે. માટે આ રીતે અજ્ઞાનને ઓળખીને દૂર કરવા પ્રયત્ન કરીએ ત્યારે જ આત્મામાં જ્ઞાન પેદા થાય છે. આ રીતે જીવો અનુકૂળ પદાર્થોના રાગ પ્રત્યે વારંવાર વિચારણા કરતો થાય ત્યારે અજ્ઞાન દૂર થતાં જ્ઞાન પેદા થતું જાય જેને સમજણના ઘરમાં જીવ આવ્યો એમ કહેવાય.

ઉપકારી મહાપુરૂષો તો અજ્ઞાન એટલે શું ? એનું વર્ણન કરતાં ફ્રમાવે છે કે-

**અજ્ઞાનં નરકો ઘોર સ્તમોરૂપ તયા મતં ।**
**અજ્ઞાન મેવ દારિદ્રય મજ્ઞાનં પરમો રિપુઃ ॥ ૧ ॥**
**અજ્ઞાનં રોગ સંઘાતો જરાપ્ય જ્ઞાન મુચ્યતે ।**

**અજ્ઞાનં વિપદઃ સર્વા અજ્ઞાનં મરણં મતમ્ ॥ ૨ ॥**

<u>ભાવાર્થ :-</u> (૧) અંધકાર રૂપ હોવાથી અજ્ઞાન એ ઘોર નરક માનેલું છે. (૨) અજ્ઞાન એજ દારિદ્ર છે. (૩) અજ્ઞાન એ પરમ શત્રુ છે. (૪) અજ્ઞાન એ રોગોનો સમુદાય (સંઘાત) છે. (૫) જરા (ઘડપણ) પણ અજ્ઞાન કહેવાય છે. (૬) અજ્ઞાન એ સઘળી વિપત્તિઓ છે તેમ જ. (૭) અજ્ઞાન એ જ મરણ માનેલું છે. ॥ ૧-૨ ॥

**(૧) અઙ્ંન એ ઘૅંર નરક મંનેલુા છે.**

અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં જીવો અનુકૂળ પદાર્થો પ્રત્યે ગાઢ રાગ અને પ્રતિકૂળ પદાર્થો પ્રત્યે ગાઢ દ્વેષવાળા હોય છે એ જીવો અકામ નિર્જરાથી કર્મની સ્થિતિ ઓછી કરી કરીને અંતઃ કોટા કોટી સાગરોપમની સ્થિતિવાળા બને છે છતાં પણ અનુકૂળ પદાર્થોની આશા, એને મેળવવા માટેની મહેનત-ભોગવવા આદિની મહનત-સાથે એનો આનંદ-એની આસક્તિ તથા એ પદાર્થોનું મમત્વ એ જીવને ભારે કર્મીતા ના પ્રતાપે ધર્મની આરાધના કરવા છતાં પણ એ ભાવના પરિણામો વધતા જાય, સ્થિર થતાં જાય એના પ્રતાપે જીવ આત્મિક ગુણની સન્મુખ બની શકતો નથી અને એજ સુખના સાધનોની મમત્વ બુધ્ધિ સ્થિર કરીને આત્માને મોહ રાજાના અંધકારમાં સ્થિર બનાવતો જાય છે અને સંખ્યાતા અસંખ્યાતા અથવા અનંતા ભવો સુધીનાં દુઃખના અનુબંધો પેદા કરાવવામાં સહાયભૂત થાય છે. માટે એ અજ્ઞાનને ઘોર નરક રૂપે કહેલું છે.

**(૨) અઙ્ંન એજ તંરિદ્ર છે.**

અજ્ઞાન એજ દારિદ્ર છે કારણકે અજ્ઞાની જીવ અનુકૂળ પદાર્થોને મેળવવા-ભોગવવા-સાચવવા-ટકાવવા-વધારવા માટે જ્યાં જ્યાં ભટકે છે અને ખાધા વિનાનો-પીધા વિનાનો, ભૂખ્યો, તરસ્યો એજ પદાર્થો માટે અનેક પ્રકારનાં કષ્ટો વેઠે છે તેમ જ પાપના ઉદયથી જે કષ્ટો-દુઃખો આવે તો તે દૂર કરવા માટે રાડો પાડે-રૂવે-ક્યારે દુઃખો જશે એમ વારંવાર દીન બનીને દુઃખ કાઢવા પ્રયત્નો કર્યા કરે એજ જીવનું મોટામાં મોટું દારિદ્ર કહેવાય છે. એટલે કે જીવોને અનુકૂળ પદાર્થોની લીનતા અને પ્રતિકૂળ પદાર્થોની દીનતા એજ મોટામાં મોટું દારિદ્ર કહેલું છે કે જેથી જીવ સાચા સુખની સન્મુખ થઇ શકતો નથી આથી એ અજ્ઞાનને જ દારિદ્ર રૂપે કહેલું છે.

**(૩) અઙ્ંન એજ પરમ શઙ્ું છે.**

સામાન્ય રીતે જે પોતાનું બગાડે પોતાને નુકશાન કરે અને દુઃખમાં નાંખે એને જ્ઞાનીઓએ શત્રુ કહેલા છે એમ દુનિયાના જીવો માને છે. આત્મિક ગુણોની સન્મુખ ન થવા દેવામાં અને સંસારનું પરિભ્રમણ ચાલુ રાખવામાં જીવને જો સહાયભૂત થતું હોય તો અજ્ઞાન જ કહેલું છે. જે અજ્ઞાન જીવને અકામ નિર્જરાથી મનુષ્ય જન્મ અપાવી દેવ-ગુરૂ-ધર્મની આરાધના કરાવે-તપ કરાવે-વ્રત-નિયમ-પચ્ચક્ખાણ પણ સારી રીતે કરાવે અને આગળ વધીને નિરતિચાર પણે આરાધનાની ક્રિયાઓ જીવને કરવામાં સહાયભૂત થાય પણ જ્ઞાનીઓ કહે છે કે અ આરાધના બહુ બહુ તો પુણ્ય બંધાવે. એકવાર દેવ ભવના સુખોની સામગ્રી પ્રાપ્ત કરાવે (અપાવે) પણ જન્મ મરણની પરંપરા નાશ કરવામાં, ઓછી કરવામાં એ ક્રિયાઓ સહાયભૂત થતી નથી. આથી એ અજ્ઞાન પરમ શત્રુરૂપે ગણાય છે.

**(૪) અઙ્ંન એ રૅંગૅંનૅં દાઘંસ છે.**

અજ્ઞાનથી પ્રેરાયેલો જીવ, કોઇપણ એક અનુકૂળ પદાર્થની ઇચ્છા કરે કે એની સાથે એકની સફળતા થાય તે અગાઉ અન્ય (બીજા) સેંકડો પદાર્થોની આશાઓ, ઇચ્છાઓ જીવને પેદા થતી જ જાય છે. એજ જ્ઞાનીઓએ રોગોનો સંઘાત કહેલો છે કારણકે મોહના ઉદયને આધીન થયેલો જીવ શરીર-ધન અને કુટુંબોની સુખાકારી ઇચ્છ છે. એ ઇચ્છા એજ આત્માનો રોગ ગણાય છે અને એમાંથી બીજી સેંકડો ઇચ્છાઓ પેદા થયા જ કરે એને જ રોગોનો સંઘાત કહેલો છે. કારણકે ઇચ્છા મોહના ઉદયથી થાય છે અને એ ઇચ્છાઓને આધીન થવું એજ અજ્ઞાન કહેવાય છે.

**(૫) જરં (ઘડપણ) પણ અઙ્ંન કહેવંચ છે.**

જરા (ઘડપણ) પણ અજ્ઞાન કહેવાય છે કારણ કે સામાન્ય રીતે મનુષ્યનું શરીર સડન-પડન-ગલન સ્વભાવવાળું હોય છે આથી નાનું બાળક પોતાના શરીરથી અશુચિ પદાર્થોને વિષે રમે-હાથ નાંખે-પગ બગાડે ઇત્યાદિ ક્રિયા કરે એ જેમ અજ્ઞાન કહેવાય છે. એમ જરાપણામાં રહેલો માણસ પણ જેમ જેમ ઉંમર થાય તેમ તેમ એ જીવોની બુધ્ધિ એટલી કામ કરતી ન હોવાથી-યાદ શક્તિ ઘટી ગયેલી હોવાથી હું શું કરું છું એની એમને ખબર પડતી નથી. માટે નાના બાળકની જેમ જરા એટલે ઘડપણ કહેલું છે. આથી જરા અવસ્થાને અજ્ઞાન અવસ્થા કહેવાય છે.

**(૬) અઙ્ંનને જ દઘળી વિપર્ત્ઍિં કહેલી છે.**

અજ્ઞાનને જ સઘળો વિપત્તિઓ કહેલી છે કારણકે જીવોના રાગાદિ પરિણામની પુષ્ટિ અજ્ઞાનથી જ થાય છે. આથી અનુકૂળ પદાર્થોનો રાગ અને પ્રતિકૂળ પદાર્થોનો દ્વેષ એ પરિણામ જ્ઞાનાવરણીય કર્મોથી પોષાતો જાય છે અને એ પરિણામને પુષ્ટ કરી કરીને જીવન જીવવું એજ જ્ઞાનીઓએ વિપત્તિ રૂપે કહેલી છે.

**(૭) સર્ં અઙ્ંન એ મરણ મંનેલુ છે.**

અજ્ઞાન એ મરણ માનેલું છે કારણ કે અનેક પ્રકારના રાગાદિ પરિણામમાં ઘેરાયેલો જીવ ટેન્શનવાળા સ્વભાવવાળો બને છે. જ્યારે જુઓ ત્યારે એ આત્મા ટેન્શનમાં જ રહેલો હોય છે, કોઇની સાથે બોલવાનું ગમે નહિ, ખાવાનું ગમે નહિ, વાતો ચીતો કરવાનું ગમે નહિ, જે વિચારમાં રહ્યો હોય તે વિચારમાંને વિચારમાં કાળ પસાર કરતો હોય એજ અજ્ઞાન કહેવાય છે. આથી આવી રીતે જીવતા મનુષ્યોને મરવાના વાંકે જીવે છે એમ કહેવાય છે. આથી અજ્ઞાનને મરણ માનેલું છે.

આવા આવા ઉપનામોથી ઓળખાતું અજ્ઞાન એ ક્રોધાદિ સર્વ પાપો કરતાં પણ કનિષ્ટ એટલે ભયંકર પાપ કહેલું છે અને હિતાહિતનું ભાન નહિ થવા દેનારી વસ્તુ છે.

## દુ:ખ અને દોષ માત્રનું કારણ શું ?

આજ હેતુથી ઉપકારીઓએ દુઃખ અને દોષ માત્રના કારણ તરીકે અજ્ઞાનને વર્ણવ્યું છે. ઉપકારી મહાપુરુષો ફરમાવે છે કે-

**અજ્ઞાન-મેવ સર્વેષાં રાગાદીનાં પ્રવર્ત્તકમ્ ।**

**સ્વકાર્યે ભોગ તૃષ્ણાડપિ યતો ડ જ્ઞાન મપેક્ષતે ॥ ૧ ॥**
**યાઃ કશ્ચિદેવ મર્ત્યેષુ નિર્વાણે ચ વિભૂતયઃ ।**
**અજ્ઞાને નૈવ તાઃ સર્વા હૃતાઃ સન્માર્ગ રોધિના ॥ ૨ ॥**
**યાઃ કાશ્ચિદપ્યવસ્થા સ્યુ- ર્યાશ્ચોન્માર્ગ પ્રવૃત્તયઃ ।**
**યચ્ચાસમંજસે કિંચિ દજ્ઞાનં તત્ર કારણમ્ ॥ ૩ ॥**
**એતધ્ધિ સર્વ દુઃખાનાં કારણં વર્ણિતં બુધૈઃ ।**
**ઉદ્‌વેગ સાગરે ઘોરે હઠાદેતત્ પ્રવર્ત્તકમ્ ॥ ૪ ॥**
**અજ્ઞાન મેવ સર્વેષાં હિંસાદીનાં પ્રવર્ત્તકમ્ ।**

ભાવાર્થ :- રાગ આદિ સઘળાય દોષોનું પ્રવર્ત્તક અજ્ઞાન જ છે કારણકે ભોગ તૃષ્ણા પણ પોતાના કાર્યમાં અજ્ઞાનની અપેક્ષા રાખે છે. મનુષ્યોમાં અને નિર્વાણમાં જે કોઇ વિભૂતિઓ છે તે સઘળાનું હરણ, સન્માર્ગનો રોધ કરનાર અજ્ઞાને કરેલું છે. આ સંસારમાં જે કોઇ વિલક્ષણ અવસ્થાઓ બની રહી છે, જે કોઇ ઉન્માર્ગની પ્રવૃત્તિઓ ચાલી રહી છે અને જે કાંઇ અયોગ્ય થઇ રહેલું છે તેમાં કારણ અજ્ઞાન છે. પંડિત પુરૂષોએ સર્વ દુઃખોના કારણ તરીકે અજ્ઞાનને જ વર્ણવેલું છે. અજ્ઞાન ઘોર ઉદ્‌વેગ સાગરમાં હઠથી પ્રવૃત્તિ કરાવનાર છે. હિંસાદિ સઘળા પાપોમાં પ્રવૃત્તિ કરાવનાર અજ્ઞાન જ છે. ॥ ૧-૨-૩-૪ ॥

(૧) રાગ આદિ સઘળાય દોષોનું પ્રવર્તક અજ્ઞાન જ છે. અનાદિ કાળથી જગતને વિષે પરિભ્રમણ કરતાં જીવો સુખને ઇચ્છે છે કોઇ જીવ દુઃખને ઇચ્છતો નથી પણ એ સુખ જે જોઇએ છે તે ક્યાં છે ? અને કેવી રીતે મલે છે ? એની એને ખબર ન હોવાથી એ જીવો સુખ માટે ભટક્યા કરે છે અને વાસ્તવિક રીતિએ જેમાં જે દુઃખ નથી એ પદાર્થો જરૂર સુખ આપશે આવી બુધ્ધિથી દુઃખ વેઠ્યા કરે છે. જ્ઞાની ભગવંતો કહે છે કે જગતના સઘળાય જીવો જે સુખને ઇચ્છે છે એ સુખ એવા પ્રકારનું ઇચ્છે છે કે જે સુખમાં દુઃખનો લેશ પણ ન હોય એટલે દુઃખના લેશ વિનાનું, આવ્યા પછી કદી નાશ ન પામે એવું ઇચ્છે છે અને પરિપૂર્ણ = અધુરા સુખને ઇચ્છતા નથી આવું સુખ મેળવવા માટે જ્યાં જ્યાં જે જે ગતિને વિષે જે પદાર્થો અનુકૂળ લાગે એમાં એવા સુખની કલ્પનાઓ કરી કરીને એ જીવો એ પદાર્થો પ્રત્યે રાગ કરીને જીવન જીવતા જાય છે અને દુઃખની પરંપરા વધારતા જાય છે.

સામાન્ય રીતે અનુકૂળ પદાર્થો પુણ્યના ઉદયથી જ મલે છે તે પુણ્ય હોય ત્યાં સુધી જ રહે છે, જીવતા પણ પુણ્ય પૂર્ણ થાય તો તે ચાલ્યા જાય છે, નાશ પામી જાય છે અથવા કોઇ લઇ જાય છે પણ કાયમ ટકતા નથી. કદાચ કોઇનું પુણ્ય સારૂં હોય તો તે પદાર્થો પોતે જીવે ત્યાં સુધી પણ રહી શકે છે પણ અંતે તો તે પદાર્થોને મુકીને પોતાનું આયુષ્ય પૂર્ણ થયે જવું પડે છે તે વખતે તે પદાર્થો સાથે આવતા નથી માટે કાયમ ટકતા નથી. એ અનુકૂળ પદાર્થોમાં જે સુખ હોય છે તે પણ અનેક પ્રકારના દુઃખથી ભરપુર હોય છે કારણ કે એ પદાર્થો મેળવવામાં દુઃખ-ભોગવવામાં પણ દુઃખ-સાચવવામાં દુઃખ-ટકાવવામાં દુઃખ-ન ચાલ્યા જાય એની કાળજી રાખવામાં દુઃખ અને જાય તો રોવામાં દુઃખ તથા છેલ્લે મુકીને જવામાં પણ દુઃખ છે આથી જ્ઞાનીઓ કહે છે કે એ અનુકૂળ પદાર્થોમાં સુખ નથી પણ સુખાભાસ છે. તેમજ તે પદાર્થો એટલે અનુકૂળ પદાર્થો પુણ્યના ઉદયથી મલે છે તે પરિપૂર્ણ હોતા જ નથી સદા માટે અધુરાને અધુરા જ હોય છે કારણ કે એ પદાર્થની સાથે બીજા અનેક પદાર્થોની ઇચ્છાઓ થયા જ કરે છે આથી અનુકૂળ પદાર્થોનું સુખ એકાંતે સુખરૂપ નથી જ પણ દુઃખરૂપ જ છે છતાં પણ જીવને જે પ્રકારનું સુખ જોઇએ છે તે મલતું નથી માટે આવા અનુકૂળ પદાર્થોમાં સુખની કલ્પના કરી કરીને અનેક પ્રકારના દુઃખોની પરંપરા પેદા કર્યા જ કરે છે. એજ

જીવનું કારમું અજ્ઞાન કહેવાય છે અને એ અજ્ઞાનના પ્રતાપે આત્મામાં રહેલા રાગ આદિ સઘળાય દોષો વધતા જાય છે. માટે રાગ આદિ દોષોનું પ્રવર્તક કહેવાય છે.

(૨) ભોગ તૃષ્ણા પણ પોતાના કાર્યમાં અજ્ઞાનની અપેક્ષા રાખે છે કારણકે ભોગની સામગ્રી મલે પુણ્યથી એ ભોગની સામગ્રી મેળવવાની ઇચ્છા એ પાપના ઉદયથી ગણાય છે છતાંય જીવોને ભોગની સામગ્રી જેમ જેમ મલતી જાય તેમ તેમ તેની તૃષ્ણા અંતરમાં રહ્યા જ કરે છે. માટે જ્ઞાની ભગવંતો એ ભોગની સામગ્રીને તૃષ્ણાના કારણે અજ્ઞાન રૂપે કહે છે.

(૩) મનુષ્યપણામાં જે વિભૂતિઓ હોય છે તે પણ અજ્ઞાની જીવોને પ્રાપ્ત થતી નથી એ વિભૂતિઓ જ્ઞાનીઓને જ પ્રાપ્ત થાય છે માટે અજ્ઞાનને મનુષ્યપણાની વિભૂતિઓનું હરણ કરનારૂં એટલે વિભૂતિઓ પ્રાપ્ત ન થાય એની કાળજી રાખનારૂં અજ્ઞાન કહેલું છે. તે આ રીતે-

મનુષ્યપણાની-ચક્રવર્તિપણાની ઋધ્ધિ-રાજા સાહેબની ઋધ્ધિ-સજ્જનતાના ગુણોની ઋધ્ધિ-સારૂં કુળ-સારી જાતિ-પંચેન્દ્રિયની પૂર્ણતા-લાંબુ આયુષ્ય-નિરોગી શરીર ઇત્યાદિ મનુષ્યપણાની એ વિભૂતિઓ અજ્ઞાની જીવોને પ્રાપ્ત થતી નથી. કારણકે એ ઋધ્ધિઓ એટલે વિભૂતિઓ સમકીતી જીવોને સર્વવિરતિપણાને પ્રાપ્ત કરેલા જીવોને-દેવગતિમાંથી મનુષ્યપણામાં આવે એ જીવોને પ્રાપ્ત થાય છે માટે અજ્ઞાન એ મનુષ્યપણાની વિભૂતિઓને હરણ કરનારૂં કહેલું છે.

(૪) નિર્વાણમાં એટલે મોક્ષ પ્રાપ્ત કરવામાં સહાયભૂત થનારી વિભૂતિઓને પણ અજ્ઞાન હરણ કરે છે. તે આ રીતે અનુકૂળ પદાર્થોનો ગાઢરાગ અને પ્રતિકૂળ પદાર્થોનો ગાઢ દ્વેષ જે મોહનીય કર્મના ઉદયવાળી ગ્રંથી કહેવાય છે. એ ગ્રંથીને, જીવ ગ્રંથી દેશે આવે તો પણ આ અજ્ઞાન એને ઓળખવા દેતો નથી. ઉપરથી એ અજ્ઞાન એ રાગાદિ પરિણામને પુષ્ટ કરવાનું કાર્ય-મજબુત બનાવવાનું કામ કરે છે અને જીવ જ્યાં સુધી પોતાની ગ્રંથીને ઓળખવાની ઇચ્છા ન કરે ત્યાં સુધી એ રાગાદિ પરિણામે આત્માનું કેટલું નુક્શાન કર્યું છે એ ખબર પડતી નથી અને એ ખબર ન પડતા જીવ નુક્શાનથી બચવાનો પ્રયત્ન પણ કરતો નથી અને એ પ્રયત્ન ન થતાં જીવ આત્મિક ગુણની સન્મુખ થઇ શકતો નથી. એટલે કે સમજણના ઘરમાં આવી શકતો નથી અને જ્યાં સુધી સમજણના ઘરમાં જીવ ન આવે ત્યાં સુધી પાપની પાપરૂપે માન્યતા પેદા કરી શકતો નથી એટલે કે સામાન્ય રીતે જીવ પાપને પાપ માને છે પણ પોતાના સ્વાર્થ સાધવા-સ્વાર્થ પોષવા માટે જરૂર પડે એટલા પુરતું પાપને પાપ માને છે પણ જ્ઞાનીની આજ્ઞા મુજબ જ્ઞાની ભગવંતોએ જે પ્રમાણે પાપને પાપ કહ્યું છે તે રીતે એ અજ્ઞાન માનવા દેતું નથી આથી એ જીવો અનુકૂળ પદાર્થો માટે તીવ્રભાવે પાપ કરવાનો પરિણામ નાશ કરતા નથી એટલે અંશે ભવનો રાગ પણ ઘટાડતા નથી અને આથી ઉચિત વ્યવહારનું પાલન એના જીવનમાં દાખલ થતું નથી. આ બધી આત્માની સંપત્તિઓ કહેવાય છે એ સંપત્તિનું હરણ કરનાર આ અજ્ઞાન જ કહેવાય છે.

આ બધા કારણોથી જ્ઞાની ભગવંતો કહે છે કે-

રાગ આદિ દોષોની વૃધ્ધિ અજ્ઞાનને આભારી છે.

ભોગ તૃષ્ણા પણ અજ્ઞાની આત્માને જ સતાવે છે.

સઘળીજ સુખ સંપત્તિઓનો સંહાર કરનારું અજ્ઞાન જ છે. કારણકે તે આત્માને સન્માર્ગમાં પ્રવૃત્તિ કરતા અટકાવનારૂં છે. સઘળી જ અવ્યવસ્થાઓનું, સઘળી ઉન્માર્ગ પ્રવૃત્તિઓનું અને કોઇપણ અણ છાજતા બનાવનું કારણ એક અજ્ઞાન જ છે. હિંસા આદિ પાપના સ્થાનોમાં પ્રવૃત્તિ કરાવનારું પણ અજ્ઞાન જ છે. એજ કારણે ઉપકારીઓને ફરમાવવું પડે છે કે-

અજ્ઞાન  સર્વ દુ:ખોનું અને સર્વ દોષોનું કારણ છે તથા આત્માને ભયંકર ઉદ્વેગ સાગરની અંદર ડુબાવવાનું કાર્ય અજ્ઞાન હઠ પૂર્વક કરે છે.

## અજ્ઞાનનો વિપાક કેવો હોય છે એ જણાવે છે.

એજ હેતુથી અજ્ઞાનનો વિપાક ઘણોજ કારમો છે એમ ઉપકારીઓ વર્ણવે છે. ઉપકારીઓ ફરમાવે છે કે અજ્ઞાનના યોગે આત્માઓ-

**કાર્યાકાર્યં ન જાનન્તિ ગમ્યા ગમ્યં ચ તત્વતઃ ।**
**ભક્ષ્યા ભક્ષ્યં ન બુધ્યન્તે પેયાપેયં ચ સર્વથા ॥ ૧ ॥**
**અન્ધા ઇવ કુમાર્ગેણ પ્રવર્તન્તે તતઃ પરમ્ ॥**
**તતો નિબધ્ય ઘોરાણિ કર્માણ્ય કૃત શમ્બલાઃ ॥ ૨ ॥**
**ભવમાર્ગે નિરન્તે ડત્ર પર્યટન્તિ સુદુ:ખિતાઃ ।**

<u>ભાવાર્થ :-</u> તત્વથી કાર્ય-અકાર્યને અને ગમ્ય-અગમ્યને જાણતા નથી. ભક્ષ્ય-અભક્ષ્યને અને પેય-અપેયને સર્વથા જાણતા નથી. તે કારણથી અજ્ઞાન વશ આત્માઓ અન્ધની માફક કુમાર્ગે કરીને પ્રવૃત્તિ કરે છે અને એ કુમાર્ગે પ્રવૃત્તિ કરવાના કારણથી પરલોકનું ભાથું નહિ કરી શકનારા તે ઘોર કર્મોનો બંધ કરીને અતિશય દુ:ખી થયા થકા અંત વિનાના આ ભવમાર્ગમાં પર્યટન કર્યા કરે છે.

અજ્ઞાનનો આવી જાતિનો વિપાક ઓછો કારમો ન જ ગણાય અજ્ઞાન આત્માને અંધ બનાવી દે છે.

અજ્ઞાનથી અંધ બનેલો આત્મા નથી જાણી શકતો કાર્ય કે અકાર્ય-નથી જાણી શકતો ગમ્ય કે અગમ્ય-નથી જાણી શકતો ભક્ષ્ય કે અભક્ષ્ય  અને નથી જાણી શકતો પેય કે અપેય. કાર્ય અને અકાર્ય-ગમ્ય અને અગમ્ય-ભક્ષ્ય કે અભક્ષ્ય તથા પેય અને અપેયને નહિ જાણનારો આત્મા ઉન્માર્ગે પ્રવૃત્તિ કરે એ સહજ છે. ઉન્માર્ગે આથડતો આત્મા પરલોકની સાધના ન કરી શકે અને ઘોર કર્મોનો બંધ કરી આ અનાદિ અનંત સંસારમાં પોતાનું કારમું પરિભ્રમણ વધારે એમાં કશું જ આશ્ચર્ય નથી. અજ્ઞાનના આવા વિપાકને જાણ્યા પછી પણ જેઓ ન ચેતે તેઓનો આ સંસારમાંથી કદી જ અંત આવતો નથી.

ઉત્તરાધ્યયન સૂત્રને વિષે પણ કહ્યું છે કે-

**અજ્ઞાનં ખલુ કષ્ટં ક્રોધાદિભ્યોડપિ સર્વ પાપેભ્યઃ ।**
**અર્થં હિતમહિતં વા ન વેત્તિ યેનાડડવૃત્તો લોકઃ ॥ ૧ ॥**

<u>ભાવાર્થ :-</u> ક્રોધાદિ કષાયો કરતાં પણ તથા સર્વ પાપો કરતાં પણ કષ્ટદાયક અજ્ઞાન કહેલું છે કારણકે અજ્ઞાનથી આવૃત્ત થયેલા-વીંટાયેલા લોકો (એટલે જગત) પોતાના હિત અહિતને જાણતા નથી. ॥ ૧ ॥

જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી આત્મામાં જે જ્ઞાનનો ક્ષયોપશમભાવ પેદા થાય છે એ મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયથી અજ્ઞાન રૂપે કહેવાય છે. એ અજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ જઘન્યથી અક્ષરના અનંતમા ભાગ જેટલો હોય છે અને ઉત્કૃષ્ટથી સાડા નવ પૂર્વ સુધીનાં જ્ઞાન સુધી કહેલો છે. કારણ કે અભવ્ય-દુર્ભવ્ય-ભારેકર્મી-દુર્લભબોધિ જીવો ગ્રંથી દેશે આવી સાડા નવ પૂર્વ સુધી જ્ઞાન ભણી શકે છે માટે એટલું કહેવાય છે. અને એ સાડાનવ પૂર્વ સુધીનું જ્ઞાન ભણે છતાં પોતાના આત્માની હિત પ્રવૃત્તિ શેમાં અને અહિત પ્રવૃત્તિ શેમાં એ જ્ઞાન એ જીવોને પ્રાપ્ત થઇ શકતું જ નથી. નિરતિચાર ચારિત્રનું પાલન પૂર્વક્રોડ વર્ષ સુધી પાળે એટલે આઠ વર્ષે સંયમ લઇ નિરતિચારપણે પાલન કરે છતાં મારૂં હિત સર્વવિરતિની પ્રવૃત્તિમાં છે

એમ જાણતા નથી. એટલે જ એ પાલન પણ અજ્ઞાન રૂપે જ કહેવાય છે. આ રીતે જગતના જીવો અજ્ઞાનથી આવૃત્ત થઇ સંસારનું પરિભ્રમણ કરતા જ જાય છે.   એવી જ રીતે અજ્ઞાન દોષ કેટલું નુક્શાન કરે છે એ બતાવે છે.

**નવિ તં કરેઇ અગણિ ન ઇવ વિસં ન ઇવ કિણ્હ સપ્પાઇ ।**

**જં કુણઇ મહાદોસં તીવ્વં જીવસ્સ મિચ્છત્તં ॥ ૧ ॥**

<u>ભાવાર્થ :-</u> આત્માને મહાદોષ રૂપે જેટલું અગ્નિ નુક્શાન નથી કરતું, જેટલું વિષ એટલે ઝેર નુક્શાન નથી કરતું જેટલું નુક્શાન કાળો સર્પ નથી કરતો એના કરતાં મહાદોષ એટલે ભયંકર દોષ અજ્ઞાન કરે છે માટે જીવનું તીવ્ર મિથ્યાત્વ એટલે તીવ્ર મિથ્યાત્વનો ઉદય એજ જીવનું અજ્ઞાન કહેવાય છે. ॥ ૧ ॥

(૧) અગ્નિ જીવને કદાચ બાળી નાંખે તો આ ભવમાં બાળીને ભસ્મીભૂત કરી નાંખે એટલે એક જ ભવ બાળે છે જ્યારે તીવ્ર મિથ્યાત્વનો ઉદય અનંતા ભવો સુધી જન્મ-મરણની પરંપરામાં દુઃખ દુઃખ અને દુઃખ આપીને બાળ્યા જ કરે છે. માટે જ્ઞાનીઓએ અગ્નિ કરતાં અજ્ઞાનને ભયંકર કહેલું છે.

(૨) વિષ :- કોઇ જીવ દુઃખથી કંટાળીને કદાચ ઝેર ખાય તો મરણ પ્રાપ્ત થાય, એક ભવનું મરણ થાય. જ્યારે અજ્ઞાન એટલે તીવ્ર મિથ્યાત્વનો ઉદય જીવોને અનુકૂળ પદાર્થોમાં રાગ કરાવી એમાં ઓતપ્રોત બનાવી એજ સર્વસ્વ પ્રકારનું સુખ છે એવી બુધ્ધિ પેદા કરાવી સંખ્યાતા-અસંખ્યાતા-અનંતા જન્મો સુધી મરણ કરાવી કરાવીને મારી નાંખનારૂં છે. આવી બુધ્ધિ પેદા ન થવા દઇ સંસારમાં પરિભ્રમણ કરાવનારૂં છે. માટે વિષ કરતાં અજ્ઞાન-એટલે તીવ્ર મિથ્યાત્વનો ઉદય મહાદોષ રૂપે કહેલો છે.

(૩) કાળો સર્પ :- જગતને વિષે સામાન્યથી સાપ એક સ્થાનેથી બીજા સ્થાને જતો હોય તો તે હેરાન કે નુક્શાન કરતો નથી એને છંછેડવામાં આવે-પજવવામાં આવે-હેરાન કરવામાં આવે તો એ સાપ એ જીવને માર્યા વગર રહેતો નથી. એટલે કે સામાન્યથી સાપની જાતિનો સ્વભાવ આ રીતે જ હોય છે એમાં એ સાપની દાઢમા જે ઝેર હોય છે એનાથી જેને ડસે તે મરે પણ ખરો અથવા ન પણ મરે જ્યારે કાળો સર્પ એની દાઢમાં એટલું ભયંકર ઝેર હોય છે કે એ જેને ડંસ એ જીવને ત્યાંને ત્યાં એનું ઝેર ચઢતા એ જીવ તરત જ મરણ પામે છે. તો એ કાળો સર્પ બહુ બહુ તો જીવને ડંખ મારીને એક ભવ બગાડે જ્યારે અજ્ઞાન રૂવી તીવ્ર મિથ્યાત્વ જીવને સંખ્યાતા અસંખ્યાતા અથવા અનંતા ભવો સુધી મારે છે. એટલે કે જન્મ મરણ કરાવ્યા કરે છે. આથી જ્ઞાની ભગવંતો એને મહાદોષ રૂપે કહે છે.

આથી જ મહાપુરૂષો કહે છે કે અજ્ઞાનને દૂર કરીને જીવો ઉપશમ શ્રેણિ પ્રાપ્ત કરી અગ્યારમા ગુણસ્થાનક સુધી પહોંચે-વીતરાગ દશાનો અનુભવ કરે છતાં પણ પતન પામીને પહેલા ગુણસ્થાનકે મિથ્યાત્વના ઉદયથી તીવ્ર અનુબંધ બાંધી અજ્ઞાનને પરવશ બની સંખ્યાતા ભવો-અસંખ્યાતા ભવો કે અનંતા ભવો સુધી પરિભ્રમણ કરવા ચાલ્યા જાય છે. આવા વીતરાગ દશાનો અનુભવ કરી નિગોદમાં વર્તમાનમાં રહેલા જીવો અનંતા છે. એવો જ રીતે જે જીવો જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી ચૌદપૂર્વનું જ્ઞાન ભણે-શ્રુતકેવલી બને અને સાથે મોહનીય કર્મનો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત કરી છઠ્ઠા સાતમા ગુણસ્થાનકે વર્ષો સુધી રહે એટલે હજારો વર્ષો સુધી રહે અને કોઇ નિકાચીત કર્મના ઉદયથી પ્રમાદને આધીન થઇ-પતન પામી- ચૌદપૂર્વનું જ્ઞાન ભૂલી મિથ્યાત્વને પામીને-ઘોર કર્મોનો અનુબંધ બાંધીને સૂક્ષ્મ નિગોદમાં પણ જાય છે. એવા સૂક્ષ્મ નિગોદમાં વર્તમાનમાં જીવો અનંતા રહેલા છે. એવા સૂક્ષ્મ નિગોદમાં વર્તમાનમાં જીવો અનંતા રહેલા છે. આ અજ્ઞાન જીવને કેટલા ભવો સુધી હેરાન કરે છે એ આના ઉપરથી

વિચારવાનું છે. માટે જ જ્ઞાની ભગવંતો એ જ્ઞાનની કિંમત અને જ્ઞાનની મહત્તા મુકેલી છે.

આ રીતનું રહેલું અજ્ઞાન ખટકે છે ખરૂં ?

ચૌદપૂર્વ ભણી ઉપશમ શ્રેણિ સુધી પહોંચીને/પડેલા જેમ નિગોદમાં અનંતા જીવો રહેલા છે એવી જ રીતે નરકમાં અસંખ્યાતા જીવો રહેલા છે. પૃથ્વીકાય આદિમાં પણ અસંખ્યાતા રહેલા છે આથી અજ્ઞાનને ઓળખીને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. આથી આગળ વધીને જ્ઞાની ભગવંતો કહે છે કે-

**કટ્ઠં કરેસિ અપદં મેસી અત્થં ચયસિ ધમ્મત્યં ।**

**ઇક્કં ન ચયસિ મિચ્છત્તં વિસલવં જેણ વુડ્ડહિસિ ।। ૧ ।।**

<u>ભાવાર્થ :-</u> કોઇ જીવ અનેક પ્રકારે કષ્ટ ક્રિયા કરે તથા પંચાગ્નિ સાધના તપશ્ચર્યાદિ કરે-પાંચે ઇન્દ્રિયોને વશ કરવા સારૂં ઇન્દ્રિયોને દમે. ધર્મને માટે ધન પ્રમુખનો ત્યાગ કરે એટલા સર્વ કાર્યો કરે પરંતુ જો એક મિથ્યાત્વને નથી છોડતો તો તેની ક્રિયા સર્વે વિષના ઓલવા સરખી-અશક્ય-કદાગ્રહ-હઠરૂપ જાણવી. તે જીવ સંસાર સમુદ્રમાં ડૂબે છે કારણકે એક મિથ્યાત્વ છતાં સર્વે ક્રિયા સંસારના હેતુરૂપે જાણવી.

અજ્ઞાનને જ્ઞાન પેદા કરીને નાશ કરાય છે.

જ્ઞાન કોને કહેવાય ? આત્માના જ્ઞાનાદિ સ્વભાવનો જે લાભ-તેનો જે સંસ્કાર-એનું જે કારણ એ જ્ઞાન કહેવાય છે. એટલે કે આત્મામાં અનંતજ્ઞાનાદિ જે રહેલા છે તે આત્માનો પોતાનો સ્વભાવ છે. એના સિવાયના જે જ્ઞાનાદિ આત્માના વિભાવ રૂપે છે. એટલે કે જ્ઞાનાદિ ગુણો સિવાયના જે પદાર્થો શરીર-ધન-કુટુંબ ઇત્યાદિ એ પદાર્થો પ્રત્યે મારાપણાની બુધ્ધિ-આસક્તિ-રાગાદિ એ આત્માનો પોતાનો સ્વભાવ નથી પણ વિભાવ દશા કહેવાય છે. એ રીતે વારંવાર વિચારણાઓ પેદા કરી કરીને-એ વિચારોને સ્થિર કરવા એ આત્મસ્વભાવ. જે જ્ઞાનાદિ પેદા કરવામાં સહાયભૂત થાય છે એ સ્વભાવનો સંસ્કાર જે દ્રઢ કરવો એજ વાસ્તવિક જ્ઞાન કહેવાય છે. એટલે કે જીવ અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરતો કરતો અનંતીવાર ધર્મ સામગ્રી સંપન્ન મનુષ્ય જન્મ પામે છે. એ મનુષ્ય જન્મમાં ધર્મની આરાધના કરતાં કરતાં ભગવાનના ગુણોનું સ્મરણ કરતાં-ચિંતન કરતાં-વિચારણા કરતાં કરતાં એ ગુણો એ મારા પોતાના ગુણો છે કારણ કે ભગવાન પણ આત્મા છે હું પણ આત્મા છું. ભગવાને પોતાના ગુણો પુરૂષાર્થ કરીને પેદા કરેલા છે. એ પુરૂષાર્થ એમને જે કર્યો એમાં જે પોતાના દોષો એ ગુણોને દબાવવામાં સહાયભૂત થતાં હતા એ દોષોને ઓળખીને સંપૂર્ણ દૂર કર્યા ત્યારે તેમના ગુણો સંપૂર્ણ રૂપે પેદા થયા એમ હું એજ ભગવાનના ગુણોને જોતાં જોતાં મારા દોષોને ઓળખતો જાઉં અને ઓળખીને એને કેવી રીતે દૂર કરવા એનો પ્રયત્ન કરતો થાઉં તો જ હું મારા ગુણોને પેદા કરી શકું. આથી ભગવાનના ગુણોનું ચિંતન-મનન કરી એ ગુણો પેદા કરવા માટે પોતાના દોષોને ઓળખીને દોષોને દૂર કરવા પ્રયત્ન કર્યો એમ હું પણ એમણે કરેલા પ્રયત્ન મુજબ દોષોને દૂર કરવા માટે પ્રયત્ન કરૂં તોજ મારા ગુણો પેદા થાય. આવી વિચારણા ભગવાન પાસે કરતાં-સાધુ પાસે કરતાં તથા ઘર-ઓફીસમાં જ્યારે નવરા પડીએ ત્યારે કરતાં કરતાં સ્વદોષોને ઓળખવાનું એટલે કે મારામાં કયા કયા દોષો છે એ દોષોના કારણે કયા કયા ગુણો પેદા થતાં નથી અને એ દોષોને દૂર કરતાં કરતાં કયા કયા ગુણો પેદા થાય એની વિચારણાઓ કરીને દોષોને ઓળખી શક્તિ મુજબ દોષોને દૂર કરવા પ્રયત્ન કરતો જાઉં આ રીતે દોષોને ઓળખવામાં અને ઓળખીને દૂર કરવામાં જે જ્ઞાનનો ઉપયોગ કરવો એ જ જ્ઞાનને જ્ઞાની ભગવંતો સમ્યગ્જ્ઞાન કહે છે એટલે કે જ્ઞાન રૂપે જ્ઞાન કામ કરતું થયું એમ કહેવાય છે.

આથી ભગવાનનું દર્શન સ્વદોષ દર્શન કરાવનારૂં અને સ્વદોષોને દૂર કરવા માટે પ્રેરણા આપી

પુરૂષાર્થ કરાવનારૂં હોવાથી જ્ઞાની ભગવંતોએ ભગવાનનું દર્શન જ્ઞાન પ્રાપ્તિનું કારણ એટલે અજ્ઞાનને દૂર કરીને જ્ઞાનનો ક્ષયોપશમ ભાવ પેદા કરાવનારૂં કહેલું છે.

આ રીતે જ્યારે સ્વદોષ દર્શનની શરૂઆત થાય એટલે જ્ઞાની ભગવંતો કહે છેકે અજ્ઞાનના પ્રતાપે અત્યાર સુધી બીજાના દોષ જોવાની વૃત્તિ હતી અને બીજાના દોષો બોલવાની વૃત્તિ હતી તેમજ બીજાના ગુણોને પણ દોષ રૂપે જોવાની-બોલવાની વૃત્તિ હતી તે ધીમે ધીમે ઓછી થતાં થતાં નાશ પામતી જાય છે. એ નિંદા રૂપે બીજાના દોષા જોવા અને બોલવાનો સ્વભાવ નાશ પામતો જાય તેમ તેમ સ્વદોષ જોવાનો કાળ વધતો જાય છે. એમાં અનાદિના અભ્યાસ મુજબ કદાચ બીજાના દોષો દેખાઇ જાય તો સાથે વિચાર કરે કે હું અજ્ઞાન હતો તો આવો જ હતો માટે અજ્ઞાની જીવોમાં દોષ ન હોય તો કોનામાં હોય ? હવે હું એના કરતાં જ્ઞાની બન્યો એ પણ જ્યારે મારા જેવો બનશે ત્યારે એનામાં પણ દોષો નાશ પામશે અને ગુણ પેદા થશે ! આવી વિચારણાઓ કરીને જીવ પોતાના સ્વદોષોને જોવામાં-ઓળખવામાં અને ઓળખીને દૂર કરવાનો શક્ય એટલો પ્રયત્ન કરતો જાય છે. આ રીતે પ્રયત્ન કરવો એ પ્રયત્નને જ્ઞાની ભગવંતોએ જ્ઞાનનો પ્રયત્ન કહેલો છે. આ રીતે પ્રયત્ન કરતાં કરતાં પોતાના સ્વદોષને પેદા કરનારૂં તથા ટકાવનારૂં મૂલ કારણ કયું છે એ શોધવાનો પ્રયત્ન કરવાનું મન થાય. એ શોધવાનો વિચાર કરતાં કરતાં એમ અંતરમાં સહજ રીતે ખ્યાલ આવે કે અત્યાર સુધી સ્વદોષને નહિ જોવા દેવામાં આ અનુકૂળ પદાર્થોનો રાગ જ કામ કરે છે અને પ્રતિકૂળ પદાર્થોનો દ્વેષ જ કામ કરે છે અને એજ બીજાના દોષોને દેખાડી મારા દોષોને ગુણ રૂપે દેખાડે છે, તેમજ બીજાના ગુણો દોષ રૂપે જોવામાં સહાયભૂત થાય છે. આથી એ સુખનો રાગ ઘટાડવાનો પ્રયત્ન કરતો રહું અને એ ઓછો કરતો રહું તો મારા દોષો દેખાવા માંડે અને એને કાઢવાનો પ્રયત્ન કરવાનું મન થાય.

આથી ભગવાનનું દર્શન કરતાં કરતાં જીવ અનુકૂળ પદાર્થોની માગણી કરતો હતો તે બંધ કરી દે છે અને અનુકૂળ પદાર્થો આઘા-પાછા થાય-નાશ પામે અથવા કોઇ લઇ જાય તો જે ચિંતાઓ થતી હતી ત દૂર થાય આ રીતે પ્રયત્ન કરતો રહે એને જ્ઞાનની પ્રવૃત્તિ કહેવાય છે. આ જ્ઞાનમાં આગળ વધતા વધતા જીવ સુખ માટે તીવ્ર ભાવે પાપ કરતો હતો તે બંધ થઇ જાય એટલે અંશે સુખનો રાગ ઓછો થતો જાય અને આથી ઉચિત વ્યવહાર પાલન કરવાનો ક્ષયોપશમ ભાવ પેદા થતો જાય છે. એજ જ્ઞાનનું ફળ ગુણ પ્રાપ્તિ રૂપે માનતો જાય છે અને આત્મા આત્મ કલ્યાણના માર્ગે આગળ વધતો જાય છે. આ રીતે જે જ્ઞાનની પ્રાપ્તિ થતી જાય તેને ટકાવી અજ્ઞાનને દૂર કરવા પ્રયત્ન કરે એટલે જીવ કલ્યાણના માર્ગે આગળ વધી તેમાં સ્થિર બની મોક્ષ માર્ગમાં દાખલ થઇ ક્ષયોપશમ ભાવે ધર્મની પ્રાપ્તિ કરનારો બને છે.

**જ્ઞાનંબો કુમતાંધકાર તરણિ ર્જ્ઞાનં જગલ્લોચનં ।**
**જ્ઞાનં નીતિ તરંગિણી કુલગિરિર્જ્ઞાનં કષાયા પહં ॥**
**જ્ઞાનં નિર્વૃત્તિ વશ્ય મંત્ર મમલં જ્ઞાનં મનઃ પાવનં ।**
**જ્ઞાનં સ્વર્ગ ગતિ પ્રયાણ પટહઃ જ્ઞાનં નિદાનં શ્રિયઃ ॥**

**ભાવાર્થ** :- હે મહાનુભાવ ! કુમત રૂપી અંધકારનો નાશ કરવામાં જ્ઞાન સૂર્ય સમાન છે. જ્ઞાન જગતના નેત્ર સમાન છે. જ્ઞાન નીતિરૂપ નદીને નીકળવામાં મહાન્ પર્વત સમાન છે. જ્ઞાન કષાયોનો નાશ કરનાર છે. જ્ઞાન મુક્તિને વશ કરવામાં નિર્મળ મંત્ર સમાન છે. જ્ઞાન મનને પવિત્ર કરનાર છે. જ્ઞાન સ્વર્ગગતિમાં પ્રયાણ કરવામાં ઢોલ સમાન છે. જ્ઞાન મુક્તિ રૂપી લક્ષ્મીનું નિદાન કારણ છ. જ્ઞાન કર્મરૂપી પર્વતને છેદવામાં વજ સમાન છે. જ્ઞાન પ્રાણિયોના શ્રેષ્ઠ ભૂષણ સમાન છે. જ્ઞાન જીવોને ઉત્તમ ધન સમાન છે. જ્ઞાન જગતને વિષે દીપક સમાન છે. જ્ઞાન તત્વ અને અતત્વના ભેદને જણાવનાર છે. વધારે શું કહેવું

? જ્ઞાન લોકાલોકના પદાર્થને સ્પષ્ટ દેખાડવામાં અખંડ અદ્વિતીય પરમ અવિનાશી જ્યોતિ સમાન છે. જ્ઞાન સમાન બીજી કોઇપણ વસ્તુ આત્માને પ્રકાશિત કરનાર નથી માટે જીવોએ સત્યજ્ઞાન મેળવવા પ્રયત્ન કરવો કે જેથી જલ્દીથી સંસારનો અંત આવે. જ્ઞાન વગર આ ક્ષેત્રમાં એટલે સંસાર રૂપી ક્ષેત્રમાં ભટકવાનું થાય છે. માટે જ્ઞાનથી જ મોક્ષ મળે છે અને તે જ્ઞાન સિધ્ધાંતના આરાધનથી એટલે કે ભગવાનની આજ્ઞા મુજબ સિધ્ધાંત પ્રત્યે બહુમાન-આદરભાવ કરી એની આરાધના કરવામાં આવે તોજ પ્રાપ્ત થાય છે. જ્ઞાન સાંભળવું, તે જ્ઞાન ઉપર વિશ્વાસ રાખવો, જ્ઞાન ભણવું, બીજાને જ્ઞાન ભણાવવું, જ્ઞાન ભણનાર તથા ભણાવનારની સેવા ચાકરી કરવી માટે જ્ઞાની ભગવંતોએ કહ્યુ છેકે રોજ એકનું એક પદ-ગાથા ગોખવાથી છ માસ સુધી ગોખવા છતાં ન આવડે તો પણ કંટાળા વગર રોજ ગોખવું અને છ મહિને એક ગાથા આવડે તો પણ જ્ઞાન ભણવાથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ ભાવ પેદા થાય છે અને જ્ઞાન ભણવાનો પ્રયત્ન જ ન કરે તો જ્ઞાનાવરણીય કર્મ ગાઢ બંધાય છે.

માટે જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે અજ્ઞાનને દૂર કરવાનો પ્રયત્ન કરી જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવો જ જોઇએ.

મહાનિશિથ સૂત્રમાં કહ્યું છે કે-

**બારસ વિહંમિ વિ તવે અબ્ભંતર બાહિરે કુસલ દિટ્ઠે ।**
**નવિ અત્થિ નવિ અહોહિ સજ્ઝાય સમં તવો કમ્મં ॥ ૧ ॥**

<u>ભાવાર્થ :-</u> સર્વજ્ઞ ભગવાને કહેલા અભ્યંતર અને બાહ્ય એવા બાર પ્રકારના તપમાં સ્વાધ્યાય જેવું (જ્ઞાન જેવું) તપકર્મ કોઇ છે નહિ તેમજ થશે પણ નહિ. ॥ ૧ ॥

**મણવયણ કાય ગુત્તો નાણાવરણં ચ ખવઇ અણુ સમયં ।**
**સજ્ઝાએ વટ્ટંતો ખણે ખણે જાઇ વેરગ્ગં ॥ ૨ ॥**

<u>ભાવાર્થ :-</u> સ્વાધ્યાયમાં એટલે જ્ઞાનમાં વર્તતો માણસ મન-વચન-કાયાની ગુપ્તિએ કરીને પ્રતિ સમયે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરે છે તેને ક્ષણે ક્ષણે વૈરાગ્ય પ્રાપ્ત થાય છે. ॥ ૨ ॥

**ઇગદુતિ માસખવણં સંવત્છરમવિ અણસિઉ હુજ્જા ।**
**સજ્ઝાય ઝાણ રહીઓ એગો વાસફ્લં પિન લભિજ્જા ॥ ૩ ॥**

<u>ભાવાર્થ :-</u> એક માસ-બે માસ કે ત્રણ માસક્ષમણ કરે અથવા એક વર્ષ સુધી અનશન ઉપવાસ કરે પણ જો સ્વાધ્યાય (જ્ઞાન) ધ્યાન રહિત હોય તો એક ઉપવાસનું ફ્ળ પણ મેળવતો નથી. ॥ ૩ ॥

ઉગ્ગમ ઉપ્પાય એસણાહિં સદ્ધું ચ નિચ્ચં ભુંજંતો ।

**જઇ તિવિહેણા ઉત્તો અણુ સમયં ભવિજ્જ સજ્ઝાએ ॥ ૪ ॥**
**તા તં ગોયમ એગગ્ગ માણસં નેવઉ વમિઉં સક્કા ।**
**સંવત્છર ખવણેણ વિ જેસ તહિં નિજ્જરા ણંતા ॥ ૫ ॥**

<u>ભાવાર્થ :-</u> ઉદ્ગમ ઉત્પાદ અને એષણાના દોષ વિનાના શુધ્ધ આહારને દરરોજ ભોગવતો છતો પણ જો તે પ્રતિ સમયે ત્રિવિધ યોગ વડે સ્વાધ્યાયમાં (જ્ઞાનમાં) તત્પર હોય તો હે ગૌતમ ! તે એકાગ્ર મનવાળાને સાંવત્સરિક તપ વડે કરીને પણ ઉપમા આપી શકીએ નહિ. અર્થાત્ તેની સાથે પણ સરખાવી-શકીએ નહિ કારણકે સાંવત્સરિક ઉપવાસ કરતાં તેને અનંત ગુણી નિર્જરા થાય છે.

**સ્વાધ્યાયઃ પંચધા પ્રોક્તો મહતી નિર્જરા કરઃ ।**
**તપોપૂર્તિરનેન સ્યાત્ સર્વોત્કૃષ્ટસ્તતો ડર્હતા ॥ ૧ ॥**

**<u>ભાવાર્થ :-</u>** સ્વાધ્યાયના પાચ પ્રકાર છે. તે કર્મની નિર્જરા કરનારા છે. એના વડે તપની પૂર્ણતા થાય છે. માટે જ અરિહંતે તે સ્વાધ્યાય તપને સર્વોત્કૃષ્ટ તપ કહેલો છે.

આ રીતે જ્ઞાનની મહત્તા સમજીને અજ્ઞાનને દૂર કરવા પ્રયત્ન કરી જ્ઞાન મેળવવાનો પુરૂષાર્થ કરો. આથી અજ્ઞાન, જ્ઞાનથી પેદા થતી લક્ષ્મી એટલે ગુણોનો નાશ કરવામાં સહાયભૂત થાય છે એમ કહેલ છે. અજ્ઞાની માણસો અજ્ઞાનના પ્રતાપે શું શું માને અને કેવી રીતે જીવે છે એ જણાવે છે.

(૧) જેમ કોઇ અજ્ઞાની મનુષ્ય કોડીને માટે કોટીને હારે છે.

(૨) સૂત્રને માટે વૈડુર્ય મણિને દળી નાંખે છે.

(૩) લોખંડને માટે ભર સમુદ્રને વિષે નાવને ભાંગે છે.

(૪) રક્ષાને (રખીયા) માટે જાતિવંત ચંદનને બાળી નાંખે છે.

(૫) કોદરાને માટે કપુરવૃક્ષને મૂળમાંથી છેદી નાંખે છે.

(૬) તેવી જ રીતે અજ્ઞાની ભારેકર્મી જીવ ચિંતામણિને કાંકરા પણે ગણે છે.

(૭) કલ્પવૃક્ષને કેરડાપણે ગણીને.

(૮) અમૃતને-કાલકૂટ વિષે પણે ગણીને.

(૯) ગાયના ઘીને-છાશપણે ગણીને.

(૧૦) દૂધને-તેલપણે ગણીને.

(૧૧) સૂર્યને-રાહુપણે ગણીને.

(૧૨) ગરૂડને સર્પપણે ગણીને.

(૧૩) હંસને કાગડાપણે ગણીને.

(૧૪) મહાન્ હસ્તીને-ડુક્કરપણે ગણીને.

(૧૫) શુક્લ પક્ષને-કૃષ્ણપક્ષપણે ગણીને.

(૧૬) મુકુટને મસ્તક બંધનપણે ગણીને.

(૧૭) સ્નિગ્ધને-લૂખાપણે ગણીને.

(૧૮) સારને અસારપણે ગણીને.

(૧૯) રાજાને રંકપણે ગણીને.

(૨૦) શ્રી જિનેશ્વરની આજ્ઞાને કટુક વચન વડે ગણીને.

(૨૧) ધર્મના સાધન ભૂત-મહામહેનતે પ્રાપ્ત થયેલ મનુષ્ય જન્મને ધર્મકરણી સિવાય ફોગટ ગુમાવી દે છે. તેવા જીવો સંસારના પારને કોઇપણ પ્રકારે પામી શકતા નથી.

અજ્ઞાની જીવો માટે મળેલી ઇન્દ્રિયોનું ફળ જણાવે છે. રાજ્ય ભોગ-વિષય ભોગની તૃષાવાળો જીવ રૌદ્રધ્યાનાદિથી પીડા પામી નરકને વિષે જાય છે.

જાતિમદથી મદોન્મત્ત થયેલા જીવો મરીને કૃમિ જાતિને વિષે ઉત્પન્ન થાય છે.

કુળનો મદ કરવાથી શીયાળપણે ઉત્પન્ન થાય છે.

રૂપનો મદ કરવાથી ઊંટ આદિ યોનિમાં ઉત્પન્ન થાય છે.

બળનો મદ કરવાથી મરીને પતંગીયા થાય છે.

બુધ્ધિનો મદ કરવાથી મરીને કુકડા થાય છે.

રિધ્ધિનો મદ કરવાથી મરીને કૂતરા થાય છે.

સૌભાગ્યનો મદ કરવાથી મરીને સર્પ, કાગડા વગેરે થાય છે.

જ્ઞાનનો મદ કરવાથી મરીને બળદ થાય છે.

ક્રોધ કરનારા મરીને અગ્નિને વિષે ઉત્પન્ન થાય છે.

માયા કરનારા મરીને બગલાપણે ઉત્પન્ન થાય છે.

લોભી માણસો મરીને ઉંદરડા થાય છે.

મનદંડથી મનના અત્યંત દુષ્ટ પરિણામવાળો જીવ મરીને તંદુલીયા મચ્છ પણે ઉત્પન્ન થાય છે.

વચનના દંડથી પોપટ, સારિકા, તેતર વગેરે થઇ બંધનમા પડે છે.

કાયદંડથી ક્રુર મોટા મોટા માછલા અને બિલાડા થાય છે.

અને નાના પ્રકારના એટલે અનેક પ્રકારના કર્મો કરી નરકે જાય છે.

સ્પર્શેન્દ્રિયના લોલુપી જીવો મરીને વનને વિષે ભુંડપણે ઉત્પન્ન થાય છે.

રસનેન્દ્રિયના લોલુપી જીવો મરીને વાઘ થાય છે.

ઘ્રાણેન્દ્રિયના લોલુપી જીવો મરીને સર્પ થાય છે.

ચક્ષુરીન્દ્રિયના લોલુપી જીવો મરીને પતંગિયા થાય છે.

શ્રોત્રેન્દ્રિયના લોલુપી જીવો મરીને મૃગલાપણે ઉત્પન્ન થાય છે.

તે તે ઇન્દ્રિયોનાં દોષોથી ફરીને પણ નાશ પામી સંસારમાં રઝળે છે.

આ રીતે જીવો અજ્ઞાનથી સંસારમાં રખડે છે.

જીવોને પહેલા-બીજા-ત્રીજા ગુણસ્થાનક સુધી અજ્ઞાન રહે છે. બીજા ગુણસ્થાનકે ઉપશમ સમકીતથી પડીને જીવો આવે છે અને બીજેથી અવશ્ય પહેલા ગુણસ્થાનકે જીવો જતાં હોય છે આથી મિથ્યાત્વની સન્મુખપણું બીજે રહેલું હોવાથી જીવોને એટલે બીજે રહેલા જીવોને અજ્ઞાન કહેવાય છે. ચોથા ગુણસ્થાનકમાં રહેલા ક્ષયોપશમ સમકીતી જીવોને મિશ્ર મોહનીય કર્મનો ઉદય થાય ત્યારે જીવો ત્રીજા ગુણસ્થાનકને પામે છે. એ ત્રીજા ગુણસ્થાનકમાં રહેલા જીવો જો ચોથા ગુણસ્થાનકની સન્મુખ રૂપે રહેલા હોય તો એ જીવોને ત્રીજા ગુણસ્થાનકે જ્ઞાન ગણાય છે અને ત્રીજા ગુણસ્થાનકમાં રહેલા જીવો જો પહેલા ગુણસ્થાનકની સન્મુખ રહેલા હોય તો એ જીવોને ત્રીજા ગુણસ્થાનકે અજ્ઞાન હોય છે એટલે એ જીવોનું જ્ઞાન અજ્ઞાન રૂપે ગણાય છે. આવા જીવો ત્રીજા ગુણસ્થાનકથી નિયમા પહેલા ગુણસ્થાનકને પામે છે. પહેલા ગુણસ્થાનકે મિથ્યાત્વના ઉદય સાથે અજ્ઞાન હોય છે. બીજા ગુણસ્થાનકે મિથ્યાત્વના ઉદય વગર સમકીતના આસ્વાદ પૂર્વકનું અજ્ઞાન હોય છે. ત્રીજા ગુણસ્થાનકે શ્રી જિનધર્મ પ્રત્યે એક અંતર્મુહૂર્ત સુધી રાગનો પરિણામ હોતો નથી તેમજ દ્વેષનો પણ પરિણામ હોતો નથી બાકી બીજા પદાર્થો પ્રત્યે રાગદ્વેષ હોય છે. એ રૂપે અજ્ઞાન હોય છે. બીજા ગુણસ્થાનકે અજ્ઞાન ઉત્કૃષ્ટથી છ આવલિકા કાળ સુધી જ હાય છે. ત્રીજા ગુણસ્થાનકે એક અંતર્મુહૂર્ત સુધી અજ્ઞાન હોય છે. આથી ત્રણ ગુણસ્થાનકોમાં અજ્ઞાન કહેવાય છે.

જ્ઞાની ભગવંતો કહે છેકે ગુણોને પેદા કરવાના પુરૂષાર્થને બદલે દોષોને નાશ કરવાનો પ્રયત્ન કરવો એજ ગુણોને પેદા કરવાનું મુખ્ય કારણ છે. દોષોને કાઢવાના પ્રયત્ન વગર ગુણો મેળવવાનો પ્રયત્ન કરે તો જીવો એનો અભ્યાસ કરતા કરતા ક્ષમા આદિ ગુણોને પેદા કરશે, અપ્રમત્તભાવે એ ગુણોને નિરતિચારપણે પાલન કરતા કરતા ટકાવવાનો પ્રયત્ન કરશે, એ માટે જે ક્રિયાઓ કરવી પડે તે ક્રિયાઓ પણ કરશે પણ દોષોને દૂર કરવાનો હેતુ ન હોવાથી એ ગુણોની પ્રાપ્તિ એ ગુણોને ટકાવવાનો બધો જ પ્રયત્ન

નિષ્ફળ જાય છે અને આત્મા સંસારની અંદર રખડપટ્ટી કર્યા જ કરે છે.

જ્ઞાનાવરણીય કર્મના ઉદયમાં જીવોને અજ્ઞાન જે રહેલું છે તેમાં કેવલજ્ઞાનાવરણીય કર્મના પુદ્‍ગલોનો ઉદય દરેક આત્માઓને સર્વઘાતી રસેજ ઉદયમાં હોય છે એક આત્માના અસંખ્યાતા આત્મપ્રદેશો હોય છે તેમાં મધ્યમાં રહેલા આઠ આત્મપ્રદેશો એક એક આકાશ પ્રદેશ ઉપર એક એમ આઠ આકાશપ્રદેશમાં આઠ જ આત્મપ્રદેશો રહેલા હોય છે કે જે સદા માટે દરેક જીવોના એ આઠેય આત્મપ્રદેશો કેવલજ્ઞાનથી સંપૂર્ણ સ્વચ્છ હોય છે એ પ્રદેશો ઉપર એકપણ કર્મનું પુદ્‍ગલ ચોંટેલુ કે વળગેલું હોતુ નથી આથી એ દરેક આત્માઓના એ આઠેય પ્રદેશો સિધ્ધ પરમાત્મા જેવા સંપૂર્ણ સ્વચ્છ હોય છે. આથી એ આઠ પ્રદેશને આઠ રૂચક પ્રદેશ કહેવાય છે. એ સિવાયના બાકીના અસંખ્યાતા આત્મપ્રદેશો ઉપર કેવલજ્ઞાનને આવરણ કરનારા પુદ્‍ગલો સર્વઘાતી રસેજ ઉદયમાં રહેલા હોય છે જ્યારે બાકીના ચાર જ્ઞાન (મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન અને મનઃ પર્યવજ્ઞાન) ના પુદ્‍ગલો બંધાય સર્વઘાતી રસે અને ઉદયમાં જીવોને દેશઘાતિ રસ રૂપે આવે છે. (પેદા થાય છે) માટે જ્ઞાન ક્ષયોપશમ ભાવે પેદા થાય છે તેમાં દેશઘાતી અધિક રસવાળા પુદ્‍ગલોનો ઉદય હોય ત્યારે એ જ્ઞાન અજ્ઞાન રૂપે કામ કરે છે અને જ્યારે એ દેશગાતી પુદ્‍ગલો અલ્પરસવાળા ઉદયમાં હોય છે ત્યારે એ જ્ઞાન જ્ઞાનરૂપે કામ કરે છે પણ એનાથી હંમેશા ક્ષયોપશમ ભાવે જ જ્ઞાન પેદા થાય છે. ક્ષાયિક ભાવે એ જ્ઞાન આત્માને કોઇ જ ઉપયોગી થતું નથી. આથી અજ્ઞાન રૂપે પરિણામ પામતા જ્ઞાનને જ્ઞાન રૂપે પરિણામ પમાડવા માટે મિથ્યાત્વ મોહનીયના રસને મંદરસવાળો કરી ઉદય ભોગવે એટલે કે ભોગવતો જાય તોજ અજ્ઞાન જ્ઞાન રૂપે થતું જાય.

આ જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી અજ્ઞાન નામનો દોષ કહેવાય છે.

## નિદ્રા

(૨) દર્શનાવરણીય કર્મના ઉદયથી એક દોષ-નિદ્રા નામનો દોષ કહેલો છે.

દર્શનાવરણોય કર્મની નવ પ્રકૃતિઓ કર્મરૂપે જ્ઞાની ભગવંતોએ કહેલી છે તેમાં ત્રણ પ્રકૃતિઓ (ચક્ષુ દર્શનાવરણીય-અચક્ષુદર્શનાવરણીય અને અવધિદર્શનાવરણીય) દેશઘાતી રસવાળી ઉદય રૂપે કહેલી છે. આ ત્રણેય બંધાય છે સર્વઘાતી રસે જ પણ ઉદયમાં આવે છે દેશઘાતીવાળી થઇને જ. જ્યારે દેશઘાતી અધિક રસ વાળા પુદ્‍ગલો ઉદયમાં ચાલતા હોય ત્યારે આ ત્રણ પ્રકૃતિઓ ઉદયભાવ રૂપે કામ કરે છે અને જ્યારે દેશઘાતી અલ્પરસવાળા ઉદયમાં કામ કરતા હોય ત્યારે જીવને આ ત્રણ પ્રકૃતિઓનો ક્ષયોપશમ ભાવ પેદા કરવામાં સહાયભૂત થાય છે. બાકીની છ પ્રકૃતિઓ (કેવલ દર્શનાવરણીય અને પાંચ નિદ્રા. નિદ્રા-પ્રચલા-પ્રચલાપ્રચલા-થીણધ્ધિ અને નિદ્રા નિદ્રા) સર્વઘાતી રસે બંધાય છે અને સર્વઘાતી રસે જ ઉદયમાં હોય છે.

કેવલજ્ઞાન જ્યારે જીવોને પેદા થાય કે તરત જ કેવલ દર્શન પેદા થાય જ છે માટે અહીં સામાન્ય ઉપયોગ રૂપ દર્શનને રોકનાર એ દોષ કહ્યો નથી પણ નિદ્રા ને દોષ રૂપે કહેલો છે. નિદ્રા નામનો દોષ જીવોને હંમેશા સર્વઘાતી રસે જ હોય છે માટે જ્યારે જીવો નિદ્રાના ઉદયકાળમાં હોય છે એટલે વિશેષ ઉપયોગ રૂપ જ્ઞાન અવરાઇ જાય છે એટલે નાશ પામે છે એ જ્ઞાનનો એને કશો ઉપયોગ રહેતો નથી. આથી પાંચે નિદ્રાનો ઉદય એકથી છ ગુણસ્થાનક સુધી ગણાય છે.

એમાં નિદ્રા નિદ્રા-પ્રચલા પ્રચલાનો ઉદય તીવ્રરસ રૂપે ગણાય છે અને થીણધ્ધી નિદ્રાનો ઉદય તીવ્રતમ રસવાળો ગણાય છે. નિદ્રા અને પ્રચલાનો ઉદય એકથી બારમા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય

સુધી કહેલો છે આ નિદ્રાનો ઉદય મંદરસવાળો હોવાથી અપ્રમત્ત ભાવ ટકી શકે છે.

જો આ મંદરસવાળા નિદ્રાના ઉદયમાં જીવને આનંદ આવે એ સુવાનું ગમે, નિરાંત લાગે, હાશકારો થાય અને એનાથી, ફ્રેસ થવાય. આવી વિચારણા અંતરમાં હોય તો એ મંદરસવાળી નિદ્રાનો ઉદય જીવોને તીવ્રરસે ઉદય પેદા કરાયા વગર રહેતી નથી એટલે તીવ્ર રસવાળી નિદ્રા નિદ્રાને લઇ આવે છે માટે જ જ્ઞાની ભગવંતોએ નિદ્રાને દોષ રૂપે કહેલો છે. વિશેષ ઉપયોગ રૂપ જે જ્ઞાન તેનો નાશ કરવા માટે આ નિદ્રા કામ કરતી હોવાથી દોષ કહેવાય છે.

જ્ઞાની ભગવંતો કહે છે કે - આત્મિક ગુણો પેદા કરવા - એ આત્મિક ગુણોને ટકાવવા-એમાં આગળ વધવા માટે વિશેષ ઉપયોગ રૂપ જ્ઞાન જોઇએ છે. એ ઉપયોગમાં જીવો હોય તોજ આત્મિક ગુણ પેદા કરવાની દ્રષ્ટિ પેદા થાય છે એ પેદા થયેલી દ્રષ્ટિને અથવા દ્રષ્ટિને પેદા નહિ થવા દેવામાં આવરણ રૂપ કામ કરતી હોય તો આ નિદ્રાનો ઉદય કહેલો છે માટે એ નિદ્રાને જ્ઞાનીઓ દોષરૂપ કહે છે.

આ દોષ એવા પ્રકારનો છે કે જો એને વધારવામાં આવે તો વધે એટલે નિદ્રા વધારી વધે એવી છે અને એને જો ઘટાડવામાં આવે તો નિદ્રા ઘટે એવી છે. માટે જ્ઞાની ભગવંતો કહે છેકે આહારમાં જેટલા માદક પદાર્થોનો ઉપયોગ કરવામાં આવે તો નિદ્રા વધે છે અને કેટલીક વાર લુખો પણ આહાર અધિક લેવામાં આવે તો પણ નિદ્રા વધે છે. જેટલો આહાર ઓછો એટલી નિદ્રા ઓછી થાય છે. માદક-પદાર્થોનો જેટલો ઉપયોગ ઓછો લુખો આહાર પણ જેટલો ઓછો વપરાય એટલી નિદ્રા ઘટે છે. આથી જ એ નિદ્રા નામના દોષને દૂર કરવા માટે જેટલો તપ કરાય એટલો તપ કરવાનું જ્ઞાનીઓએ વિધાન કહેલું છે.

આથી જ તીર્થંકર પરમાત્માઓના આત્માઓ નિદ્રા દોષને દૂર કરવા માટે પોતાના જીવનમાં ઘોર તપશ્ચર્યા કરે છે અને છેલ્લે ભવે સંયમનો સ્વીકાર કરતા એવો નિશ્ચય હોય છે કે જ્યાં સુધી કેવલજ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી જમીન ઉપર પગવાળીને એટલે પલાંઠી વાળીને બેસવું નહિ આવો અભિગ્રહ હોય છે. આથી જ ચોરાશી લાખ પૂર્વ આયુષ્યવાળા તીર્થંકરોનો સંયમ પર્યાયનો કાળ એક હજાર વર્ષ હોય છે એમાં ત્ર્યાશી લાખ પૂર્વ ઘર સંસારમાં રહે છે. છેલ્લા એક લાખ પૂર્વ વર્ષ આયુષ્યનો કાળ બાકી રહે ત્યારે સંયમનો સ્વીકાર કરે છે. એ એક હજાર વર્ષના સંયમ પર્યાયમાં નિદ્રાનો કાળ ગણો તો માત્ર અહોરાત્રિ એટલે ચાવીશ કલાકની એટલે કે એક હજાર વરસ સુધી ઉભા ઉભા રહીને ગામે ગામ વિચરતા વિચરતા ઉભા રહેવામાં જે વચમાં વચમાં ઝોકું આવી જાય એવો ઝોકાનો કાળ ભેગો કરીએ ત્યારે ચોવીશ કલાકની નિદ્રા થાય.

પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રમાં છેલ્લા તીર્થંકરો અવસરપીણીમાં થાય તેઓનો સાડા બાર વરસ સુધીનો સંયમ પર્યાય હોય છે એ સંયમ પર્યાયમાં માત્ર અડતાલીશ મિનિટની નિદ્રા હોય છે એટલે સાડા બાર વરસમાં વચમાં વચમાં જે ઝોકાનો કાળ થાય એ ભેગો કરીએ તો માત્ર અડતાલીશ મિનિટ જેટલો થાય છે સાથે ઘોર તપશ્ચર્યા તો હોય જ.

આથી એ વિચારવાનું છેકે તઓ એટલે કે તીર્થંકરના આત્માઓ જાણે છેકે અમને કેવલજ્ઞાન થવાનું જ છે. મોક્ષે જરૂર આ ભવમાં જ જવાના છીએ છતાંય પોતાના આત્મામાં અનાદિકાળથી જામ થઇ ગયેલા દોષોને કાઢવા માટેનો એમનો પ્રયત્ન કેટલો છે એ વિચારો. નિદ્રા નામના દોષનો નાશ કરવા માટે પણ કેટલું કષ્ટ વેઠીને પુરૂષાર્થ કરે છે. એ જીવોની અપેક્ષાએ આપણો પુરૂષાર્થ કેટલો ? સંઘયણ બલ નથી, જ્ઞાનનો ક્ષયોપશમ ભાવ નથી. થોડી થોડી વારે શરીર થાકી જાય, પગ થાકી જાય, ઇત્યાદિ અનેક પ્રકારના દુ:ખાવા થયા કરે છતાં પણ વર્તમાનમાં જેટલું જ્ઞાન વિદ્યમાન છે એમાંથી જેટલું આપણન આવડે

છે, ભણેલા છીએ, યાદ રાખેલું છે એને ટકાવવા માટે અને એ જ્ઞાનના સંસ્કાર મજબુત અને સ્થિર કરવા માટે બીજા ભવમાં એ જ્ઞાનના સંસ્કાર સાથે લઇ જવા માટે ઉભા ઉભા ઉંઘ ન આવે, નિદ્રા પેદા ન થાય એ રીતે સ્વાધ્યાય કેટલો કરીએ છીએ ? નિદ્રા આવે તો દૂર કરવા પ્રયત્ન કેટલો કરીએ છીએ ? નિદ્રાને આધીન થઇએ કે નિદ્રાને દૂર કરવા પ્રયત્ન કરીએ ? આજના કાળમાં નામના, કીર્તિ, પ્રતિષ્ઠા મેળવવા માટે વૈજ્ઞાનિકો મહેનત કરે છે જે પદાર્થમાં જશરેખા મળવાની હોય તે પદાર્થની વિચારણા કરવામાં છત્રીશ છત્રીશ કલાક, બ્હોંતેર બ્હોંતેર કલાક સુધી એ પદાર્થનું ચિંતન કરે છે એ વખતે ખાવા, પીવા આદિનું કશુંજ એમને યાદ આવતું નથી. ટાઇમસર પાણી, ખોરાક મુકી જનારા મુકી જાય અને ટાઇમ થાય ત્યારે પાછું લઇ જાય તો પણ એ જોવાનું મન પણ થતું નથી. એક નામના, કીર્તિ માટે આટલી ધગસ હોય અને આપણને મોક્ષ માટેની એની અપેક્ષા એ ધગસ કેટલી ? આજના પાંચમા આરામાં જો આટલું થઇ શકતું હોય તો દોષોને નાશ કરવાનો રસ પેદા થઇ જાય અને અપ્રમત્તતા આત્મિક ગુણો પેદા કરવામાં અને દોષોને નાશ કરવામાં કેવી પેદા થાય ?

ખુદ તીર્થંકરના આત્માઓને નિદ્રા નામના દોષને નાશ કરવા આટલો પ્રયત્ન કરવો પડે અને ઉભા ઉભા કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરે એટલે કહ્યું છેકે “ખડા ખડા કેવલ લહ્યું પૂજો જાનુ નરેશ.” આ બોલવા છતાં ઉભા ઉભા ધર્મના અનુષ્ઠાનોનું સેવન કેટલું કરીએ છીએ એ વિચારો.

આ નિદ્રા અને પ્રચલા બંધાય પહેલાથી આઠમા ગુણસ્થાનકના પહેલા ભાગ સુધી ઉદયમાં અને સત્તામાં એકથી બારમા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી.

નિદ્રા નિદ્રા, પ્રચલા-પ્રચલા અને થીણધ્ધી. આ ત્રણ બંધાય પહેલા બીજા ગુણસ્થાનકે ઉદય એકથી છ ગુણસ્થાનક સુધી અને સત્તા એકથી નવમા ગુણસ્થાનકના પહેલા ભાગ સુધી હોય છે આથી નિદ્રાનો નાશ થાય પછી જ જીવને કેવલજ્ઞાન અને કેવલદર્શન થાય છે માટે આ દોષને કાઢવા પ્રયત્ન કરવો જ જોઇએ.

## મોહનીય કર્મના અગ્યાર દોષોનું વર્ણન

## (૧) મિથ્યાત્વ નામના દોષનું વર્ણન

આત્માના અનાદિ સિધ્ધ શત્રુઓમાં મિથ્યાત્વ એ કારમો અંધકાર છે એ અંધકારના યોગે આત્મા નથી જાણી શકતો હેય કે ઉપાદેય, નથી જાણી શકતો ગમ્ય કે અગમ્ય, નથી જાણી શકતો પેય કે અપેય તથા નથી જાણી શકતો કરણીય કે અકરણીય. એજ કારણે એ કારમા અંધકાર રૂપ મિથ્યાત્વથી વ્યાપ્ત બનેલા આત્માઓની દુર્દશાનું વર્ણન કરતા કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-

**મિથ્યાત્વેનાલીઢા ચિત્તા નિતાન્તં,**
**તત્વાતત્વં જાનતે નૈવ જીવાઃ ।**
**કિં જાત્યન્ધાઃ કુત્રચિત્ વસ્તુ જાતે**
**રમ્યા રમ્ય વ્યક્તિમસ્સા દયેયુઃ ॥ ૧ ॥**

<u>ભાવાર્થ :-</u> એકાન્તે મિથ્યાત્વથી વ્યાપ્ત ચિત્તવાળા જીવો તત્વને અને અતત્વને જાણતા જ નથી

કારણકે જાત્યન્ધ આત્માઓ શું કોઇપણ વસ્તુના સમુદાયમાં આ વસ્તુ સુંદર છે અને આ વસ્તુ અસુંદર છે એવા વિવેકને પામી શકે છે ? અર્થાત્ નથી જ પામી શકતા એજ રીતિએ મિથ્યાત્વથી ઘેરાયેલા આત્માઓ પણ તત્વાતત્વનો વિવેક નથી કરી શકતા આજ હેતુથી કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા મિથ્યાત્વને પરમ રોગ તરીકે પરમ અંધકાર તરીકે પરમ શત્રુ તરીકે અને પરમ વિષ તરીકે ઓળખાવીને એની અચિકિત્સ્ય દશાનું વર્ણન કરતા ફરમાવે છે કે-

**મિથ્યાત્વં પરમં રોગો મિથ્યાત્વં પરમં તમઃ ।**
**મિથ્યાત્વં પરમં શત્રુ ર્ મિથ્યાત્વં પરમ્ વિષમ્ ॥ ૧ ॥**
**જન્મન્યેકત્ર દુઃખાય રોગો ધ્વાન્તં રિપુર્વિષમ્ ।**
**અપિ જન્મ સહસ્ત્રેષુ મિથ્યાત્વ મચિકિત્સિતમ્ ॥ ૨ ॥**

<u>ભાવાર્થ :-</u> મિથ્યાત્વ એ પરમ રોગ છે, મિથ્યાત્વ એ પરમ અંધકાર છે, મિથ્યાત્વ એ પરમ શત્રુ છે અને મિથ્યાત્વ એ પરમ વિષ છે. રોગ-અંધકાર-શત્રુ અને વિષ એ તો માત્ર એક જન્મને વિષે દુઃખને માટે થાય છે પણ મિથ્યાત્વ તો હજારો જન્મને વિષે અચિકિત્સ્ય છે એટલે એનો વિપાક આત્માને હજારો ભવો સુધી ભોગવવો પડે છે. આ ઉપરથી સમજી શકાશે કે- શરીરમાં ઉત્પન્ન થતો રોગ-દ્રષ્ટિમાં આવતો અંધકાર સામે દેખાતો શત્રુ અને આપણે જોઇ શકીએ છીએ તે વિષ જેટલું ભયંકર નથી તેટલું ભયંકર આ મિથ્યાત્વ છે કારણ કે જો રોગાદિ દુઃખ આપે તો માત્ર એક જ ભવમાં આપી શકે છે જ્યારે મિથ્યાત્વ તો અનેક ભવો સુધી આત્માને નરકાદિ અંધકારમાં પટકી ચિરકાલ સુધી સારામાં સારી રીતિએ કારમી નિર્દયતા પૂર્વક રીબાવી શકે છે.

આ કારમા શત્રુનું સ્વરૂપ વર્ણવતા કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા વર્ણવે છે કે-

**અદેવે દેવ બુધ્ધિયામ્ ગુરૂધીર ગુરૌ ચ યા ।**
**અધર્મે ધર્મ્મ બુધ્ધિશ્ચ મિથ્યાત્વં તદ્ વિપર્યયાત્ ॥ ૧ ॥**

<u>ભાવાર્થ :-</u> મિથ્યાત્વનું સ્વરૂપ સમ્યક્ત્વથી વિપરીત છે એટલે સમ્યક્ત્વ જેમ દેવમાં દેવબુધ્ધિ, ગુરૂમાં ગુરૂબુધ્ધિ અને ધર્મમાં ધર્મબુધ્ધિ કરાવે છે તેમ મિથ્યાત્વ એ અદેવમાં દેવબુધ્ધિ, અગુરૂમાં ગુરૂબુધ્ધિ અને અધર્મમાં ધર્મબુધ્ધિને ઉત્પન્ન કરાવે છે. એટલું જ નહિ પણ મિથ્યાત્વમાં જેમ અદેવમાં દેવબુધ્ધિ, અગુરૂમાં ગુરૂબુધ્ધિ અને અધર્મમાં ધર્મબુધ્ધિ કરાવવાનું સામર્થ્ય છે તેમ દેવમાં અદેવ બુધ્ધિ કરાવવાનું, ગુરૂમાં અગુરૂ બુધ્ધિ કરાવવાનું અને ધર્મમાં અધર્મપણાની બુધ્ધિ કરાવવાનું સામર્થ્ય પણ છે.

આજ વસ્તુને શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા નામની મહાકથાના રચયિતા શ્રી સિધ્ધર્ષિ ગણીવર મિથ્યાદર્શનના મહિમા તરીકે ઘણાં જ વિસ્તારથી વર્ણવે છે અને એ વસ્તુ આ મિથ્યાત્વની કારમી રોગમયતા અંધકારમયતા શત્રુતા અને વિષમયતા સમજવા માટે અવશ્ય સમજવા જેવી છે.

મિથ્યાદર્શનનો મહિમા સમજાવવા માટે પ્રથમ તો મિથ્યાદર્શન નામનો મોહરાજાનો મહત્તમ શું કરે છે એ વસ્તુનો સામાન્ય ખ્યાલ આપતા એ પરમોપકારી કથાકાર પરમર્ષિ ફરમાવે છે કે-

**અદેવે દેવ સંકલ્પ મધમ ધર્મ માનિતામ્ ।**
**અતત્વે તત્વબુધ્ધિશ્ચ વિધત્તે સુપરિસ્કુટમ્ ॥ ૧ ॥**
**અપાત્રે પાત્રતા રોપ મગુણેષુ ગુણ ગ્રહમ્ ।**
**સંઆર હેતૌ નિર્વાણ હેતુ ભાવં કરોત્ય યમ્ ॥ ૨ ॥**

**<u>ભાવાર્થ :-</u>** આ મિથ્યાદર્શન નામનો મોહ રાજાનો મહત્તમ અતિશય સ્પષ્ટપણે અદેવમાં દેવનો સંકલ્પ ઉત્પન્ન કરે છે, અધર્મમાં ધર્મ માનિતાને પેદા કરે છે અને અતત્વમાં તત્વ બુધ્ધિને પ્રગટ કરે છે તથા અપાત્રમાં પાત્રતાનો આરોપ કરે છે, અગુણોમાં ગુણનો ગ્રહ કરે છે અને સંસારના હેતુમાં નિર્વાણના હેતુ ભાવને કરે છે.

અર્થાત્ મિથ્યાદર્શનને વશ પડેલા આત્માઓ અદેવમાં દેવપણાને અને દેવમાં અદેવપણાનો સંકલ્પ કરતા થઇ જાય છે. અધર્મમાં ધર્મપણાની અને ધર્મમાં અધર્મપણાની માન્યતા કરતા બની જાય છે. અતત્વમાં તત્વ બુધ્ધિને અને તત્વમાં અતત્વ બુધ્ધિને ધરતા થઇ જાય છે એટલું જ નહિ પણ અપાત્રમાં પાત્રતાનો અને પાત્રમાં અપાત્રતાનો આરોપ અને અગુણોમાં ગુણપણાનો ગ્રહ તથા ગુણોમાં અગુણપણાનો ગ્રહ કરવા સાથે સંસારના હેતુમાં નિર્વાણના હેતુ ભાવનો અને નિર્વાણના હેતુમાં સંસારના હેતુ ભાવનો સ્વીકાર કરતા થઇ જાય છે.

મિથ્યા દર્શનના આ કારમા સ્વરૂપનો ખ્યાલ આપ્યા પછી એના સ્વરૂપના વિશેષ પ્રકારે ખ્યાલ આપવા એ મિથ્યા દર્શનમાં કેવી કેવી શક્તિઓ છે એનું વર્ણન કરતા કથાકાર પરમર્ષિ ફરમાવે છે કે-

**હસિતોદ્ ગીત બિમ્બોક જાટ્યા ટોપ પરાયણાઃ ।**
**હતાઃ કતાક્ષ વિક્ષેપૈ ર્નારી દેહાર્ધ ધારિણઃ ॥ ૧ ॥**
**કામાન્ધાઃ પરદારેષુ સક્તચિત્તાઃ ક્ષતત્રપાઃ ।**
**સક્રોધા સાયુધા ઘોરા વૈરિમારણ તત્પરાઃ ॥ ૨ ॥**
**શાપ પ્રસાદ યોગેન લસત્ ચિત્તમલા વિલાઃ ।**
**ઇદૃશા ભો મહાદેવા લોકેડનેન પ્રતિષ્ઠતાઃ ॥ ૩ ॥**

**<u>ભાવાર્થ :-</u>** હાસ્ય, ઉચ્ચ સ્વરનું ગીત, કામના ચાળા, નટક્રિયા અને અહંકાર કરવામાં તત્પર કટાક્ષના વિક્ષેપોથી હણાયેલા નારીના દેહને શરીરના અર્ધા ભાગમાં ધારણ કરનાર, પરદારાઓમાં આસક્ત ચિત્તવાળા-લજ્જાથી રહિત-ક્રોધથી સહિત-આયુધને ધરનારા એજ કારણે ભયંકર અને વૈરીઓને મારવામાં તત્પર તથા શ્રાપ અને પ્રસાદના યોગે પ્રકાશિત થતા ચિત્તના મલથી વ્યાપ્ત આવા પ્રકારના આત્માઓ કે જે દુનિયામાં માણસ તરીકે મનાવવા માટે પણ લાયક નહિ તેવાઆને આ મિથ્યાદર્શન નામના મોહરાજાના મહત્તમેલોકની અંદર મહાદેવ તરીકે પ્રતિષ્ઠિત કરેલા છે.

**"ભાવ અંધકાર રૂપ મિથ્યાત્વાદિ અનાદિ સિધ્ધ શત્રુઓનું સુવિશિષ્ટ સ્વરૂપ."**

**યે વીતરાગાઃ સર્વજ્ઞાઃ યે શાશ્વત સુખેશ્વરાઃ ।**
**કિલષ્ટ કર્મ કલાતીતાઃ નિષ્કલાશ્ચ મહાધિયઃ ॥ ૧ ॥**
**શાન્તક્રોધા ગતાટોપા હાસ્ય સ્ત્રી હતિ વર્જિતાઃ ।**
**આકાશ નિર્મલા ધીરા ભગવન્તઃ સદાશિવાઃ ॥ ૨ ॥**
**શાપ પ્રસાદ નિર્મુક્તા સ્તથાપિ શિવ હેતવઃ ।**
**ત્રિકોટિ શુધ્ધ શાસ્ત્રાર્થ દેશકાઃ પરમેશ્વરાઃ ॥ ૩ ॥**
**યે પૂજ્યાઃ સર્વ દેવાનાં યે ધ્યેયાઃ સર્વ યોગિનામ્ ।**
**યે ચાજ્ઞા કારણા રાધ્યા નિર્દ્વન્ધ્વ ફલ દાયિનઃ ॥ ૪ ॥**
**મિથ્યાદર્શનાખ્યેન લોકેડનેન સ્વવીર્યતઃ ।**
**દેવાઃ પ્રચ્છાદિતા ભદ્ર । ન જ્ઞાયન્તે વિશેષતઃ ॥ ૫ ॥**

<u>ભાવાર્થ :-</u> હે ભદ્ર ! આ મિથ્યાદર્શન નામના મહત્તમે પોતાના પરાક્રમથી આલોકમાં ઘણોજ ભયંકર જુલમ કર્યો છે કારણ કે તેણે જે મહાદેવો વીતરાગ છે, સર્વજ્ઞ છે, શાશ્વત સુખના સ્વામી છે, કિલષ્ટ કર્મોરૂપ કલોથી રહિત છે, સઘળી જ પ્રપંચમય કળાઓથી પણ રહિત છે, મહાબુધ્ધિશાલી છે, ક્રોધથી રહિત છે, અહંકાર વિનાના છે, હાસ્ય, સ્ત્રી અને હથિયારથી વર્જિત છે, આકાશની માફક નિર્મલ છે, ધીર છે, આત્માના અનુપમ ઐશ્વર્યને ધરનારા છે, સદાય નિરૂપદ્રવી છે, શ્રાપ અને પ્રસાદથી સર્વથા મુક્ત હોવા છતાં પણ શિવના હેતુ છે, કષ, છેદ અને તાપરૂપ ત્રણે કોટિથી શુધ્ધ એવા શાસ્ત્રાર્થના દેશક છે અને પરમેશ્વર છે તથા જે મહાદેવો સર્વ દેવોના પૂજ્ય છે, જે મહાદેવો સર્વ યોગીઓને માટે ધ્યાન કરવા યોગ્ય છે અને જે મહાદેવો આજ્ઞારૂપ કારણથી જ આરાધવા યોગ્ય છે તથા નિર્દ્વન્દ્વ ફલને એટલે મુક્તિ સુખને આપનારા છે તે સાચા મહાદેવોને પોતાના વીર્યથી એવી રીતિએ પ્રચ્છાદિત કરી નાખ્યા છે કે જેથી એ મહાદેવો આ વિશ્વમાં વિશેષ પ્રકારે જણાતા નથી.

જે રીતિએ મિથ્યાદર્શન નામના મહામોહના મહત્તમમાં જેઓ માણસ તરીકે ગણાવવાની લાયકાત પણ ન ભોગવતા હોય તેઓને મહાદવ તરીકે પ્રતિષ્ઠિત કરવાનું અને સાચા મહાદેવોને આચ્છાદિત કરી દેવાનું સામર્થ્ય છે તે જ રીતિએ તેનામાં અધર્મને ધર્મ મનાવવાનું અને શુધ્ધ ધર્મને આચ્છાદિત કરવાનું પ્રબલ સામર્થ્ય છે એ સામર્થ્યનું પ્રતિપાદન કરતા શ્રી સિધ્ધર્ષિ ગણિવર ફરમાવે છે કે-

**હિરણ્ય દાન ગોદાન ધરાદાનં મુહુર્મુહુઃ ।**
**સ્નાનં પાનં ચ ધૂમસ્ય પંચાંગ્નિ તપનં તથા ॥ ૧ ॥**
**તર્પણં ચણ્ડિકાદીનાં તીર્થાન્તર નિપાતનમ્ ।**
**યતેરેક ગૃહે પિણ્ડો ગીતવાદ્ય મહાદરઃ ॥ ૨ ॥**
**વાપીકૂપ તડાગાદિ કારણં ચ વિશેષતઃ ।**
**યાગે મન્ત્ર પ્રયોગેણ મારણં પશુ સંહતેઃ ॥ ૩ ॥**
**કિયન્તો વા ભણિષ્યન્તે ભૂત મર્દન હેતવઃ**
**રહિતાઃ શુધ્ધ ભાવેન યે ધર્માઃ કેચિદીદૃશાઃ ॥ ૪ ॥**
**સર્વેડપિ બલિનાડનેન મુગ્ધ લોકે પ્રપંચતઃ ।**
**તે મિથ્યા દર્શનાહ્વેન ભદ્ર ! જ્ઞેયા પ્રવર્તિતાઃ ॥ ૫ ॥**

<u>ભાવાર્થ :-</u> કુદેવ, કુગુરૂ અને કુધર્મની ઉપાસનામાં પડેલા તથા આરંભ પરિગ્રહ અને વિષય કષાયમાં રક્ત બનેલાઓને ગુરૂ તરીકે સ્વીકારી તેઓને પાત્ર બ્ધ્ધિથી ભક્તિપૂર્વક સુવર્ણનું દાન કરવું, ગાયોનું દાન કરવું અને પૃથ્વીનું દાન કરવું, વારંવાર સ્નાન કરવું, ધુમાડાનું પાન કરવું, પંચાગ્નિથી તપવું, ચંડિકા આદિ હિંસક દેવીઓનું તર્પણ કરવું, તીર્થાતરોમાં જઇ જઇને ઝંપાપાત ખાવો યતિએ એક ઘરની ભિક્ષા લેવી ગીત અને વાદ્યમાં મહાન આદર કરવો, શરૂઆતમાં પણ હિંસાથી જ સાધ્ય અને પરિણામે પણ હિંસાના જ સાધન તથા શુધ્ધ ધર્મ દ્રષ્ટિને અપોષક એવી વાવો, કુવાઓ અને તળાવો આદિને વિશેષ પ્રકારે કરાવવા, મંત્રના પ્રયોગથી યજ્ઞની અંદર પશુઓના સમુદાયને હોમવો આવા આવા પ્રાણીઓના મર્દનમાં હેતુભૂત અને શુધ્ધ ભાવથી રહિત ધર્મો કેટલા કહી શકાય ? અર્થાત્ એવા ધર્મો અનેક છે એવા પ્રકારના અનેક જે કોઇ ધર્મો છે તે સઘળા જ ધર્મોને મહામોહના મિથ્યાદર્શન નામના આ બળવાન મહત્તમે મુગ્ધ લોકમાં પ્રપંચથી પ્રર્વતાવેલા છે એમ જાણવા યોગ્ય છે અને

**ક્ષાન્તિ માર્દવ સંતોષ શૌચાર્જવ વિમુક્તયઃ ।**

**તપઃ સંયમ સત્યાનિ બ્રહ્મચર્ય શમો દમો ॥ ૧ ॥**
**અહિંસા સ્તેય સદ્ધ્યાન વૈરાગ્ય ગુરૂ ભક્તયઃ ।**
**અપ્રમાદ સદૈકાટ્ય નૈર્ગ્રંથ્ય પરતાદયઃ ॥ ૨ ॥**
**યે ચાન્યે ચિત્ત નૈર્મલ્ય કારિણો-ऽમૃત સન્નિભાઃ ।**
**સદ્ધર્માઃ જગદાનન્દ હેતવો ભવ સેતવઃ ॥ ૩ ॥**
**તેષામેવ પ્રકૃત્યૈવ મહામોહ મહત્તમઃ ।**
**ભવેત્ પ્રચ્છાદનો લોકે મિથ્યાદર્શન નામકઃ ॥ ૪ ॥**

ભાવાર્થ :-

(૧) પોતાના પૌદ્ગલિક સ્વાર્થની ગમે તેવી હાનિ થતી હોય અથવા તો એવા જ કારણે પોતાના ઉપર અનેક પ્રકારની આફ્તો ઉતરી આવે તે છતાં પણ ક્રોધાયમાન નહિ થવા રૂપ ક્ષમા.

(૨) પોતાની જ મહત્તાને સ્થાપિત કરવા માટે અથવા તો અનેક પ્રકારની અક્કડ બનાવનારી સાધન સામગ્રીનું સ્વામિત્વ હોવા છતાં પણ અક્કડ નહિ બનવા રૂપ મૃદુતા.

(૩) પૌદ્ગલિક પદાર્થોની પ્રાપ્તિનો જે લોભ તેના અભાવ રૂપ સંતોષ.

(૪) મન, વચન અને કાયાને આરંભ આદિ પાપ પ્રવૃત્તિથી મલિન નહિ કરતા નિરારંભ આદિ શુધ્ધ ધર્મના આસેવનથી પવિત્ર થવા રૂપ શાચ.

(૫) પૌદ્ગલિક પદાર્થોની સાધનામાં જે પ્રપંચભરી પ્રવૃત્તિઓ અને માનસિક વૃત્તિઓનું સેવન તેના અભાવરૂપ સરલતા.

(૬) પૌદ્ગલિક પદાર્થો ઉપરની જે મમતા તેના ત્યાગ રૂપ વિમુક્તિ.

(૭) અનેક પ્રકારની પૌદ્ગલિક લાલસાઓ અને એના સાધનો તેના ત્યાગરૂપ તપ.

(૮) ઇન્દ્રિયો આદિને મુક્તિની સાધના માટે કાબુમાં રાખવા રૂપ સંયમ.

(૯) અસત્યનો ત્યાગ અને હિત સાધક વસ્તુનું જ પ્રતિપાદન જેના દ્વારા સાધ્ય છે એવું સત્ય.

(૧૦) શીલ અથવા તો સઘળાય વિષયોથી પર થઇ કેવલ આત્મરમણ કરવા રૂપ બ્રહ્મચર્ય.

(૧૧) વિકલ્પ રૂપ વિષયથી ઉત્તીર્ણ બનેલો અને સદાય સ્વભાવનું અવલંબન કરનાર એવો જે જ્ઞાનનો પરિપાક તે રૂપ શમ.

(૧૨) પરભાવમાં રમતા આત્માનું દમન કરવા રૂપ દમ.

(૧૩) પ્રાણીમાત્રને મનથી, વચનથી અને કાયાથી નહિ હણવા રૂપ, નહિ હણાવવા રૂપ અને હણતા હોય તેઓને નહિ અનુમોદવારૂપ અહિંસા.

(૧૪) કોઇની પણ એક તરણા જેવી વસ્તુનુ પણ તેના માલિકની આજ્ઞા વિના નહિ લેવું અન્ય પાસે નહિ લેવરાવવું અને એવી રીતિએ લેનારાઓને સારા નહિ માનવારૂપ અસ્તેય.

(૧૫) શુધ્ધ ધ્યાન સંસાર એ નિર્ગુણ વસ્તુ છે. એવા સ્વરૂપનું જ્ઞાન થવાના યોગે થતી સંસારિક સુખની અરૂચિ તેના પ્રતાપે સંસારિક સુખની ઇચ્છાનો ઉચ્છેદ કરવાની જે ભાવના તે રૂપ વૈરાગ્ય.

(૧૬) સર્વ પ્રકારે પ્રાણાતિપાત વિરમણ આદિ પાંચે મહાવ્રતોના ધરનાર તેના પાલનમાં ધીર મહાવ્રતોની રક્ષા માટે જ અકૃત અકારિત અને અનનુમત આદિ દોષોથી રહિત એવી જે ભિક્ષા તે ભિક્ષા માત્રથી જ આજીવિકાના ચલાવનારા.

સામાયિકમાં રહેનારા અને કેવલ ધર્મના જ ઉપદેશક એવા જે સદ્ગુરૂઓ તેની ભક્તિ.

(૧૭) નશો પેદા કરનારી વસ્તુઓ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ રૂપ જે પાંચે ઇન્દ્રિયોના વિષયો તેની લાલસા ક્રોધ, માન, માયા અને લોભરૂપ કષાયો નિદ્રા અને સંસારની વૃધ્ધિ કરનાર આર્ત અને રૌદ્રધ્યાનમાં જોડનારી રાજકથા, સ્ત્રીકથા, દેશકથા અને ભોજનકથા રૂપ વિકથાઓ. આ પાંચે પ્રકારનો જે પ્રમાદ તેના અભાવરૂપ જે અપ્રમાદ.

સદાય ચિત્તની એકાગ્રતા અને નિર્ગ્રંથપણામાં એટલે મુનિપણામાં તત્પરતા આદિ તથા એ સિવાયના પણ ચિત્તની નિર્મલતાને કરનારા એજ કારણે અમૃતના જેવા જગત્‌ને આનંદના હેતુભૂત અને સંસાર સમુદ્રને લંઘી જવા માટે સેતુ સમા જે જે શુધ્ધ ધર્મો તે સઘળાય શુધ્ધ ધર્મોને આ મિથ્યાદર્શન નામનો મહામોહ રાજાનો મહત્તમ પ્રકૃતિથી જ પ્રયત્નપૂર્વક લોકની અંદર આચ્છાદિત કરી દેનારો થાય છે.

માણસાઇથી પણ પરવારી બેઠેલાઓને મહાદેવ તરીકે પ્રતિષ્ઠિત કરવા અને સાચા તથા વિશ્વના એકાંત ઉપકારી મહાદેવોને જગત્‌ની દ્રષ્ટિએ આવવા જ ન દેવા.

અને બીજી શક્તિ એ છે કે-

પ્રાણીઓના ઘાતમાં જ હેતુભૂત અને શુધ્ધ ભાવથી રહિત એવા અશુધ્ધ ધર્મોને પ્રપંચપૂર્વક પ્રવર્તાવવા અને જે જે ધર્મો ચિત્તની નિર્મલતાને કરનારા છે, જગતને આનંદના હેતુ છે તથા સંસારરૂપી સાગરને તરવા માટે સેતુ (પુલ) સમા છે તે તે ધર્મોથી મુગ્ધ લોકોને વંચિત રાખવા.

હવે એની ત્રીજી શક્તિનું પ્રતિપાદન કરતા એ પરમોપકારી પરમર્ષિ ફરમાવે છે કે-

**શ્યામાક તણ્ડુલાકાર સ્તથા પંચ ધતુઃ શતઃ ।**
**એકો નિત્યસ્તથા વ્યાપી સર્વસ્ય જગતો વિભુઃ ॥ ૧ ॥**
**ક્ષણ સન્તાન રૂપોવા લલાટસ્થો હૃદિ સ્થિતઃ ।**
**આત્મેતિ જ્ઞાનમાત્રં વા શૂન્યં વા સચરાચરમ્ ॥ ૨ ॥**
**પંચભૂત વિવર્તો વા બ્રહ્મોપ્તમિતિ વડખિલમ્ ।**
**દેવોપ્ત મિતિવા જ્ઞેયં મહેશ્વર વિનિર્મિતમ્ ॥ ૩ ॥**
**પ્રમાણ બાધિતં તત્વં યદેવં વિધ મંજસા ।**
**સદ્‌બુધ્ધિં કુરૂતે તત્ર મહામોહ મહત્તમઃ ॥ ૪ ॥**

<u>ભાવાર્થ :-</u> આત્મા છે ખરો પણ તે શ્યામાક એટલે સામો નામનું એક જાતિનું અનાજ આવે છે તેના જેવા આકારવાળો છે અથવા તો તણ્ડુલ એટલે ચોખા તેના જેવા આકારવાળો છે અથવા તો પાંચસો ધનુષ્યના પ્રમાણવાળો છે. વળી આત્મા છે પણ તે એક જ છે, નિત્ય જ છે, સર્વ જગતમાં વ્યાપીને રહેનારો એજ કારણે વિભુ છે. આત્મા છે પણ ક્ષણ સંતાન રૂપ છે અથવા તો આત્મા છે પણ કેવળ લલાટ એટલે કપાળ તેની અંદર રહેનારો છે અથવા તો હૃદયમાં રહેનારો છે અથવા તો જ્ઞાનમાત્ર છે. એ સિવાય આત્મા કોઇ વસ્તુ જ નથી અને આ-ચર અને અચર વસ્તુઓથી સહિત જે જગત્ દેખાય છે તે કેવલ શૂન્ય જ છે અથવા તો આ સઘળું પાંચ ભૂતોનો માત્ર વિકાર જ છે અથવા તો આ સઘળું બ્રહ્મા એ બનાવેલું છે. (વાવેલું છે.) અથવા તો આ સઘળું દેવતાએ વાવેલું છે એમ જાણવું. અથવા તો આ સઘળું ય મહેશ્વરે નિર્માણ કરેલું છે આવા પ્રકારે જે તત્વ એકદમ પ્રમાણથી બાધિત છે તેની અંદર મહામોહનો મિથ્યાદર્શન નામનો મહત્તમ સદ્‌બુધ્ધિ કરે છે અને

**જીવા જીવૌ તથા પુણ્ય પાપ સંવર નિર્જરાઃ ।**
**આસ્ત્રવો બન્ધ માક્ષૌ ચ તત્વ મેતન્નવાત્મકમ્ ॥ ૫ ॥**

**સત્યં પ્રતીતિતઃ સિધ્ધં પ્રમાણેન પ્રતિષ્ઠિતમ્ ।**
**તથાપિ નિહ્નુતે ભદ્ર તદ્દેષ જનદારૂણઃ ॥ ૬ ॥**

**<u>ભાવાર્થ :-</u>** જીવ અને અજીવ તથા પુણ્ય, પાપ, સંવર, નિર્જરા અને આશ્રવ તથા બંધ અને મોક્ષ આ નવ સંખ્યાવાળા જે તત્વો છે તે સત્ય છે. પ્રતીતિ થી પણ સિધ્ધ છે અને પ્રમાણથી પ્રતિષ્ઠિત છે તો પણ હે ભદ્ર ! લોકો માટે ભયંકર એવો આ મિથ્યાદર્શન નામનો મહત્તમ એ તત્વોનો અપલાપ કરે છે.

આ વિશ્વમાં સત્ય પ્રતીતિથી સિધ્ધ અને પ્રમાણથી પ્રતિષ્ઠિત એવા પણ તત્વોનો અપલાપ કરીને અસત્ય અને પ્રમાણ તથા પ્રતીતિથી પણ બાધિત એવા તત્વોનો પ્રવર્તાવનાર કોઇ હોય તો તે એ મિથ્યાદર્શન જ છે. એના પ્રતાપે પ્રાયઃ આખુ ય જગત્ આત્મા આદિની માન્યતાઓમાં ભૂલુ જ ભમે છે. મિથ્યાદર્શનની અસરથી પીડાતા પડિતો પણ સત્ય અને પ્રમાણસિધ્ધ તત્વોથી મોઢું મરડે છે અને અસત્ય તથા પ્રમાણ બાધિત તત્વોને જ સત્ય અને પ્રમાણ સિધ્ધ કરવામાં જ રક્ત રહે છે.

અનેકાનેક પંડિત ગણાતાઓએ અતત્ત્વોને તત્ત્વ તરીકે મનાવવા માટે અનેકાનેક ગ્રંથો રચી કાઢીને એમ કરવા માટે આકાશ પાતાળ એક કર્યું છે. મિથ્યાદર્શનથી મત્ત બનેલાઓ, જેમ કુદેવોને મહાદેવ મનાવવામાં અને કુધર્મને સદ્ધર્મ મનાવવામાં મસ્ત છે, તેમ અતત્ત્વોને તત્ત્વ મનાવવામાં પણ સર્વ રીતિએ સજ્જ છે. એ મિથ્યાદર્શનને આધીન બનેલા આત્માઓ મિથ્યાદર્શનના યોગે પોતાનો નાશ કરવા સાથે પરનો નાશ પણ ખુબ જ કરે છે. એવા આત્માઓ દ્વારા સત્યના પૂજક વિશ્વને પણ ઘણું ઘણું સહવું પડે છે એવાઓની અનર્થકારી કલ્પનાઓ અને યુક્તિઓ ભદ્રીક અને અજ્ઞાન જગતને ખુબ જ મુંઝવે છે. એ મુંઝવણના પરિણામે અનેક આત્માઓનું અમૂલ્ય માનવજીવન બરબાદ થાય છે. ખરેખર, મિથ્યાત્વ એ એવો અંધકાર છે કે-એના યોગે એનો પૂજારી પાતે ભટકાય અને અન્યને ભટકાડે. એ અંધકાર આત્મા ઉપરની કારમી શત્રુતા અજમાવે છે.

એ કારમી શત્રુતાથી સજ્જ થયેલો "મિથ્યાદર્શન" નામનો અનાદિસિદ્ધ શત્રુ પોતાનો મહિમા ફેલાવીને દેવ, ધર્મ અને તત્ત્વની બાબતમાં જેમ વિપરીત પરિણામ આણે છે, તેમ પાત્ર અને અપાત્ર તરીકે કોને કોને જાહર કરે છે, એનું વર્ણન કરતાં પણ પરમોપમકારી શ્રી સિદ્ધર્ષિ ગણિવર ફરમાવે છે કે-

**"गृहिणो ललनाऽवाच्य-मर्दका भूतघातिनः ।**
**असत्यसग्धाः पापिष्ठाः सक्होपग्रहे रताः ॥ १ ॥**
**तथाऽन्ये पचने नित्य-मासक्ताः पाचनेऽपि च ।**
**मद्यपाः परदारादि-सेविनो मार्गदूषकाः ॥ २ ॥**
**सप्तायोगोलकाकारा-स्तंथापि यतिरुपिणः ।**
**ये तेषु कुरुते भद्रे ! पात्रबुद्धिम्यं जने ॥ ३ ॥"**

"હે ભદ્ર ! લોકની અંદર આ 'મિથ્યાદર્શન' નામના મોહરાજાનો મહત્તમ, ગૃહસ્થાવાસમાં રહેનારા, સ્ત્રીઓના અવાચ્ય પ્રદેશનું મર્દન કરનારા, અર્થાત્-સ્ત્રીઓનું સેવન કરનારાઓ, પ્રાણીઓનો ઘાત કરનારા, અસત્ય પ્રતિજ્ઞાઓને ધરનારા એટલે ખોટી પ્રતિજ્ઞાઓને લેનારા અને તોડનારા, અનેક પ્રકારનાં પાપોને આચરનારાઓ અને ધન-ધાન્ય આદિ નવે પ્રકારનો જે પરિગ્રહ તેનો સંગ્રહ અને ઉપયોગ કરવામાં રક્ત એવાઓ જે છે, તેઓને વિષે તથા અન્ય જેઓ યતિરૂપને ધરનારા હોવા છતાં પણ હમેશાં પકવવાની ક્રિયામાં અને અન્ય પાસે પકાવવાની ક્રિયામાં આસક્ત છે, મદિરાપાન કરનારા છે, પરસ્ત્રી આદિનું સેવન કરનારા છે, સન્માર્ગને દૂષિત કરનારા છે, એજ કારણે જેઓ યતિરૂપને ધરનારા હોવા છતાં

પણ તપાવેલા લોઢાના ગોળા જેવા આકારને ધરનારા છે, તેવાઓને વિષે પાત્રબુદ્ધિ પેદા કરે છે."

**"सञ्ज्ञानध्यानचारित्र-तपोवीर्यपरायणाः ।**
**गुणरत्नधना धीरा, जङ्गमाः कल्पपादपाः ।। १ ।।**
**संसारसागरोत्तार-कारिणो दानदायिनाम् ।**
**अचिन्त्यवस्तबोहित्थ तुल्या ये पारगामिनः ।। २ ।।**
**तेषु निर्मलचित्तेषु, पुरुषेवु जडात्मनाम् ।**
**एषोऽपात्रधियं धत्ते, महामोहमहत्तमः ।। ३ ।।"**

"સદ્ અને અસદ્ હેય અને ઉપાદેય, ગમ્ય અને અગમ્ય, પેય અને અપેય આદિનો વિવેક કરાવનાર જે સુંદર જ્ઞાન, આત્માન પોતાના કલ્યાણકારી ધ્યેયમાં સ્થિર બનાવનારૂં સુંદર ધ્યાન, કર્મનો ક્ષય કરવામાં સમર્થ એવું સુંદર ચારિત્ર, કર્મને તપાવવા માટે અસાધારણ તાપ સમાન તપ અને સાધ્યની સિદ્ધિ માટે જરૂરી એવું જે વીર્ય, એ સર્વના સદાને માટે જેઓ ઉત્તમ આશ્રયભૂત છે, અનેક ગુણો રૂપી વિવિધ પ્રકારનાં જે રત્નો તે રૂપ ધનને જેઓ ધરનારા છે, અંગીકાર કરેલ અનુપમ મહાવ્રતોનું પાલન કરવામાં જેઓ ધીર છે, યોગ્ય આત્માઓના ઉત્તમ મનોરથોને પૂર્ણ કરવા માટે જેઓ હાલતાં-ચાલતાં કલ્પવૃક્ષો છે, શુદ્ધ ભાવનાથી કોઇ પણ જાતિની આશંસા વિના શુદ્ધ દાનના દેનારા આત્માઓનો સંસારસાગરથી ઉદ્ધાર કરનારા છે. એટલે કે-એવા આત્માઓને સંસારસાગરથી પાર ઉતારનારા છે અને અચિન્ત્ય વસ્તુઓના ઝહાજ તુલ્ય હોઇ જેઓ સંસારના પારને પામનારા છે, તેવા નિર્મલ ચિત્તને ધરનારા મહાપુરૂષોના પારને વિષે એ મહામોહના મહત્તમ જડાત્માઓના અંતરમાં અપાત્ર બુદ્ધિને ઉત્પન્ન કરે છે."

સાચા મહાદેવોને છૂપાવી કુદેવોને મહાદેવો તરીકે ઓળખાવવાનું, મોક્ષપ્રાપક સદ્ધર્મને છૂપાવી હિંસક અને ચિત્તને મલિન કરનાર ધર્મોને સદ્ધર્મ તરીકે પ્રવર્તાવવાનું, સત્ય અને પ્રતીતિ તથા પ્રમાણથી અબાધિત તત્ત્વનો અપલાપ કરી અસત્ય અને પ્રમાણથી બાધિત તત્ત્વોને તત્ત્વ તરીકે પ્રસિદ્ધ કરવાનું અને શુદ્ધ ગુણસંપન્ન મહાપુરૂષોને અપાત્ર તરીકે જાહેર કરી કેવલ ભયંકર અવગુણોથી જ ભરેલા અધમાધમ આત્માઓને પાત્ર તરીકે વિશ્વમાં પ્રતિષ્ઠિત કરવાનું જેવું સામર્થ્ય મિથ્યાદર્શનમાં છે, તેવું જ સામર્થ્ય તેનામાં એકાંત શુદ્ધ અને અનેકાનેક ગુણોથી અલંકૃત થયેલા આત્માઓને એકાંત નિર્ગુણી આદિ તરીકે પ્રકાશિત કરીને કેવલ કારમા દોષોથી જ ભરેલા ઘોર પાપાત્માઓને ગુણવાન આદિ તરીકે ઓળખાવવાનું પણ છે. એ સામર્થ્યનું પ્રતિપાદન કરતાં પણ પરમોપકારી શ્રી સિદ્ધર્ષિ ગણિવર ફરમાવે છે કે-

**"कौतुकं कुहकं मन्त्र-मिन्द्रजालं रसक्रियाम् ।**
**निर्विषीकरणं तन्त्र-मन्तर्धानं सविस्मयम् ।। १ ।।**
**औत्पातमान्तरिक्षं च, दिव्यमाङ्गं स्वरं तथा ।**
**लक्षणं व्यञ्जनं भौमं, निमित्तं च शुभाशुभम् ।। २ ।।**
**उच्चाटनं सविद्वेष-मायुर्वेदं सजातकम् ।**
**ज्योतिषं गणितं चूर्ण-योगलेपास्तथाविधाः ।। ३ ।।**
**ये चान्ये विस्मयकरा, विशेषा पापशास्त्रजाः ।**
**अन्ये भूतोपमर्दस्य, हेतवः शाठ्यकेतवः ।। ४ ।।**
**तामेव ये विजानन्ति, निःशङ्का श्च प्रयुञ्जते ।**
**न धर्मयाधां मन्यन्ते, शठाः पापपरायणाः ।। ५ ।।**

त एव गुणिनो धीरा-स्ते पूज्यास्ते मनस्विनः ।
त एव वीरास्ते लाभ-भाजिनस्ते मुनीश्वराः ।। ६ ।।
इत्येवं निजवीर्येण, वहिरङ्गजनेमुना ।
मिथ्यादर्शनसंज्ञेन, भद्र ! पापाः प्रकाशिताः ।। ७ ।।"

"કૌતુક એટલે સૌભાગ્ય માટે સાધુ અવસ્થામાં પણ રાખ લગાડવી તે, કુહક એટલે ગારૂડી વિદ્યા અથવા જાદુગરીના પ્રયોગો કરવા તે, મંત્ર, ઇંદ્રજાલ, રસક્રિયા, નિર્વિષ કરવાની ક્રિયા, આશ્ચર્ય પમાડે એવી રીતિએ અંજન દ્વારા અદૃશ્ય થવાની ક્રિયા, ઔત્પાત એટલે તારા વિગેરેના ખરવાથી સારા-ખોટા ફલનું કથન કરવું તે, આન્તરીક્ષ એટલે ગ્રહોના ઉદય અને અસ્તથી સારા-નરસા ફલનું પ્રતિપાદન કરવું તે, દિવ્ય એટલે તપાવેલા તેલમાં પડવું અને અગ્નિના કુંડ આદિમાં ઝંપાપાત કરવાની પ્રતિજ્ઞા સ્વીકારવી તે, આંગ એટલે પુરૂષો અને સ્ત્રીઓના જમણાં અને ડાબાં અંગો ફરકવાથી શુભાશુભ ફળનું જાણવું તે, સ્વર એટલે પક્ષી વિગેરેના સ્વરથી શુભાશુભ ફળનું કથન કરવું તે, લક્ષણ એટલે હાથ અને પગની રેખા ઉપરથી સારા નરસા ફળનું કહેવું તે, વ્યંજન એટલે મસા અને તલ વિગેરે ઉપરથી શુભાશુભ ફળનું કહેવું તે અને ભૌમ એટલે ધરતીકંપથી શુભાશુભ ફળનું કહેવું તે; આ આઠ અષ્ટાંગ નિમિત્તથી ઓળખાય છે. એના દ્વારા શુભ અને અશુભ નિમિત્તનુ કથન કરવું; શત્રુના વિનાશ માટે વૈરબુદ્ધિપૂર્વક કામણ ટુમણ કરવાં, હોરા ગ્રંથની સાથે આયુર્વેદનો ઉપયોગ કરવો એટલે વૈદ્યક ક્રિયા કરવી. અને સંતતિનાં શુભાશુભ બતાવી આપનારાં ચક્રો બનાવવાની ક્રિયા કરવી, જ્યોતિષશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રનો આરંભાદિકની પ્રવૃત્તિઓમાં ઉપયોગ કરવો, સાંસારિક કાર્યસાધક ચૂર્ણ તૈયાર કરવાં અને યોગના પાદલેપો તૈયાર કરવા તથા તેવાજ પ્રકારના બીજા પણ જે જે પાપશાસ્ત્રોથી ઉત્પન્ન થયેલા અને વિસ્મયને કરનારા વિશેષો એટલે ભિન્ન ભિન્ન પ્રકારના પાપવર્ધક વ્યાપારો અને બીજા પ્રાણીઓના ઉપમર્દનમાં એટલે ઘાતમાં હેતુભૂત થાય તેવા અને શઠતાનો ધજાગરો ફરમાવે તેવા જે જે વ્યાપારો તેનેજ જેઓ વિશેષ પ્રકારે જાણે છે; જાણે છે એટલુંજ નહિ પણ નિઃશંક બનેલા જેઓ કોઇ પણ જાતિની શંકા વિના એ વ્યાપારોનો પ્રયોગ કરે છે અને પાપમાં તત્પર બનેલા જે ધર્મઠગો તેમ કરવામાં ધર્મને બાધા પહોંચે છે એમ માનતા નથી, તેઓજ આ વિશ્વમાં ગુણી છે, ધીર છે, પૂજ્ય છે અને બુદ્ધિશાળીઓ છે, એટલું જ નહિ પણ તેજ સાચા વીર છે, સાચા લાભના ભાગીદાર છે અને મુનીશ્વરો છે, -આ પ્રમાણે મનાવી હે ભદ્ર ! મોહરાજાનો આ 'મિથ્યાદર્શન' નામનો મહત્તમ પાપી આત્માઓને આ લોકમાં પ્રકાશિત કરે છે."

**અને**

"ये पुनर्मन्त्रतन्त्रादि-वेदिनोऽप्यतिनिःस्पृहाः ।
निवृत्ता लोकयात्राया, धर्मातिक्रमभीरवः ।। ८ ।।
मूकान्धाः परवृत्तान्ते, स्वगुणाभ्यासने रताः ।
असक्ता निजदेहेऽपि, किं पुनर्द्रविणादिके ।। ९ ।।
कोपाहरुकारलाभाद्यै-र्दूरतः परिवर्जिताः ।
तिष्ठन्ति शान्तव्यापारा, निरपेक्षास्तपोषनाः ।। १० ।।
न दिध्यादिकमारुयान्ति, कुहकादि न कुर्वते ।
मन्त्रादीत्रानुतिष्ठन्ति, निमित्तं न प्रयुज्जते ।। ११ ।।
लोकोपचारं निःशेषं, परित्यज्य यथासुखम् ।

**स्वाध्यायध्यानयोगेप, सक्तचित्ताः सदाऽऽस्ते ।। १२ ।।**

**से निर्गुणा अलोकक्षा, विमूडा भोगव्रञ्चिताः ।**

**अपमानहता दीना-ज्ञानहीनाश्च कुर्कटाः ।। १३ ।।**

**इत्येवं निजवीर्येण, यहिरङ्गजनेऽमुना ।**

**ते मिथ्यादर्शनाऽऽवेन, स्थापिता भद्र ! साधवः ।। १४ ।।"**

"જે મહાપુરૂષો મંત્ર અને તંત્ર આદિના જાણકાર હોવા છતાં પણ નિઃસ્પૃહ છે, લોકયાત્રાથી નિવૃત્તિને પામેલા છે અને ધર્મના અતિક્રમથી ઘણા જ ડરનારા છે : એ જ રીતિએ જે મહાપુરૂષો પરનાં વૃતાન્તમાં મુંગા અને અંધા હોય છે, પોતાના જ્ઞાનાદિ ગુણોના અભ્યાસમાં રક્ત હોય છે અને પોતાના શરીર ઉપર પણ મમતા વિનાના હોય છે એવાઓ માટે દ્રવ્ય આદિની મમતાની વાત પણ કેમ જ થાય ? અર્થાત્- જેઓ સર્વ પ્રકારની મમતાથી રહિત હોય છે : જે મહાપુરૂષો કોપ, અહંકાર અને લોભ આદિથી દૂરથી જ તજાયેલા છે, અર્થાત્-જે મહાપુરૂષોએ કોપ, અહંકાર અને લોભ આદિનો દૂરથી જ ત્યાગ કરેલો છે અને જે મહાપુર-ષો, સઘળાય હાનિકર વ્યાપારોના ત્યાગથી શાંત વ્યાપારવાળા બનીને અને કોઇની પણ અપેક્ષાથી રહિત થઇને તથા તપને પોતાનું ધન માનીને રહે છે : જે મહાપુરૂષો દિવ્ય આદિને કહેતા નથી, ગારૂડી વિદ્યા કે જાદુગરીના પ્રયોગો આદિને કરતા નથી, મંત્ર આદિનું અનુષ્ટાન પણ આદરતા નથી અને નિમિત્તોનો પ્રયોગ કરતા નથી : અર્થાત્-સઘળા લોકોપચારનો સુખપૂર્વક પરિત્યાગ કરીને જે મહાપુરૂષો સદાય સ્વાધ્યાય અને ધ્યાનના યોગોમાં આસક્ત ચિત્તવાળા બનીને રહે છે; તેવા સાધુપુરૂષોને હે ભદ્ર ! આ 'મિથ્યાદર્શન' નામના મહત્તમે આ લોકની અંદર પોતાના પરાક્રમથી નિર્ગુણી તરીકે, લોકના સ્વરૂપથી અજ્ઞાન મહામૂર્ખ તરીકે, ભોગોથી વંચિત થયેલા તરીકે, અપમાનથી હણાયેલા બનાવીને દીન તરીકે અને જ્ઞાનહીન કુકડા તરીકે સ્થાપિત કર્યા છે."

એજ રીતિએ મહામોહના એ 'મિથ્યાદર્શન' નામના મહત્તમમાં મોક્ષનાં કારણોને લુપ્ત કરી દઇને સંસારનાં કારણોને મોક્ષકારણ તરીકે સ્થાપિત કરવાનું સામર્થ્ય પણ છે. એ સામર્થ્યનું વર્ણન કરતાં શ્રી સિદ્ધર્ષિ ગણિવર ફરમાવે છે કે-

**"उद्वाहनं च कन्यानां, जननं पुत्रसंहतेः ।**

**निपातनं च शत्रूणां, कुटुम्बपरिपालनं ।। १ ।।**

**यदेवमादिकं कर्म, घोरसंसारकारणम् ।**

**तद्धर्म इति संस्थाप्य, दर्शितं भवतारणम् ।। २ ।।"**

"કન્યાઓનું લગ્ન કરવું, પુત્રોના સમુદાયને પેદા કરવો, શત્રુઓનો નાશ કરવો અને કુટુમ્બોનું પાલન કરવું, આ આદિ જે જે ઘોર સંસારનાં કારણ કર્મ છે, તે કર્મનું ધર્મ તરોકે સંસ્થાપન કરીને સંસારને તરવાનાં સાધન તરીકે, લોકના વૈરી એવા મિથ્યાદર્શને દર્શાવેલાં છે."

**"यः पुनर्शानचारित्र-दर्शानाढ्यो विमुक्तये ।**

**मार्गः सर्वोऽपि सोऽनेन, लोपितो लोकवैरिणाः ।। ३ ।।"**

"જ્ઞાન, ચારિત્ર અને દર્શન કરીને સહિત એવો માર્ગ આત્માની વિમુક્તિ માટે છે, તે સઘળોય મોક્ષમાર્ગ લોકવૈરી એવા આ મિથ્યાદર્શને વિશ્વમાંથી લુપ્ત કરેલો છે."

**આ પ્રમાણે**

આ 'મિથ્યાદર્શન' નામનો મહામોહ રાજાનો મહત્તમ પોતાના મહિમા દ્વારા જડ આત્માઓના

અંતરમાં અદેવમાં દેવપણાનો સંકલ્પ કરે છે, અધર્મમાં ધર્મપણાની માન્યતા કરે છે અને અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિને કરે છે; એજ રીતિએ અજ્ઞાનીઓનો કારમો શત્રુ એ, અજ્ઞાન આત્માઓના અંતઃકરણમાં અપાત્રની અંદર પાત્રતાનો આરોપ કરે છે, ગુણરહિત આત્માઓમાં ગુણીપણાનો ગ્રહ કરે છે અને સંસારના હેતુઓમાં નિર્વાણના હેતુભાવને કરે છે.

**આ રીતિએ**

વર્ણવીને પરમોપકારી શ્રી સિદ્ધર્ષિગણિવર, મિથ્યાદર્શનનો મહિમા સમજાવી મિથ્યાદર્શનરૂપ ભાવાન્ધકારથી બચવાનું ફરમાવે છે.

**કર્મનેં જ વિલંદ :**

સૂત્રકાર પરમર્ષિ શ્રી સુધર્માસ્વામિજી મહારાજા, સંસારવર્તિ પ્રાણીગણને સંસાર ઉપર નિર્વેદ અને વૈરાગ્ય ઉત્પન્ન કરવાના જ એક હેતુથી આ 'ધુત' નામના છઠ્ઠા અધ્યયનના પહલા ઉદ્દેશાના બીજા સૂત્ર દ્વારા કર્મવિપાકની ગરિષ્ઠતાનું પ્રતિપાદન કરી રહ્યા છે. ચાર ગતિરૂપ સંસારમાં પડેલા પ્રાણીઓ કેવા પ્રકારના કર્મવિપાકને ભોગવી રહ્યા છે એનું પ્રતિપાદન કરતાં બીજા સૂત્રના-

**"संति पाणा अंधा तमसि वियाहिया"**

આ અવયવદ્વારા સૂત્રકાર પરમર્ષિ, ફરમાવી ગયા કે- 'આ વિશ્વમાં પ્રાણીઓ બે પ્રકારે અંધ છે. જેમ ચક્ષુનો અભાવ એ અંધતા છે તેમ સદ્‌વિવેકનો અભાવ એ પણ અંધતા છે. જેમ અંધતા બે પ્રકારની છે તેમ અંધકાર પણ બે પ્રકારનો છે. નરકગતિ આદિમાં જે અંધકાર છે તે દ્રવ્ય અંધકાર છે અને મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાય આદિ જે અંધકાર તે ભાવ અંધકાર છે. કર્મના યોગે ચક્ષુવિકલ અને સદ્‌વિવેકથી વિકલ બનેલા આત્માઓ કર્મ વિપાકે જ આપાદિત કરેલ નરકગતિ આદિરૂપ દ્રવ્ય અંધકારમાં અને મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાય આદિરૂપ ભાવ અંધકારમાં વ્યવસ્થિતપણે રહેલા છે એમ શ્રી તીર્થંકરદેવો ફરમાવે છે.'

આ ઉપરથી એ વસ્તુ સ્પષ્ટ છે કે-અવિવેકરૂપ અંધદશાને આધિન થઇને આત્માઓ ઉભય પ્રકારના અંધકારમાં જે અનાદિથી આથડ્યા કરે છે એ સઘળો જ વિલાસ કર્મનો છે. આત્માનું સુખ આવરી લઇને એને આ ભયાનક સંસારમાં કોઇ રીબાવનાર હોય તો તે કર્મ છે. એના પ્રતાપે મિથ્યાત્વાદિરૂપ ભાવ અંધકારમાં ફસી સદ્‌વિવેકના અભાવરૂપ અંધતાના યોગે આત્મા, દ્રવ્ય અંધકારરૂપ નરકાદિગતિઓમાં આથડ્યા કરે એમાં કશું જ આશ્ચર્ય નથી. સદ્‌વિવેકનો અભાવ એ એવી અંધતા છે કે એ અંધતાને આધીન થયેલો આત્મા ઉન્માર્ગે જાય એ સહજ છે અને મિથ્યાત્વાદિરૂપ અંધકારમાં આથડતા આત્મા માટે નરકગતિ આદિરૂપ અંધકારમાં આથડવું એ પણ અસહ જ નથી. આત્મસ્વરૂપથી અજ્ઞાત રાખી તેને નહિ પ્રગટ થવા દેનાર મિથ્યાત્વ આદિના સ્વરૂપને પણ જાણવાની જરૂર છે. અવિવેકનું સ્વરૂપ અને પરિણામ આપણે જોઇ આવ્યા તેમ ભાવ અંધકારરૂપ મિથ્યાત્વ આદિ આત્માના અનાદિસિદ્ધ શત્રુઓનું સ્વરૂપ આપણે જોઇ રહ્યા છીએ. અત્યાર સુધીમાં આપણ મિથ્યાત્વની અચિકિત્સ્યતા, મિથ્યાત્વનું સ્વરૂપ અને મિથ્યાદર્શનનો મહિમા જોઇ આવ્યા.

**મિથ્યંત્વનં પ્રકંરેં અને સેનં સ્વંમી :**

દેવમાં અદેવપણાની, ગુરૂમાં અગુરૂપણાની અને ધર્મમાં અધર્મપણાની બુદ્ધિ કરાવનાર જે મિથ્યાત્વ

તેના પ્રકાર અને તે તે પ્રકારોના અધિકારીનું પ્રતિપાદન કરતાં કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-

"मिथ्यात्वं च पञ्चधा आभिग्रहिकमनाभिग्रहिकमाभि निवेशिकं सांशयिकमनाभोगिकं च-

१- तत्राभिग्रहिकं पाखण्डिनां स्वस्वशास्त्रनियन्त्रितविवेका लोकानां परपक्षप्रतिक्षेपदक्षाणां भवति ।

२- अनाभिग्रहिकं तु प्राकृतलोकानां सर्वे देवा वन्दनीया न निन्दनीया एवं सव गुरवः सर्वे धर्म्मा इति ।

३- आभिनिवेशिकं जानतोऽपि यथास्थितं वस्तु दुरभिनिवेशलेशविप्लावितधियो जमालेरिव भवति ।

४- सांशयिकं देवगुरुधर्मेष्वयमयं वेति संशयानस्य भवति ।

५- अनाभोगिकं विचारशून्यस्यकेन्द्रिमादेर्वा विशेयविज्ञान विकलस्य भवति"

મિથ્યાત્વ પાંચ પ્રકારે છે. ૧- એક તો આભિગ્રહિક, ૨- બીજું અનાભિગ્રહિક, ૩- ત્રીજું આભિનિવેશિક, ૪- ચાથું સાંશયિક અને ૫- પાંચમું અનાભોગિક.

આ પાંચે પ્રકારના મિથ્યાત્વો પૈકીનું-

(૧) પહેલા પ્રકારનું 'આભિગ્રહિક' નામનું મિથ્યાત્વ, જેઓનો વિવેકરૂપ પ્રકાશ પોત પોતાનાં શાસ્ત્રોથી નિયન્ત્રિત થઇ ગયેલો છે અને જેઓ પરના પક્ષનો તિરસ્કાર કરવામાં હુંશીયાર છે તેવા પાખણ્ડિઆને હોય છે.

(૨) બીજા પ્રકારનું 'અનાભિગ્રહિક' નામનું મિથ્યાત્વ, પ્રાકૃત લોકોને હોય છે કારણ કે-વિવેકના અભાવે તેઓની માન્યતાજ એવી હોય છે કે- 'સઘળાય દેવો વન્દનીય હોય છે પણ નિન્દનીય નથી હોતા એજ રીતિએ સઘળાય ગુરૂઓ વંદનીય છે પણ નિંદનીય નથી અને સઘળા ધર્મો માનનીય છે પણ નિંદનીય નથી.' આવા પ્રકારની માન્યતાના પ્રતાપે સદ્ અસદ્નો વિવેક નહિ કરી શકતા પ્રાકૃત લોકોને 'અનાભિગ્રહિક' નામનું બીજા પ્રકારનું મિથ્યાત્વ હોય છે.

(૩) 'આભિનિવેશિક' નામનું ત્રીજા પ્રકારનું મિથ્યાત્વ તેને હોય છે કે- 'જેની બુદ્ધિ, જમાલિની માફક વસ્તુને યથાસ્થિત જાણવા છતાં પણ દુરભિનિવેશના લેશથી વિપ્લાવિત થઇ ગઇ હોય.'

અર્થાત્ જે વસ્તુને યથાસ્થિતપણે જાણવા છતાં પણ પોતાના ખોટા આગ્રહને પોષવાની ખાતરજ આતુર હોય તેવા આત્માને 'આભિનિવેશિક' નામનું ત્રીજા પ્રકારનું મિથ્યાત્વ હોય છે.

(૪) 'સાંશયિક' નામનું ચોથા પ્રકારનું મિથ્યાત્વ, દેવ, ગુરૂ અને ધર્મને વિષે 'આ દેવ કે આ દેવ ? આ ગુરૂ કે આ ગુરૂ ? અને આ ધર્મ કે આ ધર્મ' આ પ્રકારે સંશયશીલ બનેલા આત્માને હોય છે.

(૫) 'અનાભોગિક' નામનું પાંચમા પ્રકારનું મિથ્યાત્વ, વિચારશૂન્ય એકેન્દ્રિયાદિકને અથવા તો હરકોઇ વિશેષ પ્રકારના વિજ્ઞાપનથી વિકલ આત્માને હોય છે.

આ પાંચે પ્રકારો ઉપરથી સમજી શકાય છે કે-આ વિશ્વમાં મિથ્યાત્વરૂપ શત્રુથી બચેલા આત્માઓની સંખ્યા અતિશય અલ્પ છે. આવા પ્રકારનો મિથ્યાત્વરૂપ અંધકાર એ કારમો અંધકાર છે. એ કારમા અંધકારના પ્રતાપે વસ્તુસ્વરૂપને નહિ સમજનાર આત્મા અનેક અનાચારો આચરીને નરકગતિ આદિ રૂપ અંધકારમાં આથડે એમાં કશુંજ આશ્ચર્ય નથી. સુવિહિત શિરોમણિ આચાર્ય ભગવાન્ શ્રી

હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા, મિથ્યાદ્રષ્ટિ આત્માને સુખી અવસ્થામાં પણ દુ:ખી તરીકે અને જ્ઞાની અવસ્થામાં પણ અજ્ઞાની તરીકેજ ઓળખાવે છે.

**મિથ્યંદ્રષ્ટિને દુખનં યેંગમાં પણ તુઃખજ :**

સુવિહિત શિરોમણિ આચાર્ય ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા, મિથ્યાદ્રષ્ટિ આત્માને સુખના યોગમાં પણ દુ:ખનું પ્રતિપાદન કરતાં ફરમાવે છે કે-

**"णय नत्तओ तयंपि हु, सोक्खं मिच्छत्तमोहियमइस्स ।**
**जह रोद्दवाहिगहियस्स, ओसहाओवि तब्भावे ।। १ ।।**
**जह चेवोवहयणयणो, सम्मं रुवं ण पासई पुरिसो ।**
**तह चेव मिच्छदिट्ठी, विउलं सोक्खं न पावेइ ।। २ ।।"**

"જેમ દુ:સાધ્ય વ્યાધિની પીડાથી પીડિત શરીરવાળા આત્માને ઔષધથી પણ વાસ્તવિક રીતિએ સુખ નથી થતું તેમ મિથ્યાત્વથી મોહિત મતિવાળા આત્માને ગ્રૈવેયક આદિમાં રહેલું સુખ પણ સુખરૂપ નથી થતું જેમ કાચકામલાદિ દોષથી ઉપદ્રવવાળા નેત્રોને ધરનારો, કોઇ પણ વસ્તુને વસ્તુના રૂપે જોઇ શકતો નથી તેમજ મિથ્યાદ્રષ્ટિ આત્મા, પોતા માટે સમુપસ્થિત થયેલ એવા વિપુલ સુખને પામી શકતો નથી."

વાત એ છે કે-અસાધ્ય વ્યાધિથી પીડાતા આત્માને, સ્વભાવથી તો સુખ હોતુંજ નથી, પણ ઔષધના યોગેય વાસ્તવિક સુખનો અનુભવ નથી કરી શકતો; કારણ કે-અત્યન્ત દારૂણ રોગના પ્રતાપે, તેને માર્મિક પીડા તો ચાલુ જ હોય છે, એટલે ઔષધથી કદાચ તેને સુખનો લાભ થાય તો તે બાહ્યજ પણ આંતર તો નહિજ; જેમ શરત્કાલમાં અતિશય પ્રચંડ સૂર્યના કિરણોથી તપી ગયેલા મોટા મોટા હૃદોનું પાણી જેમ બહારથીજ ઉષ્ણ થઇ જાય છે પણ મધ્ય ભાગમાં તો અતિશય શીતલ જ રહે છે તેમ ઉત્તમ પ્રકારની ક્રિયાઓના યોગે મિથ્યાદ્રષ્ટિ આત્માને, ગ્રૈવેયિકાદિના બાહ્ય સુખનો યોગ થવા છતાં પણ તેનું ચિત્ત મિથ્યાત્વથી ઉપદ્રવવાળું હોવાથી આંતરિક તો દુ:ખજ હોય છે : કાચકામલાદિ દોષોથી ઉપદ્રવવાળો માણસ વસ્તુને વસ્તુરૂપે નથી જોઇ શકતો તેજ રીતિએ જે જે આત્માનું સમ્યગ્જ્ઞાન, મિથ્યાત્વના પ્રતાપે ઉપહૃત થઇ ગયું છે તે આત્મા પ્રાપ્ત થયેલા અતિશય સુખને પણ સુખ તરીકે નથી ભોગવી શકતો. મિથ્યાત્વ એ એવી કારમી વસ્તુ છે કે-સુખને પણ દુ:ખ બનાવી દ છે અર્થાત્ આ સંસારમાં પણ સુખનો સાચો અનુભવ સમ્યગ્દ્ષ્ટિ આત્માજ કરી શકે છે કારણકે એ આત્મા સમ્યગ્જ્ઞાનના પ્રતાપે વસ્તુ માત્રનો વિવેક કરી શકે છે, એટલે એ દુ:ખની સામગ્રીમાં પણ સુખ અનુભવે છે તો સુખની સામગ્રીમાં સુખ અનુભવે એમાં તો આશ્ચર્યજ શું છે ! ખરેખર સમ્યગ્દ્રષ્ટિ આત્મા એક મોક્ષસુખનોજ પિપાસુ હોઇ એની અપ્રાપ્તિનું દુ:ખ એને સાલ્યાજ કરે છે તે છતાં પણ તે વિવેકી હોવાના કારણે પોતાના આત્માની શાંતિ તે કોઇ પણ સંયોગમાં ગુમાવતો નથી; જ્યારે મિથ્યાદ્રષ્ટિ આત્મા એક પૌદ્ગલીક સુખનોજ અભિલાષી હોય છે અને પૌદ્ગલીક સુખો દુ:ખથી મિશ્રિત હોવા સાથે પરિણામે પણ દુ:ખનેજ આપનારાં હોવાથી તે આત્મા દુ:ખ દેખી અને દુ:ખીજ રહે છે. પૌદ્ગલીક સુખોની પિપાસાથી રીબાતા આત્માઓ ગમે તેવા અને ગમે તેટલા સુખમાં સંતોષ નથી માનતા અને અસંતોષ એ કારમું દુ:ખ છે. એ કારમું દુ:ખ મિથ્યાત્વની હયાતિથી ઘટતું નથી પણ વધેજ છે; એજ કારણે મિથ્યાદ્રષ્ટિ આત્માઓ, સુખ સામગ્રીની હયાતિમાં પણ સુખનો અનુભવ કરવાને બદલે દુ:ખનોજ અનુભવ કરે છે કારણ કે- એનું જ્ઞાન પણ અજ્ઞાનરૂપ છે.

**મિથ્યંદ્રષ્ટિનુા ફ્ંન પણ અફ્ંન :**

'મિથ્યાદ્રષ્ટિનું જ્ઞાન એ અજ્ઞાન છે !' એના હેતુઓનું પ્રતિપાદન કરતાં એજ સૂરિપુરંદર, પૂજ્યપાદ શ્રી જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણજીના શબ્દોમાંજ ફરમાવે છે કે-

**"सदसदविसेसणाओ, भवहेउजहिच्छिओवलंभाओ ।**
**णाणफलाभावाओ, मिच्छदिट्ठिस्स अन्नाणं ।। १ ।।"**

મિથ્યાદ્રષ્ટિ આત્માનું જ્ઞાન ચાર હેતુથી અજ્ઞાન છે-એક તો 'એનું જ્ઞાન, વિશેષણરહિતપણે સત્ અને અસત્નો સ્વીકાર કરે છે.' એ હેતુથી અજ્ઞાન છે : બીજો હેતુ એ છે કે- 'એનું જ્ઞાન સંસારનું કારણ છે.' કારણ કે- 'મિથ્યાદ્રષ્ટિનું જ્ઞાન કર્મબંધના હેતુઓ જે મિથ્યાત્વાદિ તેનીજ પ્રાયઃ પ્રવૃત્તિ કરાવનાર છે.' ત્રીજો હેતુ એ છે કે- 'એના જ્ઞાનથી જે વસ્તુનો બોધ થાય છે તે યદચ્છારૂપ એટલે પોતાના વિકલ્પ માત્રથી થયેલો હોય છે પણ સમ્યગ્દ્રષ્ટિ આત્માની માફક શ્રી સર્વજ્ઞ પરમાત્માના વચનની પરતંત્રતાથી થયેલો નથી હોતો' એ કારણે પણ એનું જ્ઞાન અજ્ઞાનરૂપ હોય છે અને ચોથો હેતુ 'જ્ઞાનના ફલનો અભાવ છે.' જ્ઞાનનું ફલ જે વિરતિ તેના અભાવથી પણ મિથ્યાદ્રષ્ટિનું જ્ઞાન એ અજ્ઞાન કહેવાય છે.

ખરેખર મિથ્યાદ્રષ્ટિનું જ્ઞાન ઘણુંજ કારમું જ્ઞાન છે. એનું જ્ઞાન જ્યાં સુધી મિથ્યાત્વની હયાતિ હોય ત્યાં સુધી જ્ઞાનરૂપ થઇ શકતુંજ નથી. મિથ્યાદ્રષ્ટિ આત્મા, પોતાના જ્ઞાનથી જો કોઇ વસ્તુનું અસ્તિત્વ સ્વીકારશે તો તે અસ્તિત્વ પણ સર્વ પ્રકારે જ સ્વીકારશે અને નાસ્તિત્વ સ્વીકારશે તો તે પણ સર્વ પ્રકારે જ સ્વીકારશે; પણ વસ્તુનું કયા સ્વરૂપે અસ્તિત્વ છે અને કયા સ્વરૂપે નાસ્તિત્વ છે એનો વિવેક એ અજ્ઞાનરૂપ જ્ઞાનના યોગે એ આત્મા નહિ જ કરી શકે. વાસ્તવિક રીતિએ કોઇ પણ વસ્તુનું સ્વરૂપ મિથ્યાદ્રષ્ટિઓ જે રીતિએ સ્વીકારે છે તે રીતિએ હાતું જ નથી. એ અજ્ઞાનીઓ પૈકીના કોઇ જ્ઞાનીઓ, આત્માને નિત્ય જ માનશે તો કોઇ વળી અનિત્ય જ માનશે પણ દ્રવ્યની અપેક્ષાએ નિત્ય અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય એમ માનવા જોગી શુદ્ધ મતિ તેઓમાં એ કારમા મિથ્યાત્વના યોગે નહિ જ થવાની. મિથ્યાદ્રષ્ટિ આત્મા, શુદ્ધ સ્યાદ્વાદી બની શકતો જ નથી, સદાને માટે એ પ્રાયઃ એકાંતવાદી જ હોય છે એ એકાંતવાદ જ એના જ્ઞાનને અજ્ઞાન બનાવનાર છે.

એકાંતવાદીઓ ગમે તેવા જ્ઞાનીઓ હોય તો પણ વાસ્તવિક રીતિએ અજ્ઞાનીઓ છે. અજ્ઞાનીઓ હોવાના કારણે એ આત્માઓ, મિથ્યાત્વ આદિ કર્મબંધનના હેતુઓથી બચી શકતા નથી : કારણ કે એઓનું જ્ઞાન એઓને પ્રાયઃ મિથ્યાત્વાદિ કર્મબંધના હેતુઓમાં જ પ્રવર્ત્તાવનાર છે : એજ કારણે એઓનું જ્ઞાન સંસારનો હેતુ છે પણ મોક્ષનો હેતુ નથી : એથી પણ એઓનું જ્ઞાન અજ્ઞાન કહેવાય છે. મિથ્યાત્વના પ્રતાપે વિપરીતરૂચિવાળા બનેલા મિથ્યાદ્રષ્ટિ આત્માઓ, પ્રાયઃ શ્રો અરિહંત આદિ શુદ્ધ તત્ત્વોના નિંદક અને અશુદ્ધ તત્ત્વોને કુયુક્તિઓથી સિદ્ધ કરનારા હોવાથી તેઓની અસત્પ્રવૃત્તિ ભવાંતરમાં પણ અનુબંધવાળીજ થાય છે : એ કારણે પણ એઓનું જ્ઞાન સંસારનો હેતુ છે અને એથી એ અજ્ઞાન કહેવાય છે.

વળી મિથ્યાદ્રષ્ટિ આત્માઓને વસ્તુના બોધ રૂપ જે લાભ થાય છે તે મિથ્યાત્વ મોહનીય કર્મના વિપાકથી ઉન્મત્ત મનુષ્યની માફક યદચ્છારૂપ થાય છે, કારણ કે-મિથ્યાદ્રષ્ટિ આત્મા, શ્રી સર્વજ્ઞપરમાત્માની આજ્ઞાને પરતન્ત્ર નહિ હોવાથી એ દરેક વસ્તુને પોતાની મતિકલ્પનાથી જ જાણવાનો આડમ્બર કરે છે. મદીરાપાની, મદના આવેશથી જેમ કિંકરને પણ રાજા તરીકે અને રાજાને પણ કિંકર તરીકે માને છે તેમ મિથ્યાત્વના ઉદયવાળો આત્મા, સદ્ભૂત વસ્તુનો પણ અતત્ત્વરૂપે વ્યવહાર કરે છે અને અસદ્ભૂત વસ્તુનો

પણ તત્ત્વરૂપે વ્યવહાર કરે છે; એજ કારણે ઉપકારીઓ મિથ્યાત્વને પારમાર્થિક ગ્રહ તરીકે ઓળખાવે છે; પિશાચાદિરૂપ ઇતરગ્રહો કરતાં પણ મિથ્યાત્વરૂપ ગ્રહ મોટા મોટા અનર્થોને પેદા કરનાર છે અને એજ કારણે એ ગ્રહની હયાતિમાં થતું જ્ઞાન એ જ્ઞાનરૂપ નથી હોતું પણ અજ્ઞાનરૂપ હોય છે.

વળી જ્ઞાનનું ફ્લ એ છે કે- 'એના યોગે આત્મા, યોગ્યતા મૂજબ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અનુકૂલતા પ્રમાણે પાપરૂપ પ્રાણાતિપાત આદિ કુકૃત્યોથી વિરામ પામે અને પવિત્ર સ્વાધ્યાય, ધ્યાન અને તપશ્ચરણાદિરૂપ કૃત્યવિશેષોમાં પ્રવૃત્તિ કરે.' આ વસ્તુ, વાસ્તવિક રીતિએ મિથ્યાદ્રષ્ટિ આત્માઓને નથી પ્રાપ્ત થતી; એજ કારણે મિથ્યાદ્રષ્ટિનું જ્ઞાન પણ અજ્ઞાન કહેવાય છે કારણ કે- 'અશુદ્ધ આલાબુપાત્રમાં નાંખેલ દુધ અને સાકર આદિ મધુર દ્રવ્યો પણ વિપરીત ભાવને પામી જાય છે તેમ મિથ્યાદ્રષ્ટિ આત્મામાં રહેલું જ્ઞાન પણ મિથ્યાત્વના ઉદયથી વિપરીત ભાવને પામી જાય છે.'

આથી સમજાશે કે-મિથ્યાત્વ એ આત્માનો કારમો ભાવશત્રુ છે. આવા ભાવ અંધકારરૂપ શત્રુના પ્રતાપે આત્મા નરકાદિ રૂપ દ્રવ્ય અંધકારમાં આથડ્યા કરે એમાં કશું જ આશ્ચર્ય નથી એમ હરકોઇ વિવેકી આત્મા સમજી શકે તેમ છે.

મિથ્યાત્વ નામના દોષના પ્રતાપે છોડવા લાયક પદાર્થોમાં ગ્રહણ કરવા લાયકની બુધ્ધિ સ્થિર બનતી જાય છે અને ગ્રહણ કરવા લાયક પદાર્થોમાં છોડવા લાયકની બુધ્ધિ સ્થિર રૂપે રહેલી હોય છે. આના કારણે જીવનમાં જે કાંઇ પ્રવૃત્તિ કરતો હોય એમાં વિવેક દ્રષ્ટિ પેદા થઇ શકતી નથી. જ્યારે જીવોને વિવેકદ્રષ્ટિ વગરની બુધ્ધિ એજ મારા આત્માને નુક્શાનકારક છે આવું જ્યાં સુધી થોડે ઘણે અંશે ન સમજાય ત્યાં સુધી જે પ્રમાણે રાગાદિ પરિણામ કરતો કરતો અશુભ ક્રિયાઓ કરે છે તેમ શુભ ક્રિયાઓ પણ કરતો જાય છે. આ કારણથી જ્યારે જીવ છોડવા લાયક પદાર્થોમાં ગ્રહણ કરવાની બુધ્ધિથી મને દુઃખ આવે છે એનાથી જ દુઃખનું ફ્ળ મળે છે અને દુઃખની પરંપરા એનાથી વધે છે. આવી વિચારણાઓ ભગવાનની વાણીના શબ્દોની વિચારણાઓ કરતા કરતા અંતરમાં પેદા થવા માંડે ત્યારેજ આંશિક રૂપે અનુકૂળ પદાર્થોનો રાગ એજ દુઃખનું કારણ છે. આવી સમજણ અંતરમાં પેદા થતી જાય છે. આને મિથ્યાત્વની મંદતા કહેવાય છે. જેટલે અંશે મિથ્યાત્વ મોહનીય કર્મનો રસ ઉદયમાં મંદ થતો જાય એટલે અંશે મોહનીય કર્મનો અંધાપો દૂર થતો જાય છે અને એના કારણે અંતરમાં એકદમ ઝાંખો પ્રકાશ કોઇક કોઇક વાર પેદા થતો જાય છે જ્યારે એ પ્રકાશ પેદા થાય ત્યારે એને ક્ષણવાર આનંદ આપે છે. પાછો મિથ્યાત્વનો ઉદય થાય અને એ પ્રકાશ ચાલ્યો જાય તો પાછો જે પ્રમાણે જીવતો હતો તે પ્રમાણે જીવે છે આ રીતે વારંવાર થતા થતા ઝાંખા પ્રકાશની અનુભૂતિ વારંવાર પેદા કરતો કરતો એ ઝાંખા પ્રકાશને ટકાવવાનો પ્રયત્ન કરતો જાય તો તેટલો કાળ મિથ્યાત્વની મંદતા અંતરમાં વિશેષ રીતે પેદા થતી જાય છે.

રાગ પૂર્વક બોલાતા વચન એ જ મિથ્યાત્વ. કારણ કે એનાથી આત્માથી ભિન્ન એવો રાગ પુષ્ટ થાય છે.

બીજાના સુખે હૈયુ સુખી બનાવીએ તો બીજાના ગુણ જોવાનો સ્વભાવ પેદા થાય અને દોષને દોષ તરીકે જોવાનો દ્રષ્ટિ આવે.

મિથ્યાત્વ મોહનીય કર્મનો બંધ અનુકૂળ પદાર્થો પ્રત્યે રાગના પરિણામો પેદા કરવાથી અને પ્રતિકૂળ પદાર્થો પ્રત્યે દ્વેષના પરિણામો પેદા કરવાથી સમયે સમયે જીવ બાંધે છે અર્થાત્ બાંધ્યા કરે છે.

એવી જ રીતે તીર્થંકર પરમાત્માની આશાતના કરવાથી, તેમના વચનોનો અપલાપ કરવાથી તેમના વચનોનું ઉલ્લંઘન કરવાથી, વિરુધ્ધ આચરણ કરવાથી, જીવ મિથ્યાત્વ મોહનીય કર્મ બાંધે છે. એવી જ

રીતે ધર્મી જીવોના દુષણો શોધવાથી, દુષણો બોલવાથી અધિષ્ઠાયક દેવ આદિની નિંદા કરવાથી કોઇ પણ પદાર્થનો કદાગ્રહ પકડી રાખવાથી, ગુરૂ આદિનું અપમાન કરવાથી અસંયતિઓની પૂજા કરવાથી અને કોઇપણ કામ ઉતાવળથી કરવાથી જીવ મિથ્યાત્વ મોહનીય કર્મનો બંધ કરે છે.

## (૨) અવિરતિ નામના દોષનું વર્ણન

**અવિરસિનુ સ્વરૂપ :**

'મિથ્યાત્વ' જેમ આત્માનો શત્રુ છે તેમ અવિરતિ પણ શત્રુ જ છે. અવિરતિ પણ આત્માનો એક મોટામાં મોટો દુર્ગુણ છે. એ મહાદુર્ગુણથી બચવા માટે સાવદ્ય યોગો એટલે પાપમય વ્યાપારોથી અને વિષયાવેશથી પાછા હઠવું જોઇએ. એમ કર્યા વિના અવિરતિથી બચવું એ મુશ્કેલ છે કારણ કે અવિરતિનું સ્વરૂપ જ એ છે કે- 'એ આત્માને સાવદ્ય યોગોથી અને વિષયાવેશથી પાછો ન હઠવા દે.' અવિરતિનું સ્વરૂપ દર્શાવતા ઉપકારીઓ ફરમાવે છે કે-

**"सावद्ययोगेभ्यो निवृत्त्यभावे"**

પાપમય વ્યાપારોથી નિવૃત્તિના અભાવમાં અવિરતિ રહી શકે છે. અર્થાત્ 'પાપમય વ્યાપારોથી અનિવૃત્તિ' એનુંજ નામ 'અવિરતિ' છે, હૃદયપૂર્વક પાપમય વ્યાપારોથી નિવૃત્તિ પામ્યા વિના આત્માની અવિરતિ ટળતી નથી. એજ રીતિએ

**"अखेदो विषयावेशाद्, भवेदविरतिः किल"**

ખરેખર બાહ્ય ઇન્દ્રિયોના જે અર્થો તેના વ્યાક્ષેપરૂપ જે વિષયાવેશ તેનાથી અનુપમરૂપ જે અખેદ તે અવિરતિ થાય.

અર્થાત્ શબ્દ રૂપ, રસ, ગંધ અને સ્પર્શ રૂપ ઇંદ્રિયોના વિષયોની લોલુપતાથી વિરામ નહિ પામવું એનું નામ અવિરતિ છે. ઇંદ્રિયોના વિષયોની પિપાસા એ અવિરતિનું સ્વરૂપ છે. ઇંદ્રિયોના વિષયો સાથે રાગદ્વેષપૂર્વક અથડાયા કરવાની દશા એ અવિરતિની દશા છે.

સાવદ્ય વ્યાપારોથી નિવૃત્તિ ન કરવી એનું નામ પણ અવિરતિ છે અને ઇંદ્રિયોના વિષયો પ્રત્યેના આવેશથી પાછા નહિ ફરવું એનું નામ પણ અવિરતિ છે.

**અવિરસિનં પ્રકંરૈં :**

એજ કારણે અવિરતિના પ્રકારો પણ બાર છે. અવિરતિના પ્રકારોનું વર્ણન કરતાં ઉપકારીઓ ફરમાવે છે કે-

"द्वादशप्रकाराडविरतिः, कथम् ? इत्याह-मनः स्वाग्तम्, करणानीद्रियाणि चङ्च, तेषां स्वस्वविषये प्रवर्त्तमानानाम नियमोडनियन्त्रणं; तथा वण्णां पृथिव्यप्तेजो वायुवनस्पति त्रसस्वरुपाणां જીवानां વधो हिंसेति ।"

અવિરતિ બાર પ્રકારે છે : 'અવિરતિ બાર પ્રકારની કેવી રીતિએ ?' આ પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે કે- 'મન અને પાંચ ઇંદ્રિયોનું અનિયંત્રણ અને પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાયરૂપ છએ પ્રકારના જીવોનો વધ એટલે હિંસા.' આ પ્રમાણે અવિરતિ બાર પ્રકારની છે. અર્થાત્ મનને અને સ્પર્શના આદિ પાંચે પ્રકારની ઇંદ્રિયો એ છએને નિયમમાં નહિ રાખવાં

અને છએ કાયોના જીવોની હિંસા કરવી એ બાર પ્રકારની અવિરતિ છે.

અવિરતિથી બચવા ઇચ્છનારે જેમ ષટ્કાયના જીવોની હિંસારૂપ સાવદ્ય વ્યાપારોથી બચવાની આવશ્યક્તા છે તેમ મન અને ઇંદ્રિયોની આધીનતાથી પણ બચવાની આવશ્યક્તા છે. છએ કાયના જીવોની હિંસાથી બચવા માટે જેમ સંપૂર્ણ 'પ્રાણાતિપાત વિરમણ' ની આવશ્યક્તા છે તેમ 'મૃષાવાદ' વિરમણ, અદત્તાદાન વિરમણ, મૈથુન વિરમણ અને પરિગ્રહ વિરમણ ની પણ સંપૂર્ણ આવશ્યક્તા છે; એજ કારણે ઉપકારીઓ પ્રાણાતિપાતાદિના અનિષેધમાં અવિરતિ ફરમાવે છે. 'પ્રાણોનો અતિપાત, મૃષાવાદ, અદત્તનું આદાન, મૈથુન અને પરિગ્રહ' આ જેમ અવિરતિના પ્રતાપે છે તેમ મનની અને ઇંદ્રિયોની વિષયો પ્રત્યે આવેશ પૂર્વકની દાડાદોડ એ પણ અવિરતિનાજ પ્રતાપે છે. સર્વવિરતિને ધરનાર આત્માઓએ જેમ પ્રાણાતિપાત આદિથી સંપૂર્ણપણે બચવાની જરૂર છે તેમ ઇંદ્રિયોના વિષયો પ્રત્યે દોડાદોડ કરતાં અટકવાની પણ અતિશય આવશ્યક્તા છે.

**અવિરસિનુ઼ા પરિણંમ :**

આ અવિરતિ એવી કારમી છે કે-આત્મામાં એની હયાતિ હોય ત્યા સુધી પાપની પ્રવૃત્તિ થાઓ યા ન થાઓ તો પણ તેના નિમિત્તે થતું આત્માનું બંધન ચાલુજ રહે છે. આત્માની મુક્તિ ઇચ્છનારે અવશ્ય એ આશ્રવથી બચવું જોઇએ. અવિરતિ દોષનું પરિણામ વર્ણવતાં ઉપકારીઓ ફરમાવે છે કે-

**"जइवि अ न जाइ सव्वत्थ, कोइ देहेण माणवो एत्थ ।**
**अविरइअव्वयवधो, तहावि निच्चा भवे तस्स ।। १ ।।"**

જો કે આ સંસારમાં કોઇ માણસ દેહે કરીને સર્વત્ર જતો નથી તો પણ તેને અવિરતિ અને અવ્રતનો બંધ નિત્ય થાય છે.

અવિરતિ અને અવ્રતનો એ પ્રભાવ છે કે-ચાહે એ અવિરતિ અને અવ્રતનો અમલ થાઓ યા ન થાઓ તો પણ આત્મા તેના નિમિત્તે થતા બંધમાં અવશ્ય ફસાયજ છે, એની ફસામણથી બચવા માટે પ્રત્યેક મોક્ષાર્થિએ પોતાના જીવનને નિયમોથી નિયંત્રિત બનાવી લેવામાં કોઇ પણ રીતિએ ચુકવું એ ઇષ્ટ નથી. વિષયોની પિપાસાથી પર બનીને સર્વવિરતિધર બનાવે એ તો સુવર્ણ અને સુગંધનો યોગ થયા જેવુ છે પણ જો એમ ન બને તો પણ દેશવિરતિધર બનવું અને તે પણ ન બને તો અવિરતિના વિપાકથી ડરતા બની યથાશક્તિ જીવનને નિયંત્રિત બનાવવું જોઇએ. મન અને ઇંદ્રિયોને આધીન બની એની જ અનુકૂળતા ખાતર ઉચ્છ્રૃંખલ બની વ્રતોનો ઉપહાસ કરવો એ આત્માનો કારમી રીતિએ નાશ કરવાની કારવાઇ છે. એ કારવાઇ તરફ પસંદગી દર્શાવવી એ પણ સમ્યક્ત્વને લાંછનરૂપ છે. સમ્યગદ્રષ્ટિ આત્મા, અવિરતિમોહના યોગે વિરતિધર ન બની શકે એ બનવા જોગ છે પણ અવિરતિ તરફ તેનું હૃદય ઢળે એ નહિ બનવા જોગ વસ્તુ છે. અવિરતિ તરફ સમ્યગ્દ્રષ્ટિ આત્માનો તિરસ્કાર જ હોય છે. અવિરતિથી ન છુટાય એનું એને કારમું દુઃખ હોય છે. અવિરતિમોહના પ્રતાપે અવિરતિ તરફ તેનાથી ઘસડાઇ જવાય એ જૂદી વસ્તુ છે પણ એ દશામાંય તેનું હૃદય તો સળગતું જ રહે છે કારણ કે- 'અવિરતિનું પરિણામ કારમું છે.' એ વાતને એ સારી રીતિએ સમજે છે.

**વિરસિ મંટેનેં ઉપતેશ :**

ઉપકારીઓ પણ અવિરતિથી બચાવવા માટે સામાન્ય ઉપદેશ આપતાં ફરમાવે છે કે-

"असद्वस्तुत्यागेऽपि विरत्यादिमहाफलम् । अन्यथा तु तत्तद्वस्त्वग्रहणेऽपि पशूनामिवाविरतत्वं तत्तन्नियमफलेन वञ्चयते। न हिं सकृद्भोज्यपि प्रत्याख्यानोच्चारं विनैकाशनादिफलं लभते । असम्भवद्वस्तुनोऽपि नियमग्रहणेन कदाचित्कथञ्चितद्योगेऽपि नियमबद्धस्तन्न गृहणात्यपीति व्यक्तं, नियमफलम् । यो यावदवधि यथा पालयितुं शक्नोति स तावदवधि तथा समुचित नियमानङ्गीकुर्यात्, नत्वनियमित एव क्षणमपि तिष्ठेत्, विरतेर्महाफलत्वादविरतेश्च वहुकर्मबन्धादिदोषात् ।"

પોતાની પાસે જે વસ્તુ ન હોય તેનો પણ ત્યાગ કરવાથી આત્માને વિરતિ આદિ મહાફ્લની પ્રાપ્તિ થાય છે અને ત્યાગ નહિ કરવાથી તો તે તે વસ્તુનું ગ્રહણ નહિ કરવા છતાં પણ પશુઓની માફક અવિરતિપણાની પ્રાપ્તિ થવા સાથે આત્મા, તે તે નિયમના ફ્લથી વંચિત થાય છે : એક વાર ભોજન એકાસણા આદિના ફ્લને નથી પામતો : જેની પ્રાપ્તિ પોતા માટે અસંભવિત છે એવી વસ્તુનો પણ નિયમ કરવાથી નિયમબધ્ધ આત્મા, કોઇ વખતે કોઇ પણ રીતિએ તે વસ્તુનો યોગ થઇ જવા છતાં પણ ત વસ્તુને નથી ગ્રહણ કરતો. આ પ્રમાણે નિયમનું ફ્લ પ્રકટ છે : આ હેતુથી જે આત્મા, જ્યાં સુધી જે રીતિએ નિયમોને પાળવા માટે શક્તિમાન્ હોય; તે આત્માએ, ત્યાં સુધી તે રીતિના યોગ્ય નિયમોને અંગીકાર કરવા જોઇએ; પણ અનિયમિત અવસ્થામાં તો આત્માએ એક ક્ષણ પણ ન રહેવું જોઇએ કારણ કે-વિરતિના પ્રતાપે મહાફ્લ થાય છે અને અવિરતિથી બહુ કર્મોનો બંધ એ આદિ અનેક દોષો થાય છે.

આ પ્રમાણે સામાન્ય કોટિના આત્માને પણ ઉપકારીઓ નિયમિત બનવાનો ઉપદેશ આપે છે કારણ કે-અવિરતિ એ મહાપાપ છે. સર્વવિરતિ અને અણુવ્રતાદિ દેશવિરતિ પણ જેનાથી ન બને તેણે પણ તદ્દન અનિયંત્રિત નહિ રહેતાં શક્તિ મુજબના નિયમો અવશ્ય કરવાજ જોઇએ એ આ ઉપદેશનું એદમ્પર્ય છે. અનિયન્ત્રિત જીવન એ મનુષ્યજીવનમાં પણ એક જાતિનું પશુજીવન છે. મનુષ્યભવ જેવા ઉત્તમ ભવને પામીને અનિયમિત અવસ્થામાં રહેવું એ આ જીવનનો દુરૂપયોગ કરવા જેવું છે. કલ્યાણના અર્થિએ પોતાના જીવનનો દુરૂપયોગ ન થાય એની ખાસ કાળજી રાખવી જોઇએ. આવા દુર્લભ જીવનનો સંપૂર્ણ સદુપયોગ ન કરી શકાય તો એનો આંશિક સદુપયોગ તો અવશ્ય કરવોજ જોઇએ. સમ્યક્ત્વ આદિના સ્વરૂપથી અપરિચિત એવા પરતીર્થિઓએ પણ પાપમાં પ્રવૃત્તિ નહિ કરવારૂપ 'અકરણનિયમ' કહ્યા છે અને એ પણ અયોગ્ય છે એમ નથી કારણ કે- 'એ પણ શુભ ભાવના યોગે પરિણામે લાભદાયી છે.'

**'અકરણનિયમ' નુા સ્વરૂપ :**

સમ્યક્ત્વ પામ્યા પછી પણ સર્વ અણુવ્રતો આદિનો સ્વીકાર નહિ કરી શકતા આત્માઓને અમૂક પાપને નહિ કરવારૂપ 'અકરણનિયમ' નો ઉપદેશ પ્રભુશાસનમાં પણ અપાય છે. એક મહાસતી પ્રવર્તિનીએ, પોતાની સખીઓ સાથે આવેલી એક રાજપુત્રીને સખીઓની સાથે સમ્યક્ત્વનું દાન કર્યા બાદ અકરણનિયમનો ઉપદેશ અને તેનું સ્વરૂપ દર્શાવતાં ફ્રમાવ્યું છે કે-

**"भणियं च जइ न सक्कह, सव्वाणुव्वयगुणव्वए धरिउं ।**
**तहवि परपुरिससंगे, अकरणनियमं दढं कुणह ।। १ ।।**
**पावं संय न कीरइ, विणियत्तिज्जइ परोवि पावाए ।**
**मइविहवा नयनिउणं, अकरणनियमस्सरुवमिणं ।। २ ।।"**

જો તમે સર્વ અણુવ્રતોને અને ગુણોવ્રતોને ધારણ કરવાને શક્તિમાન્ ન હો તો પણ તમે પરપુરૂષના

સંગને નહિ કરવાનો દ્રઢ નિયમ કરો : 'પોતે પાપને કરવું નહિ અને પોતાના મતિવિભવથી ન્યાયનિપુણતાનું રક્ષણ થાય એ રીતિએ બીજાને પણ પાપથી વિશેષ પ્રકારે પાછા ફેરવવા.' આ 'અકરણ નિયમ' નું સ્વરૂપ છે.

'અબ્રહ્મચર્યનું સેવન આદિ જે પાપો તે પાપોને નહિ કરવાનો પોતે નિયમ કરવો અને અન્ય પણ ભવ્ય આત્માઓ કે જેઓ એવી જાતિનાં પાપોમાં ઉત્સાહપૂર્વક પ્રવૃત્તિ કરતા હોય તેવા આત્માઓને તેવા પ્રકારનાં પાપોથી નિવૃત્તિ કરાવવી.' એ 'અકરણનિયમ' કહેવાય છે. અણુવ્રતો આદિ ગૃહીધર્મને નહિ સ્વીકારી શકતા આત્માઓએ પણ આવા પ્રકારના 'અકરણનિયમ' તો ઉપાસક બનવું જ જોઇએ. આવા પ્રકારના 'અકરણનિયમ' ના પ્રભાવ અને પરિણામ પણ કાંઇ સામાન્ય નથી.

**'અકરણનિયમ' નેં પ્રભંવ અને પરિણંમ :**

એજ મહાસતી પ્રવર્તિનીએ, સપરિવાર રાજપુત્રીને 'અકરણનિયમ'ને દ્રઢતાથી અંગીકાર કરવાનો ઉપદેશ આપ્યા બાદ એના પ્રભાવનો અને પરિણામનો ખ્યાલ આપતાં પણ ફરમાવ્યું છે કે-

**"इत्तो वित्थरइ जए विमला, आचंदसूरियं कित्तो ।**
**इत्तो कल्लाणवरं-परेण पाविज्जए मुत्ती ।। १ ।।**
**वट्टंति वसे तियसा, चिंतियमेत्ताइं सव्वकज्जाइं ।**
**संपज्जंति जियाणं, एत्तो एत्थेव जम्मम्मि ।। २ ।।"**

આ 'અકરણનિયમ' ના પ્રતાપે ચંદ્ર અને સૂર્યની હયાતિ રહે ત્યાં સુધી આ વિશ્વમાં વિમલ કીર્તિ વિસ્તાર પામે છે : પરિણામે એ 'અકરણનિયમ' ના પ્રતાપે કલ્યાણની પરમ્પરા દ્વારા મુક્તિ પ્રાપ્ત થાય છે - 'અકરણનિયમ' નો પ્રતાપ એવો છે કે-એના યોગે આજ જન્મમાં જીવોને દેવો વશમાં વર્તે છે અને સર્વ કાર્યો ચિંતવવા માત્રથી સફલ થાય છે : અર્થાત્ સર્વવિરતિ અને સર્વ અણુવ્રતો અને ગુણવ્રતો આદિના સ્વીકાર રૂપ દેશવિરતિનો સ્વીકાર તો દૂર રહો પણ 'અબ્રહ્મસેવાદિરૂપ જે પાપો તેને પણ નહિ કરવારૂપ અને અન્ય આત્માઓને પણ તેથી વિરામ પમાડવા જે 'અકરણનિયમ' તેના પ્રતાપે આ લોક પણ સુંદર બને છે, પરલોક પણ સુંદર બને છે અને પરિણામે શાશ્વત સુખના ધામરૂપ સિદ્ધિપદની પણ પ્રાપ્તિ થાય છે.'

**અધિકંરિનં ભેતે ભિન્નંસં :**

આ 'અકરણ નિયમ' ના સ્વીકારના પરિણામમાં અધિકારિના ભેદે અવશ્ય ભિન્નતા રહે છે કારણ કે-જે આત્માને ગ્રંથીભેદ થયેલો નથી હોતો તે આત્માનો 'અકરણ નિયમ' કાયમી નથી બનતો અને જેની મોહગ્રંથી ભેદાયેલી હોય છે તેનો 'અકરણ નિયમ' કાયમી બને છે. આ વસ્તુને સમજાવતાં શાસ્ત્રકારમહર્ષિ ફરમાવે છે કે-

"इह यथा कस्यचिन्नीरोगस्यापि दुर्भिक्षादिषु तथाविधभोजना भावात् शरीरकार्श्यमुत्पद्यते, अन्यस्य तु पूर्यमाणभोजनसंभवेडपि राजयक्ष्मनाम्नो रोगविशेषात् । तत्र प्रथमस्य समुचितभोजनला भेडविकल स्तदुपचयः स्यादेव । द्वितीयस्य तु तैस्तैरुपचयकारणैरुपचर्य माणस्यापि प्रतिदिनं हानिरेव । एवं सामान्यक्षयोपशमेन निवृत्तिमन्त्यपि कृतानि पापानि सामग्रीलाभात् पुनरपि समुज्जृम्मन्ते । विशिष्टक्षयोपशमवतस्तु, सम्पन्नराजयक्ष्मण इव शरीरं, तावत् पापं प्रतिभवं हीयते यावत् सर्वक्लेशविकलो मुक्तिलाभ इति ।"

આ સંસારમાં જેમ કોઇ રોગરહિતને પણ દુષ્કાલ આદિ પ્રસંગોમાં તેવા પ્રકારના ભોજનના અભાવથી શરીરનું દુર્બલપણું ઉત્પન્ન થાય છે અને કોઇને તો શરીરને પૂર્ણ કરનાર ભોજનની સામગ્રી હોવા છતાં પણ 'રાજ્યક્ષ્મ' નામના રોગવિશેષથી શરીરનું દુર્બલપણું થાય છે : એ બે પૈકીના પ્રથમને તો યોગ્ય ભોજનનો લાભ થતાં તેના શરીરની વૃદ્ધિ અવિકલપણે થાય જ પણ બીજાને એટલે 'રાજ્યક્ષ્મ' નામના રોગવિશેષથી પીડાતાને તો તે પ્રકારનાં વૃદ્ધિનાં કારણો દ્વારા સેવાવા છતાં પણ શરીરની હાનિ જ થાય : એ પ્રમાણે સામાન્ય ક્ષયોપશમદ્વારા નિવૃત્તિવાળાં પણ કરેલાં પાપો સામગ્રીના લાભથી ફરી પણ સારી રીતિથી વિકાસ પામે છે અને જેમ 'રાજ્યક્ષ્મા' રોગથી સંપન્ન માણસનું શરીર ક્ષીણ જ થાય છે તેમ વિશિષ્ટ પ્રકારના ક્ષયોપશમવાળા આત્માનું પાપ તો જ્યાં સુધી સર્વ પ્રકારના કલેશોથી રહિત મુક્તિનો લાભ થાય ત્યાંસુધી ભવે ભવે ક્ષીણ થાય છે.

**'દર્વવિરસિ' ગુણસ્થને વિશિષ્ટસં :**

અલ્પ ક્ષયોપશમવાળા આત્માને સામાન્ય લાભ આપતો અને જેની મોહગ્રંથી ભેદાય છે એવા આત્માને કાયમી સુંદર લાભ આપતો આ 'પાપાકરણનિયમ' અન્ય તીર્થિકોએ પણ પોતાનાં શાસ્ત્રોમાં ઉપદેશ્યો છે તે પણ શ્રી સર્વજ્ઞપરમાત્માના પ્રવચનનેજ આભારી છે કારણ કે- 'અકરણનિયમ' આદિને કહેનારાં વાક્યોનો ઉદય શ્રી જિનવચનરૂપ સાગરમાંથી જ થયેલો છે. આ 'પાપાકરણનિયમ'નો સંભવ દેશવિરતિ ગુણસ્થાનકે પણ છે જ અને-

**"सव्वविरइ गुणठाणे विसिठ्ठतरओ इमो होइ ।"**

"सर्वविरतिगुणस्थानके यावज्जीवं समस्तपापोपरमलक्षणे विशिष्टतरको देशविरत्यकरणनियमापेक्षयाऽकरणनियमो भवति"

જીંદગી પર્યંત સમસ્ત પાપોના ઉપરમરૂપ 'સર્વવિરતિ' નામના છઠ્ઠા ગુણસ્થાનકમાં, 'દેશવિરતિ' નામના પાંચમા ગુણસ્થાનકમાં જે 'અકરણનિયમ' હોય છે તેની અપેક્ષાએ અતિશય વિશિષ્ટ પ્રકારનો 'અકરણનિયમ' થાય છે.

આ સર્વ ઉપરથી એક જ વસ્તુ સિદ્ધ થાય છે કે- 'અનિયંત્રિત' એટલે કર્મબંધ માટે અનુકૂલ જીવનને નિયંત્રિત બનાવવા માટે શ્રી જૈનશાસને કડકાઇ કરવામાં કશી જ કમીના નથી રાખી. કોઇ પણ પાપની અને કર્મબંધના સામાન્ય પણ કારણની અવિરતિ જે શ્રી જૈનશાસને દુઃખકર માની છે તે શ્રી જૈનશાસન અવિરતિને ભયંકર બતાવે એમાં શું આશ્ચર્ય છે ? મિથ્યાત્વ એ જેમ આત્માનો અનાદિસિદ્ધ કારમો શત્રુ છે તેમ અવિરતિ પણ એવો જ શત્રુ છે એ ઉભયને અંગે આપણે સામાન્ય વિચારણા કરી આવ્યા.

અનુકૂળ પદાર્થોની ઇચ્છા પેદા કરાવે એનું નામ અવિરતિ કહેવાય છે.

મિથ્યાત્વની સાથે અવિરતિનો ઉદય રહેલો હોય તો તે અવિરતિના ઉદય કાળમાં જીવને અનંતાનુબંધિ અપ્રત્યાખ્યાનીય કષાયનો ઉદય હોય છે એ કષાય અપ્રશસ્ત રૂપે ઉદયમાં ચાલતો હોય તો પુણ્યના ઉદયથી જે કોઇ અનુકૂળ પદાર્થો મળેલા હોય તો એમાં આનંદ પેદા કરી કરીને રાગ વધારતો મમત્વ બુધ્ધિ વધારતો વધારતો જન્મ મરણની પરંપરા વધારતો જાય છે અને જો પ્રશસ્ત રૂપે અનંતાનુબંધિ અપ્રત્યાખ્યાનીય કષાયનો ઉદય ચાલતો હોય તો મિથ્યાત્વની મંદતાના કારણે દેવની ભક્તિ, સાધુની સેવા, સાધર્મિક ભક્તિ કરતો કરતો રાગાદિ પરિણામની મંદતા કરીને અનુકૂળ પદાર્થોનો રાગ અને

પ્રતિકૂળ પદાર્થોનો દ્વેષ દુઃખરૂપ છે. દુઃખનું ફ્લ આપનાર છે અને દુઃખની પરંપરા વધારનાર આજ છે એવી બુધ્ધિ સ્થિર કરતો જાય છે અને એનાથી જન્મ મરણની પરંપરાનો નાશ કરતો જાય છે.

ચોથા ગુણસ્થાનકે મિથ્યાત્વના ઉદય વગર અવિરતિનો ઉદય રહેલો હોય છે એ અવિરતિનો ઉદય સમ્યક્ત્વ સાથે રહેલો હોવાથી છોડવાલાયક પદાર્થોમાં છોડવાલાયકની બુધ્ધિ-ગ્રહણ કરવાલાયક પદાર્થોમાં ગ્રહણ કરવા લાયકની બુધ્ધિ સતત વિચારણા રૂપે ચાલુ રહેલી હોય છે અને અવિરતિના ઉદયથી સંસારની સઘળી પ્રવૃત્તિ કરતા ધર્મની નિંદા ન થઇ જાય અને ધર્મની પ્રભાવનામાં કેમ વિશેષ ઉપયોગી બને એ રીતે જીવતો હોય છે એટલે પ્રવૃત્તિ કરતો હોય છે. પણ અંતરમાં એ સંસારની પ્રવૃત્તિ કરવાલાયક છે એવી બુધ્ધિ હોતી નથી આથી જ એ જીવો શુભ પ્રકૃતિઓનો અનુબંધ રૂપે તીવ્રરસ બાંધે છે એટલે પુણ્યાનુબંધિ પુણ્ય બાંધે છે. બંધાતી અશુભ પ્રૃતિઓનો રસ મંદ બાંધે છે અને સત્તામાં રહેલો અશુભ કર્મોનો તીવ્રરસ મંદરસ રૂપે કરે છે.

અપ્રત્યાખ્યાનીય કષાયનો ઉદય ધ્રુવોદયીરૂપે હોવાથી ચોથા ગુણસ્થાનકે સતત ઉદય ચાલુ હોય છે. અનંતાનુબંધિ કષાયનો ઉદય પહેલા અને બીજા ગુણસ્થાનકે ધ્રુવોદય રૂપે સતત હોય છે. ત્રીજા અને ચોથા ગુણસ્થાનકે અપ્રત્યાખ્યાનીય કષાયનો ઉદય ધ્રુવોદય રૂપે સતત હોય છે જ્યારે અવિરતિનો ઉદય જીવોને એકથી પાંચ ગુણસ્થાનક સુધી સતત હોય છે. કારણ કે પાંચમા ગુણસ્થાનકે બાર પ્રકારની અવિરતિમાંથી અગ્યાર અવિરતિનું પચ્ચક્ખાણ હોતું નથી.

અનુકૂળ પદાર્થોને ગ્રહણ કરવા લાયક રૂપે મેળવવા, ભોગવવા, વધારવા, ટકાવવા, સાચવવા આદિ અંતરમાં બુધ્ધિ પેદા થતી જાય તેનાથી અવિરતિ રૂપે કર્મબંધ જીવોને થાય છે. અવિરતિ જીવોના વખાણ કરવાથી અવિરતિ કર્મ બંધાય છે. પુણ્યના ઉદયથી જે જીવોને ખાવા, પીવા, પહેરવા, ઓઢવા, રહેવા આદિની સામગ્રી સારી મળેલી હોય તેના વખાણ કરવાથી પણ અવિરતિ કર્મ બંધાય છે. અવિરતિનો બંધ એટલે ચારિત્ર મોહનીય કર્મનો બંધ કહેવાય છે. એવી જ રીતે પ્રતિકૂળતાઓમાં દીન થઇને એટલે સમતાભાવ રાખ્યા વિના ભોગવવામાં આવે તેનાથી પણ જીવોને ચારિત્ર મોહનીય કર્મ બંધાયા કરે છે.

સાધુઓની નિંદા કરવાથી, ધર્મી જીવોને ધર્મકાર્યમાં અંતરાય કરવાથી અને પોતાના આત્મામાં અને બીજાના આત્મામાં કષાય અને નોકષાય મોહનીય કર્મ પેદા કરવાથી ઉત્તેજિત કરવાથી-જીવને ચારિત્ર મોહનીય કર્મ બંધાય છે.

ચારિત્ર મોહનીય કર્મ બાંધતા બાંધતા અનુકૂળ પદાર્થોને વિષે દુઃખરૂપ આદિની બુધ્ધિ ન હોય અને છોડવા લાયકની બુધ્ધિ ન હોય તો સાથે દર્શન મોહનીય કર્મ એટલે મિથ્યાત્વ મોહનીય કર્મ પણ બંધાય છે.

**પ્રમંતની વ્યુત્પર્ત્િઃ**

'પ્રમાદ' ની વ્યુત્પત્તિ કરતાં ઉપકારીઓ ફરમાવે છે કે-

**"प्रकर्षेण माद्यन्त्यनेनेति प्रमादः"**

અર્થાત્

'જેના યોગે પ્રાણીઓ પ્રકૃષ્ટપણે મદને પામે છે તેનું નામ પ્રમાદ.'

'પ્રાણીઓને ખુબ ખુબ મદ કરાવનાર જો કોઇ હોય તો તે પ્રમાદ છે. એ વાત આ પ્રમાદની વ્યુત્પત્તિથી સ્પષ્ટ થાય છે. પ્રમાદ એ આત્માને ઉત્તમમાં ઉત્તમ વસ્તુની આરાધનાથી વંચિત રાખનાર છે.'

**પ્રમંતનુા સ્વરૂપ અને પ્રકંર :**

પ્રાણીઓને ખુબ ખુબ મદ કરાવનાર પ્રમાદનું સ્વરૂપ અને તેના પ્રકાર વર્ણવતાં પણ પરમોપકારી પરમર્ષિઓ પ્રરૂપે છે કે-

"प्रचुरकर्मेन्धनप्रभवनिरन्तराविघ्मातशारीरमानसानेकदुःख हुतवहज्वालाकलापपरीतमशेषमेव संसारवासगृहं पश्यंस्तन्मध्य वर्त्यपि सति च तन्निर्गमनोपाये वीतरागप्रणीतधर्मचिन्तामणौ यतो विचित्रकर्म्मोदयसाचिव्यजनितात्परिणामविशेपादपश्यन्निव तदुभयमविगणय्य विशिष्टपरलोकक्रियाविमुख एवाऽऽस्ते जीवः स खलु प्रमादः । तस्य च प्रमादस्य ये हेतवो मद्याऽऽदयस्तेऽपि प्रमादाः । तत्कारणत्वात् । उक्तं च-"

**"मज्जं विसयकसाया, निदा विगहा य पंचमी भणिया ।**

**एए पंच पमाया, जीवं पाडेंति संसारे ।। १ ।।"**

સઘળાય સંસારરૂપ વાસગૃહને, પુષ્કળ કર્મોરૂપી ઇંધનોથી ઉત્પન્ન થયેલ અને નિરંતર પવનથી ફુંકેલ અને શારીરિક અને માનસિક દુઃખોરૂપી અગ્નિની જ્વાળાઓના સમૂહથી ચારે બાજુ ઘેરાયેલ તરીકે જોતો તથા એ રીતિએ ચારે બાજુથી સળગતા સંસારરૂપ વાસગૃહની મધ્યમાં રહેનારો હોવા છતાં પણ અને તેમાંથી નીકળવાના ઉપાય રૂપ શ્રી વીતરાગપરમાત્માએ પ્રરૂપેલ ધર્મરૂપ ચિંતામણી, તેની હયાતિ હોવા છતાં; વિચિત્ર પ્રકારના કર્મોદયની દીવાનગીરીથી ઉત્પન્ન થયેલ જે પરિણામ વિશેષ તેનાથી ન જોતો હોય તેમ તે ઉભયને અવગણીને વિશિષ્ટ પ્રકારની પરલોકની ક્રિયાથી વિમુખજ રહે છે, તે પરિણામ વિશેષ ખરેખર પ્રમાદ છે : અને હે પ્રમાદના મદ્ય આદિ જે હેતુઓ તે પણ પ્રમાદના કારણ હોવાથી પ્રમાદ કહેવાય છે : કહેલું છે કે-

મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને પાંચમી વિકથા કહેલી છે : આ પાંચે પ્રકારના પ્રમાદો જીવને સંસારમાં પાડે છે.

અર્થાત્

આત્માને જાણવા છતાં પણ પરલોકની ક્રિયાથી વિમુખ રાખનાર કોઇ પણ કારમો દુશ્મન હોય તો પ્રમાદ છે : પ્રમાદ એ કર્મોદયજન્ય પરિણામ વિશેષ છે : એ પરિણામના યોગે આત્મા દેખતો હોવા છતાં અંધ બની જાય છે : પ્રભુપ્રણીત ધર્મચિંતામણિની, જાણવા છતાંપણ અવગણના કરાવનાર પ્રમાદ છે. 'અનેક પ્રકારનાં કાયિક અને માનસિક દુઃખો રૂપ જે અગ્નિ, તે પ્રચુર કર્મરૂપ ઇંધનાથી ઉત્પન્ન થયેલ છે અને અવિરતપણે મોહરૂપ પવનથી ફુંકાતો હોવાથી તેની જ્વાલાઓનો સમૂહ સંસારરૂપ વાસઘરની ચારે બાજુએ ફરી વળેલો છે : એ કારણે ચારેય બાજુથી આખુંય સંસારરૂપ વાસઘર સદાને માટે સળગતું છે એ કારમા અગ્નિની કારમી જ્વાળાઓથી સળગતા સંસારરૂપ વાસઘરને જોવા છતાં પણ તેનાથી આત્માને બેદરકાર રાખી એમાં ફસાવી રાખનારો પ્રમાદ છે : એ પ્રમાદનોજ એ પ્રતાપ છે કે- 'સળગતા સંસારરૂપ વાસઘરની મધ્યમાં રહેતો આત્મા, મદાન્વિત થયો થકો પોતે જેની મધ્યમાં વસે છે તેને સળગતું જોવા છતાં પણ નચિંત રહે છે અને તેમાંથી નીકળવાનો ઉપાય વિદ્યમાન છતાં તેનાથી પણ વિમુખ રહે છે.' 'સંસારરૂપ વાસઘર સળગતું છે એટલે તેમાં રહેવાથી સળગ્યા કરવા શિવાય બીજું કોઇજ શુભ પરિણામ આવનાર નથી.' અને 'એ સળગતા વાસઘરથી બહાર કાઢી શાશ્વત શાંતિને આપનાર શ્રી વીતરાગ પરમાત્માએ પ્રરૂપેલ ધર્મરૂપ ચિંતામણિ મોજુદ છે.' એમ જાણે પણ આત્માને એ સળગતા સંસારરૂપ વાસઘરમાંથી નીકળતાં અટકાવીને શાશ્વત શાંતિ આપનાર શ્રી વીતરાગ પરમાત્માએ કહેલ ધર્મરૂપચિંતામણિની ઉપાસના નહિ કરનાર કોઇ

પણ અનાર્ય શત્રુ હોય તો તે પ્રમાદ છે : એ હેતુભૂત પ્રમાદો પાંચ પ્રકારના છે-

**(૧) મદ્ય** :- આત્માને નશો ચઢાવનારી વસ્તુઓનું સેવન કરવું આ 'મદ્ય' નામના પ્રમાદમાં સમાય છે. સંસારથી છુટીને મોક્ષસુખની અભિલાષા રાખનારે, એવી વસ્તુઓના સેવનથી અવશ્ય બચવું જોઇએ. મદીરા આદિ મદ કરનારી વસ્તુઓનું સેવન સુજ્ઞ આત્માને પણ પાગલ બનાવે છે. એના પનારે પડેલા આત્માઓ વિવેક રહિત બનીને નહિ બોલવાનું બોલે છે અને નહિ આચરવાનું આચરે છે. આ વસ્તુને જાણવા છતાં પણ એવી વસ્તુઓને આધીન બનેલા આત્માઓ, એ કારમી વસ્તુઓનો ત્યાગ નથી કરી શકતા છતાં પણ કલ્યાણના કામી આત્માઓએ, બલાત્કારે પણ એવી વસ્તુઓના પાશથી અવશ્ય છુટવુંજ જોઇએ.

**(૨) વિષય** :- 'શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ' આ પાંચ, પાંચ ઇંદ્રિયોના વિષયો છે. આ વિષયો પૈકીના મનોહર ઉપર રાગ અને અમનોહર ઉપર દ્વેષ એનું નામ પ્રમાદ છે. મનોહર શબ્દાદિ વિષયો ઉપર રાગ અને અમનોહર શબ્દાદિ વિષયો ઉપર દ્વેષ કરનારા આત્માઓ પ્રમાદી ગણાય છે. આ પ્રમાદના પ્રતાપે આત્માઓ જીવનની સફળતા સાધવામાં નિષ્ફળ જાય છે. વિષયો પ્રત્યેની લાલસા એ કારમી છે. કાયર પુરૂષોથી એનો વિજય થવો અશક્ય છે.

**(૩) કષાય** :- ક્રોધ, માન, માયા અને લોભરૂપ કષાય એ આત્માનો કારમો શત્રુ છે. આ કષાયરૂપ પ્રમાદને આધીન થયેલા આત્માઓ, આત્માના સ્વભાવરૂપ ગુણોના અનુભવથી વંચિત રહે છે. આ કષાયનું વર્ણન આપણે પ્રમાદનું વર્ણન કરવા પછી કરવું છે એટલે આ સ્થળે આટલુંજ બસ છે.

**(૪) નિદ્રા** :- આ પ્રમાદના પણ પાંચ પ્રકાર છે. નિદ્રા પણ આત્માના ભાવને ભૂલાવનારી છે. 'નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા અને સત્યાનર્દ્ધિ' આ નિદ્રાપ્રમાદના પાંચ પ્રકાર છે. નિદ્રાને વશ થયેલો આત્મા સહેલાઇથી જાગૃત થાય છે : નિદ્રાનિદ્રાને આધીન થયેલો આત્મા મુશીબતે જાગૃત થાય છે : પ્રચલાને આધીન થયેલો આત્મા બેઠે બેઠે પણ ઉંઘે છે : પ્રચલાપ્રચલાને આધીન થયેલો આત્મા ચાલતાં ચાલતાં પણ ઉંઘે છે અને સત્યાનર્દ્ધિ નિદ્રાને આધીન થયેલો આત્મા તો દિવસે ચિંતવેલ કાર્યને પણ ઉંઘમાંજ કરે છે. આ રીતિએ નિદ્રા પણ એક કારમો પ્રમાદ છે.

**(૫) વિકથા** :- આ પ્રમાદ, કારમી પાપપ્રવૃત્તિમાં જોડનારો છે. વિકથાઓ અનેક પ્રકારની છે. ચાર પ્રકારની પણ છે અને સાત પ્રકારની પણ છે. 'રાજકથા, સ્ત્રીકથા, દેશકથા અને ભક્તકથા' આ વિકથાના ચારે પ્રકાર અને તેની સાથે 'દર્શનભેદિની, ચારિત્રભેદિની અને કારૂણિકી' આ ત્રણ ભેળવવાથી સાત પ્રકારની છે. આ વિકથાઓનું તો આજે સામ્રાજ્ય વર્તે છે. ધર્મનો ખુબ હ્રાસ તો એનેજ આભારી છે. પ્રથમની ચાર કથાઓએ વિશ્વને પાગલ બનાવ્યું છે અને પાછળની ત્રણ કથાઓએ તો ધર્મિ સમાજને પણ હતપ્રહત કરી નાખ્યો છે. વિકથાઓનો પ્રચાર એ ધર્મના નાશનોજ પ્રચાર કરે છે. પ્રત્યેક કલ્યાણના અર્થિએ વિકથાઓથી બચવુંજ જોઇએ. વિકથાઓનો વિલાસ કારમો છે. વિકથાવશ આત્માઓ તત્ત્વવાદના નામથીજ ઉભગી જાય છે. એવાઓની આગળ તત્ત્વની વાતો કરનારા મહાપુરૂષો પણ ઉપહાસનું પાત્ર બને છે.

વળી છ પ્રકારનો પણ પ્રમાદ ફરમાવ્યો છે.-

"छव्विहे पमाए पण्णत्ते तं जहा-मज्जपमाए, णिद्दापमाए, विसयपमाए, कसायपमाए, जुयपमाए, पडिलेहणापमाए ।"

પ્રમાદ છ પ્રકારનો પ્રરૂપ્યો છે અને તે આ પ્રમાણે છે-એક મદ્ય પ્રમાદ, બીજો નિદ્રા પ્રમાદ, ત્રીજો

વિષય પ્રમાદ, ચોથો કષાય પ્રમાદ, પાંચમો દ્યુત પ્રમાદ અને છઠ્ઠો પડિલેહણા પ્રમાદ.

આમાંના ચાર પ્રકાર તો પ્રથમ પાંચમાં આવ્યા એજ છે અને બે પ્રકાર નવા છે. તેમાંનો એક ‘દ્યુત’ નામનો તો પ્રસિદ્ધ જ છે. દ્યુત પ્રમાદને આધીન થયેલાઓની કારમી દશા પ્રાયઃ સૌને પરિચિત છે. બાકી રહ્યો એક ‘પડિલેહણા પ્રમાદ’ આ પ્રમાદ અપરિચિત ગણાય. આ પ્રમાદના સ્વરૂપથી સાધુઓ અને નિરંતર સમાચારીના શ્રવણમાં રક્ત એવા શ્રાવકો પરિચિત હોઇ શકે પણ અન્ય નહિ, એ પ્રમાદને જ્ઞાનીઓ ‘દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ’ આ ચાર પ્રકારે વર્ણવે છે કારણ કે- ‘પડિલેહણા’ ચાર પ્રકારની છે એટલે એને લગતો પ્રમાદ પણ ચાર પ્રકારનો છે.

ચાર પ્રકારની પડિલેહણામાં-

(૧) દ્રવ્યથી પડિલેહણા તેને કહેવાય છે કે-વસ્ત્ર અને પાત્ર આદિ ઉપકરણો તથા આશન, પાન આદિ આહારોને ચક્ષુથી બરાબર જોયા પછી ઉપયોગમાં લેવા.

(૨) ક્ષેત્રપડિલેહણા તેને કહેવાય છે કે- ‘કાયોત્સર્ગ કરવાનું સ્થાન, બેસવાનું સ્થાન અને સુવાનું સ્થાન તથા સ્થંડિલનો માર્ગ અને વિહારના ક્ષેત્રસ્થાનનું બરાબર નિરીક્ષણ કરવું.’

(૩) કાલપડિલેહણા તેને કહેવાય છે કે- ‘મેં કરણીય શું કર્યું અથવા મારે કરણીય કરવાનું શું બાકી છે અને એવો કયો કરણીય તપ છે કે જેને હું નથી કરતો ?’ આવા વિચારોમાં રક્ત રહેવારૂપ ધર્મ જાગરિકા આદિ કરવી.

(૪) ભાવપડિલેહણા તેને કહેવાય છે કે- ‘પૂર્વાપરરાત્રકાલે એટલે પહેલા અને છેલ્લા પ્રહરે શુદ્ધ ચિંત્વનમાં રહેવું.’ આ ચારે પ્રકારની પડિલેહણામાં શિથિલતા અને આજ્ઞાનો અતિક્રમ એનું નામ પડિલેહણા પ્રમાદ કહેવાય છે. વળી પ્રમાદને આઠ પ્રકારે પણ વર્ણવ્યો છે.

**“पमाओ य मुर्णिदेहिं, भणिओ अट्ठभेयओ ।**
**अन्नाणं संसओ चेव, मिच्छानाणं तहेव य ।। १ ।।**
**रागो दोसो सइब्भंसो, धम्मम्मि य अणायरो ।**
**ओगाणं दुप्पणीहाणं, अट्ठहा वज्जियव्वओ ।। २ ।।”**

જેના પ્રતાપે આત્મા મોક્ષમાર્ગ પ્રત્યે શિથિલ ઉધમવાળો થાય તેનું નામ પ્રમાદ કહેવાય છે અને એ પ્રમાદ શ્રી તીર્થંકર મહારાજાઓએ આઠ પ્રકારનો કહ્યો છે.

૧- ‘અજ્ઞાન’ એટલે મૂઢતા.

૨- ‘સંશય’ એટલે ‘શું આ વસ્તુ આ પ્રમાણે હશે કે અન્યથા’ આવા પ્રકારનો સંદેહ.

૩- ‘મિથ્યાજ્ઞાન’ એટલે વસ્તુ જે સ્વરૂપે હોય તે સ્વરૂપે નહિ સ્વીકારતાં ઉલટા સ્વરૂપે સ્વીકારવી તે.

૪- ‘રાગ’ એટલે આત્મા, આત્માના ગુણો અને તેની ખીલવટનાં સાધનો શિવાયના જે જે પદાર્થો તેના ઉપર મમત્વભર્યો અત્યંત પ્રેમ.

૫- ‘દ્વેષ’ એટલે ‘અપ્રીતિ’

૬- ‘સ્મૃતિભ્રંશ’ એટલે ‘વિસ્મરણશીલતા’

૭- ‘ધર્મમાં અનાદર’ એટલે ‘શ્રી અરિહંત પરમાત્માઓએ અર્પણ કરેલ ધર્મની આરાધનામાં ઉધમ ન કરવો તે.’

૮- ‘યોગોનું દુષ્પ્રણિધાન’ એટલે ‘મન, વચન અને કાયા’ આ ત્રણે યોગોની દુષ્ટતા કરવી.

આ આઠ પ્રકારનો પ્રમાદ કર્મબંધનો હેતુ હોવાથી વર્જવા યોગ્ય છે.

**પ્રમંતનુા ફલ :**

આત્માને મોક્ષમાર્ગની આરાધનામાં અધમહીન બનાવનાર પ્રમાદનું ફ્લ પણ ભયંકર છે. પ્રમાદ આ આત્માના શ્રેયમાં કેવો અને કેટલો વિઘ્નકર છે એ વસ્તુ અવશ્ય કલ્યાણના અર્થિઓએ વિચારવા જેવી છે. પ્રમાદ એ કેવો કારમો શત્રુ છે અને એના માટે એકાંતે પરોપકારમાંજ પરાયણ એવા પરમર્ષિઓ શું શું ફરમાવે છે એ આપણે જોઇએ. પ્રમાદના દારૂણ વિપાકનું પ્રતિપાદન કરતાં પરમોપકારી પરમર્ષિઓ ફરમાવે છે કે-

**"श्रेयो विषमुपभोक्तुं, क्षमं भवेत् क्रीडितुं हुताशेन ।**
**संसारबन्धनगतै-र्न तु प्रमादः क्षमः कर्तुम् ।। १ ।।**
**अस्यामेव हि जातौ, नरमुपहन्याद्विषं हुताशो वा ।**
**आसेवितः प्रमादो, हन्याजन्मान्तरशतानि ।। २ ।।**
**यन्न प्रयान्ति पुरुषाः, स्वर्गं यश्च प्रयान्ति विनिपातम् ।**
**तत्र निमित्तमनार्यः, प्रमाद इति निश्चितमिदं मे ।। ३ ।।**
**संसारबन्धनगतो, जातिजरामरणव्याधिदुःखार्तः ।**
**यन्नोद्विजते सत्वः, सोऽप्यपराधः प्रमादस्य ।। ४ ।।**
**आज्ञाप्यते यदवश-स्तुल्योदरपाणिपादवदनेन ।**
**कर्म्म च करोति बहुविध-मेतदपि फलं प्रमादस्य ।। ५ ।।**
**इह हि प्रमत्तमनसः, सोन्मादवदनि भृतेन्द्रियाश्चपलाः ।**
**यत्कृत्यं तदकृत्वा, सततमकार्येष्वभिपतन्ति ।। ६ ।।**
**तेषामभिपतिताना-मुद्भ्रान्तानां प्रमत्तहृदयानाम् ।**
**वर्द्धन्त एव दोषाः, वनतरवश्चाम्वुसेकेन ।। ७ ।।"**

વિષનો ઉપભોગ કરવો એ કલ્યાણકર છે અને અગ્નિ સાથે ક્રીડા કરવી એ હિતકર છે પણ સંસારના બંધનમાં પડેલા પ્રાણીઓએ પ્રમાદ કરવો એ હિતકર નથી : કારણ કે વિષ અને અગ્નિ મનુષ્યને આજ જાતિમાં મારે છે ત્યારે આ સેવન કરાયેલો પ્રમાદ આ જન્મને હણવા સાથે સેંકડો જન્મોને હણે છે : 'પુરૂષો જે સ્વર્ગમાં નથી જતા અને વિનિપાતને પામે છે તેમાં નિમિત્ત અનાર્ય એવો પ્રમાદ છે.' આ મને નિશ્ચિત છે : સંસારના બંધનમાં પડેલો અને જન્મ, જરા, મરણ તથા વ્યાધિરૂપ દુઃખોથી પીડિત એવો પણ આત્મા, જે સંસારથી ઉદ્વેગ નથી પામતો તે પણ પ્રમાદનો અપરાધ છે : ઉદર, હાથ, પગ અને મુખથી તુલ્ય એવા પણ માણસ દ્વારા જે પરાધીન મનુષ્ય આજ્ઞા કરાય છે અને બહુ પ્રકારના કર્મને કરે છે એ પણ પ્રમાદનું ફ્લ છે : કારણ કે આ સંસારમાં પ્રમત્ત મનવાળા આત્માઓ, ઉન્માદયુક્ત મનુષ્યોની માફક ઇંદ્રિયોને કાબુમાં રાખનારા નથી હોતા અને ચંચલ હોય છે એજ કારણે તેવા આત્માઓ જે કૃત્ય હોય છે તેને નહિ કરીને નિરંતર અકાર્યોમાંજ પડે છે : પાણીના સિંચવાથી જેમ વનવૃક્ષો વધે છે તેમ અકાર્યોની આચરણામાં પડેલા એજ કારણે ઉદ્ભ્રાન્ત બનેલા અને ઉન્મત્ત હૃદયવાળા બનેલા તે પ્રમાદી આત્માઆની અંદર પ્રમાદના પ્રતાપે દોષો વધેજ છે.

આ ઉપરથી સમજાશે કે-પ્રમાદ એ કારમો શત્રુ છે. અવસર આવી પડે તો પ્રાણીઓએ વિષ ખાવું એ

સારૂં છે, અગ્નિમાં પડીને બળી મરવું એ સારૂં છે પણ પ્રમાદ કરવો એ સારૂં નથી કારણ કે-વિષ અને અગ્નિ એકજ જન્મમાં મરણ આપે છે જ્યારે પ્રમાદ એ અનેક જન્મોમાં મારે છે. પુરૂષાતન ધરાવનારા પણ પુરૂષો સ્વર્ગમાં નથી જતા અને સન્માર્ગથી પતન પામે છે તેમાં નિમિત્ત તરીકે એક અનાર્ય પ્રમાદ છે. સંસારના બંધનમાં ફસાયેલો અને જન્મ, જરા, મરણ તથા વ્યાધિ આદિ અનેક પ્રકારનાં દુઃખોથી પીડાતો હોવા છતાં પણ આત્મા, આ અસાર અને દુઃખમય સંસારથી ઉદ્વેગ નથી પામતો એ અપરાધ પણ એક પ્રમાદનો છે. મનુષ્યપણાથી સમાન હોવા છતાં પણ એક મનુષ્યને, એક મનુષ્યની આજ્ઞાને તાબે થવું પડે છે અને અનેક પ્રકારનાં કર્મો કરવાં પડે છે એ ફલ પણ પ્રમાદ શિવાય અન્યનું નથી. પ્રમાદને વશ પડેલા આત્માઓ, ઉન્માદી આત્માઓની માફક ઇંદ્રિયોને આધીન કરીજ નથી શકતા એટલુંજ નહિ પણ ઉલ્ટા તેઓ જ ઇંદ્રિયોને આધીન થાય છે અને ઇંદ્રિયોની આધીનતાના પ્રતાપે ચંચલ હૃદયના બને છે; એના પ્રતાપે તે આત્માઓ જે કરવા યોગ્ય હોય છે તે કરી નથી શકતા અને અકાર્યો કરવામાં જ રક્ત બને છે. અકાર્યોમાં પડેલા તે આત્માઓ ઉદ્‌ભ્રાન્ત બને છે અને ઉદ્‌ભ્રાન્ત બનેલા તે પ્રમત્ત હૃદયના સ્વામિઓમાં નિયમથી દોષોની વૃદ્ધિજ થાય છે. પાણીના સિંચનથી જેમ વનવૃક્ષો વધે તેમ પ્રમત્ત હૃદયના ધણીઓમાં પ્રમાદના પ્રતાપે દોષોની વૃદ્ધિજ થાય છે.

**પ્રમંતીને ઉપહંર :**

આજ હેતુથી વિશ્વના પ્રાણીઓ ઉપર એક ઉપકાર કરવાના જ ઇરાદાથી ઉપકારીઓ, પ્રમાદી આત્માને ચાનક લાગે અને અપ્રમાદના અર્થિઓને પ્રોત્સાહન મળે એ રીતનો પ્રમાદીને ઉપદેશરૂપે ઉપહાર આપતાં ફરમાવે છે કે-

**"तं तह दुल्लहलंभं, विज्जुलयाचंचलं मणुस्सत्तं ।**
**लद्धूण जो पमायइ, सो कापुरिसो न सप्पुरिसो ।। १ ।।"**

તે તે પ્રકારે દુર્લભ છે પ્રાપ્તિ જેની એવા અને વિજળીની લતાની માફક ચંચળ એવા મનુષ્યપણાને પામીને જે પ્રમાદને કરે છે તે સત્પુરૂષ નથી પણ કાપુરૂષ છે.

ખરેખર દશ દશ દ્રષ્ટાંતે દુર્લભ એવા મનુષ્યપણાને પામીને પણ જેઓ પ્રમાદને પરવશ બને છે તેઓ સત્પુરૂષોની કક્ષામાં નથી આવી શકતા પણ કાયર પુરૂષોનીજ કક્ષામાંજ આવી શકે છે એમાં કોઇ જાતિની શંકા નથી. પ્રમાદી આત્માઓને આવા પ્રકારનો ઉપહાર આપવામાં તે આત્માઓને ચાનક લગાડવાનો અને વસ્તુને વસ્તુસ્વરૂપે વર્ણવવાનો તથા ઉત્તમ આત્માઓને પ્રમાદના પાશમાં પડતાં બચાવી લેવાનોજ એક ઇરાદો છે : પ્રમાદી આત્માઓએ ચાનક લગાડવાની કારવાઇ કરવા પૂર્વક વસ્તુને વસ્તુસ્વરૂપે પ્રકટ કરી ઉત્તમ આત્માને જાગૃત બનાવવાનું કાર્ય ઉપકારીઓ ન કરે તો અન્ય કરે પણ કોણ ? નિઃસ્પૃહ ઉપકારીઓ શિવાય અન્ય કોઇજ આવા શબ્દોમાં કહી શકે તેમ નથી.

**પ્રમંતથી પ્રવજ્યંદંધકને વિશિષ્ટ અપંય :**

આ પ્રમાદ પ્રાણીમાત્રને હાનિ કરનારો છે પણ પ્રવજ્યાના સાધકે એનાથી ઘણાજ સાવધ રહેવાનું છે કારણ કે-પ્રવજ્યાધરને પ્રમાદના પ્રતાપે સાધના ફળતી નથી અને નવો અપાય ઉભો થાય છે. એજ વસ્તુનું પ્રતિપાદન કરતાં પરમર્ષિઓ ફરમાવે છે કે-

**"पवज्जं विज्जं पिव, साहंतो जो होइ पमाइल्ला ।**

**तस्स न सिज्जइ एसा, करेइ गरुयं च अवगारं ।। १ ।।"**

વિદ્યાની માફક દીક્ષાને સાધતો જે પ્રમાદી થાય છે તેને દીક્ષા સિદ્ધ નથી થતી અને ભારે અપકાર કરે છે.

જેમ વિદ્યા, પ્રમાદી વિદ્યાસાધકને સિદ્ધ નથી થતી અને ગ્રહસંક્રમ આદિ અનર્થને ઉત્પન્ન કરે છે તેમ શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલી દીક્ષાને આરાધનાની પ્રવૃત્તિમાં શિથિલ બનેલા આ આત્માને, શ્રી જિનેશ્વરદેવે પ્રરૂપેલી આ દીક્ષા સુગતિને પમાડનારી નથી થતી એટલુંજ નહિ પણ દુર્ગતિ અને દીર્ઘ કાલ સુધીના ભવભ્રમણરૂપ અપાયને ઉત્પન્ન કરનારી થાય છે.

**દુવિહિસનુ કર્સવ્ય :**

એજ હેતુથી ઉપકારીઓ, મુનિઓને સઘળોજ ક્રિયાઓમાં અપ્રમત્ત રહેવાનું ભાર પૂર્વક ફરમાવે છે. મુનિ માટે કોઇ પણ ક્રિયા એવી નથી કે-જે ક્રિયા અપ્રમત્તભાવ વિના ફળે. એજ કારણે મુનિને સઘળીજ ક્રિયાઓમાં અપ્રમત્ત રહેવાનું ફરમાવતાં મહાપુરૂષો ફરમાવે છે કે-

**"पडिलेहणाइ चिट्ठा, छक्कायविग्घाइणी पमत्तस्स ।**
**भणिया सुयम्मि तम्हा, अपमाई सुविहिओ हुज्जा ।। १ ।।"**

સિદ્ધાંતમાં પ્રમાદી આત્માની પડિલેહણા આદિ ચેષ્ટા, છએ કાયની વિઘાતિની કહી છે તે કારણથી સુવિહિત મુનિએ સઘળીજ ક્રિયાઓમાં અપ્રમત્ત બનવું જોઇએ.

મુનિએ દરેકે દરેક ક્રિયા અપ્રમત્તપણે કરવી જોઇએ. પડિલેહણા; ગમનાગમન આદિ કોઇ પણ ક્રિયામાં અન્ય ક્રિયા કરનારો મુનિ ષટ્કાયનો રક્ષક બનવાને બદલે ઘાતક બને છે. કલ્યાણની કામના રાખનારા મુનિએ, જે જે ક્રિયામાં જે જે ક્રિયાઓ કરવાનો નિષેધ કર્યો છે તે તે ક્રિયાઓને તજવામાં અવશ્ય અપ્રમત્ત બનવું જોઇએ. શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલી કોઇ પણ ક્રિયામાં પોતાની મતિકલ્પનાથી પ્રવૃત્તિ કરવી એ પણ પ્રમાદ છે. જે જે કાલે જે જે ક્રિયા જે જે રીતિએ કરવાની જ્ઞાનીઓ ફરમાવે છે તે તે કાલે તે તે ક્રિયા તે તે રીતિએ જ કરવામાં રક્ત રહેવું એજ અપ્રમાદ છે. એવા પ્રકારનો અપ્રમાદ કરવામાં સુવિહિત મુનિએ સદાય સજ્જજ રહેવું જોઇએ. અનંતજ્ઞાનીઓએ ફરમાવેલા આ કર્તવ્યનું પાલન કરવામાં સહજ પણ ખામી આવવા દેવી એ પોતાના આત્માનું જ અશ્રેય કરવાની કારવાઇ છે.

**આસિમ ઉપતેશ :**

આ રીતિએ પ્રમાદ પ્રાણીમાત્રનું એકાંતે અહિત કરનાર છે. એજ કારણે ઉપકારીઓ પ્રમાદનો ત્યાગ અને અપ્રમાદમાં યત્ન કરવાનો ઉપદેશ જોરશોરથી આપે છે. પ્રમાદ ભયંકર હોવાથી તીર્થપતિના આત્માઓ પણ એ શત્રુથી સાવધ રહેતા. એજ કારણે પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવસ્વામિના એક હજાર વર્ષના છદ્મસ્થકાલમાં ભેળો કરવામાં આવતો પ્રમાદકાલ માત્ર એકજ અહોરાત્ર જેટલો થયો છે અને ચરમ તીર્થપતિ શ્રી વર્દ્ધમાનસ્વામિના સાડા બાર વરસ અને પંદર દિવસ જેટલા છદ્મસ્થકાલમાં ભેળો કરવામાં આવતો પ્રમાદકાલ માત્ર એક અંતર્મુહૂર્ત જેટલોજ થયો છે એ તારકો પણ પ્રમાદથી આટલા સાવધ રહે તો બીજાએ કેટલા રહેવું જોઇએ. એ ખુબ વિચારો. ઉપકારી મહાપુરૂષો પ્રમાદનું કારમું પરિણામ દર્શાવી એના પરિત્યાગનો અને અપ્રમત્ત બનવાને ઉપદશ આપતાં ફરમાવે છે કે-

**"जेसिं तु पमाएणं, गच्छइ कालो निरत्थओ धम्मे ।**

**ते संसारमणंतं, हिडंति पमायदोषेणं ।। १ ।।**
**तम्हा खलु प्पमायं, चइऊणं पंडिएण पुरुसेणं ।**
**दंसणनाणचरिते, कायव्वो अप्पमाओ उ ।। २ ।।"**

અર્થાત્ - જે આત્માઓનો ધર્મમાં કાલ પ્રમાદના યોગે નિરર્થક જાય છે તે આત્માઓ, પ્રમાદના દોષથી અનંતકાલ સુધી સંસારમાં ભ્રમણ કરે છે : તે કારણથી નિશ્ચયપૂર્વક પંડિત પુરૂષે, પ્રમાદને ત્યજીને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમાં અપ્રમાદ કરવો એજ યોગ્ય છે.

પ્રમાદને વશ પડેલા આત્માઓ પ્રમાદના યોગે પોતાનાં ધર્મકાર્યોને આરાધતા નથી પણ નારાજ કરે છે. પ્રમાદવશ આત્માઓ, ધર્મને આરાધવાના કાલમાં ધર્મને નથીજ આરાધી શકતા. એવું એક પણ ધર્માનુષ્ઠાન નથી કે જેની આરાધના પ્રમાદી આત્માઓ સારી રીતિએ કરી શકે, એજ કારણે ઉપકારીઓ ફરમાવે છે કે- 'પ્રમાદી આત્માઓ, પ્રમાદના પ્રતાપે ધર્મનાં ઉપયોગી કાલને ફોગટ ગુમાવે છે અને એજ હેતુથી પ્રમાદરૂપ દોષથી પ્રમાદવશ પડેલા પામરો અનંતકાલ સુધી આ અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે; તે કારણથી એવા કારમા પ્રમાદના દોષથી બચવા ઇચ્છતા પંડિત પુરૂષે, એ કારમા પ્રમાદનો પરિત્યાગ કરી રત્નત્રયીનો આરાધનામાં અપ્રમત્ત બનવું જોઇએ.' પ્રભુશાસનમાં તેજ પંડિતાઇ સાચી મનાય છે કે-જે વિષયાદિક પ્રમાદથી બચાવી આત્માને રત્નત્રયીની આરાધનામાં ઉજમાળ બનાવે છે. પ્રભુશાસનના પ્રેમીઓએ આવી પંડિતાઇ માટે જ પ્રબળ પ્રયત્નો કરવાની જરૂર છે. જેઓ આથી વિપરીત પંડિતાઇને પ્રચારે છે તેઓ જનતાના હિતનો સંહારજ કરે છે. જેઓ પોતાનું અને પરનું હિત કરવા ઇચ્છતા હોય તેઓએ પ્રમાદથી બચવું જ જોઇએ.

## (૩) રાગ મોહનીય નામના દોષનું વર્ણન

આત્માથી પર પદાર્થોને વિષે જીવને આકર્ષણ પેદા કરાવે અથવા રંગાવે એટલે કે શરીર-ધન અને કુટુંબ આ ત્રણ પદાર્થોથી જીવનો સંસાર ચાલે છે.

અનાદિ કાળથી આત્માની સાથે એક મેક થઇને રહેલો અભ્યંતર સંસાર રાગ-દ્વેષના પરિણામવાળો જીવને વિષે રહેલો છે. એ અભ્યંતર સંસારના પરિણામના કારણથી જીવનો બાહ્ય સંસાર જન્મ મરણ રૂપ પેદા થતો જાય છે એટલે કે અભ્યંતર સંસારના યોગથી જીવ જે જે પદાથોંને વિષે આકર્ષણ પામે છે અને બાહ્ય પુદ્ગલોને વિષે રંગાતો જાય છે. જેમ જેમ રંગ વૃધ્ધિ પામતો જાય છે તેમ બાહ્ય સંસાર પણ વધતો જાય છે.

અનાદિ કાળથી સૌથી પહેલું આકર્ષણ જીવોને પુદ્ગલોનો આહાર કરવાનું હોય છે માટે એ પુદ્ગલોમાં અનુકૂળ પુદ્ગલ આવે એટલે જીવ તરત જ એમાં આકર્ષણ પામીને રંગાતો જાય છે અને જેટલે અંશે જીવ એમાં ઓતપ્રોત થતો જાય તેમ તેમ રાગ નામનો દોષ સહજ રીતે વૃધ્ધિ પામતો જાય છે. રાગ નામનો દોષ લોભમાંથી પેદા થાય છે માટે જ્યાં સુધી જીવને લોભનો અંધાપો રહેલો હોય ત્યાં સુધી મિથ્યાત્વનો ઉદય રહેલો હોય છે જ્યારે પુરૂષાર્થ કરીને જીવ લોભના અંધાપાને ઓળખતો જાય તેમ તેમ મિથ્યાત્વ દૂર થતું જાય છે. સંપૂર્ણ અંધાપો દૂર થાય તો પણ જીવોને રાગનો ઉદય હોય છે પણ એ રાગ આત્માને નુકશાન કરનારો બનતો નથી અને જીવ એ રાગના સંયોગથી પ્રશસ્ત રૂપે ઉપયોગ કરતો રાગનો નાશ કરતો જાય છે એટલે કે પ્રશસ્ત રાગથી પુરૂષાર્થ કરતો કરતો સંપૂર્ણ રાગનો નાશ કરવાનું સામર્થ્ય પેદા કરતો જાય છે. જ્યાં સુધી સંપૂર્ણ રાગને નાશ કરવાનું સામર્થ્ય ન આવે ત્યાં સુધી એ રાગને

પ્રશસ્ત રૂપે બનાવીને એ અપ્રશસ્ત રાગથી સાવધ રહીને કર્મનો અલ્પ બંધ કરતો જાય છે અને જન્મમરણની પરંપરાનો નાશ કરતો જાય છે. જ્યાં સુધી પ્રશસ્ત રાગ કરવાનું સામર્થ્ય ન આવે ત્યાં સુધી અપ્રશસ્ત રાગના પુરૂષાર્થથી જન્મ મરણની પરંપરા રૂપ સંસાર વધારતો જાય છે.

રાગ મોહનીયનો ઉદય જીવોને એકથી દશ ગુણસ્થાનક સુધી હોય છે. અગ્યારમા ગુણસ્થાનકે રાગ મોહનીય કર્મ જીવોને ઉદયમાં દબાયેલું હોય છે એટલે ઉદય વિચ્છેદ રૂપે રહેલું હોય છે. એ અગ્યારમા ગુણસ્થાનકનો કાળ એક અંતર્મુહૂર્તનો હોય છે ત્યાં વીતરાગ દશાનો અનુભવ કરતો હોય છે. એ કાળ પૂર્ણ થાય એટલે જીવ પડીને પાછો દશમા ગુણસ્થાનકે આવે છે ત્યાં જીવને રાગમોહનીયનો ઉદય થતાં સંજ્વલન લોભનો ઉદય પેદા થાય છે અને પછી એ લોભનો ઉદય વધતા વધતા જીવ દશમા ગુણસ્થાનકથી નવમે ગુણસ્થાનકે, આઠમે ગુણસ્થાનકે, સાતમે ગુણસ્થાનકે, છઠ્ઠે ગુણસ્થાનકે આવે ત્યાંથી ચોથા ગુણસ્થાનકે આવે છે. જો ત્યાં ટકવાનો હોય તો ત્યાં રહે છે નહિતર બીજા ગુણસ્થાનકે થઇ પહેલા ગુણસ્થાનકે આવે છે ત્યાંથી નરક અને નિગોદનું આયુષ્ય બાંધીને નરક કે નિગોદમાં જીવ ફરવા જાય છે.

ઉપશમ શ્રેણિમાં રાગનો ઉપશમ કરતા કરતા અગ્યારમા ગુણસ્થાનકને પામેલો જીવ જો આઠ-નવ-દશ અને અગ્યાર આ ચાર ગુણસ્થાનકમાંથી કોઇપણ ગુણસ્થાનકમાં કાળ કરે તો જો પહેલા સંઘયણના ઉદયવાળો જીવ હોય તો નિયમા અનુત્તર વિમાનમાં જાય છે અને જો બીજા કે ત્રીજા સંઘયણના ઉદયવાળા જીવો હોય અને એ ગુણસ્થાનકોમાં કાળ કરે તો અનુત્તર વિમાન સિવાય બાકીના વૈમાનિક દેવલોકના કોઇપણ વિમાનમાં ઉત્પન્ન થઇ શકે છે કારણ કે અનુત્તરમાં નિયમા પહેલા સંઘયણના ઉદયવાળા જીવોજ જઇ શકે છે. બીજા નહિ.

જીવો પુરૂષાર્થ કરતા કરતા બીજા જીવો પ્રત્યે જેટલે અંશે રાગ મોહનીયની નિર્લેપતા કરતો જાય એટલે અંશે વાત્સલ્ય ગુણ પેદા થતો જાય છે એટલે જીવોને વાત્સલ્ય ગુણથી સંસારના વ્યવહારમાં સાચવતો હોય છે.

- ❖ ગુરૂની મરજી મુજબ જીવન જીવવું તે પ્રશસ્ત રાગ.
- ❖ રાગને દબાવીને જીવન જીવવાનું નથી પણ તેમાં નિર્લેપ થઇને રાગને સંયમીત કરીને જીવન જીવતા શીખવાનું છે.
- ❖ દેવ-ગુરૂ-ધર્મ અને સાધર્મિક પ્રત્યે જેટલો રાગ વધતો જશે (જાય) તેમ એટલો એટલો કુંટુંબ પ્રત્યે રાગ જરૂર ઘટતો જશે.
- ❖ રાગની યોનિ લોભ કહેલી છે.
- ❖ માથે ગુરૂ હોય તો સહન શક્તિ ખીલે છે.
- ❖ રાગ મોહનીયને પ્રશસ્ત બનાવવા માથે ગુરૂ-વડીલ જોઇએ.
- ❖ ધર્મની પ્રધાનતા રાખીને આહાર લે, શરીર ટકાવવા માટે આહાર લે. જેવું હોય તેવું ચાલે એવી વૃત્તિ હોય એને આહાર સંજ્ઞા નથી.
- ❖ શરીરની પ્રધાનતા રાખીને આહાર લે એને આહાર સંજ્ઞા છે.
- ❖ શરીરને અનુકૂળ જોઇએ અને પ્રતિકૂળ ન જ જોઇએ એવી ઇચ્છા એ આહાર સંજ્ઞા.
- ❖ શરીરને પુષ્ટ કરવાની ઇચ્છાનું નામ એ સંજ્ઞા.

પહેલા ગુણસ્થાનકે ભગવાનનું દર્શન કરતા કરતા અનુકૂળ પદાર્થો દુઃખરૂપ લાગે. પાપ ભીરૂતા ગુણ પેદા થતો જાય અને ભગવાને જે છોડ્યું છે તે છોડવા જેવું લાગે એટલે ભગવાન જેવા થવાનું મન થાય

એ પ્રશસ્ત રાગની શરૂઆત કહેવાય છે. એજ પ્રશસ્ત રાગ વધતો જાય તોજ અપ્રશસ્ત રાગ ધીમે ધીમે ઓછો થતાં થતાં નાશ પામતો જાય અને આત્મિક ગુણોનો વિકાસ થતો જાય છે. અને એ જ રાગથી આત્મા સંપૂર્ણ રાગનો નાશ કરી ભગવાન જેવો થઇ શકે છે. ભગવાનનું દર્શન, પૂજન, ચૈત્યવંદન, સ્તવન, એમનું નામસ્મરણ જીવોને અપ્રશસ્ત રાગ ઓળખાવી એનાથી છોડાવી પ્રશસ્ત રાગમાં જોડી અંતે પ્રશસ્ત રાગનો નાશ કરાવી પોતાના જેવો બનાવે છે એજ આ રાગ મોહનીયને જાણવા માટેનું પ્રત્યક્ષ ફળ કહેલું છે.

## (૪) દ્વેષ દોષ નામના દોષનું વર્ણન

જે જીવો આપણા પ્રત્યે જેવું વર્તન કરે એ વર્તન આપણને પસંદ ન પડે એવું વર્તન વારંવાર થવાથી અંતરમાં નારાજી થતાં થતાં એ જીવ પ્રત્યે દ્વેષ બુધ્ધિ પેદા થાય એટલે એ જીવ પ્રત્યે કોઇપણ પ્રકારનો વ્યવહાર કરવાનું મન ન થાય તે દ્વેષ કહેવાય છે.

એવી જ રીતે અચેતન પદાર્થ પ્રત્યે એટલે કે કોઇ પદાર્થ આપણને પ્રતિકૂળ લાગતો હોય એ પદાર્થ વારંવાર આંખ સામે આવતો હોય એનાથી અંતરમાં અરૂચિભાવ પેદા થતો જાય, નારાજી ભાવ પેદા થતો જાય અને વારંવાર આંખ સામે એ પદાર્થ આવે તો અંતરમાં દ્વેષ બુધ્ધિ પેદા થતાં થતાં દ્વેષ વધતો જાય તે દ્વેષ દોષ કહેવાય છે. જેમ અનુકૂળ પદાર્થો આંખ સામે આવ વારંવાર આવે તો એ પદાર્થોને મેળવવાની, જોવાની, ભોગવવાની, સાચવવાની વૃત્તિપેદા થતી જાય તે રાગ કહેવાય છે. એવી જ રીતે એ પદાર્થમાંથી કોઇ પદાર્થ પ્રત્યે અણગમો પેદા થઇ જાય અને વારંવાર આંખ સામે આવે તો અંતરમાં દ્વેષ બુધ્ધિ પેદા થતી જાય એ દ્વેષ કહેવાય છે. આથી જ્ઞાની ભગવંતો એ દ્વેષની યોનિ રાગ કહેલી છે અને રાગની યોનિ લોભ કહેલી છે.

અનાદિ કાળથી જગતને વિષે પરિભ્રમણ કરતા જીવો ને રાગ મોહનીયના ઉદયથી અનુકૂળ પદાર્થો મલે તો ભોગવવાની, વધારવાની, સાચવવાની, ટકાવવાની ન ચાલ્યા જાય એની કાળજી રાખવાની ઇચ્છાઓ પણ અનાદિકાળથી બેઠેલી હોય છે એવી જ રીતે અનુકૂળ પદાર્થોની પ્રતિપક્ષી પ્રતિકૂળ પદાર્થોનો સંયોગ ન થઇ જાય તેની સતત કાળજી રાખવાની વિચારણાઓ-પ્રતિકૂળ પદાર્થોનો સંયોગ થયેલો હોય તો તેનો વિયોગ કેમ જલ્દી થાય એની વિચારણાઓ અને જ્યાં સુધી વિયોગ ન થાય ત્યાં સુધી એ પદાર્થો પ્રત્યે અણગમો, નારાજી અને અંતરમાં ઉદ્વેગ ભાવ પેદા થતો રહે, સતત ચાલ્યા કરે એને જ્ઞાની ભગવંતોએ દ્વેષ ભાવ કહેલો છે એટલે કે એને દ્વેષનો પરિણામ કહેવાય છે.

આવા રાગ-દ્વેષના પરિણામ જીવના અંતરમાં અનાદિ કાળથી રહેલા છે એમાં લાભાંતરાય કર્મના ક્ષયોપશમ ભાવથી કોઇક કોઇકવાર અનુકૂળ પદાર્થો જીવને મલતા જાય અને મોટા ભાગના કાળમાં પ્રતિકૂળ પદાર્થોનો સંયોગ થતો જાય છે. અનુકૂળ પદાર્થોનો સંયોગ થવો તેને ઉપચારથી પુણ્ય કહેવાય છે અને પ્રતિકૂળ પદાર્થોનો સંયોગ થવો એને ઉપચારથી પાપ એટલે પાપનો ઉદય કહેવાય છે આથી પુણ્ય અને પાપના પદાર્થો લાભાંતરાયના ક્ષયોપશમ ભાવથી જીવોને પ્રાપ્ત થાય છે. એ પુદ્ગલોમાં અનુકૂળ અને પ્રતિકૂળ કરવું-એમાં રાગ અને દ્વેષના પરિણામ કર્યા કરવા એ મોહનીય કર્મ કહેવાય છે.

આથી એ નિશ્ચિત થાય છેકે જીવો મોક્ષગમનની યોગ્યતાવાળા હોય તે ભવ્ય રૂપે એક સરખા હોય છે છતાં પણ એ ભવ્યમાં ભવ્યત્વ રૂપે બધા ભિન્ન ભિન્ન સ્વરૂપે જાણવા. કેટલાક અનંતા જીવોનું તથા ભવ્યત્વ એવા પ્રકારનું હોય કે ઉત્તરોત્તર સુખનો કાળ પ્રાપ્ત કરતા કરતા સુખ ભોગવતા ભોગવતા મોક્ષ

માર્ગમાં દાખલ થઇ મોક્ષે જઇ શકે છે.

કેટલાક તથાભવ્યત્વવાળા જીવો એવા હોય છે કે જે જીવોની એવી કોઇ ભવિતવ્યતા અને ભારેકર્મીતાના કારણે દુઃખનાજ અનુબંધ પડ્યા કરે અને છેક છેવટના ભવ સુધી દુઃખ દુઃખ અને દુઃખ ભોગવતા ભોગવતા મોક્ષે જાય. જેમણે છેલ્લે ભવે પણ પાપના અનુબંધો નિકાચીત રૂપે ભોગવવાના બાકી હોય કે જેના પ્રતાપે તે છેલ્લા ભવમાં અનેક પ્રકારના પાપોનું આચરણ કરતા જાય, દુઃખ ભોગવતા જાય અને છેલ્લે ભવ્યત્વ પરિપાક થતાં પોતાના આત્માનું કલ્યાણ સાધી મોક્ષે પહોંચી જાય. જેમકે દ્રઢ પ્રહારી આદિ જીવોની જેમ એવા તથાભવ્યત્વવાળા અનંતા જીવો હોય છે. આથી જેમ જૈન શાસનમાં સુખ ભોગવતા ભોગવતા મોક્ષે જનારા અનંતા હોય છે તેમ હિંસાદિ કર્મોને કરતા કરતા દુઃખ ભોગવતા ભોગવતા મોક્ષે જનારા જીવો પણ અનંતા હોય છે.

દ્વેષ મોહનીયનો ઉદય એકથી નવ ગુણસ્થાનક સુધી હોય છે. ક્રોધ કષાયના ઉદયમાંથી આ દોષ પેદા થાય છે. ક્રોધ કષાયનો ઉદય એકથી નવ ગુણસ્થાનક સુધી હોય છે માટે ત્યાં સુધી હોય છે. દ્વેષના ઉદયથી ઇર્ષ્યા, અસૂયા, માયા આદિ અનેક પ્રકારના દોષો જીવોમાં પેદા થાય છે. આથી જ્ઞાની ભગવંતો કહે છે કે રાગ જેટલો ખતરનાક છે એટલો જ જીવને દ્વેષ ભયંકર રીતે નુક્શાન કરનારો છે આથી જેમ કોઇ પદાર્થ પ્રત્યે રાગ ન થઇ જાય એ રીતે જીવન જીવવાનું કહ્યું છે. એવી જ રીતે સચેતન કે અચેતન પદાર્થ પ્રત્યે દ્વેષ પેદા ન થઇ જાય એની કાળજી રાખીને જીવન જીવવાનું કહેલું છે. કારણ કે જીવ પ્રત્યે દ્વેષ બુધ્ધિથી વૈરાનુબંધ પેદા થઇ જાય તો સંખ્યાતા ભવોના અસંખ્યાતા ભવોના કે અનંતા ભવોના વૈરાનુબંધ પેદા થઇ શકે છે. એવી જ રીતે અચેતન પદાર્થો પ્રત્યે પણ જો દ્વેષ બ્ધ્ધિ પેદા થઇ જાય તો વૈરાનુબંધ સંખ્યાતા અસંખ્યાતા કે અનંતા ભવો સુધીના થઇ શકે છે.

સુખમાં કે દુઃખમાં કેવી રીતે જીવવું એ ભગવાનનું દર્શન શીખવે છે. રાગ દ્વેષને સંયમિત કરવા માટે ભગવાનનું દર્શન છે.

કોઇપણ રાગના પદાર્થો આવે તો રાગાદિ પ્રત્યે અભવ્ય જેવા બની જવાનું. ઉપરથી રાગ કરવા છતાં અંતરમાં એટલું સ્થિર રાખવાનું કે આ રાગ જ મારા આત્માની દુર્ગતિ કરાવશે.

અનુકૂળતાના રાગમાં વૈરાગ્ય રાખવો હજી સહેલો છે પણ પ્રતિકૂળતામાં સમાધિ રાખવી એ બહુ જ અઘરૂં છે.

## મોહનીય કર્મના પાંચથી દશ એમ છ દોષોનું વર્ણન

(૫) હાસ્ય, (૬) રતિ, (૭) અરતિ, (૮) શોક, (૯) ભય અને (૧૦) જુગુપ્સા મોહનીય કર્મ.

આ છ માંથી એક સાથે એક સમયે બંધ કરે તો ચારનોજ બંધ કરી શકે છે.

(૧) હાસ્ય-રતિ-ભય-જુગુપ્સા અથવા

(૨) અરતિ, શોક, ભય, જુગુપ્સા.

આ છ માંથી ઉદયમાં એક સાથે જીવોને એક સમયે ઉદય હોય તો બેનો અથવા ત્રણના અથવા ચારનો ઉદય હોઇ શકે છે.

બેનો ઉદય હોય તો.

(૧) હાસ્ય-રતિ અથવા અરતિ-શોક ત્રણનો ઉદય હોય તો.

(૧) હાસ્ય-રતિ-ભય અથવા હાસ્ય, રતિ, જુગુપ્સા.

(૨) અરતિ-શોક, ભય અથવા અરતિ, શોક, જુગુપ્સા એમ ચાર વિકલ્પો થાય છે.

ચારનો ઉદય હોય તો

(૧) હાસ્ય, રતિ, ભય, જુગુપ્સા.

(૨) અરતિ, શોક, ભય, જુગુપ્સા.

હાસ્ય-રતિ એ એક યુગલ કહેવાય છે.

અરતિ-શોક એ એક યુગલ કહેવાય છે.

આમ આ બે યુગલ કહેવાય છે.

આથી આ હાસ્યાદિ છ દોષોના ઉદયમાં આઠ વિકલ્પો થાય છે તેમાંથી કોઇને કોઇ વિકલ્પ સમયે સમયે ઉદયમાં હોય જ છે.

અરતિ. શાકનો બંધ એકથી છ ગુણસ્થાનક સુધી હાસ્ય-રતિની સાથે એક એક અંતર્મુહૂર્તે પરાવર્તમાન રૂપે હોય છે.

હાસ્ય-રતિનો બંધ એકથી છ ગુણસ્થાનક સુધી પરાવર્તમાન રૂપે હોય છે અને સાતમા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના સાતમા ભાગ સુધી સતત હોય છે.

ભય-જુગુપ્સા ધ્રુવબંધિ રૂપે બંધમા હોવાથી એકથી આઠમા ગુણસ્થાનકના સાતમા ભાગ સુધી સતત બંધમાં હોય છે.

સત્તામાં ધ્રુવ સત્તા રૂપે હોવાથી હાસ્યાદિ-૬ એ દોષો એકથી નવમા ગુણસ્થાનકના પાંચમા ભાગ સુધી હોય છે. ઉપશમ શ્રેણિ વાળા જીવોને એકથી અગ્યાર ગુણસ્થાનક સુધી સત્તામાં હોય છે.

સામાન્ય રીતે હાસ્યાદિ છ એને બાંધવા માટે ચાર કારણો કહેલા છે તેમાં બાહ્ય કારણો ત્રણ કહ્યા છે અને અભ્યંતર કારણ એક કહેલું છે.

બાહ્ય ત્રણ નિમિત્તો (૧) વચનથી એટલે બોલવાથી, (૨) જોવાથી એટલે દ્રષ્ટિથી અને (૩) સાંભળવાથી.

**(૧) વચનથી એટલે બોલવાથી** :- જ્ઞાની ભગવંતો કહે છે કે જીવે બોલવાનો ઉપયોગ એવો રાખવો જોઇએ કે જે પોતાના વચનોથી પોતાને કે બીજાને હાસ્યાદિ દોષો પેદા થવા જોઇએ નહિ. જે વચન સ્મિત વચન પૂર્વકનું હોય તો કોઇપણ જીવને હાસ્યાદિ પેદા થઇ શકે નહિ. આથી વચનો બોલવામાં ઉપયોગપૂર્વક બોલવાનો પ્રયત્ન કરવામાં આવે તો પાતાના અંતરમાં અથવા બીજાના અંતરમાં એ વચનોથી વૈરાગ્ય ભાવ પેદા થવો જોઇએ કે જેથી હાસ્યાદિ પેદા થતાં ભગવાન પ્રત્યે ભગવાનના સાધુ પ્રત્યે ભગવાને કહેલા વચનોના શબ્દો પ્રત્યે અથવા ભગવાને કહેલા અનુષ્ઠાનો પ્રત્યે હાસ્યાદિ પેદા થતાં જાય તોજ બહુમાન, આદરભાવ અંતરમાં વધતો જાય અને તોજ એ હાસ્યાદિ આત્મકલ્યાણમાં સહાયભૂત થતા જાય જે પોતાને અને બીજાને વૈરાગ્યભાવ પેદા કરાવીને પ્રશસ્ત રૂપે ઉપયોગી બની શકે જ્યારે આજે લગભગ વચનો મોટેભાગે પોતાનો સ્વાર્થ સાધવા માટે અને બીજાના પદાર્થો પોતાના બનાવવા-પડાવી લેવા માટે ઉપયોગી થતા હોય છે આથી એવા વચનો અપ્રશસ્ત રૂપે ગણાય છે. એવી ભાષા એવા શબ્દો પોતાના આત્માને માટે હિતમાં ઉપયોગી થતા ન હોવાથી નુક્શાન કારક ગણાય છે અને બીજા જીવોને માટે પણ હિત થવાને બદલે અહિતમાં ઉપયોગી થતા હોવાથી નુક્શાનકારક ગણાય છે એવા વચનો નિર્જરા કરાવવામાં સહાયભૂત થવાને બદલ હાસ્યાદિ દોષોનો બંધ કરવામાં, કરાવવામાં સહાયભૂત થાય છે અને તીવ્રરસે

બંધાય છે તથા તેની સાથે સાથે એટલે એ હાસ્યાદિની સાથે સાથે ચારિત્ર મોહનીય કર્મ પણ તીવ્રરસે બંધાય છે માટે જ્ઞાની ભગવંતોએ એવા વચનો બોલવાનો નિષેધ કરેલો છે.

**(૨) જોવાથી એટલે દ્રષ્ટિથી** :- જે પદાર્થોને જોતાં પોતાના આત્મામાં હાસ્યાદિ પેદા થાય એટલે કે પાંચ ઇન્દ્રિયોના અનુકૂળ વિષયોવાળા પદાર્થો જોવાથી હાસ્ય પેદા થાય, આનંદ પેદા થાય કેટલાક પ્રતિકૂળ પદાર્થોને જોતાં અરતિ પેદા થાય અંતરમાં શોક પેદા થાય, કેટલાક પદાર્થો એવા પ્રકારના હોય કે જે ભય પેદા કરે અને કેટલાક પદાર્થોને જોતાં મોઢું બગડે ચીચરી ચઢે એવા અનેક પ્રકારના પદાર્થો જગતમાં રહેલા આંખે ચઢે તો પણ એમાંથી કાંઇ પણ આત્મામાં વિકૃતિના વિચારો પોતાને પણ પેદા ન થવા જોઇએ અને બીજાને પણ પેદા થવા ન જોઇએ. એવી રીતે ગૃહસ્થો પોતાના ઘરમાં રાખે. જો એ પદાર્થો પોતાના ઘરમાં સુશોભિત રીતે રાખી બીજાને પણ હાસ્યાદિ પેદા કરાવવામાં નિમિત્ત ભૂત થાય તો તેનાથી રાખનારને પણ કર્મબંધ થાય, જોનારને પણ થાય અને બન્નેને ચારિત્ર મોહનીય કર્મ પણ બંધાયા કરે.

જેમકે - ગૃહસ્થના ઘરમાં આરિસો રાખવાનું વિધાન ખરૂં પણ તે ગુપ્ત પણે રાખવાનું વિધાન છે કારણ કે જાહેરમાં રહેલા આરિસાને જોતાં બહારથી આવનારા જેટલા એમાં પોતાનું મોઢું જૂએ, પોશાક જૂએ અને આનંદ પામે, રતિ પામે, હાસ્યાદિ ચેનચાળા કરે એ બધુ પાપ જાહેરમાં આરિસો રાખનારને તથા તેમાં જોનાર બન્નેને પાપ લાગ્યા જ કરે છે. આવી રીતે દરેક પદાર્થ માટે સમજવું. જો પોતાની શક્તિ મુજબ પોતે જે દેવ, ગુરૂ, ધર્મની આરાધના કરે છે એ આરાધનાની લોક નિંદા ન કરે પણ પ્રશંસા કરે એ હેતુથી એ પદાર્થોની ગોઠવણ કરીને ઘરનો શણગાર કરેલો હોય તો તેમાં થતાં હાસ્યાદિ પ્રશસ્ત રૂપે થતા હોવાથી સારા શુભ વિચારોને પેદા કરનાર શુભ-સારા વચનોના શબ્દો નીકળતા હોવાથી એનાથી શુભ કર્મનો બંધ વિશેષ થતો હોવાથી રાખવાનો નિષેધ કરેલો નથી. રાખી શકાય છે એ પણ શાસનપ્રભાવનાનું અંગ કહેલું છે.

**(૩) સાંભળવાથી** :- પોતાના વચનોનાં શબ્દો, બીજાને સાંભળવાથી અથવા બીજાના શબ્દો પોતે સાંભળવાથી એવા પ્રકારના શબ્દો હોવા જોઇએ કે જે શબ્દો આત્માના હિત માટે ઉપયોગી થાય. અહિતથી પાછા ફરવામાં અને હિતમાં આગળ વધવામાં સહાયભૂત થાય એવા શબ્દો, વાક્યો, વચનો સાંભળવા એ પ્રશસ્ત હાસ્યાદિને પેદા કરનાર હોવાથી ગુણની વૃધ્ધિમાં સહાયભૂત કહેલા છે પણ જો જે શબ્દો, વાક્યો, વચનો હિતને બદલે અહિતમાં ઉપયોગી થતા હોય તો તે શબ્દો આદિ અપ્રશસ્ત હાસ્યાદિના વૃધ્ધિમાં સહાયભૂત થતા હોવાથી સંસારની વૃધ્ધિનું કારણ કહેલું છે માટે એવા શબ્દો સાંભળવાનો નિષેધ કરેલો છે.

આથી વચન-દ્રષ્ટિ અને સાંભળવું આ ત્રણ હાસ્યાદિને પદા કરવાવાળા બાહ્ય કારણો કહેવાય છે.

આંતર કારણમાં એક સ્મરણ કરવાથી એટલે ભૂતકાળમાં કોઇ કોઇ પ્રસંગે હાસ્યાદિ પેદા થયેલા હોય તે પ્રસંગોને સ્મરણથી એકલા બેઠા હોય ત્યારે અથવા અનેકની સાથે બેસીને હાસ્યાદિને પેદા કરતો જાય એટલે નિમિત્ત મલે અને નિમિત્ત ન મલે તો પણ સ્મરણથી એ પ્રસંગોને યાદ કરી કરીને હાસ્ય કર્યા કરે, રતિ કર્યા કરે એટલે આનંદ પામ્યા કરે ઇત્યાદિ બેઠા બેઠા- ચાલતા ચલતા યાદ કર્યા કરવું એ પણ હાસ્યાદિ બંધનું કારણ કહેલું છે એવા સ્મરણ ના હાસ્યાદિથી પણ જીવોને ચારિત્ર મોહનીય કર્મ પણ બંધાયા કરે છે એમાં જો કોઇ નિ:સ્વાર્થ ભાવે સુકૃત કરેલુ હોય તો તે સુકૃતને યાદ કરી કરીને અનુમોદના કરતો કરતો આનંદ પામતો જાય અથવા જીવનમાં કોઇ દુષ્કૃત થઇ ગયું હોય તેને યાદ કરી કરીને પશ્ચાતાપ કરતો કરતો અરતિ-શોક પામતો જાય અને પોતાના પાપથી વારંવાર ભય પામીને એની નિંદા ગર્હા કરતો જાય તો ત પ્રશસ્ત રૂપે હાસ્યાદિ હોવાથી નિર્જરા કરવામાં સહાયભૂત થાય છે અને આત્મિક ગુણ પેદા

કરવામાં સહાયભૂત થતાં સંપૂર્ણ શુધ્ધ સ્વરૂપ પેદા કરવામાં સહાયભૂત થતા જાય છે.

આથી જ્ઞાની ભગવંતોએ હાસ્યાદિ છ એ દોષોને નિમિત્ત મલે અથવા નિમિત્ત ન મલે તો પણ હાસ્યાદિ જીવને પેદા થયા કરે તે હાસ્યાદિ છ દોષો કહેલા છે.

**(૧) હાસ્ય કર્મને બાંધવાના પાંચ કારણો -**

૧. બીજા જીવોના અંતરમાં વિકારના વિચારો પેદા થાય એ રીતે હાસ્ય કર્યા કરવું તે. એટલે કે એવી રીતે એવા પ્રકારથી હાસ્ય કરે કે પોતાના અંતરમાં તથા બીજાના અંતરમાં વિકારોના વિચારો પેદા થયા જ કરે તે પહેલો પ્રકાર કહેવાય છે.

૨. જેની તેની ઠઠ્ઠા મશ્કરી કર્યા કરવી. ઘણાં જીવોની એવી ટેવ હોય છે કે એ વ્યક્તિને જોઇને એવા જ વચનો બોલે કે પોતે હસે અને બીજાને હસાવતો જાય અને મશ્કરી કરતો જાય તે આ બીજો પ્રકાર કહેવાય છે.

૩. નકામા વચનો બોલ્યા કરવા એટલે કે વગર કારણે જેમ તેમ બોલ્યાજ કરવું હું શું બોલું છું એનું એને ભાન ન હોય. બસ હું બોલું છું ને બીજાને સંભળાવ્યા જ કરું છું ને ? એજ ભાવ એટલે વગર કારણે બોલવાની ટેવ પડેલી હોય.

૪. વગર કારણે હસ્યા જ કરવું અને

૫. દીનતા જણાય અથવા બીજાને દીનતા પેદા થાય એવા વચના બોલવાથી બીજાને હાસ્ય પેદા થાય આવા પાંચ પ્રકારના કોઇપણ કારણમાંથી કોઇને કોઇ કારણો પેદા કરી પોતે હસ્યા કરે અથવા બીજાને હસાવ્યા કરે તે હાસ્ય મોહનીય કર્મ બાંધવાના કારણો કહેલા છે.

આ બધા કારણોને ઓળખીને દૂર કરવાનો પ્રયત્ન કરતા રહીએ તો જ આ હાસ્ય દોષ દૂર થતો જાય તો જ એનાથી બચી શકાય.

**(૬) રસિ મૈંહનીય :-**

એના ચાર કારણો છે.

૧. પુણ્યથી મળેલા અનુકૂળ પદાર્થોને વિષે એને ભોગવવા માટેનો કાળ નક્કી કરવો, અનેક પ્રકારની ક્રીડાઓ કરતા કરતા ભોગવવાની ઇચ્છાઓ પેદા કર્યા કરવી, ભોગવ્યા કરવું એનાથી રતિ મોહનીય કર્મ બંધાયા કરે છે.

૨. નાટક, સરકસ, પીક્ચર અનેક પ્રકારના નાચ, ગાન, રમત-ગમત, ટી.વી. સીરીયલો ઇત્યાદિ જોયા કરવું, જોવાનો ખુબ જ રસ પેદા કરવો અને વારંવાર જોઇ જોઇને રાજી થયા કરવું તે.

૩. બીજા જીવોના ચિત્તનું વશીકરણ કર્યા કરવું એટલે કે વશીકરણ કરવું, મેલી વિદ્યાઓ કરવી, બોજાને હેરાન પરેશાન કરીને રાજી થવું. કેવો દુઃખી થાય છે એજ દાવનો છે. ઇત્યાદિ અનેક પ્રકારના વિચારો કરી રાજીપો પેદા કર્યા કરવો તે.

૪. જુદા જુદા દેશોને જોવાની ઇચ્છાઓ કરવી, જુદા જુદા દેશોમાં ફર્યા કરવું અને આનંદ માનવો. આ ચાર કારણોથી અથવા ચારમાંથી કોઇપણ એકાદ કારણથી જીવો રતિ મોહનીય કર્મ તીવ્રરસે બાંધ્યા કરે છે અને સાથે ચારિત્ર મોહનીય કર્મનો બંધ પણ કર્યા કરે છે.

**(૭) અરસિ મૈંહનીય કર્મ :-**

અરતિ મોહનીય કર્મ ચાર કારણોથી બંધાય છે.

૧. બીજાના ગુણોને ગુણરૂપે જોવાને બદલે દોષરૂપે જોઇને અનેક પ્રકારની વિચારણાઓ કર્યા કરવી-વિકલ્પો કર્યા કરવા તે અરતિના બંધનું કારણ કહેલું છે. એટલે કે બીજાના ગુણોને સાંભળતા કે જોતાં એમાં કાંઇને કાંઇ દોષારોપણ કર્યા કરવું તે અસૂયા કહેવાય છે. એટલે કે "ગુણોને દોષ રૂપે જોવા તે અસૂયા જ્યારે કોઇની બાહ્ય સાહ્યબી સંપત્તિ ન ખમાય તે ઇર્ષ્યા અથવા અદેખાઇ કહેવાય છે."

૨. પોતે પાપ કરતો જાય અને બીજાને પાપ કરવાની ટેવ પાડ્યા કરે પાપમાં જોડે તે.

૩. બીજા જીવોના અંતરમાં જે નિમિત્તથી આનંદ પેદા થયો હોય તે આનંદને નાશ કરવાનો પ્રયત્ન કરવો એટલે એના અંતરના આનંદનો નાશ કરવો તે અને

૪. બીજા જીવોના દુઃખોને જાઇને આનંદ પેદા કર્યા કરવો, સારૂં થયું આવું થવું જ જોઇતું હતુ. આવી વિચારણાઓ વારંવાર કરીને અંતરમાં આનંદ પામવો તે.

આ ચાર કારણો અથવા ચાર કારણોમાંથી કોઇને કોઇ એક કારણથી જીવો અરતિ મોહનીય કર્મનો બંધ કર્યા જ કરે છે.

જે જીવોના અંતરમાં પાપ ભીરૂતા રહેલી હોય તે જીવોથી પાપ સહજતાથી ન થાય.

જે પાપની સફળતાથી સુખ, સાહ્યબી, સંપત્તિ મલે તે જીવો પાપને પાપ માનતા નથી એમ કહેવાય છે.

**(૮) શૈંક મૈંહનીય કર્મ :-**

શોક મોહનીય કર્મ ત્રણ કારણોથી બંધાય છે.

૧. મનમાં એટલે અંતરમાં શોક રાખીને પોતેને પોતે બળ્યા કરે અને પોતાના અજ્ઞાનથી જ્યાં જાય ત્યાં બીજાને શોક પેદા કરાવે અથવા દયા પેદા કરાવે. એવા શોકવાળા વચનો બોલ્યા કરે કે જેથી બીજાના અંતરમાં એવા ભાવો થયા કરે.

૨. અજ્ઞાનના ક્ષયોપશમભાવથી પોતાની સાથે બીજા જીવો શોકમાં કેમ સહાયભૂત થાય અને પોતાના વચનોથી બીજાને શાકવાળા બનાવવા પ્રયત્ન કર્યા કરવો તે.

૩. રડવું એટલે રૂદન કર્યા કરવું, વારંવાર રૂદન કરવામાં આસક્તિ પેદા કરવી. પોતે રૂવે અને સાથે બીજાને પણ રોવડાવે એવી રીતનો પ્રયત્ન કરવો.

આ ત્રણ કારણોથી અથવા ત્રણમાંથી કોઇ એકાદ કારણોથી જીવો શોક મોહનીય કર્મનો બંધ કર્યા જ કરે છે.

**(૯) ભય મૈંહનીય કર્મ :-**

ભય મોહનીય કર્મ ચાર કારણોથી બંધાય છે.

૧. નિરંતર બીકણપણું રાખીને જીવન જીવ્યા કરવું, પુણ્યથી મળેલી સામગ્રી ચાલી ન જાય એની કાળજી રાખીને જીવન જીવ્યા કરવું તે.

૨. બીજા જીવોને ડરાવવાથી અથવા બીવરાવવાથી વારંવાર બીજા જીવોને કેમ ડરાવવા અને એ રીતે ડરાવવામાં આનંદ માનવો તે.

૩. બીજા જીવોને દુઃખ આપવાથી અથવા ત્રાસ આપવાથી.

૪. કોઇપણ જીવને મારવાની ભાવના રાખવાથી એટલે કે બીજાને સામાન્ય પણ ટપલી મારે તો

પોતાને આનંદ આવે એટલે રસ્તે ચાલતા ચાલતા જે જીવો મલે તેને ટપલીઓ માર્યા કરવી એવી વૃત્તિ અટલે અંતરથી મારવાની બુધ્ધિ તે ભય મોહનીય કર્મ બાંધવાનું કારણ કહેલું છે. આ ચાર કારણોથી અથવા ચાર કારણોમાંથી કોઇ પણ એક કારણથી જીવોને ભય મોહનીય કર્મ બંધાયા કરે છે.

સારૂં સારૂં ખાવાની ઇચ્છાથી સારા સારા પદાર્થો મેળવવાની બુધ્ધિથી અને સારા સારા અનુકૂળ પદાર્થોને ભોગવ્યા જ કરૂં એવી ભાવનાથી છ કાય જીવોની હિંસાનું પાપ લાગ્યા જ કરે છે એ પાપની સાથે ભય મોહનીય કર્મ બંધાયા જ કરે છે.

**(૧૦) જુગુપ્સા મોહનીય કર્મ :-**

જુગુપ્સા મોહનીય કર્મ ત્રણ કારણોથી બંધાય છે.

૧. અનંતી પુણ્ય રાશિથી ભગવાનના શાસનના ભગવાને સ્થાપેલા સંઘના દર્શન થાય છે એ સંઘમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચારેય ગણાય છે એ ચારેમાંથી કોઇપણની નિંદા કરતા જીવોને જુગુપ્સા મોહનીય કર્મ બંધાય છે.

૨. એ સંઘને તરછોડતા સંઘનું અપમાન કરતા એટલે કે સંઘમાં શ્રીમંત પણ હોય અને દરિદ્ર પણ હોય, પ્રભાવક આચાર્ય ભગવંતો ઉપાધ્યાય ભગવંતો અને સાધુ ભગવંતો પણ હોય. સામાન્ય આચાર્ય ભગવંતો ઉપાધ્યાય ભગવંતો અને સાધુ ભગવંતો પણ હોય છે. આ દરેક પ્રત્યે એક સરકો ભાવ જોઇએ. એમાં જો ભાવનો ફ્રેફાર થાય તો સંઘના અપમાનનો દોષ લાગે છે એવી રીતે સંઘનું અપમાન કરતા જુગુપ્સા મોહનીય કર્મ બંધાય છે.

૩. ઉત્તમ સદાચારી મનુષ્યોની ખોદણી કરતા એટલે કે એમનામાં દૂષણ ન હોવા છતાં ગમે ત્યાંથી ગમે તે દૂષણ શોધીને બીજાની પાસે એની વાતો ચીતો કરવી એને ખોદણી કહેવાય છે. નિંદા કોઇક કોઇકવાર થાય, ખોદણી સતત થાય. નિંદા જેના પ્રત્યે દ્વેષ ઇર્ષ્યા હોય એની થાય. ખોદણીમાં કોઇ બાકી ન રહે. આ ત્રણ કારણ અથવા ત્રણમાંથી કોઇ એક કારણથી જીવને જુગુપ્સા મોહનીય કર્મ બંધાયા કરે છે.

હાસ્યાદિ છએ પ્રકારના દોષોમાં જ્યારે જ્યારે જે જે દોષોના ઉદયકાળમાં જે જે કષાયોની જરૂર પડે (એટલે કે ક્રોધ, માન, માયા અને લોભમાંથી) ત્યારે તે કષાયો સહજ રીતે પેદા થતા જાય છે.

પહેલા ગુણસ્થાનકે હાસ્યાદિ છ દોષો ઉદયમાં રહીને મિથ્યાત્વ મોહનીયને પુષ્ટ કરે છે અને રાગાદિ પરિણામને તીવ્ર બનાવે છે.

ચોથા ગુણસ્થાનકે ઉદયમાં રહેલા હાસ્યાદિ છ દોષો અવિરતિને પુષ્ટ કરે છે.

પાંચમા ગુણસ્થાનકે હાસ્યાદિ છએ દોષો પ્રત્યખ્યાનીય કષાયને પુષ્ટ કરે છે.

છઠ્ઠા ગુણસ્થાનકે હાસ્યાદિ છ દોષો જીવ જો સાવધ ન રહે તો તે પ્રામદને પુષ્ટ કરે છે.

સાતમા ગુણસ્થાનકથી હાસ્યાદિ છ દોષો ઉદયમાં રહીને પ્રશસ્ત રૂપે કામ કરતા હોવાથી આત્માને આત્મિક ગુણો પેદા થયેલા છે તેને પુષ્ટ કરી આગળ વધારવામાં સહાયભૂત થાય છે. કોઇકવાર અપ્રશસ્ત રૂપે હાસ્યાદિ છ ઉદયમાં આવી જાય તો તે સંજ્વલન કષાય પ્રશસ્ત રૂપે ચાલતો હોય તેને અપ્રશસ્ત રૂપે પણ બનાવી દે છે. એટલે કે સંજ્વલન અપ્રશસ્તરૂપે થઇને કર્મબંધ કરાવે છે.

અપ્રશસ્ત રૂપે હાસ્યાદિ થાય એટલે કોઇ સ્નેહી સંબંધીનું મૃત્યુ થાય તો તેના રાગના કારણ અરતિ-શોક પેદા થાય તે અપ્રશસ્ત રૂપે કહેવાય છે.

# (૧૧) કામ નામના દોષનું વર્ણન

કામ. કામ = વિષયાભિલાષ.

પાંચે ઇન્દ્રિયોના અનુકૂળ વિષયોને વિષે ઇન્દ્રિયોને જોડવી અને આનંદ પામવો તેને કામ કહેવાય છે. ત્રેવીશ પ્રકારના વિષયો હોય છે તેના બસો બાવન વિકારો હોય છે. ત્રેવીશ વિષયોમાંથી જે વિષયો અનુકૂળ લાગે તેની સાથે ઇન્દ્રિયોને જોડવી અને બસો બાવન વિકારોમાંથી અનુકૂળ વિકારોના વિચારો કરી આનંદ પામવો અને પ્રતિકૂળ વિષયો અને વિકારોને વિષે ઇન્દ્રિયોને ન જોડવી એટલે પાછી ખસેડવી એ કામ નામનો દોષ કહેવાય છે.

અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવોને વેદનો ઉદય સતત ચાલુ જ હોય છે. ધ્રુવોદયી રૂપે એ ઉદય કામ કરતો હોય છે અને એ ઉદયના પ્રતાપે જ જીવોના અંતરમાં વિષયોના-વિકારોના વિચારો ચાલ્યા જ કરતા હોય છે અને જ્યારે જે પ્રમાણે વિષયો અને વિકારોની સામગ્રી મલે એ પ્રમાણે એ વિષયો અને વિકારો ઉત્તેજિત થયા વગર રહેતા નથી અને તેને આધીન થઇને જ જીવો પોતાનું જીવન જીવતા હોય છે અને જન્મ મરણની પરંપરા વધાર્યા જ કરે છે.

જ્યાં સુધી મિથ્યાત્વ ગુણસ્થાનકમાં રહેલ જીવ સમજણના ઘરમાં ન આવે એટલે કે અપુનર્બંધક દશાના પરિણામે ન પામે ત્યાં સુધી એ જીવોને વિષયોની અનુકૂળતા એજ સર્વસ્વ સુખ છે. એજ મેળવવા જેવું એજ ભોગવવા જેવું એજ વધારવા જેવું, એજ ટકાવવા જેવું અને એજ સાચવવા જેવું માનીને પોતાનું જીવન જીવતા હોય છે અને એ કામ નામના સુખને મેળવવા આદિ માટે ગમે તેટલું કષ્ટ વેઠવું પડે તો એ બધું કષ્ટ ઉલ્લાસપૂર્વક સારામાં સારી રીતિએ કષ્ટ માન્યા વગર મજેથી વેઠે છે આથી જ પોતાના આત્માનો સંસાર સંખ્યાતા ભવ રૂપે અથવા અસંખ્યાતા ભવરૂપે અથવા અનંતા ભવરૂપે વધાર્યા જ કરે છે આને કામ નામનો દોષ કહેવાય છે.

કામ નામનો દોષ પુરૂષ વેદ અથવા સ્ત્રીવેદ અથવા નપુંસકવેદના ઉદયથી પેદા થાય છે. નપુંસક વેદ એટલે પુરૂષ અને સ્ત્રી બન્નેને સેવવાનો અભિલાષ પેદા થાય તે.

સ્ત્રીવેદ એટલે પુરૂષને સેવવાનો અભિલાષ પેદા થાય તે.

પુરૂષ વેદ એટલે સ્ત્રીને સેવવાનો અભિલાષ પેદા થાય તે.

પુરૂષ વેદનો બંધ પહેલા ગુણસ્થાનકથી નવમા ગુણસ્થાનકના પહેલા ભાગ સુધી હોય છે. ઉદય નવમા ગુણસ્થાનક સુધી હોય છે અને સત્તા નવમાના છઠ્ઠા ભાગ સુધી હોય છે.

જ્યાં સુધી ઉદય અને સત્તા હોય છે ત્યાં સુધી જીવ સવેદી (કામના દોષના ઉદયવાળો) કહેવાય છે અને જ્યારે ઉદય-સત્તા નાશ પામે ત્યારથી અવેદી કહેવાય છે એટલે કામ દોષનો નાશ થયો એમ કહેવાય છે. સ્ત્રીવેદનો બંધ પહેલા અને બીજા ગુણસ્થાનકે હોય છે. ઉદય નવમા ગુણસ્થાનક સુધી અને સત્તા નવમા ગુણસ્થાનકના ચોથા ભાગ સુધી હોય છે.

નપુંસકવેદનો બંધ પહેલા ગુણસ્થાનક સુધી હોય છે. ઉદય નવમા ગુણસ્થાનક સુધી હોય છે અને સત્તા નવમાના ત્રીજા ભાગ સુધી હોય છે.

જ્યારે જીવો પહેલા ગુણસ્થાનકે સમજણના ઘરમાં દાખલ થાય એટલે અંતરમાં એ ભાવ પેદા થતા જાય છે કે અનુકૂળ પદાર્થોના વિષયોનું સુખ જીવને પુણ્યથી મલે છે એવી સમજણ ઉંડે ઉંડે પેદા થતી જાય છે અને સાથે વિચારણા કરતા જાય છે કે એ પુણ્યથી મલતું સુખ જ આત્માની પાસે અનેક પ્રકારના પાપના

વિચારો પેદા કરાવે છે. અનેક પ્રકારના પાપના વ્યાપારો કરાવે છે અને અનેક પ્રકારના પાપના સંસ્કારો દ્રઢ કરાવીને એ અનુકૂળ પદાર્થોનું સુખ જ સર્વસ્વ રૂપે છે એવી માન્યતા પેદા કરાવે છે માટે જ એ અનુકૂળ પદાર્થોનું સુખ જ દુ:ખરૂપ દુ:ખનું ફ્લ આપનાર અને દુ:ખની પરંપરા વધારનાર છે એમ સમજણ પેદા થતી જાય છે.

અનુકૂળ પદાર્થોનું સુખ ક્ષણિક છે છતાં પણ એ સુખમાં એવી શક્તિ રહેલી છેકે જીવ શરીરથી ગમે તેટલું કામ કરીને, થાકીને ઘરે આવ્યો હોય. ગમે તેટલા બરાડા પાડીને વચનો બોલીને બોલવાના હોશ કોશ ઉડી ગયા હોય એવો સાવ થઇ ગયેલો હોય અને મનથી પણ અનેક પ્રકારની મહેનત કરીને મનથી થાકીને એટલે પોતાને ધારી સફળતા પ્રાપ્ત ન થઇ હોય, ઉઘરાણીમાં પણ સફળતા ન મલી હોય એમ ચારે બાજુથી નાસીપાસ થઇને ઘરે આવેલો હોય એવો જીવ લોથપોથ થઇ શુનમુન થઇને બેઠો હોય એમાં એના રાગવાળા પોતાના ગણાતા વિશ્વાસપાત્ર પોતાની પત્ની બે સારા શબ્દોથી બોલાવે-શાંતિથી બેસાડે, સુવાડે તમોને જે અનુકૂળ હોય એ પદાર્થો ખાવા, પીવા આપે અને આરામ કરાવે એવું જે ક્ષણિક સુખ મલે એટલે મન, વચન, કાયાથી આખા દિવસનો લાગેલો થાક બધો નાશ પામે છે એટલે ઉતરી જાય છે અને એ ક્ષણિક સુખમાં હાશકારો પેદા થાય છે. આ રીતે એ ક્ષણિક સુખ દુ:ખનો નાશ કરી શાતા અને સુખ આપવામાં ઉપયોગી થાય છે આથી જ એ ક્ષણિક સુખ જીવોને દુ:ખ રૂપ લાગતુ નથી અને દુ:ખ રૂપ લગાડવા પ્રયત્ન કરતો નથી. આથી જીવો એ સુખને જ સુખ માનીને જગતને વિષે પરિભ્રમણ કર્યા જ કરે છે. આને જ કામ નામનો દોષ કહેવાય છે.

આ કામ નામના દોષને વધારનાર અને પુષ્ટ કરનાર એ વિચારોને સ્થિર કરનાર જ્ઞાની ભગવંતોએ સૌથી પહેલું કારણ કહ્યું હોય તો મુખવાસને કહેલું છે. મુખવાસ = તાંબુલ અનેક પ્રકારના તાંબુલ ખાવાથી વિકાર પેદા થાય છે અને એ વિકારોથી કામ નામનો દોષ પેદા થાય છે માટે કામના દોષથી બચવા માટે તાંબુલથી ચેતતા રહેવું જોઇએ.

૨. સુગંધી પદાર્થો નો જેટલો વધારે ઉપયોગ કરવામાં આવે એટલો કામ ઉત્તેજિત થાય છે કારણ કે સુગંધી પદાર્થોનો જેટલો વધારે ઉપયોગ કરવામાં આવે એનાથી વિષય વાસનાના વિચારો જીવોને વધતા જાય છે અને આત્મામાં કામદોષ પેદા થતો જાય છે. સામાન્ય રીતે દુર્ગંધમય વાતાવરણમાં ચિત્તની પ્રસન્નતા ટકતી નથી માટે ધર્મના અનુષ્ઠાનોમાં અત્તરનો ઉપયોગ થાય છે. ભગવાનની પૂજામાં વાસક્ષેપનો ઉપયોગ પણ આજ કારણથી થાય છે.

૩. વર્ષાઋતુનો કાળ.

૪. હાસ્ય મોહનીય પેદા થાય એવા ચિત્રો જોવા-પુસ્તકોનું વાંચન કરવું, નાટકો જોવા જેનાથી કામદોષ ઉત્તેજિત થાય છે.

૫. શૃંગાર - શરીરને સારી રીતે શણગારીને તૈયાર કરવું.

૬. મૈથુનનું સેવન કરવું.

૭. રમણીય સ્થાનોમાં હરવું-ફરવું.

૮. વનના ભાગો એટલે એકાંત.

૯. સ્નાન કરવું. સ્નાન એ કામને ઉત્તેજિત કરનારી ચીજ છે.

૧૦. સ્વાદિષ્ટ-આહાર કરવો, મનગમતા આહારના પદાર્થો કામ દોષને ઉત્તેજિત કરે છે. આ બધા કારણો આત્માની દુર્ગતિના કારણો કહેલા છે.

● સ્વાદિષ્ટ ખાણી-પીણી પ્રભુ ભક્તિમાં ચિત્તની પ્રસન્નતા લાવવા દેતુ નથી.

● ત્યાગ કરવો સહેલો છે, વૈરાગ્ય લાવવો અઘરો છે.

● વૈરાગી જીવન બનાવી અનુકૂળ પદાર્થોનો ત્યાગ કરવો દુષ્કર છે.

● ત્યાગવાળો જીવ ત્યાગનો નિયમ પુરો થાય અને ત્યાગેલી ચીજ ન મલે તો આર્તધ્યાન રૌદ્રધ્યાનમાં સરી પડે છે. જ્યારે વૈરાગી જીવ પારણું કરતા મન પસંદ સામગ્રી મલે તો પણ ઓછી ખાશે અને આર્તધ્યાન રૌદ્રધ્યાન થવા દેશે નહિ. ખાવા છતાંય સકામ નિર્જરા કરી આત્મ કલ્યાણ સાધશે આથી કામદોષ પેદા ન થાય એની કાળજી રાખીને જીવન જીવવા પ્રયત્ન કરવો જોઇએ.

## અંતરાય કર્મ

અંતરાયકર્મના ૫ દોષ છે. (૧) દાનાંતરાય, (૨) લાભાંતરાય, (૩) ભોગાંતરાય, (૪) ઉપભોગાંતરાય અને (૫) વીર્યાંતરાય.

અંતરાય એટલે કોઇપણ જીવને નિમિત્તરૂપ બનાવીને અથવા કોઇપણ અચેતન પદાર્થને નિમિત્તરૂપ બનાવીને બીજા જીવોને એની વિચારધારામાં, એના વચનોમાં અને કાયાથી થતી પ્રવૃત્તિમાં વિઘ્નરૂપ કરવું એને અંતરાયકર્મ કહેવાય છે. અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરતાં પોતપોતાની શક્તિ મુજબ આવેલા દુઃખોનો નાશ કરવા, ભવિષ્યમાં દુઃખ ન આવે તેની કાળજી રાખવા અને પોતે ઇચ્છેલી, સુખરૂપ માનેલી અનુકૂળ પદાર્થોની સામગ્રી મેળવવા માટે પ્રયત્ન કરતાં જીવોને જે કોઇ વિઘ્ન કરવું એટલે કે અનુકૂળ સામગ્રીના બદલે પ્રતિકૂળ સામગ્રીનો પ્રયત્ન કરતો જાય અને અનુકૂળ સામગ્રીથી છેટો ન છેટો થતો જાય, એવો પ્રયત્ન કરવો તેને અંતરાયકર્મ કહેવાય છે. વ્યવહારમાં સામાન્ય રીતે એમ કહેવાય છે કે બીજાને સુખ સગવડ આપે તો ભવિષ્યમાં સુખસગવડ મળે. એ જ રીતે બીજાને ખાવા-પીવા આદિની સામગ્રી આપે તો ભવિષ્યમાં ખાવા-પીવા આદિની સામગ્રી મળે. આના પરથી નિશ્ચિત થાય છ કે જગતના જીવોને જે સુખ સામગ્રી જોઇએ છે, ખાવા-પીવા આદિની સામગ્રી જોઇએ એ સામગ્રીઓ બીજાને ન મળે અને પોતાને જ બધું મળ્યા કરે. આવી જે વિચારસરણી એનાથી જીવો ભવિષ્યમાં અનુકૂળ સામગ્રી ન મળે એવું કર્મ જોરદાર રસે બાંધતા જાય છે.

## દાનાંતરાય દોષનું વર્ણન

પુણ્યના ઉદયથી જીવની પાસે દાન આપવાની સામગ્રી પ્રાપ્ત થયેલી હોય, દાનનું ફળ શું છે તે પણ જાણતો હોય. સામે દાનગ્રહણ કરવાવાળો જીવ યોગ્ય પણ હોય છતાં પણ અંતરાયકર્મના ઉદયથી દાન આપવાની ઇચ્છા જરાય પેદા ન થાય તેને દાનાંતરાય કર્મ કહેવાય છે. સામાન્ય રીતે દાનના પ્રકાર ઉચિતદાન, વ્યવહારદાન, પાત્રદાન અને સુપાત્રદાન એમ ૪ પ્રકારે છે.

**(૧) ઉચિત દાન** :- અતિથિ વીગેરેને અથવા ઘરમાં આવેલા અથવા ઘર આંગણે આવેલા જીવોને કુલપરંપરાથી જે દાન આપવું તે ઉચિતદાન કહેવાય.

**(૨) વ્યવહાર દાન** :- પોતાના કુટુંબ સિવાય જે સ્નેહી સંબંધી વી. ને વ્યવહાર રૂપે જે આપવું પડે તેને વ્યવહારદાન કહેવાય છે.

**(૩) પાત્ર દાન** :- પાત્રદાનને વિશે પોતાની પત્ની, દીકરા, દિકરીઓ ગણાય છે. મા-બાપ

ભક્તિદાનમાં ગણાય છે.

**(૪) સુપાત્ર દાન :-** સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા સુપાત્રદાનમાં ગણાય છે.

ઉચિતદાન અને વ્યવહાર દાન, દાન આપ્યા પછી તેને યાદ કરવાનો નિષેધ છે. આપીને તરત જ ભૂલી જવાનું છે. તેની અનુમોદના હોતી નથી. એવી રીતે પાત્રદાનમાં કુટુંબમાં જે કાંઇ આપેલું હોય તેને યાદ કરવાનો નિષેધ છે. કારણ કે આ ત્રણે પ્રકારના દાનને યાદ કરવાથી તે દાન જીવને ગર્વ પેદા કરાવે છે. ગર્વ પેદા કરાવીને સંસારની વૃધ્ધિ કરાવે છે માટે ત્રણે પ્રકારના દાન આપીને ભૂલી જવાના હોય છે. માટે વ્યવહારમાં કહેવાય છે કે નીતિના પૈસામાંથી એક પૈસાનું દાન પુણ્યાનુબંધી પુણ્ય બંધાવે અને અનીતિના કરોડો રૂપિયાનું દાન પાપાનુબંધી બંધાવે-નીતિથી આપેલું દાન અંતરમાં દયાભાવ ન હોય તો સંસારની વૃધ્ધિ કરે અને નીતિથી આપેલું દાન દયાભાવ સહિત હોય તો સંસાર કાપે. જમણા હાથે આપેલું દાન ડાબો હાથ પણ જાણતો નથી. એવી રીતે દાન કરવાનું વિધાન છે.

સામાન્ય રીતે જીવો દાન કારણથી પણ આપે છે અને કારણ વગર પણ દાન આપે છે. કારણ વગર અપાતું દાન સ્વાર્થભાવવાળું અને સ્વાર્થ વગરનું પણ હોય છે. સ્વાર્થપૂર્વક અપાતું દાન જીવને જે દાનનો ક્ષયોપશમભાવ પેદા કરતું જાય એની સાથે સાથે સ્વાર્થ ભરેલો હોવાથી રાગાદિ પરિણામની તીવ્રતા બનતી જાય છે. એટલે કે સ્વાર્થપૂર્વક અપાતા દાનને વિશે દાન આપતા આપતા રાગાદિ પરિણામનો મલ દૂર થવાને બદલે પુષ્ટ થતો જાય છ. એવી જ રીતે કીર્તિદાન, એ કીર્તિદાનને વિષે અંતરમાં સ્વાર્થ રહેલો હોય છે. કારણ કે એ કીર્તિદાનથી પણ માનાદિ કષાયો પુષ્ટ થતા જાય છે એના કારણે કીર્તિદાનથી ગમે તેટલું દાન દેવામાં આવે તો પણ જીવને મોહનીય કર્મનો ક્ષયોપશમ ભાવ થવાને બદલે મોહનીયર્ણ તીવ્ર રસે બંધાતા ઉદયભાવ રૂપે કામ કરતું હોય છે. માટે સ્વાર્થપૂર્વકનું દાન અને કીર્તિદાન ઇત્યાદિ અનેક પ્રકારના દાનો મોહનીય કર્મને પુષ્ટ કરવામાં સહાયભૂત થતા હોવાથી જ્ઞાની ભગવંતોએ એવા દાનોને સંસારવર્ધક દાન કહેલા છે. આ રીતે સ્વાર્થી દાનને વિશે ઉચિત દાન, વ્યવહાર દાન અને પાત્રદાન પણ આવી શકે છે અને કેટલીક વાર કીર્તિદાનની મુખ્યતાના કારણે સુપાત્રદાન પણ સંસારવર્ધક બની શકે છે. સુપાત્રદાન દેતી વખતે હિતબુધ્ધિના ભાવથી દાન આપવાનું છે. દાન આપતાં સુપાત્ર પણ તરે અને તેમની શક્તિ મુજબ મને પણ તારે એ બુધ્ધિથી સુપાત્રદાન આપવાનું છે.

જ્યારે કોઇપણ જીવ કોઇપણ વ્યક્તિને કોઇપણ પદાર્થ આપવાની વિચારણા કરે અને ગમે તેવા ભાવથી બીજાને આપે તેને સામાન્ય રીતે દાન કહેવાય છે. એ દાન દેતાં દેતાં અંતરમાં નિસ્વાર્થભાવના પેદા થાય એટલે કે કોઇની પાસેથી આપેલી ચીજનો બદલો લેવાની ઇચ્છા ન હોય, આપેલી ચીજ પાછી આપશે કે નહિ, કેટલા ટાઇમે આપશે, હજુ સુધી પાછી આવી નહિ, ઇત્યાદિ કોઇપણ પ્રકારની અંતરમાં વિચારણા આવે નહિ. તેમજ આપ્યા પછી પોતાની નામના, કીર્તિ, પ્રતિષ્ઠા જાણવાની, સાંભળવાની અને બોલવાની ઇચ્છા પણ પેદા થાય નહિ એવી રીતે આપેલું જે કોઇ દાન એને નિ:સ્વાર્થભાવનું દાન કહેવાય છે. સામાન્ય રીતે જ્ઞાની ભગવંતોએ જેમ જેમ જીવને પુણ્યના ઉદયથી ધન પેદા થતું જાય અને જે કોઇ અનુકૂળ સામગ્રી વધતી જાય તો એ સામગ્રીમાં જીવને વિશે ૫ પ્રકારના દુષણ એટલે કે દોષો પેદા કરાવવામાં સહાયભૂત કહેલ છે. (૧) જેમ જેમ પુણ્યના ઉદયથી લક્ષ્મી કે અનુકૂળ પદાર્થો વધતા જાય તેમ તેમ જીવમાં એની મમત્વબુધ્ધિના કારણે નિર્દયપણું પેદા થતું જાય છે એટલે કે દયાભાવનો નાશ કરે છે. (૨) અહંકાર - ગર્વ. જેમ જેમ જીવને લક્ષ્મી વધે તેમ તેમ અનુકૂળ પદાર્થો વધતા જાય અને સાથે સાથે અહંકાર વધતો જાય. અહંકાર જીવને દુર્ગતિમાં લઇ જાય. અહંકારમાં સદ્ગતિ તરફ લઇ જવાની તાકાત નથી. (૩) તૃષ્ણા પેદા

કરે. જેમ જેમ લાભ વધતો જાય તેમ તેમ લોભ વધતો જાય. લક્ષ્મીનો સંતોષ ખરો ? જેટલી મળે એટલી ઓછી જ લાગે. લક્ષ્મી લક્ષ્મી ન ખેંચે પણ જીવને ખેંચે છે, દુર્ગતિમાં ખેંચી જાય છે. ગરીબને આશારૂપ તૃષ્ણા હોય છે. લક્ષ્મી મેળવવાની આશા તે તૃષ્ણાનો જ પ્રકાર છે. અધિક ને અધિક મેળવવાની ઇચ્છા તે જ તૃષ્ણા છે. સંતોષ ઇચ્છા નિરોધ તરફ લઇ જાય છે. (૪) જેની પાસે લક્ષ્મી હોય અથવા અનુકૂળ પદાર્થોની સામગ્રી વધતી હોય તેની પાસે કોઇપણ વ્યક્તિ આવે તો શંકાથી જોવાનો સ્વભાવ પેદા થાય છે. એટલે કે એ વ્યક્તિ ફરીથી મારી પાસે ન આવે એ હેતુથી કઠોર શબ્દો બોલવાનો મહાવરો પડતો જાય છે. નમ્રતા ચાલી જાય છે. લક્ષ્મી વધતાં પચાવવાનું પુણ્ય સમજણના ઘરમાં આવેલા જીવને જ હોય. (૫) દુર્જન માણસોની સોબતમાં રહેવાની ઇચ્છા થયા કરે. અને એના સહવાસમાં રહીને પોતાની જિંદગી પૂરી કરે. સામાન્યથી દુર્જન એટલે પોતાને મળેલી લક્ષ્મીની વાતોચીતો કરીને એ લક્ષ્મીને વધારવાના વિચારો પેદા કરાવે, લક્ષ્મીને સાચવવામાં અને ટકાવવામાં સહાયભૂત થાય અને મળેલી લક્ષ્મી જલ્દી ન ખર્ચી દેવાય, કોઇને આપી ન દેવાય એવી સલાહ આપનારા જીવોનો સહવાસ કરવો ગમે એવી સલાહ આપનારા સહવાસવાળા જીવો તે દુર્જન જીવો કહેવાય છ.

**તંનનં પાંચ તુષણ**

(૧) અનાદર કરીને દાન આપવું. (૨) વિલંબ કરીને દાન આપવું. (૩) લેનાર પ્રત્યે મોં બગાડીને આપવું. (૪) અહિત વચનો બોલીને આપવું. (૫) આપ્યા પછી પશ્ચાતાપ કરવો.

**(૧) અનાદરથી આપવું :-** લક્ષ્મીને પ્રાપ્ત કર્યા પછી એટલે કે અનુકૂળ પદાર્થોનો સંયોગ પ્રાપ્ત થયા પછી તેની આસક્તિ રાગ અને મમત્વબુધ્ધિ વધતાં વધતાં એ ચીજને છોડીને બીજાને આપવામાં મોટે ભાગે આત્મા ખચકાય છે. એ આત્માના ખચકાટથી જે માણસ લેવા માટે આવેલો હોય તેના પ્રત્યે આદરભાવ થવાને બદલે ચીજ આપતાં અંતરમાં દુઃખ પેદા થાય છે અને ચીજ આપતાં આપતાં એવી રીતે આપે કે સામા માણસને ફરીથી લેવા આવવાની ઇચ્છા પેદા થાય નહિ એને અનાદરથી આપેલું દાન કહેવાય છે.

**(૨) વિલંબ કરીને દાન આપવું :-** લક્ષ્મી પ્રાપ્ત થયા પછી એ લક્ષ્મી બીજાને આપવાની આવે તે વખતે આપતાં આપતાં અનેક પ્રકારના બહાના પેદા કરે અને તે બહાના પેદા કરી કરીને આપવામાં વિલંબ કરતો જાય એટલે કે વિલંબ કરી કરીને આપવાની વિચારણા, એમાં અંતરમાં એ ભાવ રહેલો હોય છે કે વિલંબ કરતાં કરતાં બીજીવાર ન આવે તો સારૂં. મારે ન આપવું પડે તો સારૂં અને મને છોડીને બીજી જગાએ જાય તો તેનાથી અંતરમાં આનંદ પેદા થતો જાય. આવી વિચારણાથી લક્ષ્મી અને અનુકૂળ પદાર્થોના મમત્વથી જીવને આપવાના વખતમાં વિલંબ કરવાની ટેવ પડેલી હોય છે.

**(૩) લેનાર પ્રત્યે મોં બગાડીને આપવું :-** લક્ષ્મી કે અનુકૂળ પદાર્થોના મમત્વથી આપવાના વખતમાં એટલે કે દાન દેવાના વખતમાં લેનાર પ્રત્યે મોં બગાડીને આપે અથવા શરીરના કોઇપણ અંગોપાગ એવા પ્રકારના બનાવે કે લેનારને લેતા લેતા અંતરમાં લાગે કે આને બીલકુલ આપવાની ઇચ્છા નથી, પરાણે આપી રહેલો છે. આને લેનાર પ્રત્યે મોં બગાડીને આપવું. તે ત્રીજો દોષ કહેવાય છે.

**(૪) અહિત વચનો બોલીને આપવું :-** લક્ષ્મી કે અનુકૂળ પદાર્થોના મમત્વથી દાન આપતી વખતે ખરાબ વચનો બોલી બોલીને આપે કે જેના કારણે આપનારનું અને લેનારનું બંનેનું અહિત થાય આને અહિત વચનો બોલીને આપવું કહેવાય છે.

(૫) લક્ષ્મી કે અનુકૂળ પદાર્થો કોઇવાર કોઇને આપ્યા પછી કુટુંબીઓને અથવા સ્નેહીસંબંધીઓને

ખબર પડે અને કહે કે આટલું બધું કેમ આપ્યુ ? તમને કશી ખબર પડતી નથી. કઇ વ્યક્તિને કેટલું આપવું એ તમે કશું જાણતા નથી અને ભોળવાઇને ગમે તેને ગમે તેટલું આપી આવો છો ! આવી વાતો સાંભળવા મળે કે તરત જ અંતરમાં જે કાંઇ આપ્યું હોય એનો પશ્ચાતાપ પેદા થતો જાય છે. એ પશ્ચાતાપના પ્રતાપે બંધાયેલું સારામાં સારૂં પુણ્ય ખતમ કરીને પાપાનુબંધી પુણ્યરૂપે બનાવતો જાય છે.

**તંનનં ૫ ભૂષંણ**

લક્ષ્મી અને અનુકૂળ પદાર્થો પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા હોય અને એ પદાર્થોને વિશે અત્યંત આસક્તિ, રાગ અને મમત્વ બુધ્ધિ રહેલી ન હોય તો પ્રાપ્ત થયેલા પદાર્થોને બીજા કોઇ લેવા આવે તો લેવા આવનારને જાઇને અંતરમાં અત્યંત આનંદ પેદા થાય છે. આ દાનનું પહેલું ભૂષણ કહેલું છે.

(૨) લક્ષ્મી અને અનુકૂળ પદાર્થો પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા હોય એમાં અત્યંત આસક્તિ, રાગ અને મમત્વબુધ્ધિ પેદા થયેલી ન હોય તો દાન લેવા આવનારને જોઇને દાન આપવામાં એના રૂંવાડા ખડા થઇ જાય છે. એટલે કે આપતા આપતા અંતરમાં એટલો બધો આનંદ પેદા થાય કે એ આનંદની અભિવ્યક્તિ પેદા કરવા માટે સહજ રીતે રોમાંચ પેદા થતા જાય છે અને અંતરમાં વિચાર કરે છે કે પુણ્યના ઉદયથી મારી પાસે છે માટે જરૂરિયાતવાળા મારી પાસે લેવા માટે ન આવે તો બીજે ક્યાં જાય ? ઇત્યાદિ અનેક પ્રકારના સારા વિચારો કરીને દાન આપતાં આપતાં રોમાંચ ખડા થતા જાય છે. આ દાનનું બીજું ભૂષણ કરેલું છે.

(૩) લક્ષ્મી અને અનુકૂળ પદાર્થો પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા હોય અને એમાં રાગાદિ પરિણામ પેદા થયેલાં ન હોય તો કોઇપણ વ્યક્તિ એટલે કે સામાન્ય વ્યક્તિ અથવા માટી વ્યક્તિ જે કોઇ સંકટમાં પડેલા હોય અને પોતાની પાસે દાન લેવા માટે આવે એટલે કે પોતાનું સંકટ દૂર કરવા માટે આવે તો એવા જીવોને પોતાની શક્તિ મુજબ આવકારપૂર્વક આદર અને બહુમાનપૂર્વક દાન આપતો જાય. એટલે કે આદરપૂર્વક દાન દેવું એ ત્રીજો ગુણ કહેલો છે.

(૪) લક્ષ્મી કે અનુકૂળ પદાર્થો પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયા પછી એમાં આસક્તિ રાગ અને મમત્વબુધ્ધિ ઘટતી જતી હોય તો દાન લેવા આવનારા જીવોને સારા સારા પ્રિય વચનો બોલીને દાન આપતો હોય. આ ચોથું ભૂષણ કહેવાય છે.

(૫) લક્ષ્મી અને અનુકૂળ પદાર્થોને પ્રાપ્ત કર્યા પછી જેટલી લક્ષ્મી દાનમાં વપરાય એનો અંતરમાં વિશેષ આનંદ પેદા કરતો કરતો દાનમાં આપેલી લક્ષ્મીનું અનુમોદન કરતો જાય કે પુણ્યોદયે મને જે લક્ષ્મી આપી એ લક્ષ્મીને ભોગવવાની ઇચ્છા કર્યા વગર એનો સંગ્રહ કરવાની ઇચ્છા કર્યા વગર જેટલી મને આપવાનું મન થાય છે એનાથી વિશેષ રીતે ક્યારે આપતો જાઉં એની વિચારણાઓ કરતો કરતો મળેલી લક્ષ્મીને છૂટ્ટે હાથે દાન દેતાં દેતાં દીધેલા દાનનું અનુમોદન કરતો જાય છે. આ રીતે દાન દેવાના પાંચ પ્રકારોમાંથી કોઇને કોઇ પ્રકારે દાન દેતો જાય અને અંતરમાં નિ:સ્વાર્થ ભાવ પેદા થતો જાય તો દીધેલા દાનથી નિયમા પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે.

આ રીતે લક્ષ્મીના દુષણો, દાનના દુષણો અને દાનના ભૂષણો સંજ્ઞી પર્યાપ્તા જીવોને આશ્રયીને સમજવા. આ દુષણ અને ભૂષણ જીવોને મોટે ભાગે કારણપૂર્વક થતા હોય છે.

જે જીવો પુણ્યાનુબંધી પુણ્ય બાંધીને આવેલા હોય તે જીવોને પુણ્યાનુબંધી પુણ્યથી લક્ષ્મી કે અનુકૂળ પદાર્થો પ્રત્યે વૈરાગ્યભાવ રહેલો હોય છે. એ વૈરાગ્યભાવના કારણે લક્ષ્મી કે અનુકૂળ પદાર્થો

પુણ્યથી જે કંઇ મળેલા હોય છે એના પ્રત્યે આસક્તિ ભાવ, રાગભાવ, મમત્વભાવ મોટે ભાગે હોતો નથી. જેમ જેમ લક્ષ્મી કે અનુકૂળ પદાર્થો પુણ્યના ઉદયથી વધતા જાય તેમ તેમ આસક્તિ, રાગભાવ, મમત્વબુધ્ધિ ઘટતા ઘટતા વૈરાગ્યભાવની દ્રઢતા મજબૂત થતી જાય છે. એના પ્રતાપે એ જીવો જે દાન આપશે તે દાન પાંચ ભૂષણમાંથી કોઇને કોઇ ભૂષણથી યુક્ત થઇને દાન અપાતું હશે માટે એ દાનથી જે કોઇ જીવો દાન દેનાર હોય તેને આપેલી લક્ષ્મી પ્રત્યે કે અનુકૂળ પદાર્થો પ્રત્યે આસક્તિભાવ, રાગભાવ, મમત્વબુધ્ધિ પેદા થશે નહિ. એવા ગુણ લેનારને પણ પ્રાપ્ત થયા વગર રહેતો નથી. આથી દાન આપનાર અને લેનાર બંન્ને જીવોને લક્ષ્મીનું મમત્વ ઘટતું હોવાથી વિશેષ રીતે નિર્જરા પેદા થતી જાય છે. એની સાથે સાથે દાનાંતરાય કર્મ બંધાતું હોવાથી અલ્પરસે બંધાતું જાય છે.

જ્યારે અલ્પરસ ઉદયમાં હોય ત્યારે દાનાંતરાયનો ક્ષયોપશમભાવ પેદા થતા થતા લક્ષ્મીનું મમત્વ ઘટાડવા માટે સહાયભૂત થાય છે તેને દાનાંતરાય કર્મ કહેવાય છે.

એક નિગોદમાંથી સમયે સમયે એમાં રહેલા જીવોની સંખ્યા કરતાં અનંતમાં ભાગ જેટલા જીવો ચ્યવન પામે છે. એ અનંતમા ભાગ જેટલા ચ્યવન પામેલા જીવોમાંથી અસંખ્યાતા જીવો પૃથ્વીકાયમાં જઇ શકે છે. અસંખ્યાતા અપ્કાયમાં જઇ શકે છે, અસંખ્યાતા તેઉકાયમાં જઇ શકે છે, અસંખ્યાતા વાયુકાયમાં જઇ શકે છે. અનંતા જીવો સાધારણ વનસ્પતિકાય રૂપે ઉત્પન્ન થઇ શકે છે, અસંખ્યાતા જીવો પ્રત્યેક વનકાય રૂપે, અસંખ્યાતા બેઇન્દ્રિય રૂપે, અસંખ્યાતા તેઇન્દ્રિય રૂપે, અસંખ્યાતા ચઉરીન્દ્રિય રૂપે, અસંખ્યાતા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચરૂપે, અસંખ્યાતા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચરૂપે તેમજ એક, બે, સંખ્યાત કે અસંખ્યાતા સંમૂર્છિમ મનુષ્ય રૂપે અને એક, બે, સંખ્યાતા જીવો સંજ્ઞી મનુષ્યરૂપે ઉત્પન્ન થઇ શકે છે.

એકેન્દ્રિયપણામાં રહેલા જીવોને જે કાંઇ પુદ્ગલોનો આહાર મળે છે એ પુદ્ગલોનો આહાર પોતાના સહવર્તી એટલે સાથે રહેલા જીવોને હું આપું આવી બુધ્ધિ પેદા થતી રહે એનાથી દાનાંતરાય કર્મનો ક્ષયોપશમભાવ પેદા થયેલો ગણાય છે.

આ દાનને એટલે કે દાનના ક્ષયોપશમભાવને રોકનાર કર્મ, એને દાનાંતરાય કર્મ કહેવાય છે. દાન એ આત્માનો ગુણ છે અને દાનાંતરાય એ આત્માનો દોષ છે. જ્યાં સુધી દાનાંતરાયનો ઉદય જીવને હોય ત્યાં સુધી ક્ષાયિકભાવે આત્માનો દાનગુણ જીવને પેદા થઇ શકતો જ નથી માટે દાનાંતરાયને દોષ કહેવાય છે.

જ્યારે જીવોને પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી લક્ષ્મી કે અનુકૂળ સામગ્રી પ્રાપ્ત થયેલી હોય તો એ જીવોને લક્ષ્મી કે અનુકૂળ પદાર્થો પ્રત્યે એના રાગાદિ પરિણામ પ્રત્યે લીનતા ન હોવાથી એટલે કે વૈરાગ્યભાવની અનુભૂતિ પ્રાપ્ત થયેલી હોવાથી એ જીવોને મળેલી સામગ્રી ભોગવવાની ઇચ્છા કરતાં બીજાના દુઃખને દૂર કરવામાં સહાયભૂત થતી હોય તથા બીજા જીવાને સુખી કરવામાં નિમિત્તરૂપે બનતી હોય તો એ જીવો એ લક્ષ્મીને અનુકૂળ સામગ્રીને ઉત્સાહપૂર્વક બહુમાનપૂર્વક આદરપૂર્વક દાનમાં આપે છે. એ દાનને જ્ઞાની ભગવંતોએ પ્રશસ્ત દાન કહેલું છે અને એમાં કોઇપણ જાતનો સ્વાર્થ રહેલો ન હોવાથી નિઃસ્વાર્થભાવના પ્રતાપે દાન દેતાં દેતાં દાનાંતરાય આદિ પાંચેનો ક્ષયોપશમભાવ પેદા કરતાં કરતાં ક્ષાયિક ભાવના ગુણોને પ્રાપ્ત કરી શકે તેવી શક્તિ પેદા કરતા જાય છે. જેમ કે સંભવનાથ ભગવાને ૩જા ભવે સાધર્મિક ભક્તિ કરતાં કરતાં તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું. કુમારપાળ મહારાજાએ દર વર્ષે સાધર્મિક ભક્તિમાં ૧ કરોડ સોનામહોરો દાનમાં આપતાં આપતાં એટલે કે સાધર્મિકને દાનમાં આપતાં આપતાં અનિકાચિત ભવોની પરંપરા બંધાયેલી હતી તેનો નાશ કર્યો અને ત્રીજે ભવે મોક્ષ નક્કી કરી આપ્યો. આ

રીતે દાન દેવાથી દાનાંતરાય દોષ નાશ પામતો જાય છે. ગુણની પ્રધાનતા રાખીને દાન દેતાં દેતાં એવા ગુણો મને આ ભવમાં ભવાંતરમાં સારામાં સારી રીતે પ્રાપ્ત થાય તથા કોઇના વિશિષ્ટ ગુણો જોઇને એ ગુણવાન જીવોની સાથે ભવાંતરમાં મને સંયોગ પ્રાપ્ત થાય કે જેના કારણે ગુણવાનના સહવાસથી ગુણ પ્રાપ્ત કરતાં કરતાં સંપૂર્ણ ગુણોને પ્રાપ્ત કરી શકું એવી બુધ્ધિથી દાન દેવામાં આવે અને દાન દેતાં દેતાં ગુણનું લક્ષ્ય હોય તો જ્ઞાની ભગવંતોએ એ માગણી કરવાની છૂટ આપેલી છે. એ માગણીને નિયાણું કહેવાતું નથી. પુણ્ય પરની શ્રધ્ધા ક્ષયોપશમ ભાવે પેદા થશે પછી જ દાનાંતરાય નામનો દોષ જશે.

## લાભાંતરાય દોષનું વર્ણન

આ લાભાંતરાય કર્મ જીવોને અનાદિકાળથી સર્વઘાતી રસે બંધાય છે અને અનાદિકાળથી દરેક જીવોને દેશઘાતી રસરૂપે ઉદયમાં હોય છે. જ્યારે દેશઘાતી રસના અધિક રસવાળા પુદ્ગલો ઉદયમાં હોય છે ત્યારે જીવોને કોઇપણ પ્રકારનો લાભ પ્રાપ્ત થઇ શકતો નથી અને દેશઘાતી અલ્પરસવાળા પુદ્ગલોનો ઉદય હોય ત્યારે જીવોને જે પ્રમાણે ક્ષયોપશમભાવ પેદા થયેલો હોય તે પ્રમાણે લાભની પ્રાપ્તિ થાય છે.

(૨) લોમાહારનું વર્ણન :- જ્યારે જીવો શરીર બનાવ્યા પછી શરીરને વિશે જે રોમરાજી રહેલી હોય છે. એ રોમરાજીથી જે આહારના પુદ્ગલોને ગ્રહણ કરે છે અને પરિણામ પમાડે છે તેને લોમાહાર કહેવાય છે. આ લોમાહાર જીવને શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત થયા પછી શરીર જ્યાં સુધી ટકે ત્યાં સુધી લોમાહાર સમયે સમયે જીવને ચાલુ જ હોય છે. જ્યારે એ જીવ શરીરને છોડીને બીજા સ્થાનમાં જશે ત્યારે લોમાહાર બંધ થશે.

(૩) કવળાહારનું વર્ણન :- સામાન્ય રીતે જે જીવોને રસનેન્દ્રિય પ્રાપ્ત થયેલી હોય તે જીવોને કવળાહારની શરૂઆત થાય છે. એ રસનેન્દ્રિયના પ્રતાપે જીવોને જ્યારે જ્યારે જે જે પુદ્ગલોનો આહાર મળતો હોય તે આહારના પુદ્ગલોને ચાખવાનો સ્વભાવ, ચાખ્યા પછી અનુકૂળ લાગે તો ઉપયોગમાં લેવાનો અને અનુકૂળ ન લાગે તો એને છોડીને બીજા આહારની શોધ માટે પ્રયત્ન કરવાનો સ્વભાવ અનાદિકાળથી રહેલો છે. આના કારણે જીવ આહાર કરે તો જ દોષ લાગે અને આહાર ન કરે તો દોષ ન લાગે એવું બનતું નથી. કારણ કે આહારની સંજ્ઞા અને આહાર કરવાની ઇચ્છા જીવોને સ્વાભાવિક રીતે રહેલી જ હોય છે. આને અવિરતીનો ઉદય કહેવાય છે. આ અવિરતીના ઉદયથી આખા દિવસમાં બે કે ત્રણ વાર કવળાહાર કરતો હોય તો પણ આખા દિવસનું કવળાહારનું પાપ લાગ્યા જ કરે છે. જૈન શાસનમાં કવળાહારના ત્યાગનું પચ્ચક્ખાણ કરાય છે. સામાન્ય રીતે જેને ઉપવાસ કરવો હોય એને આગલા દિવસે બે ટંકના ભોજનમાંથી એક ટંકના ભોજનનો ત્યાગ કરવાનું વિધાન છે. અને પારણાના દિવસે બે ટંકના ભોજનમાથી એક ટંકના ભોજનના ત્યાગનું વિધાન કહેલું છે. આ રીતે જ્યારે ઉપવાસ કરવામાં આવે ત્યારે ઉપવાસના આગલા દિવસે એક ટંકના કવળાહારનો ત્યાગ ઉપવાસના દિવસે બે ટંકના કવળાહારનો ત્યાગ અને પારણાના દિવસે બે ટંકમાંથી એક ટંકના કવળાહારનો ત્યાગ એમ ૪ ટંકના કવળાહારનો ત્યાગ કરે ત્યારે વાસ્તવિક ઉપવાસ ગણાય છે. આને ચોથભક્ત ઉપવાસ કહેવાય છે. ચોથભક્ત એટલે ચાર પ્રકારના ટંકના આહારનો ત્યાગ. કવળાહારના ત્યાગનું પચ્ચક્ખાણ જીવની સમાધિ માટે છે. જ્યાં સુધી જીવની સમાધિ ટકે ત્યાં સુધી કવળાહારના ત્યાગનું પચ્ચક્ખાણ કરવું જોઇએ. ત્રસનાડીમાંથી ત્રસનાડીમાં જ જનાર જીવ વધુમાં વધુ ૩ સમય અણાહારી હોય. ત્રસનાડીમાંથી ત્રસનાડીની બહાર અથવા ત્રસનાડીની બહારના એક છેડેથી ત્રસનાડીની બહારના બીજા છેડે જનાર જીવો ૪ અથવા ૫ સમય માટે

અણાહારી હોય.

એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સઘળાય જીવોને કોઇ કોઇવાર લાભાંતરાય કર્મના દેશઘાતી અધિકરસવાળા પુદ્ગલો પણ ઉદયમાં હોય છે અને કોઇ કોઇ વાર દેશઘાતી અલ્પરસવાળા પુદ્ગલો પણ ઉદયમાં હોય છે. ઉદયાનુવિધ્ધ ક્ષયોપશમભાવે લાભાંતરાય કર્મનો ઉદય હોય છે. અનાદિ કાળથી જગતને વિશે પરિભ્રમણ કરતાં જીવોને લાભાંતરાય કર્મનો દેશઘાતી અધિકરસ તીવ્રરૂપે ઉદયમાં હોવાથી વિગ્રહગતિમાં એક સમય અણાહારી રૂપે રહેલા જીવોને અથવા બે સમય અણાહારી રૂપે રહેલા જીવોને અથવા ૩ સમય અણાહારી રૂપે રહેલા જીવોને આહારસંજ્ઞા હોવા છતાં આહારના પુદ્ગલોનો લાભ પ્રાપ્ત થતો જ નથી. (સ્વૈચ્છિક નહિ પણ કર્મના ઉદયજન્ય અણાહારી હોય છે.)

અનાદિકાળથી જગતને વિશે પરિભ્રમણ કરતાં જીવોને લાભાંતરાયના ક્ષયોપશમભાવથી એટલે કે ઉદયાનુવિધ્ધ લાભાંતરાયના ક્ષયોપશમ ભાવથી ૩ પ્રકારના પુદ્ગલોનો લાભ પ્રાપ્ત થાય છે. (૧) ઓજાહાર રૂપે પુદ્ગલોની પ્રાપ્તિ, (૨) લોમાહાર રૂપે પુદ્ગલોની પ્રાપ્તિ અને (૩) કવલાહાર રૂપે પુદ્ગલોની પ્રાપ્તિ.

**(૧) ઓજાહારનું વર્ણન :-** જીવ એક સ્થાનેથી મરણ પામીને બીજા સ્થાને ઉત્પન્ન થાય ત્યારે તૈજસ શરીર અને કાર્મણ શરીર સાથે લઇને જાય છે અને એ બે શરીર સાથે લઇને જતાં જે સ્થાનમાં ઉત્પન્ન થાય છે, તે સ્થાનમાં રહેલા આહારના પુદ્ગલોને કાર્મણ શરીર દ્વારા ગ્રહણ કરે છે અને ગ્રહણ કરેલા પુદ્ગલોને ખલ અને રસરૂપે પરિણામ પમાડે છે. એમાં ખલવાળા પુદ્ગલોનો નાશ કરી રસવાળા પુદ્ગલોનો સંગ્રહ કરતો કરતો આહારના પુદ્ગલોને ગ્રહણ કરતો જાય છે અને જ્યાં સુધી શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત ન થાય અથવા જેટલી પર્યાપ્તિઓ પૂર્ણ કરવાની હોય એટલી પૂર્ણ ન કરે ત્યાં સુધી ઓજાહાર કહેવાય છ. આ ઓજાહાર જીવ જ્યાં સુધી અપર્યાપ્ત અવસ્થામાં રહેલો હોય છે ત્યાં સુધી જ હોય છે.

પચ્ચક્ખાણ કરી શકાય. સમાધિ રાખ્યા વગર ગમે તેટલા પચ્ચક્ખાણ કરે તો શાસ્ત્ર કહે છે કે કોઇ દિવસ સંજ્ઞા નાશ પામે નહિ. સમાધિના લક્ષ્યપૂર્વકનું પચ્ચક્ખાણ સંજ્ઞાઓ તોડાવે. શરીરને ટકાવવા માટે આહાર કરવાનો છે. સંજ્ઞાને પુષ્ટ કરવા માટે આહાર કરવાનો નથી.

પુરૂષનો ૩૨ કવલનો આહાર અને સ્ત્રીઓનો ૨૮ કવલનો આહાર જ્ઞાની ભગવંતોએ કહેલો છે. આનાથી જેમ જેમ જેટલા કવલનો આહાર ઓછો કરતા જાય એટલો ઉણોદરી તપ ગણાય છે.

(૧) જૈન શાસનની દ્રષ્ટિથી અણાહારી પદનું લક્ષ્ય રાખીને જીવો જેટલા ટંક સુધી આહારનો ત્યાગ કરતો જાય અને જ્યારે આહાર કરવો પડે ત્યારે અંતરમાં દુઃખ રાખીને આહાર કરતો જાય એ હેતુથી કવલાહારના ત્યાગ માટે પચ્ચક્ખાણ કરવાનું વિધાન કહેલું છે.

(૨) નવકારશીનું પચ્ચક્ખાણ સૂર્યોદય પહેલાં ધારેલું હોય એટલે કે સૂર્યોદય થતાં પહેલા ૩ કલાકની અંદર પચ્ચક્ખાણ ધારેલું હોય તો શુધ્ધ ગણાય છે. નવકારશીનું પચ્ચક્ખાણ કરનારા જીવોને ચૌવિહારનું પચ્ચક્ખાણ કરવાનું વિધાન જ્ઞાની ભગવંતોએ કહેલું છે. જો કદાચ ચૌવિહાર ન થઇ શકે તો એટલે કે અસમાધિ પેદા થાય તેવું લાગે તો પાણીનો આહાર વાપરવા માટે તિવિહારનું પચ્ચક્ખાણ કરાય છે.

(૩) પોરિસીનું પચ્ચક્ખાણ કરવાની ઇચ્છાવાળા જીવોને નવકારશીના પચ્ચક્ખાણના ટાઇમ પહેલા ધારી લેવું જોઇએ. નવકારશીના પચ્ચક્ખાણના ટાઇમ પછી પોરિસીનું પચ્ચક્ખાણ ધારે તો પોરિસી પચ્ચક્ખાણનો લાભ મળતો નથી પણ મુટ્ઠિસહિંઅ પચ્ચક્ખાણનો લાભ મળ છે. એટલે પોરિસીનું પચ્ચક્ખાણ માગે તો માગનારને અપાય છે.

(૪) સાઢપોરિસી કરવાવાળા જીવોને પોરિસી પચ્ચક્ખાણના ટાઇમ સુધીમાં ધારી લેવું જોઇએ. તો સાઢપોરિસીનું પચ્ચક્ખાણ શુધ્ધ ગણાય છે. પણ પોરિસીના પચ્ચક્ખાણ ટાઇમ પછી સાઢપોરિસીનું પચ્ચક્ખાણ ધારે અથવા ગુરૂભગવંત પાસે લે તો સાઢપોરિસીના પચ્ચક્ખાણનો લાભ ગણાતો નથી.

પોરિસીમાં સૂર્યોદય પછી ૧ પ્રહર, સાઢપોરિસીમાં ૧॥ પ્રહર, પુરિમુડ્ઢમાં ૨ પ્રહર સમય ગણાય.

અવડ્ઢ સૂર્યોદયથી ૩ પ્રહર અથવા ૯ કલાક.

પણ એટલા સમય સુધી આહારનો ત્યાગ કરેલો છે તેટલા પૂરતો મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણનો લાભ મળે છે.

(૫) પરિમુડ્ઢ પચ્ચક્ખાણ એ સાઢપોરિસીના ટાઇમ પહેલાં ધારેલું હોય અથવા ન પણ ધારેલું હોય અને પરિમુડ્ઢના ટાઇમે અથવા તેના ટાઇમ પછી પરિમુડ્ઢનું પચ્ચક્ખાણ લે તો પણ શુધ્ધ ગણાય છે. એટલે કે એ જીવોને પચ્ચક્ખાણનો લાભ મળે છે.

(૬) અવડ્ઢ પચ્ચક્ખાણ પણ જે ટાઇમે થતું હોય એ ટાઇમે લે અથવા એ ટાઇમ પછી પણ લે અને ધારેલું ન પણ હોય તો પણ તેને પચ્ચક્ખાણનો લાભ મળે છે એટલે કે તે પચ્ચક્ખાણ શુધ્ધ ગણાય છે.

(૭) બિયાસણું કરેલું હોય તો સવારે એકવાર બિયાસણું કરે અથવા પહેલું બિયાસણું બપોરે કરે તો ઉઠતી વખતે મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ લેવું જ જોઇએ ન લીધેલું હોય તો દોષ લાગે છે અને જ્યારે બીજું બિયાસણું કરવા બેસે તે વખતે મુઠ્ઠી વાળીને મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ પાળીને અથવા ૩ નવકાર ગણીને પછી જ બિયાસણું કરવા બેસાય. એ બીજું બિયાસણું કરીને ઉઠતાં એટલે કે ઉભા થયા પછી સાંજ સુધીમાં પાણી ન વાપરવું હોય તો અને ન વાપર્યું હોય તો તેને ચોવિહારનું પચ્ચક્ખાણ લેવાય છે અને પાણહારનું પચ્ચક્ખાણ લેવાય નહિ. બીજું બિયાસણું કરીને ઉઠતાં તિવિહારનું પચ્ચક્ખાણ કરીને ઉઠવું જોઇએ. એટલે ત્રણ આહારનો ત્યાગ થતાં એક પાણીનો આહાર ખુલ્લો રાખેલો છે. એ પાણીનો આહાર જે ખુલ્લો રહેલો છે તેને સૂર્યાસ્ત પછી ત્યાગ કરવા માટે પાણહારનું પચ્ચક્ખાણ અપાય છે.

(૮) એકાસણું કરનારા જીવોએ એકાસણું કરી લીધા પછી આખા દિવસમાં પાણી ન વાપરે તો સાંજે ચોવિહારનું પચ્ચક્ખાણ લેવાનું હોય છે. એ ચોવિહારને બદલે પાણહારનું પચ્ચક્ખાણ લે તો દોષ લાગે છે. તવી જ રીતે આયંબિલ કર્યા પછી આખા દિવસમાં પાણી ન વાપરે તો સાંજના પાણહારને બદલે ચોવિહારનું પચ્ચક્ખાણ લેવાનું હોય છે. તેને ઠામચોવિહાર આયંબિલ કહેવાય છે. એકાસણું અને આયંબિલ કર્યા પછી ઉઠતી વખતે તિવિહારનું પચ્ચક્ખાણ લેવું જોઇએ. એમાં ત્રણ આહારનો ત્યાગ થાય છ અને એક પાણીનો આહાર ખુલ્લે રહે છે તે પાણી આખા દિવસમાં જેટલીવાર વાપરવું હોય તેટલી વાર વાપરી શકે છે અને સાંજે પાણહારનું પચ્ચક્ખાણ લેવાનું હોય છે.

(૯) નવકારશી કરનારા જીવોને સવારના નવકારશીના ટાઇમથી કવલાહાર ખુલ્લો થયો એ કવલાહાર સાંજે સૂર્યાસ્ત પહેલાં એટલે કે ત્રણ કલાક પહેલાં આહાર વાપરવો ન હોય અને તે વખતે તિવિહારનું પચ્ચક્ખાણ કરે તો તેમાં એક પાણીનો આહાર ખુલ્લો રહે છે. એ સાંજે સૂર્યાસ્ત વખતે પાણીના આહારનો ત્યાગ કરવા માટે પાણહારનું પચ્ચક્ખાણ કરવાનું હોય છે. એટલે કે એને પાણહારનું પચ્ચક્ખાણ લેવું જોઇએ જો એમાં ચોવિહારનું પચ્ચક્ખાણ લે તો દોષ લાગે છે.

(૧૦) જે જીવોએ નવકારશી કરેલી હોય અને સાંજે ચોવિહારને બદલે તિવિહાર કરવાનો હોય તો તિવિહારનું પચ્ચક્ખાણ લીધા પછી એક પ્રહર સુધી પાણીની છૂટી રહી શકે છે. એટલે કે ૩ કલાકની અંદર ગમે તેટલી વાર પાણી વાપરવું હોય તો તિવિહાર પચ્ચક્ખાણવાળાને એનો નિષેધ નથી એટલે કે વાપરી

શકે છે. એમાં કોઇ અભિગ્રહ કરે કે તિવિહાર કર્યા પછી એક જ વાર પાણી વાપરવું અથવા બેવાર વાપરવું તો એને જે પ્રમાણે અભિગ્રહ કરેલો હોય તેટલી વાર ૩ કલાકના સમય સુધી જ છૂટ. દુવિહારના પચ્ચક્ખાણમાં પાણીનો સાથે દવા લેવાની હોય તો દવા લઇ શકે છે પણ દવાની સાથે દૂધ વિ. લેવાય નહિ.

આ કવલાહારના ચાર પ્રકારો હોય છે.

(૧) અસન (૨) પાન-પાણી (૩) ખાદિમ. સૂઠ વિ. (૪) સ્વાદિમ. મુખવાસ.

અસન એટલે અનાજ. આ ચારે પ્રકારનો આહાર કવલાહાર રૂપે ગણાતો હોવાથી એ આહારના પુદ્ગલા ગૃહસ્થોને ધન વગર મેળવી શકાતા નથી માટે લક્ષ્મી પણ લાભાંતરાયકર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે. તેમ કહેવાય છે. એ લક્ષ્મી લાભાંતરાય કર્મના ક્ષયોપશમથી મળતી હોવા છતાં એના અનેક પ્રકાર થાય છે. કારણ કે ક્ષયોપશમભાવની વિચિત્રતા અનેક પ્રકારની હોય છે. એને સમજવા માટે જ્ઞાની ભગવંતોએ સ્થૂલ દ્રષ્ટિથી લક્ષ્મીના ૪ પ્રકાર કહેલા છે.

(૧) કેટલીક લક્ષ્મી લાભાંતરાયના ક્ષયોપશમથી પ્રાપ્ત થતી જાય તો પણ એવા પ્રકારની હોય છે કે આવેલી લક્ષ્મી બીજી રહેલી લક્ષ્મીનો નાશ કરે છે. આ લક્ષ્મીને બાળકની જેમ મૂળનો ઉચ્છેદ કરનારી કહેલી છે.

(૨) લાભાંતરાય કર્મના ક્ષયોપશમભાવની વિચિત્રતાને કારણે કેટલીક લક્ષ્મી જીવને પ્રાપ્ત થાય એ પુણ્યરૂપે પ્રાપ્ત થાય પણ ફ્ળ આપનારી ન થાય. જેમ કેટલાક વૃક્ષો ઉપર ફૂલ પેદા થઇ શકે છે પણ ફ્ળ પેદા થતું નથી. એની જેમ સમજવું. જીવોને લક્ષ્મીની પ્રાપ્તિ થાય પણ એ લક્ષ્મી ફ્ળવતી બનતી નથી. પ્રાપ્ત થાય કે તરત જ નાશ પામી જાય. કંઇક ને કંઇક ખર્ચ આવીને ઉભા રહે. આકસ્મિક કારણ કંઇક એવું આવીને ઉભું રહે કે લક્ષ્મી આવતાં પહેલાં એ બધા આકસ્મિક કારણોને વિશે ખર્ચની ગોઠવણ થઇ ગયેલી હોય કે જેના કારણે એ લક્ષ્મી ફ્ળવતી બનતી નથી. આ રીતે આવેલી લક્ષ્મીને ક્ષયોપશમની વિચિત્રતાથી કેટલીકવાર ગુજરાન ચલાવવામા પણ મુશ્કેલી પ્રાપ્ત થઇ શકે છે. પુણ્ય ઉપાર્જન કરવામાં સહાયભૂત લક્ષ્મીને જ ફ્ળવતી કહેવાય.

(૩) લાભાંતરાય કર્મના ક્ષયોપશમભાવની વિચિત્રતાથી કેટલાક જીવોને એવી લક્ષ્મી પેદા થાય છે કે એ લક્ષ્મી ભોગફ્ળ આપે પણ સદ્બીજ રૂપે પુણ્યથી વંચિત રાખે. કેળના ઝાડની જેમ. (કેળના ઝાડમાં બીજ ન હોય.)

(૪) લાભાંતરાય કર્મના ક્ષયોપશમભાવની વિચિત્રતાથી જીવને જે લક્ષ્મી પેદા થાય એ લક્ષ્મી પોતાને સર્વ પ્રકારનું સુખ આપનારી બને અને પુણ્ય ઉપાર્જન કરવામાં સહાયભૂત થતી જાય. એટલે કે પોતે જેટલી સુખમાં વાપરે એનાથી વિશેષ રીતે પુણ્ય ઉપાર્જન કરવામાં સહાયભૂત થતી જાય.

વિરાગ વિનાનો સંતોષ ગુણ ભવભ્રમણનું કારણ બને છે.

અભવ્ય, દુર્ભવ્ય, ભારેકર્મી ભવ્ય જીવો સંતોષ, નમ્રતા, ક્ષમા બધા ગુણોને કેળવે પણ જો વિરાગભાવ ન હોય તો આ બધા ગુણ ગુણાભાસરૂપે કહેવાય.

લાભનો અંતરાય એટલે જેની પાસે લક્ષ્મી હોય એ ઉદાર હોય, આપવાની ઇચ્છાવાળો હોય, માંગનાર એટલે યાચના કરનાર યાચનામાં કુશળ હોય છતાં પણ પોતાના લાભના અંતરાયના કારણે એને ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ ન થાય તેને લાભાંતરાયનો ઉદય કહેવાય છે. જેમકે રાજગૃહીનો ભિખારી રાજગૃહી નગરીને વિશે ત્રણ ત્રણ દિવસ સુધી દરેક ઘરોમાં યાચના કરે છે છતાં પણ લાભાંતરાય કર્મના ઉદયના કારણે અનાજનો દાણો પણ મળતો નથી. એમાં સાંભળવા મળ્યું કે ઉદ્યાનમાં ઉજાણી કરવા માટે લોક ભેગું

થયેલું છે એ માણસો પાસે જઇને યાચના કરે છે છતાં પણ લાભાંતરાયના ઉદયથી કોઇ કશું પણ આપતું નથી. પહાડ ઉપર બેસીને લોકોને ખાતાં જુએ છે અને ત્રણ દિવસની ભૂખની અસહ્ય વેદનાને કારણે ભૂખની અસહ્ય વેદના પેદા થતાં ઉજાણી કરનાર લોકોને મારી નાખવાની બુધ્ધિ પેદા થાય છે. પથ્થર ગબડાવે છે. એ પથ્થરની નીચે પોતે આવી જતાં મરણ પામીને સાતમી નારકીમાં જાય છે.

વિરાગભાવ જેટલો તીવ્ર એટલી પ્રસન્નતા વધુ. લાભાંતરાયના ઉદયમાં પણ હાયવોય ન કરે.

આ લાભાંતરાય કર્મનો ઉદય જીવને ૧ થી ૧૨ ગુણસ્થા. સુધી હોય છે. લાભાંતરાય કર્મના દેશઘાતી અધિક રસવાળા પુદ્ગલોનો જોરદાર ઉદય ચાલતો હોય અને મોહનીય કર્મ જો નિકાચિત ન હોય એટલે કે દર્શન મોહનીય કર્મ અનિકાચિત રૂપે હોય તો જીવ પુરૂષાર્થ કરીને ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ કરો શકે છે.

અત્યારે વર્તમાનકાળમાં જીવો પુરૂષાર્થ કરીને ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરી શકે છે અને એ સમકિતની હાજરીથી લાભાંતરાયકર્મના ઉદયને સમાધિપૂર્વક વેઠી શકે છે. જેમ જેમ સમાધિપૂર્વક લાભાંતરાયના ઉદયને ભોગવતો જાય તેમ તેમ લાભાંતરાય કર્મ ક્ષયોપશમભાવે બંધાતું જાય છે. ક્ષયોપશમભાવે બાંધેલુ લાભાંતરાય તીવ્ર રસે જો બંધાતું હોય અને લાભાંતરાયનો ઉદય જો નિકાચિત ન હોય તો એક અંતર્મુહૂર્ત પછી ઉદયમાં આવીને લાભાંતરાયના ઉદયને નાશ કરે છે. એટલે કે ક્ષયોપશમભાવ પેદા કરે છે.

વિરાગીને જેમ જેમ ભૌતિક સામગ્રી અધિક મળે તેમ તેમ એનો વિરાગભાવ વધતો જાય. વિરાગની મસ્તી જે જીવમાં હોય તેને જીવતાં આવડે એમ જૈનશાસન કહે છે. વિરાગપૂર્વકનો સંતોષ તે શુધ્ધભાવ કહેવાય. વિરાગ વગરના સંતોષથી જન્મ-મરણનો અંત ન આવી શકે. લાભાંતરાય કર્મના ઉદયને સમાધિથી વેઠવા માટે વિરાગભાવ જરૂરી છે.

અનાદિકાળથી જગતને વિશે પરિભ્રમણ કરતાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવો - એ સઘળાય જીવોને લાભાંતરાય કર્મનો ક્ષયોપશમભાવ હોવાથી દેશઘાતી અધિક રસવાળા પુદ્ગલો તેમ જ દેશઘાતી અલ્પરસવાળા પુદ્ગલોનો આહાર મળ્યા કરે છે. પણ એ પુદ્ગલો મળ્યા પછી ભોગવી શકે અથવા વારંવાર ભોગવી શકે એવું બનતું નથી. એ ભોગવવા માટે અને વારંવાર ભોગવવા માટે ભોગાંતરાય કર્મ અને ઉપભોગાંતરાય કર્મનો ક્ષયોપશમભાવ જીવોને પ્રાપ્ત થયેલો હોય તો જ ભોગવી શકે અથવા વારંવાર ભોગવી શકે છે. ભોગાંતરાય આદિનો ક્ષયોપશમભાવ ન હોય તો લાભાંતરાયના ક્ષયોપશમભાવથી જે સામગ્રી મળેલી હોય તનો રાગ કરીને આસક્તિ કરીને અને મમત્વબુધ્ધિ સ્થિર કરીને જીવ પોતાના હાથે જ પોતાનો સંસાર વધારતો જાય છે. લાભાંતરાય કર્મના ક્ષયોપશમભાવથી મળેલી સામગ્રીમાં રાગાદિ પરિણામનો નાશ કરવો હોય એટલે કે રાગાદિ પરિણામ ઓછા કરવા હોય તો જીવ પુરૂષાર્થ કરીને મળેલી સામગ્રીની ઓળખ કરતો જાય. એ ઓળખાણ કરતાં કરતાં મળેલી સામગ્રીમાં રાગને બદલે વિરક્તભાવ પેદા કરતો જાય તો જ જીવ લાભાંતરાય કર્મનો ક્ષય કરવા માટે પ્રયત્ન કરી શકે છે. આ લાભાંતરાય કર્મનો ક્ષયોપશમભાવ ૧ થી ૧૨ ગુ. સ્થા. સુધી જીવને રહેલો હોય છે. ૧૨મા ગુ. સ્થા. ના અંતે અંતરાયકર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી ૧૩ મે. ગુ. સ્થાનકે ક્ષાયિકભાવે લાભલબ્ધિ પેદા થાય છે. એ ક્ષાયિક ભાવે પેદા થયેલી લાભલબ્ધિ અનંતકાળ સુધી સાથે રહેશે.

## ભોગાંતરાય અને ઉપભોગાંતરાય દોષનું વર્ણન

અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરતા એકેન્દ્રિયથી, પાપથી દુઃખ આવે, પુણ્યથી સુખ

આવે. જગતના જીવો સુખ મેળવવા માટે પાપ કરે છે. પુણ્યથી મળેલી સામગ્રી ભોગવતાં ભોગવતાં દુર્ગતિ થાય એ રીતે ભોગવાય નહિ, વિરક્ત ભાવે ભોગવવાનું.

પંચેન્દ્રિય સુધીના જીવોને જે આહારની સામગ્રી મળેલી હોય એ સામગ્રીને ભોગવવા માટે ભોગાંતરાય કર્મનો ક્ષયોપશમભાવ દેશઘાતી અધિકરસવાળા પુદ્ગલો અને દેશઘાતી અલ્પરસવાળા પુદ્ગલો સદા માટે ઉદયમાં રહેલા હોય છે. જ્યારે અધિકરસવાળા પુદ્ગલોનો ઉદય ચાલતો હોય ત્યારે જીવોને ભોગની સામગ્રીનો ઉદયભાવ કામ કરતો હોય છે. એટલે કે ભોગવવા માટેની સામગ્રી ભોગવતાં ફળવતી બનતી નથી. અને ફળવતી ન બનતાં જીવના શરીરને વિશે રોગાદિરૂપે અનેક પ્રકારની વિકૃતિ પેદા કરે છે. જ્યારે ભોગાંતરાય કર્મના અલ્પરસવાળા પુદ્ગલોનો ઉદય હોય ત્યારે મળેલી સામગ્રીનો ભોગવટો જીવ કરતો જાય તો એ સામગ્રી ભોગનું ફળ આપનારી બને છે. એટલે કે શરીરને નિરોગી બનાવી પાચનશક્તિને તેજ બનાવી શરીર આદિને પુષ્ટ બનાવે છે.

ભોગાંતરાય, ઉપભોગાંતરાય કર્મનો ક્ષયોપશમભાવ પાપાનુબંધી પુણ્યના ઉદયવાળા જીવોને પ્રાપ્ત થયેલો હોય તો ભોગવવા લાયક અને વારંવાર ભોગવવા લાયક સામગ્રીને ભોગવતાં છતાં પાપનો અનુબંધ ઉદયમાં ચાલુ હોવાથી સારી રીતે ભોગવવા દેતું નથી એટલે કે ભોગવતા ભોગવતા એ પદાર્થમાં જે રસ રહેલો હોય એ રસની અનુભૂતિ પેદા થવા દેતું નથી અને સાથે સાથે નવું કર્મ જોરદાર રસે બાંધતા જાય છે.

પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળા જીવોને ભોગાંતરાય કર્મના ક્ષયોપશમભાવથી જેમ જેમ સામગ્રીનો ભોગવટો કરતા જાય તેમ તેમ પુણ્યનો અનુબંધ ઉદયમાં રહેલો હોવાથી જે સામગ્રીમાં જેવો રસ હોય એ રસના આસ્વાદપૂર્વક સામગ્રીનો ભોગવટો કરતા જાય છે અને સાથે સાથે અંતરમાં વૈરાગ્યભાવ રહેલો હોવાથી પુણ્યનો અનુબંધ વિશેષ થતો જાય છે. સકામ નિર્જરા સાધતા જાય છે અને બંધાતુ ભોગાવલી કર્મ અશુભ પ્રકૃતિ રૂપે હોવા છતાં અલ્પરસે બંધાતુ જાય છે અને આત્મિક ગુણની સન્મુખ થતાં પુરૂષાર્થ કરીને પોતાનું સંપૂર્ણ સ્વરૂપ પેદા કરી શકે છે. એટલે કે ભોગાવલી કર્મનો સંપૂર્ણ ક્ષય થાય ત્યારે જીવો ક્ષાયિક ભાવે ભોગલબ્ધિ અને ક્ષાયિક ભાવે ઉપભોગલબ્ધિને પ્રાપ્ત કરે છે. જ્યાં સુધી જીવને ક્ષાયિક ભાવે ભોગલબ્ધિ આદિ પેદા ન થાય ત્યાં સુધી ક્ષયોપશમભાવે ભોગાવલિ આદિ કર્મ ઉદયાનુબંધિ ક્ષયોપશમભાવે રહેલું હોય છે. ક્ષાયિક ભાવે ભોગલબ્ધિ આદિ પેદા કરવામાં વિઘ્નરૂપે ક્ષયોપશમભાવે ભોગાંતરાય આદિ કર્મ વિઘ્નરૂપે કહેલા છે માટે દોષરૂપે કહેલા છે. ક્ષાયિકભાવે કેવળજ્ઞાન પ્રાપ્ત કરવામાં વિઘ્નરૂપે ૧૮ દોષો કહેલા છે તેમાં ભોગાંતરાય ૧૬મો દોષ અને ઉપભોગાંતરાય ૧૭મો દોષ કહેવાય છે.

બાહ્ય સામગ્રીની દ્રષ્ટિથી ભોગાંતરાય અને ઉપભોગાંતરાય કર્મ ક્ષયોપશમભાવે અવિરતીના ઉદય સુધી કહેલો છે. અથવા પહેલા ગુ. સ્થા. માં રહેલા જીવો અનુકૂળ પદાર્થના રાગને બદલે વૈરાગ્યભાવ ન પામે ત્યાં સુધી તે ભોગાંતરાય કર્મનો ક્ષયોપશમભાવ, પાપાનુબંધી પુણ્ય, સંસારની વૃધ્ધિમાં કારણ બને છે. જ્યારથી જીવ વૈરાગ્યભાવની પ્રાપ્તિ કરે છે ત્યારથી ભોગાંતરાય આદિ કર્મનો ક્ષયોપશમભાવ જીવોને આત્મિકગુણ પેદા કરવામાં સહાયભૂત થાય છે. એટલે કે સૌથી પહેલાં આત્માની સન્મુખ બનાવે છે. ત્યાર પછી આત્મિક ગુણ પેદા કરવાના માર્ગને અનુસરવામાં સહાયભૂત થાય છે અને જીવ જ્યારે સમકિતની પ્રાપ્તિ કરે ત્યારે રાગાદિ પરિણામવાળી સામગ્રી છોડવાલાયક છે એવી બુધ્ધિ પેદા કરાવીને એની પ્રતિપક્ષી સામગ્રી પ્રત્યે રાગનું પરિણામ વધારતા વધારતા જીવ આત્મિક ગુણોને પેદા કરતો જાય છે. તેમાં સ્થિરતા પામીને ચિત્તની પ્રસન્નતા પેદા કરીને ક્ષયોપશમભાવે પેદા થયેલા ગુણોને દૂર કરીને ક્ષાયિક ભાવે ગુણોને પેદા કરવા મન, વચન, કાયાનું સામર્થ્ય પેદા કરતો જાય છે. અને સારો કાળ હોય તો એ સામર્થ્યથી

ક્ષયોપશમભાવે પેદા થયેલા ગુણોનો નાશ કરી ક્ષાયિક ભાવના ગુણોની પ્રાપ્તિ કરી શકે છે.

(૧) ગુ. સ્થાનકનો સામર્થ્યયોગ અતાત્વિક છે. આત્મા ગુ. સ્થાનકનો સામર્થ્યયોગ તાત્વિક છે. અવિરતીનો ઉદય હોય ત્યાં સુધી ભોગાંતરાયકર્મનો ક્ષયોપશમભાવ જીવને હેરાન કરે. સર્વવિરતી પામ્યા પછી ભોગાંતરાય કર્મનો ક્ષયોપશમભાવ જીવને હેરાન કરે નહિ. એ વખતે મળે તો સંયમપુષ્ટિ, ન મળે તો તપોવૃધ્ધિ એ ભાવ આવી જાય.

## વીર્યાંતરાય દોષનું વર્ણન

અનાદિ કાળથી જગતને વિશે પરિભ્રમણ કરતાં જીવોનું વીર્ય એટલે કે આત્માનું અનંતુ વીર્ય કર્મથી અવરાયેલું હોય છે. એ વીર્ય સંપૂર્ણ કોઇ કાળે અવરાતુ નથી. કારણ કે વીર્યાંતરાય કર્મ દેશઘાતી પ્રકૃતિ કહેલી છે. જો સંપૂર્ણ વીર્ય અવરાઇ જાય તો એકેન્દ્રિય જીવોને થોડીઘણી પણ જે શક્તિ રહેલી હોય છે એ શક્તિ પેદા થઇ શકે નહિ. દેશઘાતી અધિકરસવાળા પુદ્‌ગલોનો ઉદય જીવોને જ્યારે ચાલતો હોય ત્યારે મન, વચન અને કાયાના યોગથી થોડી ઘણી શક્તિ જે પેદા થયેલી છે એ શક્તિનો જીવ ઉપયોગ કરી શકતો નથી. જ્યારે એ શક્તિનો ઉપયોગ કરવાની વિચારણા થાય ત્યારે દેશઘાતી અધિક રસવાળા પુદ્‌ગલોના ઉદયથી આળસ આવે, પ્રમાદ થાય, શરીર તૂટે મન થાકી ગયેલું જણાય. આવા પ્રકારના અનેક કારણો ઉભા થાય કે જેના કારણે શક્તિ હોવા છતાં શક્તિને ફોરવવાનું મન પેદા થાય નહિ અને છતી શક્તિએ પોતાના વીર્યનો ઉપયોગ ન કરે તો વીર્યાંતરાય કર્મ ગાઢ બંધાય છે.

જ્યારે જીવોને દેશઘાતી અલ્પરસવાળા વીર્યાંતરાય કર્મનો ઉદય ચાલતો હોય ત્યારે જીવોને મન, વચન અને કાયાથી મળેલા વીર્યનો ઉપયોગ કરવાનું મન થાય છે એટલે કે મન, વચન અને કાયાથી શક્તિ મુજબ પ્રવૃત્તિ કરતા જાય છે. એકેન્દ્રિય જીવોને વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમ ભાવથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું શરીર મળેલું હોય છે તો પણ કાયયોગનો વ્યાપાર આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરવા, શરીર રૂપે પરિણમાવવા એટલે કે ખલ અને રસરૂપે પરિણમાવવા અને ખલવાળા પુદગલોનો નાશ કરવો અને રસવાળા પુદ્‌ગલોનો સંગ્રહ કરીને શરીર રૂપે પરિણમાવવા. આ રીતે આ કાર્યનો વ્યાપાર વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી એકેન્દ્રિય જીવો કર્યા કરે છે.

સંજ્ઞી પર્યાપ્તા જીવોને વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમભાવથી સુક્ષ્મ કાયયોગ, સુક્ષ્મ વચનયોગ, સુક્ષ્મ મનયોગ તેમજ બાદર કાયયોગ, બાદર વચનયોગ અને બાદર મનયોગ વીર્યના ક્ષયોપશમ ભાવથી પેદા થાય છે. એ વીર્યના મુખ્ય બે ભેદ છે. (૧) સાંસારિક વીર્ય અને (૨) આત્મિક ગુણ પેદા કરવા માટેનું વીર્ય.

## સાંસારિક વીર્યના ક્ષયોપશમભાવનું વર્ણન

કેટલાક સંજ્ઞી પર્યાપ્તા જીવોએ સંજ્ઞીપણું પ્રાપ્ત કરીને વીર્યાંતરાયનો ક્ષયોપશમભાવ વિશેષ રીતે પ્રાપ્ત કરેલો હોય છે કે જન્મતાની સાથે જ નિરોગી શરીર, ભરાવદાર શરીર, મજબૂત બાંધાવાળું શરીર આવું શરીર અને એની શક્તિ સારી રીતે પ્રાપ્ત થયેલી હોય છતાં પણ વચનયોગનું વીર્ય નબળું હોય છે કે જેના કારણે ભાષાવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને ભાષારૂપે પરિણમાવી અને વિસર્જન કરવાની શક્તિ એટલે કે એ પુદ્‌ગલોને છોડવાની શક્તિ નબળી પ્રાપ્ત થયેલી હોય તો એ પુદ્‌ગલોને છોડતાં છોડતાં શબ્દો

બોલવામાં અટકી અટકીને બોલે, તોતડાપણારૂપે બોલે, બોલતાં બોલતાં શ્વાસ ચઢી જાય, શરીરમાં થાક લાગે ઇત્યાદિ અનેક પ્રકારની વિકૃતિ વચનયોગના વીર્યની શક્તિ ઓછી હોવાથી આવા અનેક પ્રકારના લક્ષણો બોલવામાં જણાય છે........................ છતાંય આવા જીવોને મનયોગનું વીર્ય વિશેષ શક્તિવાળું પેદા થયેલું હોય તો એના પ્રતાપે મનયોગના વીર્યથી વિશેષ રીતે કામ કરી શકે છે.

કેટલાક સંજ્ઞી પર્યાપ્તા જીવોને શરીર નિરોગી મળેલું હોય, બાંધો મજબૂત હોય છતાં પણ વચનયોગ અને મનયોગની શક્તિ વીર્યાંતરાયના ક્ષયોપશમભાવથી ઓછી પ્રાપ્ત થયેલી હોય તો વચનથી અને મનથી કામ કરતાં કરતાં થાકી જાય. ઇત્યાદિ અનેક પ્રકારના લક્ષણો શરીરને વિશે પેદા થતાં જાય છે.

કટલાક સંજ્ઞી પર્યાપ્તા જીવોને વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમભાવથી મનયોગ, વચનયોગ અને કાયયોગનું વીર્ય શક્તિરૂપે સારી રીતે પ્રાપ્ત થયેલું હોય તો મન, વચન અને કાયાથી કોઇપણ કામકાજ કરતાં જીવને સ્ફૂર્તિ વધતી જાય છે. આ રીતે વીર્યાંતરાયના ક્ષયોપશમભાવથી કેટલાક જીવોને શરીર નબળું મળેલું હોય, શરીરના વીર્યની શક્તિ ઓછી પ્રાપ્ત થયેલી હોય તેને વધારવા માટે ગમે તેટલા પ્રયત્નો કરે તો પણ શરીરની શક્તિ વધે નહિ અને નબળા શરીરના કારણે થોડું કામ કરતાંની સાથે શરીર થાકી જાય. એ થાકેલા શરીરની અસર મન ઉપર વર્તાય કે જેના કારણે મનની શક્તિ પણ નબળી થતી જાય. આ રીતે વીર્યાંતરાયકર્મના ક્ષયોપશમભાવની વિચિત્રતાના કારણે અનેક પ્રકારના જીવોને વીર્યની શક્તિ ભિન્ન ભિન્નરૂપે પેદા થતી જાય છે.

નિરોગી શરીર હોવા છતાં, યુવાનવય પ્રાપ્ત થયેલી હોવા છતાં મન, વચન, કાયાના યોગનું વીર્ય શક્તિરૂપે સારૂં પ્રાપ્ત થયેલું હોવા છતાં પોતાની ઇચ્છા મુજબ મન, વચન અને કાયયોગના વીર્યથી સાંસારિક પ્રવૃત્તિ કરી શકે નહિ એટલે કે જ્યારે જ્યારે મન, વચન અને કાયાથી કોઇપણ સાંસારિક પ્રવૃત્તિ કરવાનો વખત આવે તે વખતે આળસ ન થાય, શરીરનો દુખાવો થાય, મનના વિચારો નબળા પતા જાય, વચનથી બહુ બોલવાની શક્તિ રહે નહિ, ઇત્યાદિ અનેક પ્રકારના લક્ષણો શરીરમાં પેદા થતાં જાય અને વીર્યાંતરાય કર્મ કહેવાય છે.

સાંસારિક પ્રવૃત્તિમાં મન, વચન, કાયાના વીર્યને જોડવું એટલે કે એ યોગના વીર્યથી અનુકૂળ પદાર્થોનો રાગ વધારવો અને પ્રતિકૂળ પદાર્થો પ્રત્યે દ્વેષ વધારવો એમાં પોતાની ઇચ્છા મુજબ મન, વચન અને કાયાનું વીર્ય ઉપયોગમાં ન આવે તો અંતરમાં દુઃખ પેદા થવું ઇત્યાદિ અનેક પ્રકારના વિચારોથી જીવ પોતે પોતાના હાથે જન્મ-મરણની પરંપરા વધારતો જાય છે આને સંસારિક વીર્ય કહેવાય છે.

અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરી રહેલા જીવોને વીર્યાંતારય કર્મના ક્ષયોપશમભાવથી સુક્ષ્મ કાયયોગ રૂપે એકન્દ્રિય જીવોને વીર્યનો એટલે કે શક્તિનો ક્ષયોપશમભાવ હોય છે. તેની સાથે બાદર કાયયોગ વીર્યનો ક્ષયોપશમભાવ સૂક્ષ્મ યોગ કરતાં વિશેષ રીતે વીર્યની શક્તિ પેદા થયેલી હોય છે. એ બાદર કાયયોગ રૂપે વીર્યની શક્તિનો ઉપયોગ એકેન્દ્રિય જીવો અનુકૂળ પુદ્ગલોને વિશે રાગ કરવામાં અને પ્રતિકૂળ પુદ્ગલોને વિશે દ્વેષ કરવામાં ઉપયોગ કરતા કરતા પોતાનો સંસાર વધારતા જાય છે.

બેઇન્દ્રિય જીવોને સૂક્ષ્મ કાયયોગ અને સુક્ષ્મ વચનયોગ પ્રાપ્ત થયેલો હોય છે. એની સાથે સાથે બાદર કાયયોગ અને બાદર વચનયોગ વીર્યનો ક્ષયોપશમભાવ પેદા થયેલો હોય છે. એમાં અપર્યાપ્તા બઇન્દ્રિય જીવો વિશેષ રીતે બાદર કાયયોગ વીર્યનો ઉપયોગ કરતાં કરતાં પોતાનો સંસાર વધારતા જાય છે અને પર્યાપ્તા બેઇન્દ્રિય જીવો વિશેષ રીતે બાદર વચનયોગનો ઉપયોગ કરતા કરતા એટલે કે રસનેન્દ્રિયનો ઉપયોગ વિશેષ રીતે કરતા કરતા એટલે કે અનુકૂળ પદાર્થોમાં રાગાદિ પરિણામ અને

પ્રતિકૂળ પદાર્થોમાં દ્વેષાદિ પરિણામ કરતાં કરતાં પોતાનો સંસાર વધારતા જાય છે.

એવી જ રીતે તેઇન્દ્રિય જીવોને સૂક્ષ્મ કાયયોગ અને સૂક્ષ્મ વચનયોગ પ્રાપ્ત થયેલા હોય છે. એની સાથે સાથે બાદર કાયયોગ, બાદર વચનયોગ પ્રાપ્ત કરીને રાગાદિ પરિણામ કરતા કરતા પોતાનો સંસાર વધારતા જાય છે.

ચૌરિન્દ્રિય જીવોને સૂક્ષ્મ કાયયોગ, સૂક્ષ્મ વચનયોગ તેમજ બાદર કાયયોગ, બાદર વચનયોગ વીર્ય ક્ષયોપશમભાવ પેદા થયેલું હોય છે. એ વીર્યના ક્ષયોપશમભાવે રાગાદિ પરિણામ પુદ્ગલોને વિશે કરતાં કરતાં એ ચૌરિન્દ્રિય જીવો પોતાનો સંસાર વધારતા જાય છે.

જીવોને જેમ જેમ વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમભાવથી વીર્યની શક્તિ વધતી જાય છે તેમ તેમ જીવો વધતા જતા વીર્યથી કર્મનો બંધ પણ વિશેષ રીતે કરતા જાય છે.

અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને સુક્ષ્મ કાયયોગ અને સુક્ષ્મ વચનયોગ વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમભાવથી વીર્ય રૂપે પેદા થતો જાય છે . તેમ બાદર કાયયોગ અને બાદરવચનયોગ વીર્યની શક્તિ વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમ ભાવથી જીવોને પેદા થતાં થતાં એનો ઉપયોગ પુદ્ગલોને વિશે રાગાદિ પરિણામ કરતા કરતા સંસારની વૃધ્ધિનું કારણ બને છે. આ વીર્યથી અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો એકેન્દ્રિય જીવો કરતાં ૧૦૦૦ ગણો અધિક કર્મબંધ કરે છે.

સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને સુક્ષ્મ કાયયોગ, સુક્ષ્મ વચનયોગ, સુક્ષ્મ મનયોગ આ ત્રણેની શક્તિ વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમભાવથી પ્રાપ્ત થયેલી હોય છે. તેની સાથે સાથે બાદર કાયયોગ, બાદર વચનયોગ અને બાદરમનયોગ વીર્યની શક્તિ વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમભાવથી પેદા થયેલી હોય છે. આ શક્તિના પ્રતાપે સમયે સમયે જીવ જઘન્યથી અંતઃકોટાકોટિ સાગરોપમ જેટલો કર્મબંધ કરતો જાય છે અને ઉત્કૃષ્ટથી દરેક કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ જે પ્રમાણે કહેલી છે તે પ્રમાણે કર્મબંધરૂપે બાંધતો જાય છે.

વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમભાવથી આત્મિક ગુણની સન્મુખ થવામાં અને આંશિક આત્મિક ગુણનો અનુભવ કરવામાં સહાયભૂત નહિ થવા દેવામાં જે વીર્યાંતરાય કર્મનો ઉદય જીવને મન, વચન, કાયાના યોગનો વ્યાપાર ઉપયોગી ન બને અને પુરૂષાર્થ કરીને ઉપયોગી બનાવે એવા વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમ ભાવના ૩ ભેદ પાડવામાં આવેલા છે. (૧) બાલવીર્ય, (૨) બાલપંડિત વીર્ય અને (૩) પંડિત વીર્ય.

**(૧) બાલવીર્ય** :- જે જીવો પુરૂષાર્થ કરીને પોતાના મન, વચન, કાયાના યોગનો વ્યાપાર ગ્રંથીદેશે આવ્યા પછી ગ્રંથીને ઓળખવામાં પ્રયત્ન કરે એટલે કે દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતાં કરતાં મારા આત્માના સંસારમાં જન્મ મરણની પરંપરા વધારનાર અને એ જન્મ મરણમાં દુઃખ, દુઃખ અને દુઃખની પરંપરા પેદા કરાવનાર કોણ છે ? એ દુઃખથી છૂટવા માટે હું શું કરૂં ? તો છૂટી શકું આવી વિચારણાઓ પેદા કરીને દુઃખ આપનાર ચીજોને ઓળખવાની ઇચ્છા પેદા થાય, દુઃખ આપનારી ચીજોથી દૂર રહેવાની ઇચ્છા પેદા થાય એવી ભાવનાથી દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરે અને એમાં પોતાના વીર્યને, શક્તિને વારંવાર જોડતો જાય અને એને જોડીને મોક્ષનો અભિલાષ પેદા કરે, ગ્રંથીભેદ કરે અને સમકિતની પ્રાપ્તિ કરે એ સમકિતને પામીને એને ટકાવી રાખીને પોતાનું જીવન જીવે, એ રીતે મળેલી વીર્યની શક્તિનો ઉપયોગ કરવો એને બાલવીર્ય કહેવાય છે.

દેવ, ગુરૂ અને ધર્મની આરાધના શુભ ક્રિયારૂપે કરતાં કરતાં પોતાના આત્માને દુઃખી કરનારી ચીજોને ઓળખવાની ઇચ્છા પેદા ન થાય અને ઓળખીને તેનાથી સાવચેતી રાખી જીવન જીવવાનો પુરૂષાર્થ

કરવાનું મન ન થાય તે જીવોને દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરવા છતાં પણ બાલવીર્યાંતરાય કર્મનો ઉદયભાવ જણાવે છ. આ ઉદયભાવના પ્રતાપે ધર્મક્રિયા કરવા છતાં પણ જન્મમરણની પરંપરા દૂર થઇ શક્તી નથી. જેમ જેમ ધર્મપ્રવૃત્તિ કરતો જાય તેમ તેમ બાલવીર્યાંતરાય કર્મના ઉદયભાવથી પાપાનુબંધી પુણ્ય બાંધીને સંસારની વૃધ્ધિ કરતો જાય છે.

**(૨) બાલપંડિત વીર્ય** :- જે જીવો પોતાના વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમભાવથી જીવનમાં નાનામાં નાના નિયમથી શરૂ કરીને દેશવિરતીના પાલન માટે ૧૨ વ્રતો અથવા તેમાંથી કોઇપણ એક પ્રકારનું વ્રત ગ્રહણ કરીને અપ્રમત્તભાવે નિરતિચારપણે વ્રતનું પાલન કરવા માટે મન, વચન, કાયના યોગના વીર્યનો ઉપયોગ કરતો જાય એવી જ રીતે વ્રતમાં અતિચાર લગાડનાર-વ્રતને મલિન કરનાર અને વ્રતનો નાશ કરાવી અવ્રતને પેદા કરનાર વિઘ્નરૂપે જેટલા જેટલા પદાર્થો હોય તે પદાર્થો પ્રત્યે મન, વચન અને કાયાના વીર્યથી સજાગપણું રાખીને પોતાનું જીવન જીવવામાં મન, વચન અને કાયાની શક્તિ ઉપયોગી બનાવે એને બાલપંડિત વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમરૂપે કહેવાય છે અને જે જીવોને બાલપંડિત વીર્ય વીર્યાંતરાયના ક્ષયોપશમભાવથી પેદા થયેલું હોવા છતાં નાનામાં નાનો નિયમ પેદા થવા ન દે. દેશવિરતીના ૧૨ વ્રતો અથવા ૧૨ વ્રતોમાંથી કોઇપણ વ્રત પેદા થવા ન દે. પેદા કરવામાં એટલે કે ગ્રહણ કરવામાં આળસ પેદા કરે, પ્રમાદ લાવે એને બાલપંડિતવીર્ય વીર્યાંતરાય કર્મનો ઉદયભાવ ગણાય છે એવી જ રીતે ગ્રહણ કરેલા વ્રતોમાં નિરતિચારપણે પાલન કરવા માટે મન, વચન અને કાયાનું વીર્ય ફોરવવા ન દે તેને બાલપંડિત વીર્યના વીર્યાંતરાયનો ઉદયભાવ ગણાય છે. જેમ કે બધા નિયમ ગ્રહણ કરતાં હોય તે વખતે બધાંને જોઇને ઉલ્લાસ પેદા કરી નિયમ ગ્રહણ કર. એ ગ્રહણ કર્યા પછી ઘેર જાય અને ઘરમાં વાત કરે અને નિયમની વિરૂધ્ધ કોઇ કાંઇ પણ બોલે એટલે ઉલ્લાસ મંદ પડવા માંડે છે અને પછી મનમાં વિચાર પેદા થાય કે મેં નિયમ ન લીધો હોત તો સારૂં થાત. લીધો છે માટે પાળી લઉં પણ કેટલા દિવસ માટેનો લીધેલો છે એ મેં ધારેલું નથી અન પછી પોતાની જાતે નક્કી કરે કે બે દિવસ પાળીશ અથવા ચાર દિવસ પાળીશ. ઇત્યાદિ જેટલા સમય સુધી પાળે તો એ નિયમ પાળવામાં મન, વચન અને કાયાની શક્તિ ઉલ્લાસપૂર્વક જોડે નહિ અને જેવા દિવસો પૂરા થાય કે તરત જ અંતરમાં વિચાર આવે કે આજે નિયમ પૂરો થયો. આવા જીવોને નિયમ પાળવા છતાં નિયમમાં નિરતિચારપણાનું લક્ષ ન હોવાથી અને ક્યારે નિયમ પૂરો થાય એ લક્ષ હોવાથી લીધેલા નિયમનું પાલન કરવા છતાં એનું ફ્ળ મળતું નથી.

બાલપંડિત વીર્યનો ઉપયોગ દેશવિરતિના પાલન માટે થાય છે. જે તે દેશવિરતીના પાલનમાં અથવા વ્રત, નિયમ, પચ્ચક્ખાણ લેવામાં લીધેલાને વીર્યોલ્લાસપૂર્વક પાલન ન થવા દેવામાં બાલપંડિત વીર્ય વીર્યાંતરાય કર્મનો ઉદયભાવ જીવને કામ કરતો હોય છે અને છતી શક્તિએ એ ઉદયભાવને પુરૂષાર્થ કરીને ક્ષયોપશમ ભાવે પેદા ન કરે તો વીર્યાંતરાય કર્મ ગાઢ બંધાય છે.

(૩) પંડિત વીર્ય :- જે જીવો સંજ્ઞી પર્યાપ્તા સંખ્યાત વર્ષના આયુષ્યવાળો મનુષ્યપણું પ્રાપ્ત કરીને વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમભાવનો આત્મિક ગુણ પેદા કરવાના ઉપયોગમાં લગાડીને પુરૂષાર્થ કરતો કરતો બાલવીર્ય રૂપે ઉપયોગમાં લઇ ગ્રંથીભેદ કરીને સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે એ સમ્યક્ત્વ પામ્યા પછી વિશેષ રીતે પુરૂષાર્થ કરતો કરતો પંડિત વીર્ય રૂપ ઉપયોગ કરવા માટે વીર્યાંતરાયના ક્ષયોપશમભાવથી અવિરતીને ઓળખીને અને એ અવિરતીથી સાવધ રહેતા રહેતા અવિરતીનો સર્વથા ત્યાગ કરવાની તાકાત કેળવતો જાય છે. એ રીતે પ્રયત્ન કરતાં કરતાં જ્યારે અવિરતી પ્રત્યે અત્યંત ગુસ્સો પેદા થાય અને હવે અવિરતી જોઇતી જ નથી. ક્યારે અવિરતીનો સંપૂર્ણ નાશ કરૂં અને વિરતીના પરિણામને પામું આવી

વિચારણા દ્રઢ કરીને મન, વચન, કાયાના યોગને વીર્યરૂપે ઉપયોગમાં લઇને સર્વથા અવિરતીનો ત્યાગ કરી ઉલ્લાસપૂર્વક વિરતીનો સ્વીકાર કરે છે. એ વિરતીનો સ્વીકાર કર્યા પછી અવિરતીનો ઉદય મનથી પણ પજવે નહિ. એટલે કે મનમાં અવિરતીના વિચારો પેદા થાય નહિ તેના માટે વિરતીનો સ્વીકાર કર્યા પછી કાયમી ચારિત્રની ક્રિયામાં જોડે છે. વચનના વીર્યને ભગવાનની આજ્ઞા મુજબના વચન બોલવાનો અભ્યાસ કરતો જાય છે. એટલે કે સાવદ્ય વચન બોલાઇ ન જાય અને જરૂર પડે ત્યારે નિરવદ્ય વચન પાપવ્યાપારના ત્યાગના હેતુથી બોલવાનો વખત આવે ત્યારે વચનયોગના વીર્યનો ઉપયોગ કરે છે અને મનયોગના વીર્યને સ્વાધ્યાયના વિચારોમાં, વિનય કરવાના વિચારોમાં, વૈયાવચ્ચ કરવાના વિચારોમાં, તપ કરવાના વિચારોમાં અને સંયમ નિરતિચારપણે કેવી રીતે પાલન કરાય તેના વિચારોમાં ૨૪ કલાક જોડેલું રાખીને એટલે કે આ પાંચમાંથી જ્યારે જ્યારે જેમાં મનયોગથી વિચાર કરતો હોય તેમાં મન થાકે ત્યારે પાંચમાંથી બીજાના વિચારમાં જોડે એમ એક એકમાં મનને જોડી જોડીને મનને નવરૂં પડવા દેતા નથી. જો મન નવરૂ પડે તો અવિરતીના વિચારો, મિથ્યાત્વના વિચારો એટલે કે જે પદાર્થો સાવદ્ય વ્યાપારવાળા હતા એનો જે સર્વથા ત્યાગ કર્યો છે એના વિચારો પેદા કરીને વિચારથી અવિરતી પેદા કરતા જાય છે અને છોડેલા પદાર્થો કેટલા સરસ હતા એવી વિચારણાઓ વારંવાર કરીને મનયોગને મિથ્યાત્વથી વાસિત એટલે કે મિથ્યાત્વવાળું બનાવે છે. આ કારણથી મનયોગનું વીર્ય અવિરતી અને મિથ્યાત્વવાળ્ ન બની જાય તેની સતત કાળજી રાખવા માટે સ્વાધ્યાય આદિ પાંચમાં મનને વારંવાર જોડી જોડીને એમાં જ પોરવી રાખે છે. આ રીતે સંયમને વિશે મન, વચન, કાયાના યોગના વીર્યને જોડીને ઉપયોગ કર્યા કરવો અને ચારિત્રમા અપ્રમત્તપણે આગળ વધ્યા કરવું તેને પંડિતવીર્ય વીર્યાંતરાય કર્મનો ક્ષયાપશમભાવ કહેવાય છે. આ રીતે જીવ વીર્યાંતરાય કર્મનો ક્ષયોપશમભાવ પેદા થયેલો છે એનો વિશેષ રીતે ઉપયોગ કરતો જાય તો એના ઉપયોગથી જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ અને મોહનીય કર્મનો ક્ષયોપશમભાવ વધતો જાય છે. એમાં જો વીર્યની વિશેષ તાકાત હોય તો સૌથી પહેલાં મોહનીય કર્મના ક્ષયોપશમભાવને પ્રાપ્ત કરતાં કરતાં દર્શન મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય કરવાનો પ્રયત્ન કરીને દર્શનસપ્તકનો ક્ષય કરે છે અને ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ કરે છે. આ ક્ષાયિક સમકિત પ્રાપ્ત કર્યા પછી પૂર્વે આયુષ્ય બાંધેલું ન હોય અને તીર્થંકર નામકર્મ નિકાચિત કરેલું ન હોય તો જીવ મન, વચન અને કાયયોગના વીર્યથી સામર્થ્યયોગ પેદા કરીને ક્ષયોપશમભાવે જે ધર્મની પ્રાપ્તિ થયેલી છે એનો નાશ કરી ક્ષાયિક ભાવે ધર્મની પ્રાપ્તિ કરવા માટે ચારિત્ર મોહનીય કર્મની ૨૧ પ્રકૃતિઓનો સંપૂર્ણ ક્ષય કરવા માટે ક્ષપકશ્રેણીની પ્રાપ્તિ કરે છે. એ ક્ષપકશ્રેણી પ્રાપ્ત કર્યા પછી ૯મા ગુણસ્થાનકે ચારિત્રમોહનીય કર્મની ૨૦ પ્રકૃતિઓનો સંપૂર્ણ ક્ષય કરે છે અને ૧૦મા ગુણસ્થાનકે ચારિત્ર મોહનીય કર્મની છેલ્લી પ્રકૃતિ સંજ્વલન લોભ એનો સંપૂર્ણ નાશ કરી ૧૨મા ગુણસ્થાનકે જઇને જીવ ક્ષાયિક ચારિત્રની પ્રાપ્તિ કરે છે. એ ક્ષાયિક ચારિત્ર પ્રાપ્ત કરેલું હોવા છતાં જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ અને અંતરાય કર્મ ક્ષયોપશમભાવે જ રહેલા હોય છે. એ કર્મોનો હજી સંપૂર્ણ નાશ થયો નથી. માત્ર મોહનીય કર્મનો સંપૂર્ણ નાશ થયેલો છે. આથી એ ક્ષાયિક ચારિત્રના કાળમાં જીવ જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ અને અંતરાય કર્મના ક્ષયોપશમભાવને નાશ કરીને ક્ષાયિક ભાવ પેદા કરવાનો પ્રયત્ન કરતો જાય છે. અને જ્યારે જીવ ૧૨મા ગુણસ્થાનોમાંથી ૧૩મા ગુણસ્થનને પામે છે ત્યારે જીવને જ્ઞાનાવરણીય કર્મના સંપૂર્ણ ક્ષયથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. દર્શનાવરણીય કર્મના સંપૂર્ણ ક્ષયથી કેવલદર્શનની પ્રાપ્તિ થાય છે અને અંતરાયકર્મના સંપૂર્ણ ક્ષયથી અનંતવીર્ય જે આત્માની શક્તિરૂપે રહેલું છે તેની પ્રાપ્તિ થાય છે. આ રીતે પંડિતવીર્યમાં વીર્યાંતરાય

કર્મના ક્ષયોપશમભાવનો ઉપયોગ કરતો કરતો જીવ પુરૂષાર્થ કરવામાં આગળ વધે તો વીર્યાંતરાય કર્મનો સંપૂર્ણ ક્ષય કરી શકે છે એને પંડિતવીર્ય કહેવાય છે.

વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમભાવથી મન, વચન, કાયાના યોગના વીર્યને આત્મિક ગુણ પેદા કરવાના ઉપયોગમાં લેતાં લેતાં જીવ પંડિતવીર્ય સુધી પહોંચે અને પછી વીર્યાંતરાય કર્મનો ઉદય પેદા થાય તો પોતાના મન, વચન, કાયાના યોગના વીર્યને અવિરતીનો સંપૂર્ણ ત્યાગ કર્યા પછી, વિરતીનો સ્વીકાર કર્યા પછી સ્વાધ્યાયને વિષે, વિનયને વિષે, વૈયાવચ્ચને વિષે, તપને વિષે અને સંયમને વિશે આગળ વધવાનાં પરિણામ પેદા થવા દેતા નથી. જ્યાં છે ત્યાં ટકાવી રાખે છે અથવા જો અવિરતીનો ઉદય જોરદાર પેદા થઇ જાય તો જીવોને એ જ વીર્યાંતરાય કર્મનો ઉદયભાવ પતન પરિણામી બનાવી પંડિતવીર્યથી નીચે ઉતારે છે. આ પંડિતવીર્યને નીચે ઉતારવામાં વિશેષ રીતે કારણરૂપે ગણાતું હોય તો જ્ઞાની ભગવંતોએ એ પ્રમાદ કીધેલો છે.

આવા પ્રમાદને આધીન થઇને ચૌદપૂર્વીઓ પંડિતવીર્ય ફોરવીને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમભાવ પેદા કરીને શ્રુતકેવલી બનેલા હોય છે અને પછી નિકાચિત કર્મના ઉદયથી પ્રમાદને આધીન થઇ પંડિતવીર્ય રૂપે વીર્યનો ઉપયોગ કરવાને બદલે વીર્યાંતરાય કર્મના ઉદયભાવથી અવિરતીને વધારવામાં વીર્યનો ઉપયોગ કરતા જાય છે અને સ્વાધ્યાય આદિ પાંચનું લક્ષ્ય ધીરે ધીરે અંતરમાં ઘટતું જાય છે. એનાથી જ્ઞાન પણ ભૂલાતું જાય છે અને એ વીર્યાંતરાય કર્મનો ઉદય મિથ્યાત્વનો ઉદય પેદા કરાવી સંસારમાં ફરવા માટે નિગોદમાં જવા લાયક સંખ્યાતા ભવોનો, અસંખ્યાતા ભવોનો અથવા અનંતાભવોનો અનુબંધ પેદા કરાવીને જીવને સુક્ષ્મ નિગોદમાં લઇ જાય છે. આને પંડિતવીર્ય વીર્યાંતરાય કર્મનો ઉદયભાવ કહેવાય છે.

આ રીતે વીર્યાંતરાય કર્મના ઉદયભાવથી સંજ્ઞી પર્યાપ્તપણું પ્રાપ્ત કરીને એકેન્દ્રિય આદિના ભવોના સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા ભવ પ્રાપ્ત કરીને સંસારમાં પરિભ્રમણ કરતા થાય છે. એવી જ રીતે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિયપણામાં સંખ્યાતા કે અસંખ્યાતા ભવોના અનુબંધ પેદા કરીને સંસારને વિશે પરિભ્રમણ કરે છે. એવી જ રીતે કેટલાક જીવો સંજ્ઞી પર્યાપ્તપણામાં એટલે કે મનુષ્યભવ અને નારકીનો ભવ એવી રીતે મનુષ્ય અને નારકીપણાના ભવને પેદા કરતાં કરતાં ૨૦૦૦ સાગરોપમ સુધી પરિભ્રમણ કરે છે તેમાં મનુષ્યભવનું આયુષ્ય જઘન્યથી ૨ મહીનાનું અને નારકીનું આયુષ્ય સાગરોપમપણાનું એટલે કે ૧, ૨, સાગરોપમ ઇત્યાદિ ૩૩ સાગરોપમપણાનું આયુષ્ય દુઃખરૂપે ભોગવ્યા કરે છે. એમાં વચમાં ૧૦૦૦ સાગરોપમ કાળ પૂર્ણ થાય ત્યારે ૧ ભવ વિકલેન્દ્રિયપણાનો કરે છે.

આ જ રીતે સંજ્ઞી પર્યાપ્તા તિર્યંચને વિશે તિર્યંચ અને મનુષ્ય એ રીતે ભવો કરતાં કરતાં મનુષ્યનો ભવ ૨ મહીનાનો અને ૧ તિર્યંચનો ભવ પૂર્વ ક્રોડ વર્ષનો આવી રીતે મનુષ્ય અને તિર્યંચપણું વારંવાર પ્રાપ્ત કરતાં કરતાં ૨૦૦૦ સાગરોપમ કાળ સુધી પરિભ્રમણ કરે છે. આ રીતે જીવને દુઃખનો કાળ જે પ્રાપ્ત થાય છે. એનું મુખ્ય કારણ આત્મિક ગુણ પેદા કરવા માટે પુરૂષાર્થ કરીને પોતાના વીર્યનો ઉપયોગ ન કરવો અને પંડિતવીર્યરૂપે આત્મિક ગુણની સ્થિરતા અપ્રમત્તભાવ ઇત્યાદિ ગુણોને પદા કરવા માટે મન, વચન, કાયાથી મળેલા વીર્યાંતરાય કર્મનો ક્ષયોપશમભાવ એટલે કે શક્તિ એનો ઉપયોગ ન કરતાં પ્રમાદને પરવશ બની અનુકૂળ પદાર્થોમાં રાગાદિને વધારવા અને પ્રતિકૂળ પદાર્થોમાં દ્વેષાદિને વધારવા અને એની સ્થિરતા પામવા માટે મન, વચન, કાયાના યોગના વીર્યનો ઉપયોગ કર્યો એના પરિણામે સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં જીવ દુઃખને ઉપાર્જન કરતો જાય છે અને દુઃખ વેઠતો જાય છે.

એ જ વીર્યાંતરાય કર્મનો ક્ષયોપશમભાવ મન, વચન, કાયાના યોગની શક્તિને પેદા કરીને પંડિતવીર્ય રૂપે ઉપયોગ કરતો કરતો જીવ પોતાના આત્માના ગુણરૂપે અનંતવીર્ય પેદા કરી છટવે યોગનો નિરોધ કરી અયોગી અવસ્થાને પામી અઘાતી કર્મનો સંપૂર્ણ નાશ કરી જીવ સિધ્ધિગતિને પામે છે. એટલે કે પોતાના આત્માની સાદિ અનંતકાળ સુધીની સુખની સ્થિતિને પ્રાપ્ત કરે છે. આ રીતે કેવળજ્ઞાનની પ્રાપ્તિ જીવ ૧૫ કર્મભૂમિમાં પ્રાપ્ત કરી શકે છે.

૧૫ કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા મનુષ્ય તેમાં ૫ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મેલા મનુષ્યો પુરૂષાર્થ કરીને જ્યારે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરવી હોય ત્યારે કરી શકે છે અને એ ૫ મહાવિદેહક્ષેત્રમાં જન્મ્યા પછી દેવતાઓ સંહરણ કરીને અકર્મભૂમિને વિષે અથવા અંતર્દ્વિપને વિષે મૂકે તો ત્યાં રહીને પણ એ જીવો પોતાના વીર્યના પુરૂષાર્થથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી શકે છે. એવી જ રીતે ૫ મહાવિદેહ ક્ષેત્રના મનુષ્યોને વિષે ૫ ભરત અને ૫ ઐરવત ક્ષેત્રને વિષે સંહરણ કરીને કોઇ દેવ મૂકે તો અવસર્પિણી કે ઉત્સર્પિણી કાળમાં એ જીવો પુરૂષાર્થ કરીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી શકે છે. આથી ૫ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મેલા મનુષ્યો ૪૫ લાખ યોજનમાંથી કોઇપણ ક્ષેત્રને વિષે પુરૂષાર્થ કરીને કેવળજ્ઞાન પામી શકે છે. જ્યારે ૫ ભરત અને ૫ ઐરવત ક્ષેત્રને વિષે અવસર્પિણી-ઉત્સર્પિણી કાળ ૬-૬ આરારૂપે રહેલો હોવાથી માત્ર એક કોટાકોટિ સાગરોપમ કાળ સુધી જ મોક્ષે જવાનો કાળ હોય છે એટલે કે કેવળજ્ઞાન પામવા માટેનો કાળ હોય છે. એક કોટાકોટિ સાગરોપમમાં ૫મા અને ૬ઠ્ઠા આરાના ૪૨૦૦૦ વર્ષ ન્યૂન સમજવા.

એ એક કોટાકોટિ સાગરોપમ કાળમાં જન્મેલા મનુષ્યોનું સંહરણ કરીને ૪૫ લાખ યોજનમાંથી ગમે તે ક્ષેત્રમાં મૂકવામાં આવે તો પણ પુરૂષાર્થ કરીને એ ક્ષેત્રોને વિષે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી શકે છે. આથી મનુષ્યગતિને વિશે જ્ઞાની ભગવંતોએ પાંચે જ્ઞાનની પ્રાપ્તિ કહેલી છે.

અનાદિ કાળથી સંસારને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો તેમાં તીર્થંકરના આત્મા અને બીજા સામાન્ય આત્માઓ જે કાંઇ પરિભ્રમણ કરી રહેલા છે એ આ ૧૮ દોષોમાંથી કોઇને કોઇ દોષ પ્રધાનપણે બનાવીને, એને પ્રાણ કરતાં અધિક સાચવીને જીવન જીવતા હોય છે. એને કારણે સંસારનું પરિભ્રમણ ચાલુ ને ચાલુ રહે છે. જ્યારે એ જીવો અકામ નિર્જરા કરીને પુણ્ય બાંધીને એકઠું કરતા કરતા સંજ્ઞી પર્યાપ્તપણાને પ્રાપ્ત કરે છે, એમાં જો લઘુકર્મિતા પ્રાપ્ત થાય તો નારકીના જીવો તિર્યંચના જીવો, મનુષ્ય અને દેવના જીવો ભગવાનની વાણીના શબ્દોના ઉપદેશથી અથવા કર્મના ઉદયથી આવેલી વેદનાઓથી દુઃખ વેઠતા વેઠતા તેમ જ જાતિસ્મરણરૂ જ્ઞાન પેદા થવાથી અથવા નિસર્ગરૂપે એટલે કે જગતમાં રહેલા કોઇપણ સારામાં સારા પદાર્થને સારી રીતે જોયેલો હોય અને થોડા કાળમાં નષ્ટ થયેલો જુએ અને એનાથી ૧૮ દોષમાંથી સૌથી પહેલા **(૧) મિથ્યાત્વ** નામના દોષને મંદ પાડીને સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે છે. એ સમ્યક્ત્વના કાળમાં અનુકૂળ પદાર્થોની ઇચ્છાઓનો નાશ કરવા માટે **(૨) અવિરતી** નામના દોષને દુશ્મનરૂપે માનીને વિરતીની ભાવના અંતરમાં પેદા કરી અવિરતીનો નાશ કરતો જાય છે. આરીતે અવિરતીનો સંપૂર્ણપણે જ્યારે જીવ ત્યાગ કરે ત્યારે ઉદયમાંથી અવિરતીનો નાશ થયેલો હોય છે. એની સાથે સાથે જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી **(3) અજ્ઞાન** નામનો જે દોષ હતો તે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમભાવથી અજ્ઞાન નામના દોષને દૂર કરતો જાય છે. એવી રીતે દર્શનાવરણીય કર્મના ઉદયથી **(૪) નિદ્રા** નામનો જે દોષ હતો તે પુરૂષાર્થ કરતા કરતા નિદ્રાને ઓછી કરી કરીને પ્રમાદભાવનો ત્યાગ કરતો જાય છે અને અપ્રમત્તભાવ પેદા કરતો જાય છે. એ અપ્રમત્ત ભાવમાં આગળ વધતા વધતા બાકીના દોષનો નાશ કરવા માટે સૌથી પહેલાં અનંતાનુબંધી ૪ કષાય, મિથ્યાત્વ, મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય એ સાતે પ્રકૃતિનો

સંપૂર્ણ ક્ષય કરીને ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ કરે છે. એ ક્ષાયિક સમકિત પામ્યા પછી સારો કાળ હોય, આયુષ્ય બાંધેલું ન હોય અને એ ભવમાં તીર્થંકર નામકર્મ નિકાચિત કરેલું ન હોય તો ચારિત્રમોહનીય કર્મની ૨૧ પ્રકૃતિનો ક્ષય કરવા માટે કે જેનાથી જીવને હજી નવ દોષો કાઢવાના બાકી છે એ નવ દોષોને દૂર કરવા માટે ૨૧ પ્રકૃતિનો ક્ષય થાય ત્યારે જીવ મોહનીય કર્મના હાસ્યાદિ નવ દોષોથી સંપૂર્ણ રહિત બને છે અને ક્ષાયિક ચારિત્રની પ્રાપ્તિ કરે છે.

એ ક્ષાયિક ચારિત્રના કાળમાં જીવ પ્રયત્ન કરતાં કરતા દાનાંતરાય આદિ પાંચે દોષોનો સંપૂર્ણ નાશ કરીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે. આ રીતે તીર્થંકરના આત્માઓ અથવા સામાન્ય જીવના આત્માઓ પુરૂષાર્થ કરીને જ્યારે ૧૮ દોષોથી રહિત બને છે ત્યારે જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી શકે છે. આ રીતે સંપૂર્ણ ૧૮ દોષોથી રહિત સંજ્ઞી પર્યાપ્ત મનુષ્ય-સંખ્યાતવર્ષના આયુષ્યવાળો ગર્ભજ પર્યાપ્ત મનુષ્ય પુરૂષાર્થ કરે ત્યારે તે જ ૧૮ દોષોથી રહિત થઇ શકે છે.

નારકીના જીવો ૧ થી ૭ નારકીમાં રહેલા હોય એ સાતે નારકીના જીવો વેદનાને ભોગવતા, પરમાધામીના વચનો સાંભળતા, પરસ્પર એકબીજાના ઉપદેશના વચનો સાંભળતા અથવા જાતિસ્મરણ જ્ઞાન પેદા થતાં પૂર્વભવે કરેલા પોતાના પાપોને યાદ કરી એનો પશ્ચાતાપ કરતા કરતા લઘુકર્મીપણાને પ્રાપ્ત કરી, મિથ્યાત્વની મંદતા કરીને ઉપશમ સમકિત અથવા ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરી શકે છે. એ સમકિતના કાળમાં મિથ્યાત્વના ઉદયને સંપૂર્ણપણે રોકી શકે છે. અજ્ઞાન નામના દોષન જ્ઞાનના ક્ષયોપશમભાવને પેદા કરીને એ જ્ઞાનથી અનુકૂળ પદાર્થોના રાગમાં છોડવાલાયકની બુધ્ધિ અને પ્રતિકૂળ પદાર્થોના દ્વેષમાં સમાધિ લાવતી બુધ્ધિ પેદા કરીને મિથ્યાત્વના દોષને, અજ્ઞાનના દોષને, અવિરતીના દોષને સંયમિત રાખીને ક્ષયોપશમ સમકિત ટકાવી ૩૩ સાગરોપમ સુધી ક્ષયોપશમ સમકિતમાં રહી શકે છે.

તિર્યંચગતિને વિશે રહેલા સંજ્ઞી પર્યાપ્તા તિર્યંચો મિથ્યાત્વ મોહનીય કર્મ એટલે કે મિથ્યાત્વ દોષનો ક્ષયોપશમભાવ પેદા કરીને ઉપશમ સમકિત અને ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરી શકે છે. એવી જ રીતે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમભાવ પેદા કરીને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને કેટલાક સંખ્યાતવર્ષના આયુષ્યવાળા સંજ્ઞી પર્યાપ્તા તિર્યંચો અવધિજ્ઞાનની પ્રાપ્તિ કરી શકે છે. એવી જ રીતે અવિરતી નામના દોષનો સંપૂર્ણ નાશ કરવાની શક્તિ ન હોવાથી સંખ્યાત વર્ષના આયુષ્યવાળા સંજ્ઞીપર્યાપ્તા તિર્યંચો દેશથી વિરતીનું પાલન કરી શકે છે. આ દેશવિરતીનું પાલન જાતિસ્મરણ જ્ઞાન પેદા થવાથી, તીર્થંકર પરમાત્મા અને ઋષિમુનિની દેશના સાંભળવાથી તેમ જ અવધિજ્ઞાન પેદા થવાથી પોતાના પૂર્વભવને જોઇને પૂર્વભવે કરેલા પાપને યાદ કરીને એનો પશ્ચાતાપ કરતા કરતા પોતાની જે પ્રમાણે શક્તિ હોય તે મુજબ દેશવિરતીનું પાલન કરી શકે છે. આ કારણોથી ૧૮ દોષમાંથી મિથ્યાત્વદોષ, અવિરતીદોષ, અજ્ઞાનદોષ. આ ત્રણે દોષને ક્ષયોપશમભાવે બનાવીને પોતાનું જીવન સારામાં સારી રીતે જીવતા હોય છે. એની સાથે સાથે રાગદ્વેષ નામના દોષ થોડેઘણે અંશે મંદ કરીને એ રાગાદિ પરિણામનો કાળ અનુકૂળ પદાર્થોમાં રાગ કરવાને બદલે પાતાના આત્મિક ગુણ પ્રત્યે રાગનો ઢાળ વધારે છે. એવી જ રીતે પ્રતિકૂળ પદાર્થો પ્રત્યે દ્વેષ કરવાને બદલે પોતાના દોષો પ્રત્યે દ્વેષબુધ્ધિ પેદા કરતા જાય છે. આથી ૧૮ દોષમાંથી પાંચ દોષને આંશિક રૂપે ક્ષયોપશમભાવરૂપે બનાવીને પોતાના આત્માનું કલ્યાણ સાધતા જાય છે.

દેવગતિમાં રહેલા દેવતાઓ, જે સુખની સામગ્રી મળેલી હોય છે તે સામગ્રીમાં મોટે ભાગે લોભથી અસંતોષ ગુણ પેદા કરીને પોતાનું જીવન જીવતા હોય છે. એમાંના કેટલાક દેવો તીર્થંકર પરમાત્માની વાણીના ઉપદેશથી, એકબીજા મિત્ર દેવોના ઉપદેશથી અથવા કોઇ દેવોને કોઇની રિધ્ધિસિધ્ધિથી અધિક

જોઇને એ રિધ્ધિસિધ્ધિમાં સુખ મળવાને બદલે દુઃખી થતા જોઇને નિસર્ગરૂપે સમકિતની પ્રાપ્તિ કરી શકે છે. કોઇ બળવાન દેવો બીજાની દેવીઓને ઉપાડીને ભાગી જાય, બીજાની રિધ્ધિસિધ્ધિ લઇને નાસી જાય, અનેક દેવો ભેગા થઇને નબળા દેવોને માર મારતા હોય, મશ્કરી કરતા હોય ઇત્યાદિ અનેક પ્રકારના દુઃખ પેદા કરવાના સ્થાનોને જોઇને અથવા કોઇ દેવ ચ્યવન પામવાના કાળની નજીકમાં હોય અને સામગ્રી છોડીને જવાની વિચારણામાં અત્યંત દુઃખી થયેલા દેવોને જોઇને, પોતાનો સ્વામી ચાલ્યો જશે તો અમે શું કરીશું એવી વિચારણા કરીને દેવીઓનો કલ્પાંત અને અત્યંત દુઃખી થયેલો દેવીઓને જોઇને સુખના રાગમાં વૈરાગ્ય પેદા કરીને મિથ્યાત્વ નામના દોષમાં ક્ષયોપશમ ભાવ પેદા કરીને ઉપશમ કે ક્ષયોપશમ સમકિતને પ્રાપ્ત કરી શકે છે.

સુખ દુઃખરૂપ લગાડવા માટે ક્રિયા કરતો હોય તો જ તે ક્રિયા સમ્યક્‌ક્રિયા કહેવાય છે. એવી જ રીતે દેવલોકમાં રહેલા દેવોને અનુકૂળ પદાર્થોને વિશે અત્યંત આસક્તિપૂર્વક અને મમત્વ બુધ્ધિ પૂર્વક પુણ્યથી મળેલા પદાર્થોને વિશે મમત્વ રાખી રાખીને પલ્યોપમકાળ સુધી, સાગરોપમ કાળ સુધી એ પદાર્થોનો ભોગવટો કરેલો હોય અને એ પદાર્થોને જ્યારે છોડીને બીજા સ્થાને જવાનો વખત આવે ત્યારે પોતાના આયુષ્યના ૬ મહિનાનો કાળ બાકી રહે ત્યારે દેવોને ખબર પડે છે. મારે આ બધા પદાર્થો મૂકીને હવે જવાનું છે. એ વખતે જીવોને મિથ્યાત્વની મંદતા અથવા મિથ્યાત્વનો ક્ષયોપશમભાવ પેદા થયેલો ન હોય તો એ જીવોને મિથ્યાત્વના ઉદયથી અજ્ઞાન નામના દોષથી, રાગ નામના દોષથી એ પદાર્થોનો વિયોગ થવાથી અને મારે મૂકીને જવાનું છે એ જાણતાની સાથે જે દુઃખની વેદના પેદા થાય છે તે દુઃખ નારકીના દુઃખ કરતાં પણ કંઇક ગણું અધિક પેદા થયેલું હોય છે. એવા દુઃખી દેવોને જોઇને દુઃખમાં રીબાતા પદાર્થોના વિયોગથી ઝુરતા એવા આત્માઓને જોતાની સાથે જ લઘુકર્મી ભવ્યાત્મા દેવોને પોતાના આત્માની દયા પેદા થાય છે. જો તું પણ સાવધ નહિ રહે તો છેલ્લે તારી પણ આજ હાલત થશે. એવી વિચારણામાં ચઢતાંની સાથે વિયોગના દુઃખની રીબામણ ન થાય તેની કાળજી રાખીને મિથ્યાત્વ ક્ષયોપશમભાવ પેદા કરવાનો પ્રયત્ન કરતા જાય છે. આવા અનેક પ્રકારના નિમિત્તોથી દેવલોકમાં લઘુકર્મી ભવ્યાત્મા દેવો અધિગમ સમકિત અથવા નિસર્ગ સમકિત એટલે કે ઉપશમ સમકિત અથવા ક્ષયોપશમ સમકિતને પ્રાપ્ત કરી શકે છે. જ્યારે સમકિતને પ્રાપ્ત કરી એ સમકિતને ટકાવીને પોતાનું જીવન જીવતા હોય છે. તે વખતે અજ્ઞાન દોષ, મિથ્યાત્વના ઉદયના નાશનો દોષ, રાગની મંદતાનો દોષ, આંશિક અવિરતીના દોષને કાબુમાં રાખીને પોતાનું જીવન જીવતા હોય છે. મિથ્યાત્વની મંદતાના કારણે પુણ્યથી મળેલી સામગ્રી દેવોને પણ દુઃખરૂપ લાગે છે. ક્ષયોપશમ સમકિતના કારણે પુણ્યથી મળેલી સુખની સામગ્રી છોડવા લાયક છે એવી બુધ્ધિ સતત રહેલી હોય છે. આ કારણથી ક્ષયોપશમ સમકિતી દેવો ભવનપતિથી માંડીને નવ ગ્રૈવેયક સુધીમાં જે રહેલા હોય છે એ બધા દેવોની સ્થિતિ પોતાને મળેલી સામગ્રી દુઃખરૂપ, દુઃખના ફળને આપનારી, દુઃખની પરંપરા વધારનારી હોવાથી, છોડવા લાયક જ છે, ગાઢ અવિરતીના ઉદયથી પોતે નથી છોડી શકતા એનું અંતરમાં ભારોભાર દુઃખ હોય છે. એ દુઃખના પ્રતાપે અવધિજ્ઞાન ક્ષયોપશમભાવથી અવધિજ્ઞાન પ્રાપ્ત થયેલું હોય છે. એનો ઉપયોગ મૂકીને મનુષ્યલોકમાં રહેલા મનુષ્યોમાંથી જે મનુષ્ય સર્વવિરતીનો પરિણામ પામે છે ને અવિરતીનો સર્વથા ત્યાગ કરે છે એ આત્માને જોઇને અત્યંત આનંદ પામે છે અને ત્યાં દેવલોકમાં રહેલા દેવ સર્વવિરતી પામનાર આત્માની અનુમોદના કરતા કરતા પોતાના જીવન પ્રત્યે ધિક્કારપણાની બુધ્ધિ પેદા કરતા જાય છે અને સાથે સાથે ભાવના ભાવે છે કે ક્યારે મનુષ્યપણું પ્રાપ્ત કરી હું પણ સર્વવિરતીના પરિણામને પામીશ. આ ભાવના અવિરતીના ઉદયકાળમાં ક્ષયોપશમ સમકિતની નિર્મળતાના કારણે

અંતરમાં સતત ભાવનાઓના વિચારોમાં રમ્યા કરે છે. આ વિચારણાને જ્ઞાની ભગવંતોએ વિરતી પ્રત્યેના રાગના કારણે અને અવિરતી પ્રત્યેના દ્વેષના કારણે અવિરતીનો સંયમ કહેલો છે.

દેવોના જીવોને અવિરતીનો સંયમ મનથી આટલો જ પેદા થઇ શકે છે. જ્યારે મનુષ્યપણામાં રહેલા જીવો અવિરતીના ઉદયકાળમાં દેવોના જેટલો સંયમ અવિરતીનો પ્રાપ્ત કરી પુરૂષાર્થ કરતો જાય તો મન, વચન, કાયાથી કરવારૂપે, કરાવવારૂપે, અનુમોદવારૂપે અવિરતીનો સર્વથા ત્યાગ કરી શકે છે. માટે દેવોના જીવન કરતાં જ્ઞાની ભગવંતોએ મનુષ્યનું જીવન ઉંચુ કહેલું છે. દુનિયાની બાહ્ય સામગ્રીની અપેક્ષાએ વાસ્તવિક રીતે ઉંચુ જીવન ગણીએ તો દેવલોકનું જીવન ઉંચુ ગણાય છે પણ એ જીવન જન્મ-મરણની પરંપરા નાશ કરવામાં સહાયભૂત થતું નથી. ઉપરથી જન્મમરણની પરંપરા વધારવામાં સહાયભૂત થાય છે. માટે જ્ઞાની ભગવંતોએ બાહ્ય સુખની સામગ્રીની અપેક્ષાએ દેવોનું જીવન ઉંચુ કહેલું નથી. બાહ્ય સામગ્રીનો સર્વથા ત્યાગ જે જીવનમાં થઇ શકે એ જીવનને ઉંચ કહેલું છે. આથી દેવતાઓ મિથ્યાત્વ, અવિરતી, અજ્ઞાન, રાગ આ ૪ દોષોની મંદતા કરીને પોતાના આત્માનું કલ્યાણ સાધી શકે છે.

આ રીતે મનુષ્યના જન્મની, મનુષ્યના જીવનની કિંમત સમજીને ૧૮ દોષોને કાઢવાના જે જીવો પ્રયત્ન કરતા જાય છે તે જીવો સારાકાળમાં પુરૂષાર્થ કરીને ૧૮ દોષોનો સંપૂર્ણ નાશ કરે ત્યારે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરીને યોગનો નિરોધ કરી અયોગી અવસ્થાને પામે. અઘાતીકર્મનો ઉદય એને સત્તામાંથી નાશ કરીને સિધ્ધિગતિને પામે છે. પ્રાપ્ત થયેલું કેવળજ્ઞાન સિધ્ધિગતિમાં સાદિ અનંતકાળ સુધી જીવને સાથે રહે છે.